Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

HARITA



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝવેરચંદ મેઘાણી

નાં કેટલાંક પુસ્તકો

લોકકથાઓ

કોશીમાની વાતો	૧-૪-૦
સોરાષ્ટ્રની રસધાર (ભાગ ૧)	૨-૮-૦
,, ,, (ભાગ ૨)	૨-૦-૦
,, ,, (ભાગ ૩)	૩-૦-૦
,, ,, (ભાગ ૪)	૨-૮-૦
,, ,, (ભાગ ૫)	૩-૦-૦
દેહવટી (ભાગ ૧)	૧-૮-૦
,, (ભાગ ૨)	૧-૮-૦
દાદાજીની વાતો	૧-૪-૦
સોરઠી બહારવટીઆ (ભાગ ૧)	૨-૦-૦
,, ,, (ભાગ ૨)	૩-૦-૦
,, ,, (ભાગ ૩)	૨-૮-૦
સોરઠી સંતો	૧-૮-૦
સોરઠી ગીતકથાઓ	૧-૦-૦
પુરાતન જ્યોત	૨-૮-૦
'રંગ છે બારોટ !'	૩-૦-૦

લોકગીતો

રઢિયાળી રાત (ભાગ ૧)	૧-૮-૦
,, ,, (ભાગ ૨)	૨-૦-૦
,, ,, (ભાગ ૩)	૧-૮-૦
,, ,, (ભાગ ૪)	૧-૮-૦
ચૂંદડી (ભાગ ૧)	૧-૮-૦
,, (ભાગ ૨)	૧-૮-૦
હાલરડાં	૦-૧૦-૦
ઋતુગીતો	૨-૦-૦
સોરઠી સંતવાણી	૩-૦-૦

નવલકથા

સત્યની શોધમાં	૩-૦-૦
નિરંજન	૩-૦-૦
વસુંધરાનાં વહાલાં દવલાં	૩-૦-૦
સોરઠ, તારાં વહેતાં પાણી	૪-૮-૦

(અનુસંધાન બીજા ફ્લેપ ઉપર)

/१८
८८
र की निशानियां
न पन्द्रह दिन से
पास नहीं रख
लिये पुनः आज्ञा

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ऋते ज्ञानान्न मुक्तिः ॐ
पुस्तक सं० 68 गा/१८
आगत सं० 286 ८८
तिथि० .....
गुरुकुल ग्रन्थालय काँगड़ी.

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી શરદિન્દુ બંદ્યોપાધ્યાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી૦ શરદિન્દુ બંદ્યોપાધ્યાય કૃત

મરુભૂમિમાં

અનુવાદક
રમણિક મેઘાણી

CHECKED 1973
Initial .....

પ્રકાશક
એલ. કે. મેઘાણી
પુસ્તક-પ્રકાશક અને વિક્રેતા
૧૪ અમરતલ્લા સ્ટ્રીટ કલકત્તા ૧

पुस्तकालय
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂળ લેખકની પરવાનગી મેળવીને પ્રગટ
થતા આ સંગ્રહના ગ્રંથ-સ્વામિત્વના
સર્વ હક્ક અનુવાદકને સ્વાધીન છે.

પ્રથમ આવૃત્તિ ૧૨૫૦
૧૫ ઑગસ્ટ · ૧૯૪૯
કિંમત
સાડા ત્રણ રૂપિયા

મુદ્રક · બચુભાઈ રાવત · કુમારપ્રિન્ટરી · ૧૪૫૪ રાયપુર · અમદાવાદ
પ્રકાશક · એલ. કે. મેઘાણી · ૧૪ અગરતલ્લા સ્ટ્રીટ · કલકત્તા ૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્પણ

મારા પૂજ્ય કાકા

સ્વ. ઝવેરચંદ મેઘાણીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમ

૧	મરુભૂમિમાં	૧
૨	ચંદનમૂર્તિ	૨૮
૩	અમિતાભ	૫૦
૪	રક્ત સંધ્યા	૭૯
૫	મરણધક્કો	૧૧૯
૬	આ અને તે	૧૩૨
૭	વજ્ર-લાટ	૧૪૭
૮	હલકું વરણ	૧૬૦
૯	મનોમન	૧૬૭
૧૦	અંધારે	૧૭૯
૧૧	માયામૃગ	૧૯૪
૧૨	સાધુચરણ	૨૨૩

અગત્યનો સુધારો

પૃષ્ટ ૧૬૦ ઉપર વાર્તાનું મથાળું 'હલકું વરણ' ને બદલે 'હણકું વરણ' છપાયું છે, તો તે સુધારીને વાંચવું.

અનુવાદકની અન્ય કૃતિઓ

પ્રેસમાં	પ્રગટ	અપ્રગટ
વૈતરણીતીરે	તણખલાં	દ્વીપાન્તર
મૂંગું રુદન	ચિત્રલેખા	અજ્ઞેયની વાર્તાઓ
	મન્વંતર	સત્યાન્વેષી
	શેષ સંભારણાં	ભૂલી નાઇ
		ગુરુદેવ-અમારે આંગણે
		વગેરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાર્તાકાર

બિહારના ધરતીકંપના જ બહુધા સત્ય પ્રસંગોનો જેમાં વણાટ છે, એ આ અંકમાં પ્રગટ થતી ચોટદાર વાર્તા 'મરણ-ધક્કો'ના લેખકના નામથી 'કુમાર'ના વાચકો હવે અજાણ નથી; કેમકે 'ચંદન-મૂર્તિ' અને વારકો ડા ગામાના જીવનને લગતી 'રક્ત સંધ્યા' નામની એમની વાર્તાઓથી અનેકને એમણે મુગ્ધ કર્યા છે. શરદિન્દુ બાબુ જન્મે ભલે બંગાળી રહ્યા, પણ એમનું જીવન હિન્દના મોટા પટવિસ્તાર પર વીત્યું છે. યુક્ત પ્રાંતોનાં જૌનપુર મુકામે ૧૮૯૯માં એમનો જન્મ. બિહારમાં મોંઘીર ગામમાં પિતા વકીલાત કરતા, એટલે ઈ. ૧૯૧૫માં મૅટ્રિક થયા ત્યાં સુધીની બાલ્યાવસ્થા અને અભ્યાસકાળ ત્યાં વીત્યાં. ઉચ્ચ અભ્યાસ માટે કલકત્તા ગયા, ત્યાં યુનિવર્સિટી-લશ્કરી ટુકડીમાં જોડાયા; પણ એવામાં પ્રથમ મહાયુદ્ધનો અંત આવ્યો, એટલે તાલીમ લીધા છતાં યુદ્ધક્ષેત્રનો અનુભવ ન મળ્યો. એ જ સમયથી એમનું કાવ્યલેખન શરુ થઇ ગયેલું.

૧૯૧૮માં લગ્ન થયું તે જ અરસામાં એમનો પહેલો કાવ્યસંગ્રહ પ્રગટ થયો; પણ તે બહુ ધ્યાન ખેંચી શકેલો નહિ. ૧૯૧૯માં ગ્રૅજ્યુએટ થઇ કાયદાનો અભ્યાસ આરંભ્યો, પણ ૧૯૨૧માં તે છોડી મોંઘીર આવીને આમતેમ થોડી સાહિત્યની તેમજ નાટ્યની પ્રવૃત્તિઓ ૧૯૨૫ સુધી ચલાવી. પછી પટણા જઇ ફરી કાયદાનો અભ્યાસ શરુ કરી પાસ થયા. અને ૧૯૨૭માં મોંઘીરમાં વકીલાત શરુ કરી. પણ ૧૯૨૯માં તે છોડી દઇ એકચિત્તે સાહિત્યસાધનામાં જ રત થઇ ગયા. ૧૯૩૩માં એમનો પહેલો નવલિકા-સંગ્રહ 'જાતિસ્મર' પ્રગટ થયો; ને તે પછી તો નવલકથાઓ, નાટકો ને ટૂંકી વાર્તાઓનો પ્રવાહ ચાલ્યો.

૧૯૩૮માં મુંબઇની 'બૉમ્બે ટૉકીઝે' એમને કથાલેખક તરીકે બોલાવ્યા ત્યારથી તેઓ ત્યાં જ છે. એમની છેલ્લી સાહિત્યકૃતિ તે અમર કવિ કાલિદાસના જીવનનું ચિત્ર-કથાનક. ['કુમાર' સપ્ટેમ્બર ૧૯૪૪]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

★ થોડુંક અંગત

આ સંગ્રહમાંની બાર વાર્તાઓમાંથી પહેલી 'મરુભૂમિમાં' અને છેલ્લી 'સાધુચરણ' આ સંગ્રહમાં જ સૌ પ્રથમ પ્રગટ થાય છે. સિવાયની વાર્તાઓમાંથી આઠ 'કુમાર'માં અને બીજી બે અન્ય પત્રોમાં પ્રગટ થઇ ચૂકી છે.

'કુમાર'ના સંપાદક તેમજ વાચકોના આ વાર્તાઓ માટેના પક્ષપાતે જ મને આ પ્રકાશન માટે ઉત્સાહી બનાવ્યો છે. એ પ્રગટ કરતાં હું આનંદ અનુભવું છું.

આ પુસ્તકનું પ્રકાશન અમદાવાદથી બહુ દૂર છેક કલકત્તાથી થતું હોઇને એનાં મુદ્રણ-પ્રકાશન અંગેની બધી જ વ્યવસ્થા કુમાર લિ.ના સંચાલક શ્રી બચુભાઇ રાવત તેમજ ભારતી સાહિત્ય સંઘ લિ.ના સંચાલક શ્રી ઇશ્વરભાઇ દવેએ કરી છે. તેઓના હાર્દિક સહકાર માટે આભારી છું.

'કુમાર'માં પ્રગટ થયેલી વાર્તાઓ સાથેનાં ચિત્રોનો ઉપયોગ કરવા દેવા બદલ શ્રી કુમાર કાર્યાલય લિમિટેડનો તથા મુરબ્બી શ્રી રવિભાઇનો અત્યંત આભારી છું.

જેમની વાર્તાઓનો આ સંગ્રહ છે, એ શ્રી શરદિન્દુ બંદ્યોપાધ્યાયનો આભાર માનવાની જરૂર નથી. મારા પરનો એમનો નિર્વ્યાજ પ્રેમ મને તેમ કરતાં અટકાવે છે. પોતાની સર્વ કૃતિઓને ગુજરાતીમાં ઉતારવા માટેની પરવાનગી તેમણે મને આપી છે, જે ક્રમશઃ ગુજરાતીમાં રજૂ કરવા ઉમેદ છે.

૧૪ અમરતલ્લા સ્ટ્રીટ કલકત્તા ૧ —**રમણિક મેઘાણી**
તા. ૧-૮-૪૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મરુભૂમિમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મરુભૂમિમાં

મધ્ય એશિયાના વિરાટ રણ-પ્રદેશમાં, જ્યાં કોઇ દિશા કે સીમાડો શોધવો યે અસંભવિત છે, ત્યાં દિવસ-રાત બધો યે સમય રેતી અને પવનની રમત ચાલ્યા જ કરે છે. પવન અને રેતીના રજકણો અવિરામપણે રમ્યા જ કરે છે.

હતી તો એ રમત. પણ કેટલી નિર્દય? નિર્મમ? અજ્ઞાન બાળકોની રમત જેવી પણ જીવન પ્રત્યે કેવી ક્રૂર હતી એ રમત? ક્ષુદ્ર માનવ સરજ્યા ક્ષુદ્રનિયમોનું ત્યાં જરા યે મૂલ્ય નહોતું. દયા અને કરુણા ત્યાં પોતાની શક્તિહીન ક્ષુદ્રતાએ નકામા બન્યા હતા.

કુદરતની નિષ્ઠુરતાને કોઇ ક્રમ-નિયમ નથી. ક્યારેક પચ્ચાસ પચ્ચાસ વર્ષો સુધીના હવા અને રેતીના કાવતરાને પરિણામે એકાદ નાનકડો, ઝરણાવાળો, હરિયાળો રણદ્વીપ ધીરે ધીરે રણમાં—રણનાં પેટાળમાં સમાઇ જાય છે, તો ક્યારેક માત્ર એક જ દિવસના પ્રચંડ ઝંઝાવાતને પરિણામે એકી સપાટે આખો રણદ્વીપ રેતીના ડુંગરામાં સમાધિસ્થ થઇ જાય છે. દૂર-સુદૂરમાં એક વધુ રણદ્વીપનો પત્તો લાગ્યો છે. આ રણભૂમિમાં આવા અર્થ અને હેતુવિહીન ધ્વંસ અને સર્જનની લીલા નિરંતર ચાલ્યા જ કરે છે.

આ રણ-સાગરની વચ્ચે એક નાનો-હરિયાળો રણદ્વીપ હતો. દૂરથી જોતાં એમ જ લાગે કે તૃષાતુર ધુંધળા રણ પ્રદેશ ઉપર એક બિન્દુ જેટલી ઘાટી હરિયાળી જાણે આકાશમાંથી સરી પડી ન હોય! પણ પાસે આવતાં સો હાથ-પરિઘવાળું, ખજૂર વૃક્ષોની ધજા ઉડાડતું એક હરિયાળું મેદાન હજુયે રણ પ્રદેશનાં નિર્દય અવરોધોને અવગણતું ત્યાં ઊભેલું દેખાતું. ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખજુરીની છાયા વચ્ચે પત્થર વડે બાંધેલા એક વિહારના અર્ધ દટાયેલા ઉપરના અવશેષો મળી આવે છે. મધ્ય એશિયાના રણ પ્રદેશમાં પ્રકૃતિની નિર્મમતાના આ કેન્દ્ર સ્થાને મહા કરુણામૂર્તિ બુદ્ધ–તથાગતના વિહારો આજે પણ માથું કાઢીને ઊભા છે.

એક દિવસ આ સ્થળ જન-કલરવે ગૂંજતું એક સમૃદ્ધ જનપદ હતું. દશ ગાઉ લાંબા-પહોળા એ નગરમાં દુકાનો, બાગબગીચાઓ-મહાલયો ને મંદિરો હતાં. સો સો ગાઉ દૂરથી ઊંટ પર માલ લાદી વણઝાર કાઢી, સાંઢણી સ્વાર વણિકો ધગધગતી રણ ભૂમિને ચીરતા, હાડપીંજરને ચીલે ચીલે ચાલતાં માર્ગ શોધતા ત્યાં આવતા. એ નાનકડા રાજ્યમાં નાનો એવો એક રાજવી પણ હતો. પણ આજે ત્યાં કંઇ જ નથી. એટલે સુધી કે જે હાડપીંજર રણના પથિકને પથ દેખાડતા અને બહારની દુનિયામાં જવાનો માર્ગ સૂંઝાડતા ત્યાં પડ્યા હતા તે પણ આજે તો અદૃશ્ય બન્યા છે.

લગભગ પચાસેક વર્ષ પહેલાં આ સ્થળે રેતી અને પવને એક ઘાતકી રમત રમવી શરૂ કરેલી. રણ અને રણદ્વીપની સીમા પર ચક્રાકારે ઊભેલાં ખજુરીનાં ઝાડ દીવાલની જેમ રણદ્વીપને ઘેરી રાખતા. એ સીમા પર રેતીની ઝીણી રજકણોના ઝાપટાં લાગવા શરૂ થયાં. કોઇએ એ પર લક્ષ ન આપ્યું, બે ત્રણ વર્ષ વીતી ગયાં, અને અચાનક એક દિવસ એક ઝરણું સૂકાયું. જોવા જાણવા છતાં કોઇએ એનો વિચાર સરખો ન કર્યો. બીજાં બે ઘણાં ઝરણાં છે એમ વિચારીને.

ત્યાર બાદ દસ વર્ષ વીતી ગયાં. અને એક દિવસ સહુનાં હૃદયે ત્રાસ અનુભવ્યો. રણદ્વીપ ધીમેધીમે સંકોચાઈ રહ્યો હતો. અકલિતપણે રણભૂમિ ધીરેધીરે કરીને ઘણો બે સીમાડો પોતાના પેટાળમાં ગરક કરી ગઈ હતી.

અને ત્યાર બાદ ફાંસીનો ગાળિયો જે રીતે ધીમેધીમે ગળું દબાવી પ્રાણવાયુ રોકે છે તે રીતે રણભૂમિ રણદ્વીપને ચારે બાજુથી ભરખતી નાનો ને નાનો કરવા લાગી. પ્રથમ તો પીવા યોગ્ય પાણીની તાણ પડવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગી. અને પછી વસવાટ યોગ્ય ધરતી પણ ધીરે ધીરે ઓછી થવા લાગી. જેમનાથી બની શક્યું એ નાસી છૂટ્યા. ઊંટ અને ગધેડાં ઉપર શક્ય એટલી ધન—સંપત્તિ લાદી બીજે સ્થળે પહોંચવા બહાર નીકળી પડ્યા. જેમનાથી એમ ન બન્યું એ સહુ શંકાશીલ હૈયે રણ સામે તાકતાં અનિવાર્ય આખરી અંતની રાહ જોવા લાગ્યા. જનપદની જનસંખ્યા અર્ધાથી યે વધુ ઓછી થઈ ગઇ.

રણને નથી હોતી ઉતાવળ, કે નથી હોતાં બીજાં કોઈ રોકાણો. સાપ-ગળ્યા દેડકાની જેમ રણદ્વીપ ધીરેધીરે રણના જઠરમાં પહોંચવા લાગ્યો.

એક પેઢી વીતી ગઇ. આ અનિવાર્ય દુઃખને લઇને જે જુવાનો હતા તે વૃદ્ધ બની ગયા હતા, અને વૃદ્ધો હતા તે વધુ વૃદ્ધ બન્યા હતા. આમ છતાં સર્જનનો અંત નહોતો; ધ્વંસની કરાળ કાળી છાયા નીચે પણ નવતર સર્જન જન્મ લેતું વધતું હતું, અને આગળને આગળ ધપતું હતું.

એક દિવસે ઉનાળાના ધગેલ ત્રાંબા જેવા બળતા બપોરે દૂરદૂર દિગન્તમાંથી એક કાજળકાળી ઘોર આંધી ઉપડીને આવી. મરુભોમની એ આંધી સાથે સરખાવી શકાય એવું બીજું કંઇ જ આ અવનિ પર નથી. મહાપ્રલયના દિવસે શુષ્ક જીર્ણ પૃથ્વી કદાચ આ રીતે જ ઉન્મત્ત રેતીનાં ઝાપટાંઓથી દબાઇને–પિસાઇને ચૂરેચૂરા થઈ શૂન્યમાં મળી જશે!

બે દિવસ પછી આકાશ સ્વચ્છ થયું; પ્રખર સૂર્ય ફરી દેખાયો. ને વિજયી કુદરતના ગર્વહાસ્યના પ્રકાશમાં રણદ્વીપ દેખાવા લાગ્યો. અને ત્યારે દેખાયું કે રણદ્વીપ હવે હતો–નહતો થઇ ગયો હતો. માત્ર ઊંચી ધરતી ઉપર બંધાયેલ વિહારના અર્ધ ઢંકાયેલ શિખરને ઘેરીને ઊભેલી કેટલીક ખજુરીઓ શોકાર્ત ભાવે એ સમાધિસ્થળને પહેરો દેતી ત્યાં ઊભી હતી. માનવીનું ત્યાંક્યાંય નામનિશાન પણ નહોતું.

બપોરે વિહારના ઉપરના ભાગમાંથી, રેતી તળે ઢંકાયેલ એક ઝરૂખામાંથી અતિ મહેનતે રેતી દૂર કરીને દરમાં રહેતા સર્પની જેમ એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાણી બહાર નીકળ્યા. બન્ને માનવી હતાં. એક હતો વૃદ્ધ અને બીજો હતો બળવાન શરીરધારી એક યુવાન. યુવાને વૃદ્ધને ખેંચી બહાર કાઢ્યો, ને પછી એ એઉ બહુ વાર સુધી ઝરૂખાની બહારની રેતીના ઢગ ઉપર પડ્યા-પડ્યા ઊંડા શ્વાસોચ્છ્વાસથી મુક્ત આકાશની પ્રાણદાયી હવા પોતાના ફેફસામાં ભરવા લાગ્યા. અને ધીમેધીમે એમના સુકાયેલા ને કાળા પડી ગયેલા હોઠ-મોં ઉપર માનવભાવ ફરી દેખાવા લાગ્યો. ઓળખનારૂં કોઇ હોત તો ઓળખી શકત કે એમાંનો એક વૃદ્ધ હતો સંઘ સ્થવિર પિથુમિત્ત, અને બીજો જુવાન હતો ભિક્ષુ ઉચન્ડ. રેતીનાં ઝાપટાં શરૂ થતા સંઘનાં-વિહારનાં સહુ યે જ્યારે ભયભીત બની બહાર નીકળી ગયાં, તેમાંનાં કોઇ ન બચ્યાં. બચ્યાં ફક્ત વિહારના ઉપલા ભાગની ઓરડીમાં ચિન્તા કર્યા વિના પડ્યા રહેનારા આ બે માનવીઓ જ.

એક બાજુ ઢોળાવ થતાં રેતીનો ડુંગર વિહાર પરથી દૂર થયો હતો. એઉની વાયુક્ષુધા ડીકડીક સંતોષાતાં તેઓ લપસતા લપસતા નીચે આવવા લાગ્યા. એમને જીવવું હોય તો પાણી મેળવવું જરૂરી હતું. વિહારને ભોંયતળિયે ખજૂરકુંજની વચ્ચેની એક પાષાણ ગુહામાંથી એક ઝરણું વહેતું હતું. બન્ને એ સ્થળે આવ્યા, ને જોયું તો ઝરણાનું મુખ ઢંકાઇ ગયું હતું. છતાં રેતી એનાં જળપ્રવાહને રોકી નહોતી શકી. ગુફાદ્વાર પાસેની રેતી ભીંજાએલી હતી, અને એ ભીંજાએલ રેતી પર પડ્યાહતાં બે માનવશિશુઓ. બેમાં એક હતો પાંચ છ વર્ષનો બાળક, તે ઊંઘ કે મૂર્છામાં હોય એમ લાગતું હતું. વાંસા સાથે ચોંટી ગયેલું એનું પેટ ધીરેધીરે જરા ઊંચુંનીચું થતું હતું. ને બીજી હતી દોઢેક વર્ષની એક બાલિકા. શુભ્ર નગ્ન દેહે એ એકલી એકલી રમતી હતી અને પાકેલાં ખસેલાં શોધી શોધીને ખાતી હતી, ને પોતાની આસમાની આંખો ચારે બાજુ ફેરવતી કિલકિલાટ કરતી મનોમન હસતી હતી. ચારે બાજુ ત્યાં બીજું કોઇ જ જીવતું યા મરેલું નહોતું. કુદરતના અકળ રહસ્યરૂપી પ્રભંજનના ધ્વંસતાંડવ વચ્ચે આ બે સુકુમાર જીવનકણિકાઓ કઇ રીતે બચી ગઇ હશે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બન્ને ભિક્ષુઓએ પ્રથમ તો રેતી ખોદીને પાણી બહાર કાઢયું, એક ઘડી સુધી આંગળાં વડે ગુફાનું દ્વાર ખોદ્યા પછી ઝરણાંનો માર્ગ મોકળો બન્યો, ને બન્નેએ ખોબેખોબે પીવાય એટલું પાણી પીધું.

પ્રચંડ સૂર્ય ત્યારે આથમી ગયો હતો. ખજૂરીનાં વૃક્ષોની છાયા પૂર્વ તરફ લાંબે સુધી પોતાના પડછાયા દ્વારા જાણે આંગળી ચીંધી કોઇ અનાદિ રહસ્ય સૂચવતી હતી. સંઘ સ્થવિર પિથુમિત્ત એક વાર આ સમાધિ સ્તૂપની ચારેબાજુ જોઇ રહ્યા. ઉપરની બાજુએ વિહારનું રેતી વીંટળાયું શિખર ને નીચે તરંગો જેવા રેતીના ઢગલા ક્ષિતિજને આવરતા પડયા હતા. એમની ઊંડી ઊતરી ગયેલી આંખોમાંથી વહીને બે આંસુ નીચે ખર્યા. બન્ને નાનાં બાળકોને પોતાની તરફ ખેંચતા જઇ ભારે સાદે બોલ્યા,–'તથાગત !'

અને ત્યાર બાદ મરૂભૂમિની એકાન્ત નિર્જનતામાં તથાગત બુદ્ધના સંઘની છાયામાં આ ચાર માનવ જીવોએ નૂતન જીવન શરૂ કર્યું. સ્થવિર પિથુમિત્તે બાળકનું નામ રાખ્યું નિર્વાણ અને બાલિકાનું નામ રાખ્યું ઇતિ.

વૈશાખી પૂર્ણિમાના પ્રભાતે સંઘ સ્થવિર પિથુમિત્ત વિહારની એક ઓરડીમાં બેસી પાતિમોક્ષનો પાઠ કરતા હતા ત્યારે સંઘનો એકનો એક ભિક્ષુ ઉચન્ડ એમની સામે પદ્માસન વાળીને સ્થિરભાવે બેઠો હતો. શ્રોતાઓમાં માત્ર એ એક જ હતો.

×

પંદર વર્ષનો લાંબો સમય આ બન્નેનાં શરીર પર પોતાનાં ચિન્હો મૂકતો ગયો હતો. સંઘપતિ પિથુમિત્તની ઉમ્મર આજે સીત્તેર વર્ષની થવા આવી હતી. મુંડિત મસ્તકે, મેદવિહીન ચામડીના પડ નીચેથી એમની ખોપરી સાફ સાફ દેખાઇ આવતી હતી; જે કોઈ સૂક્કા દાડમ જેવી દેખાતી હતી. તેજવિહીન આંખો અને રંગહીન કીકીઓ કેમ જાણે મરૂભૂમિના ઉષ્ણ શ્વાસોએ એમની આંખોનું તેજ હરી લીધું હોય ! છતાં યે આ વૃદ્ધ–જીર્ણ મૂર્તિની ચારેબાજુ જીવનવ્યાપી સુવિચાર અને સુચિતાનું માધુર્ય એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂક્ષ્મ ઇન્દ્રિયાતીત સૌન્દર્ય સર્જી રહ્યું હતું. ત્રિતાપ એમના મનને સ્પર્શી જ ન શકતો.

ભિક્ષુ ઉચ્ચન્ડનું યૌવન હવે નહોતું રહ્યું. ઉમ્મરના હિસાબે લગભગ પીસ્તાલીસ વર્ષનું એમનું વય હશે, છતાં એમનું શરીર હજુ યે બળવાન ને મજબુત દેખાતું હતું. સમાન્તર રેખાઓવાળા એમના કપાળ ઉપર એકેક વાળ હવે ધોળા દેખાતા હતા. એમની આંખોનું તેજ કઠોર ને વૈરાગ્ય-વ્યંજક હતું. એમને જોઇને થતું કે પ્રકૃતિ સાથેના નિરંતરના યુદ્ધમાં ઘવાયા છતાં એમણે પરાજય નહોતો સ્વીકાર્યો. વિદ્રોહીની ચિરજાગ્રત વિજયેષણા એમના જીર્ણ ભગવામાંથી પણ બહાર દેખાઈ આવતી હતી.

પાતિમોક્ષ પાઠ પુરો થયો. નિદાનથી માંડીને અધિકરણ-શમથ સુધી બોલી ગયા પછી એ બોલ્યા—'હે માનનીય ભિક્ષુ, તમારી પાસે પારાજીક સંઘાદિશેષ વગેરે હું બોલી ગયો. હવે છેલ્લી વાર પૂછું છું કે, જો કંઈ પણ પાપ કર્યું હોય તો કહી દેજો, અથવા જો કંઈ જ પાપ ન કર્યું હોય તો મૂંગા રહેજો.

પાતિમોક્ષનો લાંબો પાઠ સાંભળતા સાંભળતા ભિક્ષુ ઉચ્ચન્ડ જાણે આત્મસ્થ થઇ ગયા હતા, અથવા તો એમનું મન બીજે ક્યાંય ભમતું હશે; જેથી સ્થવિરનો છેલ્લો પ્રશ્ન કાને પડતાં જ એમણે એક વાર પોતાની બન્ને બાજુ નજર ફેરવી, એમના કપાળની રેખાઓ ગંભીર બની, ને હોંઠ બંધ કરી એ મૌન જ રહ્યા.

અને ત્યારે પિથુમિત્ત ફરી બોલ્યા—'હે માનનીય ભિક્ષુ, તમને મૌન જોઇને માની લઉં છું કે તમે પરિશુદ્ધ છો' અને એ વાક્યની સાથે જ એમણે એક ઊંડો નિશ્વાસ મૂક્યો.

ને અનુષ્ઠાન પૂરું થયું.

પ્રભાતનો પહેલો પહોર હજુ તો પૂરો યે નહોતો થયો, ઝરૂખામાંથી આવતા સૂર્યકિરણે એ ઓરડીમાંનું ઝાંખુ અંધારૂં જરા દૂર કર્યું હતું. સ્થવિર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિથુમિત્ત અને ઉચન્ડ બન્નેએ આ તરુણ સૂર્યકિરણોનું અનુકરણ કરી બહાર જોયું તો સોનેરી રેતીના સુવર્ણપટશા મેદાન ઉપર કેટલાંક ખજૂરી-વૃક્ષો હવામાં ડોલી રહ્યાં હતાં.

અને એ બન્ને ઊભા થઈ ગયા.

ઓચિન્તા ઉચન્ડ બોલ્યા—'થેર,* એક વાત આપને કહું એમ થાય છે. નિર્વાણને ઉપસમ્પદા આપવી જરૂરી છે. હવે એ વીસ વર્ષનો થયો છે.'

સ્થવિર પિથુમિત્ત થોડીવાર ઉચન્ડ ભણી જોઇ રહ્યા. ને પછી ધીરેથી બોલ્યા—'નિર્વાણને ખરેખર વીસ વર્ષ પૂરાં થયાં કે નહીં એની આપણને ક્યાં ખબર છે?'

'અહીં તો અનુમાન જ પૂરતું છે.' ઉચન્ડે ઉત્તર આપ્યો. એના અવાજમાં અધીરાઇ દેખાતી હતી.

પળ વાર મૌન રહી સ્થવિરે પૂછ્યું,–'નિર્વાણ ઉપસમ્પદા લેવા ઇચ્છે છે ખરો?'

'જરૂર ઇચ્છે છે. સંઘના ઉપાસક તરીકે આટલો સમય એણે આપણી પાસે જ શિક્ષણ લીધું છે. સંઘમાં જ એ મોટો થયો છે, અને સંઘે જ એને પાળ્યો–પોષ્યો છે. સંઘ સિવાય એનું સ્થાન બીજે ક્યાં હોય?' ઉચન્ડે જવાબ આપ્યો.

પિથુમિત્ત આ વેળા થોડી વાર સુધી સૂર્યપ્રકાશે પ્રકાશિત બહિર્-જગતને નિહાળી રહ્યા. અને પછી થોડી વારે બોલ્યા,–'સારું, એને પૂછી જોઇશું?' ને એ સાથે એ એક ઊંડો નિસાસો મૂકતા હોય એમ લાગ્યું.

ઉચન્ડ તીણી નજરે સ્થવિર તરફ તાકી રહ્યો. એ કંઈ બોલવા ઉતાવળો થતો હતો પણ બીજી જ પળે જરા સંયમપૂર્વક બોલ્યો.—'ઉત્તમ! એને તમારી પાસે બોલાવી લાવું છું' કહી એ વિહારની બહાર નીકળી ગયો.

---

*થેર-સ્થવિર, વડિલ, સંઘપતિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેલ્લા પંદર વર્ષ થયાં વિહારની બાહ્યાકૃતિમાં કંઈ ફેરફાર નહોતો થયો. હજુ યે એ અર્ધો રેતીમાં દટાયેલો જ હતો. જે વિરાટ રેતીના ડુંગરે એને ઘેર્યો હતો તેનાથી તેને મુક્ત કરવાનું કામ એ માણસની શક્તિની બહારનું હતું. ઉપરના માળની કેટલીક ઓરડીઓ ઠીક ઠીક સાફ થઇ શકી હતી, અને એમાં જ આ બન્ને ભિક્ષુઓ પેલા બે બાળકો સાથે રહેતા હતા. વિહારનો નીચલો માળ તો સદાને માટે નકામો બન્યો હતો– બુરાઇ ગયો હતો.

વિહારથી ચાલતા ચાલતા ઉચન્ડ ખજૂરકુંજ તરફ જવા લાગ્યો.

ખજૂરકુંજની છાયા તળે પાષાણગુફામાંથી ઝરણાંનો ધીરો પ્રવાહ સ્વચ્છ ધારા રૂપે વહી રહ્યો હતો. સ્ફટીક જેવું નિર્મળ જળ ધીરેધીરે વહેતું હતું ને એની અર્ધો હાથ નીચે જ રેતીનો લહેરીયો પટ દેખાતો હતો.

ગુફાદ્વારની પાસે જ મોં ધરતી તરફ કરી, બે હાથ પર હડપચી ટેકવી નિર્વાણ વિચારમાં હોય તેમ અર્ધો સૂતો અર્ધો બેઠો હતો. ખજૂર-વૃક્ષોમાંથી ચળાઇને આવતો સૂર્યનો થોડોક પ્રકાશ એના વાંસા પર પડી એના સુવર્ણ જેવા શરીરને ધાતુના સાફ કરેલા પતરાની જેમ ચળકાવતો હતો. ઠીક ઠીક માંસલ શરીર, કમળથી સાથળ સુધીનો એક જ શુભ્ર બહિર્વાસ,* ઊંચા ખભાવાળા હાથ અને મજબુત માંસપેશીઓવાળી છાતી. માથાના વાંકડિયા કાળા ભમ્મર વાળ કો સર્પબાળ જેમ એના ચહેરાને ઢાંકી દેતા હતા. યૌવનના ઉષા-પ્રકાશે એની દેહકાન્તિ જોતાં ગ્રીક શિલ્પી રચિત સૂર્યદેવની મૂર્તિ યાદ આવે. પણ એના મોં પર સૂર્ય-દેવના વિજયગર્વની છાપ નહોતી, એના મોં પર તો હતું નવયૌવનને સ્વાભાવિક એવા પૌરુષ સાથેનું ચિત્તશક્તિનું પરમ કરુણ માધુર્ય. આવા અપૂર્વ સંમિશ્રણની પરિકલ્પના યે ગ્રીક શિલ્પીને ન આવે.

ઝરણાં તરફ જોતો નિર્વાણ વિચાર કરતો હતો. કેવી ગહન ગંભીર

બહિર્વાસ–ધોતિયું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચારમાળામાં એ હતો એ તો એજ જાણે ! એની અપલક દૃષ્ટિ છીછરા જળના પટને ભેદીને ઊંડે અને એથી યે ઊંડે જ્યાં નિરાસક્ત પ્રાણધર્મની ક્રિયા ચાલે છે એવી પૃથ્વીના કેન્દ્ર તરફ ખોડાયે જતી હતી. પ્રકૃતિના બાહ્ય દૃશ્ય જગત તરફ એનું મન જાણે નહોતું. અને છતાં યે આ અંતર-મુખી તન્મયતાની વચ્ચે પણ એનાં આંખ-કાન બીજી તરફ પણ કામ કરી રહ્યાં હતાં.

ઓચિન્તો એણે એની છાતીમાં એક અતિ ઉંડો નિસાસો મુકાતો અનુભવ્યો.

થોડા દિવસ બાદ નિર્વાણના મનમાં એક ભીપણ બળવો જાગ્યો. બાળપણથી જ એક સાથે રહેલા, રમેલા નેં એમ મોટા થયેલાઓનાં મનમાં પરસ્પરને માટે મોહ નથી હોતો. અને એ રીતે ઇતિ વિષે નિર્વાણને પણ મોહ નહોતો. ઉલટાનું ઇતિ સ્ત્રીસુલભ કમનીયતાથી નિર્વાણને પુરુષત્વ અને ઉમરમાં મોટાઇ આપી સંભ્રમ સહ મર્યાદા રાખી એની પાછળ પાછળ ફરતી. બંને બાઝતાં, વળી ભેગાં મળી રમતાં. ઉમર વધવા-ની સાથે ઇતિનાં શરીરમાં યૌવન દેખાવા લાગ્યું, ને એની આસમાની આંખોમાં સૃષ્ટિની અનાદિ ઇન્દ્રજાળ દેખાવા લાગી, છતાં નિર્વાણના મનમાં જરા યે ભાવપલટો ન દેખાયો. ઇતિ એક સ્ત્રી છે એવો ખ્યાલ જ એને નહોતો આવતો. ને આ રીતે જ પંદર વર્ષ વીત્યાં હતાં. અને એ પછી ઓચિન્તા એક દિવસ નિર્વાણના મનનું કૌમાર્ય પાકેલ ફળ પરથી ખસી જતાં પુષ્પગુચ્છની જેમ દૂર હટી ગયું.

એ દિવસે બપોરે નિર્વાણ ખજૂરી- જમાં એકલો એકલો ઊભો મોં ઊંચું કરી એક ભ્રમરની ચાલ નિહાળી રહ્યો હતો. દર વર્ષે આ સમયે જ આ ભ્રમર અહીં આવતો. જાણે બહુ દૂર-સુદૂર એ પવન મુખ થકી અહીંના સમાચાર જાણતો કે મરૂભૂમિમાં ખજૂરીઓની ડાળે ફૂલ બેઠાં છે. અને એ કાળો ભમરો મેઘધનુષરંગી એની પાંખો લઇ ગંભીર ગૂંજન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતો એક પછી એક ફૂલનો રસ ચૂસતો બીજાં પુષ્પો પર ઊડી જતો, ને જરા યે અવાજ વિના એનું મધુપાન કરી ફરી ઊડી જતો. નિર્વાણ ચમકતે નેત્રે ને મુગ્ધ મને આ કુતૂહલ જોઈ રહ્યો હતો.

એકાએક ઇતિ પાછળથી આવી નિર્વાણને ભેટી પડી. ઉત્તેજના-પૂર્ણ અવાજે એનાં કાનમાં બોલી—'નિર્વાણ! એક ચીજ જોવી છે?'

ઇતિ સ્વચ્છંદે મરુભૂમિમાં અહીં-તહીં ફરતી, ને ક્યાંક રેતી નીચે ડાળ પાંદડાં વિનાનું મૂળ યા કંદ છૂપાયેલું પડયું હોય તે શોધીને લાવતી. રણભૂમિની પ્રાણહીન ધરતી પર જે કોઈની યે આંખે ન ચડતું તે ઇતિને આંખે તુરત પડતું.

ભ્રમર તરફ જોતાંજોતાં જ નિર્વાણે પૂછયું—'શું છે?'

ઇતિએ પ્રથમ તો પોતાના બળવાન હાથેથી નિર્વાણનું મોં પોતા તરફ ફેરવ્યું, અને પછી એ બોલી—'જોવું છે ને! આવ! આવ!' આટલું કહી નિવાણનો હાથ પકડી *શબરીની જેમ નીરવ પગલે એને લઇને એ ચાલવા લાગી. દૂર જતાં નિર્વાણે જે દૃશ્ય જોયું તેથી આનંદોદ્દીપને એની બંને આંખો નાચી રહી.

રણદ્વીપનો સીમાડો વટાવીને મરુભૂમિમાં બહુ દૂર સુધી એ બંને ગયાં ત્યારે મધ્યાહ્નમાં સૂર્ય ઝળહળી રહ્યો હતો. ચારે બાજુ રેતીના કરોડો રજકણો ઝગઝગી રહ્યાં હતાં. બંને જણાં ચુપચાપ જતાં હતાં. વચ્ચે-વચ્ચે ઇતિ નિર્વાણનાં મોં તરફ તાકી ધીમેધીમે થોડીક વાતો કરી લેતી, કેમ જાણે મોટે સાદે વાત કરવાથી માયામૃગની જેમ જોવાની ચીજ અદૃશ્ય ન થઈ જવાની હોય!

લગભગ એક ગાઉથી યે વધુ ચાલ્યા બાદ એમને પોતાની સામે એક અતિ મોટો રેતીનો રણડુંગર દેખાયો. એ રણડુંગરની ટોચે ચડી દિગન્ત તરફ આંગળી ચીંધતી ઇતિ બોલી—'પણે...જો.'

*શબરી—સ્ત્રી શિકારી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇતિએ બતાવેલું દૃશ્ય જોતાં નિર્વાણ વિસ્મયે દિગ્મૂઢ બની ગયો. દિગન્ત-રેખા દૂર-સુદૂરમાં જ્યાં આકાશ સાથે ભળી જતી હતી ત્યાં, દૂર એક હરિયાળું મેદાન દેખાતું હતું. હરિયાળી ધરતી પર હરિયાળાં વૃક્ષો હવામાં ડોલી રહ્યાં હતાં. મેદાનમાં જ્યાં ઘાસ ઉગ્યું હતું ત્યાં ઘેટાં ને બકરાં ચરી રહ્યાં હતાં, ને આકાશમાં વિવિધ જાતનાં જે પંખીઓ હવામાં ઉડી રહ્યાં હતાં તે હવામાં તરતાં બિન્દુઓ જેવાં દેખાતાં હતાં. અને આંખો ફાડતી આ હરિયાળીની છાતી ચીરતી તરવારની ધારની જેમ એક નદી કલકલ કરતી વહી જતી હતી.

વિસ્મયના પ્રથમ અનુભવ પછી એનો પડઘો પડ્યો. નિર્વાણ ખડ-ખડાટ હસી પડ્યો. કારણ ઇતિ કરતાં એનું જ્ઞાન વધારે હતું.

પણ ઇતિ અતિશય ઉત્તેજિત થઇ હોવાને કારણે નિર્વાણના ગળા-માં હાથ ભેરવી જાણે ઝૂલવા લાગી. ને એનાં મોં પાસે મોં લઇ જઇ હાંફતીહાંફતી બોલી–'જોયું? નિર્વાણ તેં જોયું? કેવું સુંદર? કેટલું આહ્લાદક? ચાલ આપણે બેઉ ત્યાં-પણે ચાલ્યાં જઇએ. ત્યાં આપણા સિવાય બીજું કોઈ નહીં હોય. માત્ર તું અને હું. ચાલ, ચાલ નિર્વાણ!'

નિર્વાણ સ્મિત કરતો એના તરફ જોઇ જ રહ્યો. એ વેળા ઇતિના કસુંબલ અધર નિર્વાણની એટલી નજીક આવ્યા હતા કે કંઇ જ-જરા યે વિચાર કર્યા વિના નિર્વાણ પોતાના અધર વતી ઇતિના અધરને અડક્યો. અને એ સ્પર્શ થતાં જ એના ચહેરાનો રંગ બદલાઈ ગયો. એનાં હૃદયમાં રક્તનો આવેગ વધી ગયો. શરીરની અંદર થઇને સ્નાયુઓની સીમા સુધી એક અનિર્વચનીય અનુભવે અસહ્ય હર્ષ-વેદનાએ એ પીડાવા લાગ્યો. એ થર થર કંપવા લાગ્યો.

પ્રથમ ચૂંબનના અપૂર્વ સ્પર્શે ઇતિ દંશ દેવા તૈયાર થયેલ સર્પિણી-ની જેમ પીઠ તરફ મોં ફેરવીને નિર્વાણ તરફ જોઇ રહી. એની આસ-માની આંખોમાંથી અગ્નિ-ધખારા વરસતા હોય એમ લાગતું હતું. પળ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાર એમ જ ઊભી રહી, પછી એ કો ભીષણ તુફાનની જેમ નિર્વાણની છાતીએ વળગી પડી. અને પછી એક, બે, ત્રણ વાર નહીં પણ અગણિત વાર નિર્વાણના અધરને ચૂમતા ચૂમતા આખરે એ જાણે પોતાના દુર્જય આવેગ પાસે પરાજિત બની હોય તેમ શિથિલ દેહે, મોં નીચું કરી નીચે રેતી-પટ પર બેસી ગઈ. કલાન્ત વાવાઝોડાના સ્ફૂર્તિહીન પછાડાની જેમ એની છાતીમાંથી એક પ્રકારનો રૂંધાયેલો શ્વાસ ધીમેધીમે બહાર આવવા લાગ્યો.

અને નિર્વાણથી પણ શિથિલ થઇને બેસી જવાયું. એકાએક આ શું બની ગયું? અજ્ઞાતપૂર્વ, અચિંતવ્યા આ બનાવે એ બેઉ જાણે મૂઢ થઈ ગયાં.

ઘણાં સમય સુધી બંને જણા એ જ સ્થિતિમાં આગ વરસાવતા આકાશ નીચે બેસી રહ્યાં, ને પછી એમણે શુષ્ક તપ્ત આંખે જ્યારે દિગન્ત તરફ જોયું તો હરિત ઉપવન અદૃશ્ય બન્યું હતું.

ને અસ્ફુટ સ્વરે નિર્વાણ બોલી ઉઠ્યો.—'માયા! મરીચિકા!!'

એ દિવસે નિર્વાણ સાથેની ઇતિની સહજ સરલ મિત્રતાનું અવસાન થયું. નિર્વાણ જાણે ઇતિને ડરાવતો ચાલવા લાગ્યો. ઇતિને દૂરથી જોતાં જ એ સંકુચિત બની ઊઠતો. એની સાથેની વાતોમાં એને રસ આવતો, એનું મોં લાલ બની જતું; ને એનાં અંતરના ઊંડાણેથી એક અદૃશ્ય આકર્ષણ એને ઇતિ તરફ ખેંચતું. ઇતિના કોમળ ગુલાબી અધરનાં સ્પર્શની સુખદ સ્મૃતિ માદક સુરાની જેમ એના ચિત્તને નિરંકુશ કરી મૂકતી, અને આ સર્વભક્ષી મોહના આક્રમણથી બચવા તે દૂર દૂર નિર્જનમાં ભાગી જવા ઇચ્છતો.

પણ ઇતિનો મનોભાવ આથી તદ્દન ઉલટો હતો. આજ સુધી એ નિર્વાણની રમત—સાથી હતી, સ્ત્રીમિત્ર હતી. આજે વિપુલ નારીત્વની સાથે સાથે એણે નિર્વાણને પણ સંપૂર્ણ પોતીકા લેખે મેળવ્યો હતો. નિર્વાણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનો જ. બીજા કોઇનો નહિ–પોતાના અધર શરીર ને સ્ત્રીત્વના બદલામાં એણે નિર્વાણને પોતાનો બનાવ્યો હતો. આવા સર્વોપરિ હક્કદાર પાસે પૃથ્વીના અન્ય સહુ હક્કદારો મસ્તક નમાવી ઊભા રહેશે.

એનાં આચરણમાં, એની દૃષ્ટિમાં, ને એનાં શરીરનાં એકેએક વળાંકમાં આ અવિસંવાદી અધિકારનો ગર્વ દેખાવા લાગ્યો. સ્ત્રી અને પુરુષમાં અહીં જ ફેર દેખાય છે.

ને એ બંનેની આ મનોદશા બીજા એ માનવોથી પણ છૂપી ન રહી શકી. માનવસમાજમાં લજ્જા નામની જે ચીજ છે તેનો ઇતિમાં સદંતર અભાવ હતો. ઇતિ એ કદી શીખી જ નહોતી. અને એથી એનાં મનની વાત જરા યે ઢાંક-પિછોડા વિના-લેશમાત્ર શરમ વિના આનન્દ સ્વરૂપે દેખા દેવા લાગી. પિથુમિત્ત અને ઉચન્ડે એ જોયું ને તેઓ વાત સમજી ગયા. સ્થવિર પિથુમિત્તની વર્ણહીન આંખો કરુણાએ ભરાઇ આવી. 'આજ સુધી જેની શંકા થયા કરતી હતી એ સાચું પડયું. હાય તથાગત! સંઘની વૈરાગ્યભસ્મ વચ્ચે શા માટે આ ક્ષણભંગુર સુકુમાર કુસુમો તેં ઉગાડયાં! પણ ભિક્ષુ ઉચન્ડના કઠોર કપાળમાં આંધીનો ધુંવાધાર અંધકાર દેખાવા લાગ્યો. એ અંતરમાં ને અંતરમાં ગાજવા લાગ્યા—'માર પ્રવેશી ગયો છે! સંઘમાં માર પ્રવેશી ગયો છે!!'

ભિક્ષુ ઉચન્ડના મનમાં કોણ જાણે કેમ પણ પ્રથમથી જ ક્ષુદ્ર માનવવાળા ઇતિ પ્રત્યે એક વિમુખતા જન્મી હતી. ભિક્ષુના મનમાં ભેદભાવ નથી હોતો, છતાં એણે નિર્વાણને પોતાની પાસે ખેંચી લીધો હતો, અને ઇતિને દૂર દૂર રાખી હતી. નિર્વાણ ધર્મજ્ઞાન લેવા લાગ્યો, ત્યારે ઇતિ મરૂ-વિહારીણિ કુદરત કન્યા—પ્રકૃતિબાળા જ બની રહી. ઇતિના નારીદેહમાં જ્યારે યૌવનનાં પ્રથમ ચિહ્નો જણાવા લાગ્યાં ત્યારે સહુ પ્રથમ એ પર ભિક્ષુ ઉચન્ડનું જ ધ્યાન ગયું હતું, અને એની વિમુખતા ઊંડા તિરસ્કારમાં પરિણમી. ભિક્ષુનું પરાણે દબાવેલું વ્યર્થ યૌવન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણે ઇતિની મૂર્તિ રૂપે નિરન્તર એને ચાબખા મારી રહ્યું હતું. જર્જરિત ઉચન્ડના માથામાં સંગીતના ધ્રુવપદની જેમ માત્ર એક જ વાતનો પડઘો પડવા લાગ્યો કે—'માર પ્રવેશી ગયો છે! માર પ્રવેશી ગયો છે!!

અને હવે એનો નિર્વાણ પ્રત્યેનો વ્યવહાર પણ કઠોર બન્યો. એણે જોયું, ઇતિ સદા યે નિર્વાણની ભેગીભેગી જ ફર્યા કરે છે. એક પળવાર માટે પણ એ બેઉ જુદાં પડતાં નથી, ને ઉચન્ડના શરીરમાં અગ્નિશૂળ ભોંકાવા લાગ્યાં. 'માર પ્રવેશી ગયો છે. ઇતિ નિર્વાણને પ્રલુબ્ધ કરશે! ને પછી? અને એ પછી ભગવાન બુદ્ધનો આ સંઘ, આ વિહાર વ્યભિચારનો અખાડો બની જશે? કદી યે નહીં! કદી યે નહીં!!' ને ઉચન્ડે નિર્વાણને કઠણ બ્રહ્મચર્યવ્રત પાલન કરવાનું શિક્ષણ આપવું શરૂ કર્યું. નિર્વાણને આગળ કરી ભિક્ષુજીવનની નિર્મમતાનું નૂતન ધડતર એ સંઘમાં પ્રવર્તાવવા ઇચ્છતા હતા.

દબાયેલી-દમીત ઇચ્છાઓ જ્યારે વિકલાંગ મૂર્તિ રૂપે પ્રગટ થવા માંડે છે, ત્યારે તેનું સ્વરૂપ સહુ કોઈ પારખી નથી શકતું. સંઘમાં માર પ્રવેશ્યો હતો એ સાચું હતું. પણ તે કોની દુર્બળતાના છિદ્ર વાટે પ્રવેશ પામ્યો હતો તે ભિક્ષુ ઉચન્ડ નહોતા જાણતા.

મરૂભૂમિની નાની શી વસંત હવે પૂરી થવા આવી હતી. આ નાનકડી વસંત દરમિયાન નિર્વાણ અને ઇતિના મનોભાવ પ્રગટ થઇ ચૂકયા હતા અને ત્યારે એક દિવસ, વૈશાખી પૂર્ણિમાને પ્રભાતે ભિક્ષુ ઉચન્ડે નિર્વાણને ઉપસમ્પદા આપી પરિપૂર્ણપણે સંઘનો નિયમાધીન બનાવવા નક્કી કર્યું.

*

ઝરણાંના આરસી શા નિર્મળ જળમાં એક ચંચળ પડછાયો પડ્યો. દિવાસ્વપ્ન ભાંગ્યું, ને નિર્વાણ જાગી ગયો; ઇતિ આવતી હતી.

ઇતિના શરીર પર માત્ર એક જ શ્વેત વસ્ત્ર હતું. પાંચ હાથ પૂરા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક ઉત્તરિયમાં કેડ સુધીનો ભાગ અને છાતી ઢાંકી ગળા પાછળ તેની ગાંઠ બાંધેલી હતી. એના ખભ્ભા ને બાવડાં ઉઘાડાં હતાં. એના રૂક્ષવાળ કાળા નહોતા પણ પ્રચંડ તાપથી અંગારે ઘેરાયેલ અગ્નિશિખા શો રાતો પ્રકાશ વેરતા હતા.

ટુંકાટુંકા પગલે લપાતી-છુપાતી ધીમા ડગે નાનકડું ઝરણું વટાવી ઇતિ નિર્વાણની સામે આવી ઊભી. મુઠી વાળેલા બેઉ હાથ પાછળ રાખી એ બોલી—'આંખો મીંચી જા.'

તે નિર્વાણ આંખો મીંચી ગયો.

'ઓ બોલ'.

ને નિર્વાણ મોં પહોળું કરી બોલ્યો, 'ઓ.'

અને નિર્વાણના પહોળા થયેલા મોંમાં પોતાના હાથમાંનું શકરિયા જેવું ફળ નાખી દઈ હસતા હસતા એ બોલી—'હવે બોલ જોઇએ, તું શું ખાય છે?'

નિર્વાણે તે ચાવતાંચાવતાં મિંચેલી આંખે જ કહ્યું—'શકરિયું. બીજું શું? ક્યાંથી મળ્યું?'

અને પછી નિર્વાણની લગોલગ બેસીને ઇતિએ એ શકરિયું કઈ જગ્યાએથી કેમ કરીને મળ્યું એ વાત કહેવી શરૂ કરી. રેતીની નીચે માટી છે, વિવિધ જાતના કેટલા યે બી ત્યાં ભેગાં થયાં હોય છે. ને કોઈક દિવસ કુદરતના મંત્રે કરીને એ પ્રકાશની શોધમાં ઉપર ઊગી આવે છે—ઉપરની બાજુ ધસારો કરે છે. એમાંનાં કેટલાંક જોર કરી રેતીને વીંધીને બહાર નીકળી આવે છે. કેટલાંક નબળાં રેતી નીચે દટાયેલાં જ રહે છે. રેતી નીચે એનાં ફળ-કંદ વધીને ગુપ્તજીવન ગાળે છે. પણ ઇતિની આંખો પડદા આડે અટવાતી નહોતી. ધરતીની અંદર દટાયેલું પણ એ જોઈ શકતી. રેતી ખોદીને એ આવા બધા રસથી પરિપૂર્ણ ફળ શોધી લાવતી. ખજુર સિવાય જેમનો બીજો કંઈ જ ખોરાક નથી એમને આવી ચીજ અમૃત જેવી લાગે એમાં શું નવાઈ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનંદ પૂર્વક એ ખાતાખાતાં નિર્વાણે પૂછ્યું–'તું કેમ નથી ખાતી?'

ઇતિની આંખો અર્ધી મિંચાવા આવી. ઉપલા હોઠનો એક ઉતાવળો ચાળો કરતી એ બોલી–'બીજું હતું ક્યાં? એક જ તો મળ્યું હતું.'

અને નિર્વાણનું મોં ચાવતું બંધ પડ્યું. ઇતિની સામે એ વિસ્મયપૂર્વક જોઇ જ રહ્યો. ઇતિ પણ એની સામે આંખો નમાવી પેટભરીને નિર્વાણનાં વિસ્મયવિમૂઢ મોં તરફ નીરખીને જોઈ રહી અને પછી એક રહસ્યમય હાસ્ય કરીને તે નિર્વાણનાં ખોળામાં ઢળી પડી.

આટલો સમય નિર્વાણ જાણે ખુદ પોતાને વીસરી જ ગયો હતો. પણ હવે વિદ્યુત્દાહની જેમ ચમકીને એ કંપી ઊઠ્યો. બરોબર એ જ વખતે પાછળથી એક વજ્રગંભીર સાદ સંભળાયો.

પહેલા તો નિર્વાણને ઉપલો અવાજ પોતાના મનમાંથી જ ઉદ્ભવ્યો હોય એમ લાગ્યું પણ જ્યારે એણે મોં ફેરવી પાછળ જોયું તો મૂર્તિમંત તિરસ્કાર રૂપ ભિક્ષુ ઉચન્ડ અદ્દબ વાળીને થોડે દૂર ઊભા હતાં. અપરાધીની જેમ ભયભીત બની નિર્વાણ ઊભો થયો. અંગાર વર્ષાવતા નેત્રે એના તરફ જોઇ રહીને ગંભીર સાદે ઉચન્ડ એક વાર બોલ્યા, 'ધિક્!'

નિર્વાણના મોં પરનું સઘળું યે લોહી જાણે ઊડી ગયું હોય તેમ તેનું મોં મૃત માનવી જેવું પીળું પડી ગયું. સ્તબ્ધ બની એ ઉભો જ રહ્યો.

ઉચન્ડે વિહાર તરફ એક વાર આંગળી ચીંધતાં કહ્યું, 'જા, સ્થવિર તને બોલાવે છે.'

ને નિર્વાણ યંત્રવત્ તે તરફ ચાલવા લાગ્યો

ઇતિ હજુ સુધી અવાક્ શી નીચે બેઠી જ હતી. તે હવે ફાટી આંખે ઉચન્ડ તરફ જોતી જોતી ઉભી થઇ.

નિર્વાણ વિહારમાં પહોંચીને દેખાતો બંધ થયો; ઉચન્ડે પોતાના પ્રજ્વલિત નેત્રો ઇતિ તરફ ફેરવ્યાં અને પગથી માથા સુધી અવલોકી કઠોર સ્વરે એ બોલ્યા, 'ખભ્ભો ઢાંકી લે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇતિએ ચમકીને પોતાના શરીર તરફ જોયું ને પછી ફરીથી ઉચન્ડ તરફ જોતા જોતા ધીરે ધીરે ગળામાંનું વસ્ત્ર ખભ્ભા પર પ્રસારી દીધું.

પછી ઉચન્ડે પોતાની ભ્રકૂટિને ભયંકર બનાવતાં પૂછ્યું, 'ઝરૂખાઓ સાફ કર્યા ?'

'જી હા.'

'પાણી ભર્યું ?'

'જી હા.'

'કૂળ તોડ્યાં ?'

'જી હા.'

ઉચન્ડે હોઠ કરડ્યા. ઇતિને શાસનાધીન કરવી એ અસંભવિત છે. એ સ્ત્રી છે. ભિક્ષુઓનાં સંઘમાં ભિક્ષુણી માટે સ્થાન નથી. ને ઉચન્ડે એનાં સર્વાંગો તરફ અગ્નિ દૃષ્ટિ ફેંકી. ત્વરિત પગલે વિહાર તરફ પ્રયાણ કર્યું. ઇતિ બન્ને આંખોથી તીણી નજરે દૂર દૂર સુધી જોતી કોઇ ચિત્રની જેમ જ ઉભી રહી.

પેલી બાજુ નિર્વાણ સ્થવિર પાસે પહોંચ્યો ને તેમના ચરણસ્પર્શ કરી એ બોલ્યો, 'વંદે.'

નિર્વાણનો વાંસો થાબડતા સ્નેહાળ સ્વરે સ્થવિરે આશીર્વાદ આપ્યાં : 'આરોગ્ય.'

નિર્વાણનાં અપરાધી હૈયામાં સ્થવિરની પાસે જતાં ઉગ્ર તિરસ્કારની બીક હતી. ને એથી જ સ્થવિરના આવા સ્નેહભીનાં વચનોએ એવું હૃદય ઓચીંતું ભરાઈ આવ્યું. એની આંખોમાં જળજળીઆં આવ્યાં, ને એ સ્થવિરનાં પગ પાસે બેસી ગયો.

ત્યારે સ્થવિર ધીરેધીરે બોલ્યા, 'નિર્વાણ, તારા ઉપાધ્યાય પાસેથી સાંભળ્યું કે તું ઉપસંપદા લેવા ઇચ્છે છે. શું એ સાચું છે?'

નિર્વાણને જાણે કિનારો સાંપડ્યો. દબાએલા સાદે એ બોલ્યો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હા ભદન્ત, મને ઉપસંપદા આપી સંઘમાં લેવા કૃપા કરો."

થોડી વાર શાન્ત રહ્યા પછી સ્થવિર બોલ્યા, 'નિર્વાણ, સદ્કર્મો કરીને તેં જ્ઞાન મેળવ્યું છે સંઘમાં પ્રવેશ કરનારે નશ્વર આસક્તિ-ઇચ્છાઓનો ત્યાગ કરીને આવવાનું હોય છે; તે તો તું જાણતો હોઈશ. સંઘના વિધિવિધાન ખૂબ જ આકરાં છે. તારાથી એ પાળી શકાશે?'

એ જ સમયે ઉચન્ડ ત્યાં આવી પહોંચ્યા. ને એકબાજુ શાન્તિપૂર્વક ઊભા રહ્યા. ઢળેલી આંખ ને નમેલા માથે નિર્વાણ બોલ્યો-'હા, ભદંત, હું એ પાળી શકીશ.'

'નહિ પાળી શકાય તો પાતિમોક્ષ દંડ ભોગવવો પડશે, વિનયપાઠમાં એ વિષે તો તેં વાંચ્યું જ હશે.'

'હા, ભદન્ત, મેં એ વાંચ્યું છે.'

સ્થવિર ત્યારે કરુણ સ્વરે બોલ્યા, 'વત્સ, શિકારીથી ત્રાસતું પ્રાણી જેમ ગુફામાં આશ્રય લે છે તેમ ત્રિવિધ તાપથી થાકેલા માનવ નિષ્કૃતિનાં કાનનરૂપ ધર્મનો અનુરાગી બને છે; પણ બુદ્ધનાં સંઘમાં એવાઓ માટે સ્થાન નથી. જેના અંતરમાં વૈરાગ્ય યાને નિર્વાણની સાચી પ્યાસ જાગી છે એ જ આ સંઘનો અધિકારી બની શકે છે. આ સર્વનો વિચાર કરીને જવાબ દેજે.'

અશ્રુપૂર્ણ આંખે હાથ જોડીને નિર્વાણે જવાબ આપ્યો, 'સંઘનાં આશ્રયની હું ભીખ માગું છું. संघं शरणं गच्छामि કૃપા કરી મને ઉપસંપદા આપો.'

અને એક ઊંડો નિસાસો મૂકી સ્થવિર બોલ્યા, 'ભગવાન બુદ્ધની ઇચ્છા જ પૂર્ણ થાઓ.'

ને જલદ ગંભીર સ્વરે ઉચન્ડે પડઘો પાડ્યો. 'તથાગત્ બુદ્ધની ઇચ્છા પૂર્ણ થાઓ.'

એ પછી વિધિપૂરઃસર પ્રશ્નોત્તરી થયાં, પછી ભિક્ષાપાત્ર અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રિચિવર ધારણ કરી મુંડિત્ મસ્તકે નિર્વાણે ભિક્ષુધર્મ સ્વીકાર્યો. હવે આ સંસાર વિષે એને કશોય હક્ક નહોતો રહ્યો–કશી યે ઇચ્છા નહોતી રહી.

ભિક્ષુ ઉચ્ચન્ડ જ નિર્વાણનાં આચાર્ય નિમાયા. નામ પરિવર્તનની જરૂર જ નહોતી. છાયા પરિમાપ વગેરે વિધિ થયા પછી ઉચ્ચન્ડ વિજેતાના અવાજે બોલ્યા–'બુદ્ધનો જય થયો છે, માર પરાજય પામ્યો છે. ભિક્ષુ, તારી ઓરડીએ જા. આજથી તારા માટે સ્ત્રીમુખ–દર્શનની મનાઈ છે.'

નમેલે નેત્રે નિર્વાણે પોતાની ઓરડીમાં પ્રવેશ કર્યો.

સ્થવિર ત્યારે મનોમન બોલતા હતા, 'હે શાકય, હે લોકજ્યેષ્ઠ, અમારી ભ્રાન્તિને તમારી કરજો. અજ્ઞાનરૂપા અંધકાર દૂર કરજો. સહુને સમ્યક્ દૃષ્ટિનું દાન કરજો.'

ત્રણ દિવસ સુધી નિર્વાણ પોતાની ઓરડીની બહાર ન નીકળ્યો. અને ઇતિ? દેહથી જુદી પડેલી છાયાની જેમ એ સંઘની ભૂમિ ઉપર દિવસરાત ચારે તરફ નિર્વાણને શોધતી ફરતી હતી.

વિહારમાં સહુને માટે જુદીજુદી ઓરડી હતી. એને ઉપલે માળે જે કેટલીક નાની નાની ઓરડી હતી એમાંની એકમાં ઇતિ રાત ગાળતી. પરશાળની બીજી બાજુની ત્રણ ઓરડીઓમાં નિર્વાણ ઉચ્ચન્ડ ને સ્થવિર રહેતા. સ્થવિરની રજા વિના કોઇ એકબીજાની ઓરડીમાં જઇ શકતું નહી.

નિર્વાણ અને ઇતિ ફરી નહોતાં મળી શકયાં. ઇતિ સંઘનું કામ કરતી એટલે અનેક રીતે એ નિર્વાણની ઓરડી પાસે થઇને આવ જા કરતી કયારેક એ નિર્વાણને સામે પોથી રાખીને અધ્યયનમાં એકચિત્ત થએલો જોતી, કયારેક કયારેક નિર્વાણને જરૂખામાં ઊંડા વિચારમાં ઊભેલો જોતી. ઇતિનો પગરવ જાણે કોઇના ખ્યાલમાં નહોતો આવતો; અને ત્યારે નિઃશ્વાસ મૂકી ઇતિ બીજી બાજુ ચાલી જતી.

આમ છતાં ભિક્ષુ ઉચ્ચન્ડને ઉરે શાન્તિ નહોતી. કયાંક પણ એક જબ્બર ભ્રાન્તિમાં એ પડયા હતા. નિર્વાણ કઠોર ભાવે પોતાને નિગ્રહિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બનાવી સંઘ ધર્મમાં આત્મનિયોગ કરતો, એમના અંતરમાં શંકા અને દ્વંદ્વ એટલાં જ વધતાં હતાં.

નિર્વાણને સંઘ-શાસન નીચે લીધા પછીયે એમને એમનું ધ્યેય સિદ્ધ થતું નહોતું લાગતું. ઇતિ અને નિર્વાણ વચ્ચેનો આકર્ષણતંતુ દૂર પડવાને અંગે વધુ દૃઢ થયો હતો. દુર્વાના જેવી ઝીણી ઈર્ષા ધીરેધીરે કંટક બની ઉચ્ચન્ડને જખમી બનાવતી હતી. ને એ પોતાના અજ્ઞાત માનસથી નિર્વાણને ઘોર તિરસ્કારની નજરે જોવા લાગ્યો.

એક દિવસ મધરાત્રે ચંદ્રની શીતળ ચાંદની જરૂખામાં થઇને નિર્વાણની ઓરડીમાં આવી પથરાઈ, અંધારી ઓરડીમાં આછા શુભ્ર સુધાંશુ જેવી થોડીક ચાંદની જાણે આકાશમાંથી ઊતરી આવી હતી. નિર્વાણની આંખોમાં ઊંઘ નહોતી; એ ઝરૂખા તરફ ઓશીકું કરી જમીન પર સૂતો હતો રાત્રિ નિઃસ્તબ્ધ હતી, વિહાર નીરવ હતો. જરાયે અવાજ કર્યા વિના એ ઊભો થયો ને છાયામૂર્તિની જેમ ઝરૂખામાંથી ઊતરી એ વિહારની બહાર આવ્યો.

એ સમયે ખજૂરી-કુંજ નીચે ચાંદની-ભળતા આછા અંધકારે જાણે ઇન્દ્રજાળ બિછાવી હતી. ઊંચે ખજૂરી-શાખાઓ કયારેક તંદ્રામાં મર્મરધ્વનિ કરતી, નીચે ઝરણામાંથી વહેતું પાણી મૃદુ કલકલનાદ કરતું અને ચારે બાજુ અપાર મરુભૂમિ પર ચંદ્રરશ્મિનો શીતળ લેપ થયો હોય એમ દેખાતું હતું. નિર્વાણે છાતી ચીરતો એક ઊંડો નિશ્વાસ મુકયો. આ દૃશ્ય એને પરિચિત હતું; પરંતુ આજે હવે એની સાથે એને કંઇ જ સંબંધ નહોતો. હવે એ બહુ દૂર ચાલ્યો ગયો હતો.

'નિર્વાણ?'

ઝરણાનાં કલકલ નાદ જેવો જ મૃદુ હતો એ અવાજ. નિર્વાણે ચમકીને પાછળ જોયું, તો શુભ્ર રેતી પર પવનથી ઉડતા કાશપુષ્પ જેવી ઇતિ એની તરફ દોડતી આવતી હતી. એનાં પગ જાણે ધરતી પર પડતા જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહોતા, હવામાં ઉડતા હતા. ચંદ્રના ઝાંખા પ્રકાશમાં એનું હસતું ને ભુખ્યું મોં અસ્પષ્ટ દેખાતું હતું.

'ના,–ના,–ના–' કરતો બંને હાથે આંખો ઢાંકતો નિર્વાણ ભાગ્યો, ને ઊંચે શ્વાસે પોતાની ઓરડીએ પહોંચી, નીચે મોંએ ટુંટીયું વાળીને પડયો. અને હાંફતો હાંફતો શ્વાસ નીચે મૂકવા લાગ્યો.

પાછાં ફરતાં નિવાર્ણના પગલા સંપૂર્ણ નીરવ ન રહી શકયા. બીજી ઓરડીમાંની એક બીજી વ્યક્તિ પણ જાગી ગઈ હતી.

બીજે દિવસે ફરીને ચંદ્રનું શીતળ અજવાળુ ઝરૂખામાં થઇને પોતાની અદમ્ય શક્તિથી નિર્વાણને બહાર ખેંચવા લાગ્યું. નિર્વાણ ઘણી-વાર સુધી એની સામે ઝઝૂમ્યો પણ આખરે એ પરાજિત થયો અને કોઈ મોહગ્રસ્તની જેમ એ ખજૂરી-કુંજની છાયા તળે જઈ પહોંચ્યો.

'નિર્વાણ !'

ઇતિ એની પાસે આવીને ઊભી. છતાંયે આજે એ ન ભાગ્યો. શરી-રનાં બધાં યે સ્નાયુઓને અને માંસપેશીઓને જડ બનાવી, બીજી બાજુ મોં ફેરવી એ ઉભો જ રહ્યો.

'નિર્વાણ! હવે તું કદી મારી સાથે વાત પણ નહીં કરે શું ?'

નિર્વાણ જવાબ ન આપી શકયો. કોઇએ જાણે તેનું ગળું સખત રીતે રૂંધી રાખ્યું હતું.

સશંકચિત્તે ઇતિ પોતાના નાનકડા હાથે નિર્વાણના બાવડાને સ્પર્શી.

'નિર્વાણ ! હવે પછી તું મારૂં મોં કદીએ નહીં જુએ શું ?'

ઇતિના અવાજમાં જોમ નહોતું. તુટક તુટક અર્ધ ઉચ્ચારાએલા એ શબ્દો હતા ને નિર્વાણનું સ્નાયુબદ્ધ શરીર ધીમુંધીમું કંપવા લાગ્યું.

'નિર્વાણ, એકવાર તો મારી સામે જો.' ઇતિએ એની હડપચી પકડી એનું મોં ફેરવવા પ્રયત્ન કર્યો.

નિર્વાણનો સ્નાયુઓ પરનો કાબુ એકાએક જાણે છૂટી ગયો. દોરી

पुस्तकालय
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगडी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તુટેલી કમાનની જેમ એનો ઊંચો થયેલો હાથ ઇતિના મોં પર જઇને પડયો. અને એક અસ્ફુટ આજીજી કરતી, હોઠે હાથ દાબી ઇતિ નીચે બેસી ગઇ.

વ્યાકુળ આંખે એકવાર નિર્વાણે એનાં તરફ જોયું ને પછી— "ના,–ના,–ના–હું ભિક્ષુ,–હું ભિક્ષુ,–હું ભિક્ષુ—" કરતો આંધળાની જેમ પાગલની પેઠે એ ત્યાંથી ચાલી નીકળ્યો.

એક જણે ગુપ્ત રીતે આ દૃશ્ય જોયું હતું. છતાં એનું અશાન્ત ચિત્ત શાન્ત ન થયું. એ તો ઉલટાનું દુર્વાસાના ક્રોધે ધુંધવાઇ ઉઠયું. 'મારનો પરાજય નથી થયો. સંઘ અપવિત્ર થયો છે. આ પાપ ધોઇ નાંખવું જ જોઇએ, નહીં તો ભગવાન બુદ્ધના ક્રોધાગ્નિમાં સંઘ ભસ્મીભૂત થઈ જશે.'

વદ પાંચમનો ઘટતો જતો ચંદ્ર લગભગ મધ્યાકાશે પહોંચ્યો છે. રાત પૂરી થવામાં હવે બહુ વાર નથી. વિહારમાં નીરવ શાન્તિ છે. ક્યાંય એક શબ્દ, અરે એક અક્ષર જેટલો પણ અવાજ નથી. બ્રાહ્મ મૂહૂર્તની રાહ જોતાં સહુ નિર્વાણ–સમાધિમાં લીન હોય એમ લાગે છે.

એ એવા ભિક્ષુ ઉચન્ડે સ્થવિરની ઓરડીમાં પ્રવેશ કરી એમને જગાડયા, અને સર્પના શ્વાસ જેટલા ધીમા સાદે એમના કાનમાં કહ્યું. "મારી સાથે ચાલો."

અને જરાયે પગરવ કર્યા વિના એ બન્ને ઇતિની નાનકડી ઓરડી સામે આવી ઉભા. પરોઢ પહેલાનું ઝાંખું અજવાળું જરૂખાની સપાટ જમીન પર પડતું હતું. એ અસ્પષ્ટ અજવાળે સ્થવિરે જોયું, એક ઊંચી ટેકરી પર ઇતિ બેઠી છે અને વેદિ પાસે પ્રણીપાત કરતા પુજારીની જેમ ઉપાસકની પેઠે નમેલા દેહે નિર્વાણ એના ખોળામાં માથું મૂકી પડયો છે. ઇતિનો કેડયથી ઉપરનો ભાગ માત્ર એના મુક્ત કેશ કલાપથી ઢંકાયેલો છે. શુભ્ર આરસમાં કોરેલી મૂર્તિની જેમ એનો યૌવન-મસ્ત દેહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગર્વોન્નત બન્યો દેખાય છે. અને એની એ આંખોમાંથી વિજયિનીનો અપૂર્વ ઉલ્લાસ અને આંસુ એકી સાથે ટપકતાં દેખાય છે.

સ્થવિરે સાદ દીધો—"નિર્વાણ!"

નિર્વાણ તુરત ઉઠીને ઉભો થયો. દરવાજા પાસે જ પિથુમિત્તને જોતાં એના પગમાં પડી રુંધાતે અવાજે એ બોલ્યો, "ભદન્ત, સંઘધર્મથી હું ચ્યુત થયો છું, મને દંડ આપો."

સ્થવિર ધ્રૂજતે સાદે બોલ્યા. "નિર્વાણ, તારો અપરાધ મોટો છે, પણ મારો અપરાધ એ કરતાં યે મોટો છે. કારણ મેં આ બધું જોવા-જાણવા છતાં તને સંઘમાં લીધો હતો વત્સ!'

પણ ઉચન્ડના ઉંચા અવાજ પાસે એમની કલ્યાણવાણી ડૂબી ગઇ. ઉચન્ડ બોલ્યો—"સ્થવિર, આ પતિત ભિક્ષુ જ્યારે આપ મેળે પોતાના પાપનો સ્વીકાર કરે છે, ને આપણે પણ જ્યારે એના પ્રત્યક્ષ સાક્ષી છીએ, તો હવે એને પાતિમોક્ષ પ્રમાણે દંડાજ્ઞા સંભળાવો."

છતાં સ્થવિર કંઇ જ ન બોલી શક્યા. અપાર કરુણાએ એમના હોઠ કંપવા લાગ્યા.

ને ત્યારે ઉચન્ડ બોલ્યા, "વારૂ, આ ભિક્ષુનો ઉપાધ્યાય હું જ છું એટલે એને દંડાજ્ઞા પણ હું જ સંભળાવી દઉં છું— ભિક્ષુ, પારાજીક અને સંઘાદિશેષ પાપનો તું અપરાધી ઠર્યો છે, એ માટે તને સંઘમાંથી વિચ્યુત કરવામાં આવે છે. આજથી સંઘની હદની ધરતી પર રહેવાનો તને હક્ક નથી. ને સંઘની માલિકીનાં ખોરાક કે પાણી લેવાનો તને અધિકાર નથી. આ જ છે તારી સજા-તારો પૂર્ણ બહિષ્કાર. તું અને તારી પાપની ભાગીદાર ભગવાન બુદ્ધના પવિત્ર સંઘના લાભથી વંચિત બનો છો. એની પવિત્ર સંઘભૂમિમાંથી તમને દેશવટો દેવામાં આવે છે."

આ દંડ-આદેશની ભયંકર નિષ્ઠૂરતા ધીરે ધીરે સહુના મનમાં વસી. આનો અર્થ હતો મૃત્યુ-દંડ. છતાં કોઇએ કંઇ ન કહ્યું. નમેલે મસ્તકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિર્વાણે સંઘની આ અમોઘ દંડાજ્ઞાનો સ્વીકાર કર્યો. સ્થવિર પણ મૂંગા રહ્યા. માત્ર પંદર વર્ષ પૂર્વે નિર્વાણ અને ઇતિને પોતાને ખોળે લેતાં એમની આંખમાંથી જે અશ્રુધારા વહેલી, તે આટલા દિવસ પછી ફરી વહેવા લાગી.

ઉપા ઉગતાં ઉગતાં જ નિર્વાણ અને ઇતિએ સંઘમાંથી વિદાય લીધી. વિહારના પગથિયા પાસે સાષ્ટાંગ દંડવત્ કરી એ બન્ને હાથમાં હાથ મેળવી અજાણ્યા માર્ગે નીકળી પડ્યા. એ ક્યાં જતાં હતાં એની એમને ખબર નહોતી. અને કઈ રીતે-ક્યારે આ પ્રવાસ પૂરો થશે એની પણ એમને ખબર નહોતી. એ બેઉ જાણતાં હતાં માત્ર એકબીજાના હાથમાં હાથ ભેરવીને ચાલવાનું. અને મરુભૂમિના દુસ્તર પથમાં એ જ હતું એમનું એક માત્ર પાથેય.

જેટલે દૂર દૃષ્ટિ પહોંચી ત્યાં સુધી પોતાની પળિયાં આવેલ આંખે વૃદ્ધ સ્થવિર એ તરફ જ જોઇ રહ્યા. ધીરે ધીરે સૂર્ય ઉપર આવતો ગયો, ને દૂર દેખાતાં બે કાળા ટપકા જેવા નિર્વાણને ઇતિ માથું ફાડી નાખે એવા ઘોર તડકાના આંખો આંજી નાખે એવા પ્રકાશમાં વિલીન થઇ ગયાં. સ્થવિર વિચારવા લાગ્યા. 'થોડી વાર પછી આ સૂર્ય મધ્યાહ્નમાં જશે. તૃષા રાક્ષસી રાહ જોતી હશે.'

સ્થવિરને આમ બેઠેલો જોઈ ઉચન્ડ આવીને એમની પાસે ઊભો ને કહેવા લાગ્યો: 'થેર, તમને ઉપદેશ આપવાની યોગ્યતા મારામાં નથી, પણ ગૃહસ્થીને છાજે એવી લાગણી, એવું મમત્વ નિર્વાણ ઇચ્છુ ભિક્ષુને શું યોગ્ય છે?'

ત્યારે સ્થવિરે જવાબ આપ્યો, "ઉચન્ડ, અદૃષ્ટે જેની વિડમ્બના કરી છે એવાઓ પ્રતિની કરુણા ભિક્ષુ માટે નીંદનીય નથી, શાક્ય સહુ જીવો પ્રત્યે દયા-ભાવ રાખવાનું કહી ગયા છે."

'એ સાચું, પણ એ જ મહાભિક્ષુ શાક્ય જ આ પાતિમોક્ષ-દંડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિધાન પણ રચી ગયા છે ને ? દંડવિધિમાં કરુણાને સ્થાન જ ક્યાં છે ? સ્થવિર ! આ સંઘ માત્ર સાચા પથ્થરોથી નથી રચાયો, પણ ભિક્ષુઓનાં નિર્મમત્વ રૂપી સખ્ત આરસ-પાષાણોથી એ રચાયો છે; અને એથી આ સંસારનાં શત શત કાદવિયાં કમળો વચ્ચે પણ પ્રકૃતિનાં રૂદ્ર વિક્ષોભની ઉપેક્ષા કરીને આ સંઘ આજે પણ અચળ રહી શકયો છે. સંઘના પાયા જો કરુણાનાં અશ્રુપંકમાં આર્દ્ર થઇને પડે તો ધર્મ કેટલા દિવસ ટકે ? કરુણાના યજ્ઞસ્થંભ પર નીતિનું બલિદાન કદીયે મહાભિક્ષુને રૂચિકર નહોતું,"

લાંબા સમય સુધી સ્થવિરે કંઇ જ જવાબ ન આપ્યો પણ પછી એ બોલ્યા,–"ઉચન્ડ, મહાભિક્ષુનો મત જાણવો અકળ છે. મારું મન અસ્થિર છે. કર્તવ્યજ્ઞાન હું ખોઈ–ભૂલી બેઠો છું."

"તો તમે શું ધારો છો ? પાતિમોક્ષ મુજબ નિર્વાણને દંડ અપાયો તે અનુચિત થયું છે ?' ઉચન્ડે પ્રશ્ન કર્યો.

'કહી ન શકાય. બુદ્ધની ઇચ્છા અકળ છે.'

'પાતિમોક્ષ શું બુદ્ધની ઇચ્છા નથી ?'

'એ પણ ન કહી શકાય.'

અને ત્યારે બંને હાથ ઊંચા કરી ગંભીર અવાજે ઉચન્ડ બોલ્યો: "ત્યારે બુદ્ધની જ ઇચ્છા આપણાં અન્તરે સ્થાપિત હો. હે ગૌતમ, અમારી શંકાઓને તું નિર્મૂળ કર, તારી અલૌકિક શક્તિના વિદ્યુત પ્રકાશે અમને સાચો માર્ગ દેખાડ."

એ દિવસે બપોરે પવન ઓચિન્તાનો બંધ પડી ગયો. માત્ર ધગધગતી રેતી ઉપર થઇને એક જાતની અદૃશ્ય વરાળ નીકળવા લાગી. પંચાગ્નિએ ઘેરાએલો વિહાર ઉગ્ર તપસ્યામાં અનુરક્ત વિભૂતિભૂષિત કાપાલિક જેવો આ વિરાટ સ્મશાનમાં જાણે બેઠો હતો. આકાશમાં એક છેડાથી બીજા છેડા સુધી ક્યાંય એક પંખી પણ દેખાતું નહોતું. અવાજ નહોતો. હવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહોતી. ચારે દિશાઓ જાણે શ્વાસ રૂંધીને કોઇની રાહ જોતી ઊભી હતી.

મધ્યાહ્ન પૂરો થયો. ખજૂરી-વૃક્ષોની છાયા ભયથી મૂળ છોડીને ધીરે ધીરે ઓસરતી હતી.

"સ્થવિર !"

સ્થવિર ઝરૂખામાં આવ્યા. કંઇ જ બોલ્યા વિના ઉચન્ડે દૂર ક્ષિતિજમાં અંગૂલિનિર્દેશ કર્યો.

તામ્ર જેવા તપ્ત આકાશમાં એક બાજુ ક્ષિતિજરેખા ઉપર મુઠ્ઠી જેવડું એક કાજળકાળું વાદળું દેખાતું હતું. એને ઓળખતાં વાર ન લાગી. પંદર વર્ષ પૂર્વે બરાબર આવું જ એક વાદળું આકાશમાં દેખાયું હતું.

ને ભયાર્ત કંઠે ઉચન્ડ બોલ્યો–"સ્થવિર, આંધી આવે છે !"

સ્થવિરના હોઠ જરા ફફડયા. "બુદ્ધની ઇચ્છા! બુદ્ધની ઇચ્છા !"

અને ઉચન્ડ પાગલની જેમ સ્થવિરને પગે બાઝી પડયો ને બોલ્યો "સ્થવિર, ત્યારે શું મેં ભૂલ કરી ? ત્યારે શું મારાં પાપે જ આજે આ સંઘનો નાશ થશે ? આ જ શું બુદ્ધનો અલૌકિક ઇસારો છે ?"

જોત જોતામાં તો આંધી આવી ચડી. ને મરુભોમ ઝંઝાએ વલ્લોવાતા સાગરની જેમ પાગલ બની ઊઠી. ગાઢ અંધકારે ચારે દિશાઓ ઢંકાઈ ગઇ.

આ દુર્ભેદ્ય અંધકાર વચ્ચે સ્થવિરના મોંમાંથી ઉચ્ચારાવા લાગ્યું– "तमसो मा ज्योतिर्गमय ! तमसो मा ज्योतिर्गमय ! ! ઊંડા અંધારેથી પ્રભુ ! પરમ તેજે તું જ લઇ જા."

અને ઉચન્ડ ચિત્કાર કરી ઉઠયો. "હું જઇશ, એમને પાછા લઇ આવીશ–" ને એણે પાગલની જેમ ઝરૂખામાંથી નીચે ઝંપલાવ્યું, આંધીના હૂ....હૂ....કારમાં એની ચીસ ડૂબી ગઇ.

રેતી અને પવનની મહા ભયંકર રમત ફરી શરૂ થઇ ગઇ. પૃથ્વીનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાશ કરવા આવેલ શેષ પ્રલયની જેમ સર્વત્ર ગાઢ અંધકાર છવાઈ ગયો, ને સંઘ-વિહાર એ રેતીના વા-વંટોળમાં કોણ જાણે ક્યાંય ઢંકાઇ ગયા.

અને ત્યારે પણ વૃદ્ધ સ્થવિરના ધ્રૂજતા મોંમાંથી આકુળ પ્રાર્થના ઉચ્ચારાઇ રહી હતી કે "હે શાક્ય, હે લોકજ્યેષ્ઠ, હે ગૌતમ, અંતિમ પળોએ અમને સાચી દૃષ્ટિ દે, પ્રકાશ દે. तमसो मा ज्योतिर्गमय અને માનવ જાતિના રુંધાતા ગળામાંથી આજે પણ એ જ આર્તવાણી નીકળી રહી છે: "तमसो मा ज्योतिर्गमय."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદનમૂર્તિ

'બૌદ્ધ ભિક્ખુ' બોલતાં જે ચિત્ર આપણી સામે ખડું થાય છે તે આજના સામાન્ય બંગાળીના ચહેરાને જરા યે મળતું નથી. અને આજે જેની વાત લખવા બેઠો છું એ ભિક્ખુ અભિરામ માત્ર જાતિએ જ બંગાળી હતો એટલું જ નહિ, પણ ચહેરે-મહોરે પણ એ પૂરેપૂરો બંગાળી હતો.

વાર્તાના પ્રારંભમાં જ જણાવી દેવું જરૂરી છે કે હું અહીં ભિક્ખુ અભિરામનું અથથી ઇતિ સુધીનું જીવનચરિત્ર લખવા નથી ઇચ્છતો, અને ઇચ્છતો હોઉં તો એ શક્ય પણ નથી. એનો કુટુમ્બ કે જાતિપરિચય હું કદિ યે પામ્યો નથી. એ બંગાળીમાંથી ક્યારે અને કેમ બૌદ્ધ બન્યો એની યે મને ખબર નથી. માત્ર એક વર્ષની ઓળખાણે એનો જે પરિચય હું પામ્યો છું, એનું બંધન એક દિવસ અણચિન્તવ્યા પરિસ્થિતિમાં પડી કઇ રીતે સદાને માટે તૂટી ગયું, એ જ લંબાણ કર્યા વિના ટૂંકાણમાં તમારી પાસે રજૂ કરીશ.

આપણો દેશ ધર્મોન્મત્તતાનો અખાડો છે. ધર્મને નામે માથા અપાયા–કપાયાની વાત અહીંને માટે જૂની છે. પરન્તુ ભિક્ખુ અભિરામના હૃદયમાં આ ધર્મ-પ્રેમ જે વિચિત્ર રૂપે જન્મ્યો હતો તે પૂર્વે કદી–ક્યારે યે દેખાયો નથી, અને ભવિષ્યમાં કદી દેખાશે એવો સંભવ પણ નામનો જ છે.

ભિક્ષુ અભિરામ સાથે મારી પહેલી મુલાકાત થઇ હતી ઇમ્પીરિયલ લાયબ્રેરીમાં. ચારેક વર્ષ પરની વાત છે. ત્યારે મેં બૌદ્ધ યુગના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇતિહાસનો અભ્યાસ તાજો જ શરૂ કરેલો. એક દુષ્પ્રાપ્ય બૌદ્ધ ગ્રંથ શોધવા જતાં જોયું તો તે પહેલેથી એ લઇને બેઠા હતા.

ધીરેધીરે એમની સાથે ઓળખાણ થઇ. લાંબા, પાતળા ને મુંડિત મસ્તકવાળા એ પુરુષનાં વસ્ત્રો આછાં પીળાં હતાં. ઉંમર ચાળીસની અંદર અંદર જ લાગતી હતી. એમની વાતચીત ને બોલવું ખૂબ જ મીઠું હતું. હાસ્ય તો એ દ્રવળા શુષ્ક, ચહેરા પર સદા યે હોય જ; ને સાથે આપણા દેશના સાધારણ ઉદાસી સંપ્રદાયવાળાઓના જેવો એક નિર્લિપ્ત અનાસક્ત ભાવ. એમ છતાં એમને સાધારણ કહી અવગણી નહિ શકાય. એમની આંખોમાં બરાબર ધ્યાન દઇને જોઇએ તો તરત ખબર પડી જાય કે એમાં એક પ્રબળ દુર્દમનીય આકાંક્ષા જેવું કંઇક સદા યે ચમકયા કરે છે.

બંગાળી બૌદ્ધ ભિક્ખુ વર્તમાનકાળમાં પણ હોઈ શકે છે એ કલ્પના યે અગાઉ કદી મનમાં નહોતી જન્મી, એથી પ્રથમ દર્શને જ એમના તરફ આકર્ષાયો. ધીરે ધીરે ઓળખાણ ગાઢ થઇ. એ અવાર-નવાર, વેળા-કવેળા મારે ઘેર આવવા લાગ્યા. બૌદ્ધ શાસ્ત્ર વિષે એમનું જ્ઞાન જેટલું ઊંડું હતું તેટલું બૌદ્ધ ઇતિહાસ વિષે નહોતું. તેથી બુદ્ધના જીવન વિષે કોઇ નવી વાત જાણતાં તુરત મને આવીને એ વાત જણાવતા. મારી ઐતિહાસિક શોધખોળ વિષેની એમની આતુરતાનો પણ અન્ત નહોતો. કલાકોના કલાકો સ્થિરપણે બેસી મારૂં ભાષણ એ સાંભળતા રહેતા અને એમની આંખોમાં એ જ ખદ્યોત-પ્રકાશ ચમકતો રહેતો.

ખોરાક વિષે એમનો કોઇ સિદ્ધાંત નહોતો. મારે ઘેર આવતા ત્યારે ગૃહિણી લગભગ દરેક વેળા ભક્તિપૂર્વક એમને જમાડતી; અને એ કંઇ જ વાંધા-વિરોધ વિના માછલાં-માંસ બધું જ જમતા. એક દિવસ મેં પૂછ્યું ત્યારે ઝાંખું હસી એણે કહેલું, 'હું ભિક્ખુ છું. ભિક્ષાપાત્રમાં જે આવે તે મારે ખાતું જ રહ્યું; એમાંથી કોઈ ચીજ તારવવાનો મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હક્ક નથી. તથાગતના પાત્રમાં એક દિવસ એમના શિષ્યે સુવરનું માંસ નાખેલું. એમણે એ પણ ખાધેલું,' ને એ બોલતાં ભિખ્ખુની બંને આંખો અશ્રુએ ભરાઇ આવી.

લગભગ છ સાત મહિના પછી એક દિવસ એના હૃદયની અંતરતમ વાત હું જાણી શક્યો. મારે ઘેર બેઠાંબેઠાં અમે બૌદ્ધ શિલ્પની વાતો કરતા હતા. ભિખ્ખુ અભિરામ કહેતા હતા, 'હિન્દમાં અને હિન્દ બહાર બુદ્ધની કોટિકોટિ મૂર્તિઓ છે. પણ એ બધી યે એમની ભાવમૂર્તિ છે. ભક્ત શિલ્પીએ જે ભાવે ભગવાન તથાગતની કલ્પના કરી છે, એ રીતે પત્થર કોતરી તેની મૂર્તિ ઘડી છે. બુદ્ધની સાચેસાચી આકૃતિનો તેમને કોઇને ખ્યાલ જ નહોતો.'

મેં કહ્યું : 'મને તો લાગે છે કે હતો. તમે જોયું તો નક્કી હશે જ કે બુદ્ધની મૂર્તિઓ લગભગ બધી જ એક જ પ્રકારની છે. અલબત્ત સહેજ-સાજ ફેરફાર એમાં હોય છે, પણ બધામાં એક સાદશતા જ દેખાય છે, મોટા મોટા કાન, માથે વાંકડિયા વાળ, હૃષ્ટપુષ્ટ દેહ. આટલું તો બધી યે મૂર્તિઓમાં જણાય છે. આનું શું કારણ? એમના પ્રાકૃતિક ચહેરા વિષે નક્કી શિલ્પિઓ જાણતા જ હતા. એમ ન હોત ને માત્ર કાલ્પનિક મૂર્તિ હોત તો આટલી સાદૃષ્યતા ન આવી શકત. એક વાસ્તવિક ખ્યાલ તો એમને હતો જ!'

પૂરેપૂરું મન દઇને મારી વાત સાંભળ્યા પછી ભિખ્ખુ અભિરામ થોડીવાર શાન્ત રહ્યા, અને પછી ધીરેધીરે બોલ્યા, 'કોણ જાણે બુદ્ધદેવ જીવંત હતા ત્યારે તો એમની મૂર્તિ નહોતી ઘડાઇ, ત્યારે શિલ્પસ્થાપત્ય નહોતું જન્મ્યું. બુદ્ધમૂર્તિનો બહોળો પ્રચાર થયો ગુપ્ત યુગથી, ઇસ્વી સનના ચોથા સૈકાથી. અર્થાત બુદ્ધનિર્વાણ પછી લગભગ સાતસો વર્ષ પછી. આ સાતસો વર્ષ દરમ્યાન એમની આકૃતિ માણસ કઈ રીતે યાદ રાખી શક્યો? બૌદ્ધ શાસ્ત્રોમાં પણ એમના ચહેરાનું એવું કોઈ વર્ણન નથી કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે પરથી તેમનું એક સ્પષ્ટ ચિત્ર આંકી શકાય. તમે જે સાદૃશ્યતાની વાત કરો છો એ તો સંભવ છે કે શિલ્પીની એક માન્યતા હોય. પ્રથમ એક કોઇક પ્રતિભાશાળી શિલ્પીએ એની ભાવમૂર્તિ કાઢી હશે. ત્યાર બાદ યુગપરંપરાથી એ મૂર્તિનું અનુકરણ થયા કરે છે.' ભિક્ખુએ એક ઊંડો નિશ્વાસ મૂક્યો, 'ના-એનો વાસ્તવિક ચહેરો માનવી ભૂલી ગયો છે. તુતન આમેન ને આમેન-હોતેપની શિલામૂર્તિઓ છે, પણ બોધિસત્વના દિવ્ય દેહની પ્રતિમૂર્તિ નથી.'

હું બોલ્યો, 'હા, માનવીની સ્મૃતિ ઉપર જેનો કાંઇ હક્ક નથી તેઓ જ પથ્થરમાં પોતાની પ્રતિમાઓ કોતરાવી રાખી ગયા છે, પણ જે મહાપુરુષ છે તે તો માત્ર માનવીના હૃદયમાં જ અજર અમર થઇને રહે છે. આ જ જુઓને! ઇશુનો વાસ્તવિક ચહેરો કેવો હતો તેની કોઇને ખબર જ નથી.'

એ બોલ્યા, 'બરાબર છે. આથી જ કેટલાં હજારોનાં હજારો માનવી એમનો જન્મો જોવા વરસોવરસ તીર્થયાત્રા કરે છે. તેઓને જો વાસ્તવિક પ્રતિમૂર્તિ-પ્રતિમાની ખબર પડત તો તેઓ શું કરત? કદાચ તેઓ આનંદથી પાગલ જ બની ગયા હોત!'

આ વખતે એની આંખ તરફ મારી નજર ગઇ. અંગ્રેજીમાં જેને 'ફૅનૅટિક' કહે છે એવી જ એની દૃષ્ટિ હતી. જે ઉગ્ર એકાગ્રતા માનવીને શહીદ બનાવી દે છે એવી જ સર્વગ્રાસી તન્મયતાની આગ એની આંખમાં જલતી હતી. એની બેઉ આંખો મારા તરફ જ જોઇ રહી હતી ખરી, પરંતુ એનું મન તો અઢી હજાર વરસોનો ગાઢ પડદો ચીરી એક દિવ્ય પુરુષની તેજસ્વી મૂર્તિ શોધીને પાછું ફરતું હતું.

એ ઓચિન્તા બોલવા લાગ્યા, 'ભગવાન બુદ્ધના દાંત, વાળ ને નખ જોયા છે; થોડા દિવસ માટે એક અપરૂપ આનન્દના મોહમાં ઘેરાએલો હતો. પણ છતાં એથી મન ન ભરાયું. કેવો હશે એમનો પરિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્ણ દેહ? કેવી હશે એમની આંખની જ્યોતિ? એમના કંઠની વાણી–જે સાંભળી એક દિવસ સિંહાસન છોડી રાજા રાહમાં આવી ઊભો રહેલો, ગૃહસ્થ વધુ, પતિ–પુત્ર ત્યજીને ભિક્ષુણી બનેલી–? એ કંઠની અમૃતમય વાણી જો એકવાર સાંભળવા મળી હોત—'

દુર્દમ્ય આવેગે એનો કંઠસ્વર રૂંધાઇ ગયો હતો. જોયું તોએના શરીરનાં રૂંવે–રૂંવાં ઊભાં થઈ ગયાં હતાં, બે ઊંડી ગએલી આંખોમાંથી અજ્ઞાતપણે આંસુની ધારા વહેતી હતી. વિસ્મયથી હું થંભી ગયો; આવા અલ્પ કારણે આટલો બધો ભાવાવેશ ક્યારે યે સંભવિત નહોતો લાગતો. સાંભળ્યું હતું ખરું કે કૃષ્ણ નામ સાંભળતાં જ કયા કયા વૈષ્ણવની કેવી કેવી સ્થિતિ થએલી, માનતો નહોતો; પણ ભિક્ષુનો આ અપૂર્વ ભાવોન્માદ જોઇ હવે વધુ વખત તેને અવમાની ન શકયો. ધર્મની આ બાજુ કોઈ દિવસે પ્રત્યક્ષ નહોતી કરી; આજે જાણે ઓચિન્તી આંખ ઉઘડી ગઈ.

બાહ્યજ્ઞાનશૂન્ય ભાવે ભિક્ષુ બોલવા લાગ્યા, 'ગૌતમ! તથાગત! અર્હત્વ મારે નથી જોઇતું, નિર્વાણની યે મને ઇચ્છા નથી. એક વાર દર્શન દે મને તારા સ્વરૂપનું. સત્યમ્ શિવમ્ સુન્દરમ્નું, જે દેહે તમે આ પૃથ્વી પર વિચરેલા એ દૈવી દેહનાં એક વાર મને દર્શન આપો. બુદ્ધ! તથાગત—'

મને સમજ પડી. કે માત્ર બૌદ્ધ ધર્મે નહિ, પણ ખુદ એ કાળજયી મહાપુરુષે જ ભિક્ષુ અભિરામને ઉન્માદિત કર્યો હતો.

બિલ્લીપગલે હું ઘર બહાર નીકળ્યો. આવી આત્મ-વિસ્મૃતિ વ્યાકુળતા જોઇ હું બેસી રહી ન શકયો. હું કંઇક અપરાધ કરતો હોઉં એમ મને લાગ્યું.

ધર્મોન્મત્તતા એ વસ્તુ જ સંક્રામક છે. મારામાં પણ એ અજ્ઞાતપણે જન્મી હોય એમ મને લાગ્યું. તેથી, ઉપરના બનાવ પછી થોડે દહાડે એક દિવસ ફા-હિયાનની પ્રવાસકથાના પાનાં ફેરવતાં ફેરવતાં અચાનક એક જગ્યાએ હું અટકી ગયો. મારી નજર જાણે ત્યાં ચોંટી જ ગઇ; આનંદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ઉત્તેજનાએ હું નાચી રહ્યો. 'ફા-હિયાન' અગાઉ પણ વાંચ્યો હતો, પણ આ વસ્તુ એ વખતે કેમ આંખે નહિ ચડી હોય?

એ જ દિવસે બપોર પછી ભિક્ષુ અભિરામ આવી ચડ્યા. ઉત્તેજનાને માંડ માંડ દાબી ફા-હિયાનની પ્રવાસકથા ઉઘાડીને જ્યાં મારી નજર અટકી ગયેલી તે પાનું ખોલી પુસ્તક તેમના હાથમાં આપ્યું. એમણે આતુરતાપૂર્વક પૂછ્યું, 'શું છે આમાં?'

'વાંચી જુઓ' કહી મેં પેલી લીટીઓ આંગળી વતી એમને દર્શાવી. એમણે એ વાંચવા માંડી ને હું એમના મોં તરફ નિહાળવા લાગ્યો,– ધારીધારીને જોવા લાગ્યો.

'વૈશાલીથી બારસો પગલાં દૂર દક્ષિણમાં વૈષ્યાધિપતિ સુદત્તે દક્ષિણ બાજુએ એક વિહાર તૈયાર કરાવ્યો હતો. વિહારની ડાબીજમણી બાજુ નિર્મળ જળથી ભરપૂર પુષ્કરિણી, અનેક વૃક્ષો અને વિવિધરંગી સુગન્ધી પુષ્પો અપૂર્વ શોભા અર્પતાં ઊભાં હતાં. આ જ હતો જેતવનવિહાર.

બુદ્ધદેવે જ્યારે તેત્રીસમા સ્વર્ગે જઇ તેમની માતાના હિતાર્થે નેવુ દિવસ ધર્મપ્રચાર કર્યો હતો, ત્યારે પ્રસન્નજિતે એમના દર્શનાભિલાષી થઇ ગોશીર્ષ ચંદન-કાષ્ટ એમની એક મૂર્તિ તૈયાર કરાવી જે સ્થાને સામાન્ય રીતે એ બેસતા ત્યાં સ્થાપિત કરાવેલી. બુદ્ધદેવ સ્વર્ગેથી પાછા ફરતા આ મૂર્તિએ બુદ્ધદેવ સાથે એની સરખામણી કરવા પોતાનું સ્થાન છોડ્યું. બુદ્ધદેવે ત્યારે મૂર્તિને કહેલું કે 'જા, તું તારા સ્વસ્થાને પાછી ફર; મને નિર્વાણ પ્રાપ્ત થયે તું મારા સર્વ શિષ્યો માટે આદર્શ થઇશ.' આટલું સાંભળતાં જ મૂર્તિ પાછી ફરી. એ મૂર્તિ જ બુદ્ધદેવની સૌથી પહેલી પ્રથમ મૂર્તિ હતી અને એને જોઇને જ તે પછી બીજી મૂર્તિઓ ઘડાએલી.

બુદ્ધ–નિર્વાણ પછી એક વખત આગ લાગતાં જેતવન–વિહાર ભસ્મીભૂત બનેલો. રાજા અને પ્રજા ચંદન-મૂર્તિનો નાશ થએલો જાણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અત્યંત દુઃખી થએલા. પણ ચાર-પાંચ દિવસ પછી પૂર્વ બાજુના ક્ષુદ્ર વિહારનાં દ્વાર ખોલતાં ચંદન-મૂર્તિ ત્યાં નજરે પડી. સૌએ આનંદિત હૃદયે ભેગા મળી વિહાર ફરીથી તૈયાર કરવા પણ લીધું. અને એમાં બે માળ બંધાયે એમણે બુદ્ધદેવની એ પ્રતિમૂર્તિને સ્વસ્થાને ફરીથી સ્થાપી.'

તન્દ્રામૂઢની જેમ આંખો પુસ્તક પરથી ઉપાડી ભિક્ષુએ મારા તરફ જોયું ને અસ્પષ્ટ સ્ખલિત સ્વરે પૂછ્યું, 'ક્યાં છે એ મૂર્તિ!'

મેં કહ્યું, 'ખબર નથી. એ ચંદન-મૂર્તિનો ઉલ્લેખ બીજે ક્યાં યે જોયો સાંભળ્યો હોય એવું યાદ નથી.'

એ પછી લાંબો વખત અમે બંને મૂંગામૂંગા બેસી રહ્યા. આવા સામાન્ય ખબરે ભિક્ષુના અન્તરના અન્તસ્તલ સુધી અનહદ તુફાન મચાવી મૂકેલું એ હું અનુમાને કળી શક્યો. અને ઘણું કરીને હું યે મનોમન આનંદના એક પ્રબળ ઉચ્છ્વાસની એમની પાસેથી આશા રાખતો હતો; અને એથી આ રીતે અકલ્પનીય વાત સામે આવતાં તેઓ શું કહેશે, કરશે એ જોવા-જાણવાનું મને કુતૂહલ હતું. પરંતુ એમણે કંઇ જ ન કર્યું લગભગ અર્ધો કલાક એમ ને એમ શાન્ત બેઠા રહ્યા પછી એકદમ ઊભા થઇ ગયા. એમની આંખોમાં તરતના જ ઝબકારાને જાગેલા જેવી વિહ્વળ દૃષ્ટિ હતી,—કોઇ બાજુએ એમણે જોયું નહિ, રાત્રે સ્વપ્નમાં કોઇનો સાદ સંભળાતાં ઊંઘતો માણસ જેમ પથારી છોડી એકલો એકલો બહાર નીકળી જાય, તે જ રીતે ઘર છોડી એ ચાલ્યા ગયા.

ત્યાર બાદ ત્રણ મહિના સુધી એ દેખાયા નહિ.

ઓચિંતા પોષ મહિનાની અધવચ્ચે એક દિવસ મૂર્તિમંત ધરતી-કંપની જેમ આવીને એમણે મારી સ્થિરતાની પાકી દિવાલને એવી તો હલબલાવી દીધી કે એ પહેલાં એની કલ્પના કરવી પણ મુશ્કેલ હતી. ઓછામાં ઓછું આવું દુઃસાહસિક કામ કરવા હું કદિ યે તૈયાર થઇશ એનો તો મને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ બોલ્યા, 'પત્તો લાગ્યો છે.'

મેં આનંદપૂર્વક એમને આવકાર આપ્યો, 'આવો, આવો; બેસો.'

એ બેઠા નહિ. ઉત્તેજિત અવાજે બોલવા લાગ્યા, 'મળી છે, વિભૂતિ બાબુ; એ મૂર્તિ ખોવાઇ નથી, આજે–હજુ યે છે.'

'એ શું ? ક્યાંથી મળી ?'

'હજુ મળી નથી. પ્રાચીન વૈશાલીના ભગ્નાવશેષ જ્યાં પડ્યા છે એ ખંડેરો તરફ ગયો હતો. જેતવન–વિહારનું કંઇ જ બચ્યું નથી. માત્ર ઈંટ અને પથ્થરનો મોટો ખડક ત્યાં પડ્યો છે. છતાં એમાંથી જ મને પત્તો લાગ્યો કે એ મૂર્તિ હજુ છે !'

'કઇ રીતે જાણ્યું ?'

'એક શિલાલેખ પરથી. એક ભગ્ન-મંદિરમાંથી એક પથ્થર ખસી પડેલો. એની પાછલી બાજુએ આ લખાણ કોતરેલું હતું' કહી એમણે કાગળની એક ચબરખી મને આપતાં ઉત્તેજના-અવરુદ્ધ સ્વરે બોલવું શરૂ કર્યું : 'જેતવનવિહારનો ધ્વંસ થયા બાદ ઘણું કરીને એના જ પથ્થરો દ્વારા આ મંદિર બંધાયું હતું. આ મંદિર પણ પાંચસો-છસો વર્ષનું જૂનું હશે. અત્યારે એમાં કોઇ મૂર્તિ નથી. એક વિરાટ પીપળો એને અજગરની જેમ વીંટાઇને એનાં હાડપીંજરનો ભીંસીને ભૂક્કો કરી રહ્યો છે.— પથરાઓ ખસી–ધસી પડે છે. એવા જ એક પત્થર પર આ લખાણ કોતરેલું હતું.'

કાગળ એમની પાસેથી લઈ હું જોવા લાગ્યો. લગભગ દસથી અગિયારમી સદીની પ્રાકૃત ભાષામાં એ લખાણ લખેલું હતું. ભિક્ખુ તેની આબેહૂબ નકલ કરીને લાવ્યા હતા. શિલાલેખની પ્રતિલિપિ વાંચી તેનો અર્થ બેસાડતાં મહેનત ન પડી. એનો અર્થ આમ હતો :

'હાય તથાગત ! સદ્ધર્મ માટે આજ મહાભયંકર દુર્દિનો આવ્યા છે. જે જેતવન-વિહારમાં તેં તારી યુવાવસ્થાનાં પચીસ વર્ષ વીતાવેલાં,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની આજે કેવી-કેટલી શોચનીય દુર્દશા થઇ છે? ગૃહસ્થજનો આજે તારા શ્રમણોને ભિક્ષા નથી આપતા, રાજકૂળો તારા વિહારો પ્રત્યે શ્રદ્ધાવિહીન બન્યા છે. પૃથ્વીના પટેપટમાંથી પહેલાંની જેમ વિનય-દામ્ભ-સુત્તના અધ્યયનને માટે જિજ્ઞાસુ વિદ્યાર્થીઓ હવે અહીં નથી આવતા. તથાગતના ધર્મનો ગૌરવ-મહિમા લગભગ અસ્ત થયો છે.

ઉપરાંત અત્યારે દારુણ ભય ઊભો થયો છે. છેલ્લા થોડાક દિવસોથી ચારે દિશાઓમાંથી લોકોમાં સંભળાય છે કે તુરક નામે એક અતિ જંગલી જાતિએ આ દેશ પર આક્રમણ શરૂ કર્યું છે. એ લોકો વિધર્મી અને અતિશય નિષ્ઠુર છે. ભિક્ષુ શ્રમણને જોતાં જ નૃશંસભાવે હણી નાખે છે અને વિહાર સંઘાદિ લૂંટી લે છે.

આ બધી લોકોક્તિ સાંભળીને, અને તુરક લોકો દ્વારા હેરાન થઇને ભાગેલા કેટલાક મુમુર્ષુ શ્રમણોને જોઇ જેતવન વિહારના મહાથેર* બુદ્ધરક્ષિત અતિશય વિચલિત થયા. તુરક લોકો આ બાજુએ જ આવે છે. નક્કી એ લોકો વિહાર પર હુમલો કરવાના જ. વિહારવાસીઓ અહિંસાધર્મી હોવાથી શસ્ત્ર ચલાવવામાં કુશળ નહોતા. વિહારમાં અતિ અમૂલ્ય રત્ન-રત્નાદિ ભર્યા હતાં; ને સહુથી અમૂલ્ય રત્ન હતું, ગોશીર્ષ ચંદનકાષ્ટે નિર્મિત બુદ્ધમૂર્તિ.-જે-ભગવાન, તથાગત જીવતા હતા ત્યારે પ્રસન્નજિતે તૈયાર કરાવી હતી. તુરક લોકોનાં આક્રમણથી આ બધાંને કોણ બચાવશે?

મહાથેર બુદ્ધરક્ષિતે ત્રણ દિવસ દિવા-રાત્રિ વિચારીને આખરે એક ઉપાય વિચાર્યો-શોધ્યો. આવતી અમાસ્યાની મધ્ય રાત્રિએ દસ શ્રમણો-એ વિહારમાંના અમૂલ્ય ગ્રંથો, રત્ન-રત્નાદિ સાથે ભગવાન બુદ્ધની ચંદન-મૂર્તિ ઉપાડી પ્રસ્થાન કરી દેવું. વિહારથી વીસ જોજન ઉત્તરમાં, હિમા-

* થેર-સ્થવિર, વડિલ, સંઘપતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લયના ઉપરના ભાગમાંથી વહેતી ઉપલા નદીના મૂળ પાસે એક દૈત્યનિર્મિત પાષાણ–સ્તંભ છે.એ ગગનચુંબી સ્તંભના ઉપરના ભાગમાં એક ગુપ્ત ભોંયરૂં છે–કહેવાય છે કે અસુરદેશના દૈત્યગણોએ દેવપ્રિય ધર્મી અશોકના સમયમાં હિમાલયના સ્પન્દશીલ જન્ધાપ્રદેશ પર આ સ્તંભ ઊભો કરલો. શ્રમણોએ ચંદનમૂર્તિ અને બીજી અમૂલ્ય વસ્તુઓ લાવી એ ગુપ્ત સ્થાને સાચવવાની હતી અને તુરક આક્રમકોના ચાલ્યા ગયા બાદ ફરી એને મૂળ સ્થાને મૂકી દેવાની હતી.

જો તુરકોના આક્રમણે વિહાર નાશ પામે, તો વિહારવાસીઓ મૃત્યુના મોંમાં હોઇયાં થઈ જાય. એ આશંકાએ, મહાથેરની આજ્ઞા મુજબ બીજાઓની જાણ માટે, આજે કૃષ્ણ ત્રયોદશીને દિને આ લિપિ કોતરવામાં આવી છે. ભગવાન બુદ્ધની ઇચ્છા પૂર્ણ થાઓ.'

આટલેથી જ એ શિલાલેખ પૂરો થતો હતો. એ વાંચતાં વાંચતાં મારૂં મન પણ ભૂતકાળમાં ભમવા લાગ્યું. આઠસો વર્ષ પૂર્વના જેતવન–વિહારના શાન્ત સૌમ્ય ભિક્ખુઓની આફતના ભયથી ત્રસ્ત વિહ્વળતા અસ્પષ્ટપણે હું નજર સમક્ષ નિહાળી શકતો હતો. વિચક્ષણ પ્રવીણ મહાસ્થવિર બુદ્ધરક્ષિતનું ગંભીર દુઃખપૂર્ણ મોં, આંખો સામે તરવરતું હતું. હિન્દુસ્તાનના ભાગ્યપલટાની એક ઐતિહાસિક પળ એ લેખની મદદથી હું થોડીક વાર માટે ચલ-ચિત્રની જેમ નજરોનજર નિહાળી શક્યો. દેશવ્યાપી ભયંકર ભયવિહ્વળતા ! શાન્તિપ્રેમી નિર્વીર્ય જાતિ ઉપરનું અત્યંત દુર્દમનીય વિદેશીઓનું ઓચિન્તું આક્રમણ! 'તુરક! તુરક! એ તુરક આવે છે!' ભયભીત કંઠે એકીસાથે હજારોનો એવો આર્તનાદ મારા કાનમાં ગુંજવા લાગ્યો.

ત્યાર બાદ મનની–કલ્પનાની આંખો પાસેથી એ દૃશ્ય દૂર થયું. મેં સામે જોયું. જોયું તો ભિક્ખુ અભિરામની આંખોમાં હતો ક્ષુધિત ઉલ્લાસ! એક ઊંડો નિશ્વાસ મૂકી મેં કહ્યું, 'મહાસ્થવિર, બુદ્ધરક્ષિતનો હેતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સફળ થયો છે, પણ કેટલો મોડો!'

ને એ પ્રદીપ્ત સ્વરે બોલી ઊઠ્યા, 'ભલેને મોડો, છતાં હજુ યે વખત વીતી નથી ગયો. હું જઇશ, વિભૂતિબાબુ, અસુરનિર્મિત એ પાષાણસ્તંભ હું શોધી કાઢીશ. થોડીક માહિતી મેળવી પણ શક્યો છું. ઉપલા નદીનું આધુનિક નામ જાણી શક્યો છું. વિભૂતિબાબુ, દોઢ હજાર વર્ષ પૂર્વે ચીની યાત્રાળુઓ ઠેઠ કોરિયાથી રખડતા રઝળતા, રસ્તો શોધતા ગોબીનું રણ વટાવી, ઓળંગવો આકરો એવો હિમાલય ઓળંગી, અહીં હિન્દુસ્તાન આવતા હતા. શા માટે? માત્ર તથાગત બુદ્ધની જન્મભૂમિ જોવા ખાતર. અને અહીં વીસ જોજનની અંદર જ ભગવાન બુદ્ધની સ્વરૂપ-મૂર્તિ છે, એમ જાણવા છતાં આપણે એ શોધી નહિ શકીએ શું?'

'નક્કી શોધી શકીશું.' મેં કહ્યું.

ને ભિક્ષુ એમની વીજ શી ચમકતી—સળગતી આંખો મારી સામે ઠેરવી એક પ્રચંડ પ્રશ્ન પૂછી બેઠા: 'વિભૂતિબાબુ, તમે મારી સાથે આવશો ને?

પળવાર માટે હું અવાક્ થઇ ગયો. હું જઇશ કામકાજ મૂકીને છોડીને પહાડોને જંગલોમાં આ માયા-મૃગની શોધમાં હું ક્યાં જઇશ?

ભિક્ષુ ધડકતા અવાજે બોલ્યા, 'આઠસો વર્ષ દરમ્યાન એ દિવ્ય મૂર્તિ કોઇએ જોઇ નથી. ભગવાન શાક્યસિંહ આજે આઠ શતાબ્દી થયા એ સ્તંભશીર્ષમાં આપણી જ રાહ જોઇ રહ્યા છે. તમે નહિ આવો શું?

ભિક્ષુની વાતોમાં શું હશે તેની ખબર નથી, પણ એની મજ્જાગત બહિર્ વિમુખતા અને બંગાળીસુલભ ઘર પ્રત્યેનું આકર્ષણ સિતારના ઉચ્ચ સપ્તકના તારની જેમ સૂરના અસહ્ય ધબકારે જાણે તૂટી ગયા. મેં ઊભા થઇ એમનો હાથ દાબીને પકડતાં કહ્યું, 'હું આવીશ.'

આ આખ્યાયિકા જો અમારી હિમાલય પરની ચડાઇની રોમાંચક વાર્તા હોત તો અનેક વિચિત્ર બનાવો વર્ણવી વાચકને ચમકાવી દઇ શકત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આ વાર્તાની નાનકડી મર્યાદામાં બીજી વાતો માટે સ્થાન નથી. દૈત્ય-નિર્મિત સ્તંભની શોધનું જ વર્ણન કરી હું નિવૃત્તિ લઇશ,-બલ્કે મારે અટકવું પડશે.

કલકત્તાથી પ્રવાસ શરૂ કર્યા બાદ બે અઠવાડિયાં પછીના એક દિવસે બપોર પછી અમે જે નાનકડા ગામમાં પહોંચ્યા એ માનવ-લોકાલયથી એટલે ઊંચે અને એવી વિચિત્ર રીતે વસેલું હતું કે હિમાલયની ગોદમાં બાંધેલા ગરુડ પંખીના માળા જેવું એ દેખાતું હતું. તેમ છતાં હજુ અમે બરફ વાળા પ્રદેશોમાં નહોતા પહોંચ્યા. પણ સામે જ તુષારશુભ્ર હિમાલય આસમાન અને દિશાઓ આવરતો પડ્યો હતો. આજુબાજુ ને પાછળ ચારે તરફ ઉઘાડા પહાડો, ને પગ તળે પહાડી કાંકરા અને શિલાઓના ટુકડા. આ શિલા છાએલી કઠણ ભૂમિ ચીરીને પાતળી પરમાર શી ઉપલા નદી વેગથી નીચાણ તરફ ધસી જતી હતી. આકાશમાં-પવનમાં એક ગાઢ પ્રકારની શીતળતા હતી.

અમે ત્રણ જણ હતા: હું, ભિક્ખુ અભિરામ અને એક ભુટિયો ભોમિયો. ગામની નજીક આવતાં જ ગામનાં બધાં સ્ત્રી-પુરુષો ને બાળબાળાઓ અમને ઘેરી વળ્યાં. બહારની દુનિયાનાં માણસો ત્યાં કદી ન આવતાં. તેઓ એમની સુગોળ આંખો ફાડી ફાડીને અમારૂં નિરીક્ષણ કરવા લાગ્યા.

મોં પરથી લાગ્યું કે તેઓ લેપ્ચા યાને ભુતાની હશે. આર્ય લોહીનું સંમિશ્રણ પણ સામાન્ય હશે. એકાદ-બે તલવારની ધાર જેવાં તીણાં અણિયાળાં નાક પણ દેખાયાં.

આ જાતના અણિયાળા નાકવાળો એક પ્રૌઢ પુરુષ અમારી પાસે આવી એની ભાષામાં કંઈક બોલ્યો અમે એ સમજી ન શક્યા, પણ અમારા ભુતાની ભોમિયાએ અમને સમજાવ્યું કે તે આ ગામનો મુખી હતો, ને અમે શા માટે અહીં આવ્યા છીએ તે જાણવા માગતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે સરળ ભાવે અમારો ઉદ્દેશ્ય એમને જણાવ્યો. એ સાંભળી એની આંખમાં પ્રથમ વિસ્મય અને પછી પ્રબળ કુતૂહલ તરવરી ઊઠ્યું ને એ અમને આમંત્રણ આપી ગામમાં લઇ ગયો.

સરઘસ કાઢી અમે આગળ ચાલ્યા. આગળ મુખી, એની પાછળ અમે ત્રણ જણ અને અમારી પાછળ ગામના આબાલવૃદ્ધ નરનારી.

એક ઝૂંપડીમાં લઇ જઈ મુખીએ અમને બેસાડ્યા, ને અમને થાકયા-પાકયા ને ભૂખ્યા જોઈ ફળ-ફુલ વગેરે ભોજનસામગ્રી પીરસી અમારો આતિથ્યસત્કાર કર્યો. એ પછી તૃપ્ત થઇને અને આરામ લઇને અમે અમારા ભુટિયા મારફત વાતો શરૂ કરી. સૂર્ય ત્યારે પહાડની પાછળ જઇને સંતાયો હતો ને હિમાલયની લાંબી સંધ્યાએ નિર્મળ પવનની લહેરખી સાથે અજાણપણે જાણે કુમકુમવૃષ્ટિ આરંભી દીધી.

મુખીએ કહ્યું, 'અહીંથી ચાર કોશ દૂર ઉત્તરમાં ઉપલા નદીનો ધોધ છે. એ ધોધમાંથી જ આ નદી શરૂ થાય છે. એ સ્થળ અતિશય દુર્ગમ અને દુરારોહ છે. ઉપલાને સામે પાર, બરોબર ધોધના મુખની ઉપર જ સ્તંભ જેવું એક ગિરિશિખર છે. બુદ્ધસ્તંભને નામે એ વિખ્યાત છે. ગ્રામજનો દર પૂર્ણિમાએ રાત્રે એ બુદ્ધ-સ્તંભને ઉદ્દેશીને પૂજા કરે છે. પણ એ સ્થળને દુરધીગમ્ય ગણી કોઇ ત્યાં જતું નથી. ગામ પાસે થઇને વહેતી ઉપલા નદીના ધોધમાં પૂજા-પૂજાપો વહાવી દે છે.'

ભિખ્ખુ અભિરામે પૂછ્યું, 'ઉપલા પાર કરી સ્તંભની પાસે જવાનો રસ્તો ક્યાં છે ?' મુખીએ માથું હલાવી કહ્યું, 'રસ્તો તો છે, પણ એ એટલો તો ભયાનક છે કે એ રસ્તે જવાની કોઈ હિમત કરી શકતું નથી. ઉપલાના ધોધની નીચે જ એક અતિશય જૂનો લોઢાની સાંકળનો ઝૂલો યાને ઝૂલતો પૂલ બેઉ પારને જોડતો ઊભો છે; પણ તે કાળે કરીને એટલો જીર્ણ બની ગયો છે કે એની ઉપર થઇને માણસ જઇ શકે તેમ નથી. છતાં એ જ એક માત્ર રસ્તો છે,'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે અમારા ધારેલા સ્થળે પહોંચ્યા હતા તેમાં શંકા નહોતી. છતાં વધુ ખાત્રી કરવા મુખીને પૂછ્યું. 'એ સ્તંભમાં શું છે એ કોઈ જાણે છે ખરું ?' મુખીએ જવાબ આપ્યો, 'એમાં શું છે એ તો કોઇએ જોયું નથી, પણ સ્મરણાતીત કાળથી એમ મનાતું આવ્યું છે કે સ્વયં બુદ્ધદેવ એમાં સશરીરે વિરાજી રહ્યા છે, ને એમના શરીરમાંથી નિરન્તર ચંદનની સૌરભ વહ્યા કરે છે ! પાંચ હજાર વર્ષ પછી તેઓ ફરીથી મૈત્રેય રૂપ ધરી અહીંથી જ પ્રગટ થશે.'

ચળકતી ને ચમકતી, આતુર ને અધીર આંખે મારા તરફ જોઇ ભિખ્ખુ બોલી ઊઠ્યા, 'બુદ્ધદેવ સશરીરે એ સ્તંભમાં વિરાજે છે, એમના શરીરમાંથી ચંદનની સૌરભ વહે છે. માન્યતાનું કારણ સમજી શકે છે ને? જે શ્રમણો બુદ્ધમૂર્તિ અહીં લાવ્યા હતા તેઓ, સંભવ છે કે, અહીંથી પાછા નહિ ફરી શક્યા હોય—આ ગામમાં જ રહી વસી ગયા હોય''....

પછી ભિખ્ખુનો બોલ પૂરો ન થઇ શક્યો. એ જ વખતે અમારી ઝૂંપડી ઓચિન્તી એક જબ્બર મહા પ્રચંડ ધક્કો ખાઈ ધ્રૂજી ઉઠી. અમે નીચે ભોંય પર બેઠા હતા. અમારી નીચેની ધરતી અને એની અંદરની ધરતી પણ ધ્રૂજી ઊઠી. ને અમે પણ ઝટપટ ઊઠીને ઊભા થઈ ગયા—'ધરતીકંપ !'

અમે ઊઠીને ઊભા થઇ ગયા હતા. મુખી નચિંતપણે ઝૂંપડીમાં નીચે બેઠો રહ્યો હતો. અમને ગભરાએલા જોઇ એણે હસતાં હસતાં જણાવ્યું કે 'ડરવા જેવું કંઈ જ નથી. આવો ધરતીકંપ તો અહીં રોજ પાંચ-છ વાર થાય છે; આ દેશનું નામ જ ધરતીકંપની જનમભોમ છે.'

અમે અવાક થઇ એની સામે જોઇ રહ્યા. ધરતીકંપની જનમભોમ ! આવી વાત તો કયારે ય નથી સાંભળી. તેમ છતાં ત્યારે યે જાણતો નહોતો કે કેવા મહા તેજસ્વી સંતાનને જન્મ આપવાની એ તૈયારી હતી.

પરંતુ ભિખ્ખુ અભિરામ ઉત્તેજિત સ્વરે બોલી ઊઠ્યા, 'બરાબર !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બરાબર ! શિલાલેખમાં આ વાતનો પણ ઉલ્લેખ છે, તમને યાદ નથી ?'

શિલાલેખમાં ધરતીકંપનો ઉલ્લેખ કયે ઠેકાણે હતો તે યાદ ન આવ્યું, એટલે ભિક્ખુ ઝોળામાંથી શિલાલેખની અનુલિપિ બહાર કાઢી ઉલ્લાસિત કંઠે બોલ્યા, 'હવે શંકા નથી, વિભૂતિબાબુ; આપણે બરાબર જગ્યાએ આવી પહોંચ્યા છીએ. આ સાંભળો.' આમ કહી એમણે મૂળ પ્રાકૃત ભાષામાં શિલાલેખનો એ ભાગ વાંચી સંભળાવ્યો: "જે કહેવાય છે તે–અસુરદેશીય દૈત્યગણોએ દેવપ્રિય ધર્મઅશોકના સમયમાં, હિમાલય-સ્પન્દનશીલ જંઘાપ્રદેશ પર આ સ્તંભ ઊભો કરેલો.'

યાદ આવી ગયું. 'સ્પન્દનશીલ જંઘા પ્રદેશ'ની વાતને મેં નિરર્થકનો વાકયાડમ્બર માનેલો. એની અંદર ધરતીકંપ તરફ લક્ષ ખેંચવામાં આવેલું તે મેં વિચાર્યું જ નહોતું. મેં કહ્યું, 'હા, તમે બરાબર કહો છો. આ વાત હું બરાબર સમજ્યો જ નહોતો. અહીં પણ શિલૉંગની જેમ ધરતીકંપનું રાજ્ય—'

એ જ વખતે મુખી તરફ મારી નજર ગઇ. એ ઓચિન્તો ગજબ-નો ઉત્તેજિત બનેલો દેખાયો. એની નાનકડી સ્થિર આંખો જળહળાટ કરી જાણે જલતી હતી, બેઉ હોઠ જાણે કંઇક બોલવા તલપી રહ્યા હોય તેમ ઉઘાડ–બીડ થઇ રહ્યા હતા. ત્યાર બાદ એ અમને આંજી નાખે એવી શુદ્ધ પ્રાકૃત ભાષામાં બોલી ઊઠયો: 'શ્રવણ કરો, સૂર્ય જ્યારે ઉત્ત-રાષાઢા નક્ષત્રના બીજા પગલામાં પદાર્પણ કરશે ત્યારે બુદ્ધસ્તંભની તડ-માંથી સૂર્યપ્રકાશ તેમાં પ્રવેશ કરી તથાગતના દિવ્ય દેહને પ્રકાશિત કરશે, ને મંત્રબળે સ્તંભનું દ્વાર ખુલી જશે. ઉપરાઉપરી ત્રણ દિવસ આમ થશે. ત્યાર બાદ એક વરસને માટે એ દ્વાર ફરીને દેવાઇ જશે. માટે હે ભક્ત શ્રમણ, જો બુદ્ધના અલૌકિક દિવ્ય દેહનાં, એની મૂર્તિનાં દર્શન કરી તારે નિર્વાણપથ સુગમ કરવો હોય તો આટલી વાત યાદ રાખજે.' એક જ શ્વાસે આટલું બોલી મુખી હાંફવા લાગ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અત્યંત વિસ્મયથી ભિખ્ખુએ પૂછ્યું, 'તમે–તમે પ્રાકૃત જાણો છો?'

મુખી એ સમજી ન શક્યો હોય તેમ માથું હલાવ્યું.

અમે ભુતાની ભોમિયાની મદદ લીધી. એ દુભાષિયા દ્વારા મુખીએ અમને કહ્યું કે આ એમનો કુળ–મંત્ર છે અને વંશપરંપરાથી એમને સહુને આ મંત્ર ગોખવો પડે છે, છતાં મંત્રનો અર્થ શો છે એ એમને ખબર નથી. આજે ભિખ્ખુને એ ભાષામાં બોલતા જોઇ ઉત્તેજીત બની તે એ બોલી ગયો છે.

અમે પરસ્પર એકબીજાનાં મોં તરફ જોઈ રહ્યા.

ભિખ્ખુએ મુખીને કહ્યું, 'તમારો મંત્ર ફરી વાર બોલો જાઇએ?'

મુખી ફરીથી ધીરે ધીરે એ મંત્ર બોલી ગયો. બધી વાત સમજાઇ ગઈ. એ મંત્ર નહોતો, પણ બુદ્ધસ્તંભમાં પ્રવેશ કરવાનું સૂચન હતું. વર્ષમાં ત્રણ દિવસ સૂર્યપ્રકાશનો ઉત્તાપ તડમાં થઇને સ્તંભમાં પ્રવેશી, સંભવ છે કે, કોઈ યંત્રને તપાવતો હોય, ને પરિણામે બંધ દ્વાર ખુલી જતું હોય. પ્રાચીન મિસર અને આસીરિયામાં આ રીતે યંત્રની સહાયથી મંદિરદ્વાર ઉઘાડી એના ચતુર પુજારીઓ અનેક જાદુ દેખાડતા એવું પુસ્તકોમાં વાંચેલું તે યાદ આવ્યું. આ સ્તંભના નિર્માતા અસૂર-અર્થાત આસીરિયા-ના શિલ્પી. એટલે અનુરૂપ યંત્રો દ્વારા એવી ગોઠવણ અશક્ય નહોતી. જે શ્રમણો બુદ્ધમૂર્તિ લઇ અહીં આવેલા તેઓ નક્કી આ રહસ્ય જાણતા હોવા જોઇએ, અને પાછળથી ભવિષ્યનો વંશ આ ભૂલી ન જાય એ માટે જ તેઓ આ મંત્ર રચી ગયા હશે.

પણ મુખીએ આ મંત્ર ક્યાંથી જાણ્યો?

એનો ચહેરો અમે નિહાળીને જોયો. ચહેરો મુખ્યત્વે મોંગોલિયન જેવો હોવા છતાં નાક, ભ્રમર ને હડપચીમાં આર્ય લક્ષણ પણ દેખાતાં હતાં. શ્રમણ-ગણ પાછા નહિ ફર્યા હોય, પણ તેમાંનો કોઇ પદચ્યુત થયો હશે. આ મુખી તે એ પદચ્યુત શ્રમણના વંશનો આધુનિક પુરુષ હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વડવાઓનો ઇતિહાસ બધો ભૂલી ગયો છે, માત્ર ખાલીખમ્મ માદળિયાની જેમ આ કુલમંત્ર એણે મોઢે કરીને રાખ્યો છે.

આશ્ચર્ય ઓછું થતાં યાદ આવ્યું: દર વર્ષે ત્રણ દિવસ માટે જ સ્તંભનું દ્વાર ઉઘાડું રહે છે, એ પછી બંધ થઈ જાય છે. એ ત્રણ દિવસ કયા? ક્યાં સુધી દ્વાર ખુલવાની રાહ જોતાં બેઠા રહેવું પડશે?

'ઉત્તર-આષાઢ નક્ષત્રના બીજા પગમાં સૂર્ય ક્યારે પદાર્પણ કરશે?' મેં ભિખ્ખુને પૂછ્યું.

ભિખ્ખુએ ઝોળીમાંથી પંચાંગ બહાર કાઢયું. લગભગ પંદર મિનિટ સુધી ઊંડી તન્મયતાપૂર્વ પંચાંગ જોઈ એમણે ઊંચે જોયું. જોયું તો તેમના હોઠ કંપતા હતા, ને આંખો આંસુએ ભરી હતી. એ બોલ્યા, 'કાલે મહા શુદ એકમ; સૂર્ય ઉત્તરાષાઢા નક્ષત્રના બીજા પગમાં પદાર્પણ કરશે. કેવો અલૌકિક અકસ્માત! જો ત્રણ જ દિવસ મોડા પડત તો—' એમનો સાદ ધ્રુજવા લાગ્યો: રૂંધાએલા અસ્ફુટ સાદે એ બોલ્યા. 'તથાગત!'

કેવી સર્વભક્ષી આકાંક્ષા પરિપૂર્ણતાને છેલ્લે પગથીએ આવી રાહ જોતી હતી તે વિચારી મારા શરીરમાં પણ ઝણઝણાટી ઊઠી. હું મનોમન બોલ્યો, 'ભગવાન તથાગત! તમારા ભિખ્ખુની મનોકામના અફળ ન કરજો.'

બીજે દિવસે સવારે અમે સ્તંભ તરફ આગેકદમ કર્યા. મુખી પણ આપમેળે અમારી સાથે જ ચાલ્યો.

ગામની સીમા છોડી પહાડ પર કેડીએ કેડીએ અમે ચડવા લાગ્યા. ઠેકઠેકાણે ચઢાણ એટલું આકરૂં આવતું કે ચોપગાંની જેમ હાથપગનો ઉપયોગ કરી માંડમાંડ ઉપર ચડી શકાતું. ડગલે ને પગલે પગ લપસી જઈ નીચે ગબડી જવાનો ભય હતો.

ભિખ્ખુના મોંમાં વાતો નહોતી. એના દુબળા-પાતળા શરીરમાં શક્તિની જાણે સીમા નહોતી. સૌથી આગળ એ ચાલતા હતા. અમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌ એમની પાછળ જેમતેમ ચાલતા હતા. અદમ્ય ઉત્સાહ રૂપી દોરડાથી એ જાણે અમને ખેંચી જતા હતા.

છતાં રસ્તામાં બે વાર થાક ખાવો પડયો. અમારી સાથે એક બાઇનોક્યૂલર હતું. એની મદદથી અમે ચારે તરફ નજર નાખી નિહાળવા લાગ્યો. બહુ નીચે પુલું ગામ બાળકોની રમતના ઘર જેવું દેખાતું હતું અને ચારે બાજુ દેખાતા હતા નિર્જીવ અને એકાકી પહાડો.

આખરે, પાંચ કલાકથી વધુ સમય સુધી હાડકાં-પાંસળાં ખોખરાં કરી નાખે એવું આકરૂં ચઢાણ ચડી અમે અમારા ઇચ્છિત સ્થાને પહોંચ્યા. એ પહેલાં થોડી વારથી જ અમારા કાનમાં એક દબાએલો ધમ્મ... ધમ્મ્... અવાજ અથડાતો હતો. બહુ દૂર જાણે કોઇ દુન્દુભી વગાડતું હતું. મુખીએ કહ્યું, 'આ સંભળાય છે એ જ ઉપલા નદીનો ઘોધ–નાદ.'

ઘોધને કિનારે જઇને ઊભા રહ્યા ત્યારે સામેના એક અપરૂપ–અજબ એવા સુન્દર દૃશ્યે પળવાર માટે અમને સ્તબ્ધ કરી દીધા. અમે જ્યાં આવીને ઊભા રહ્યા હતા ત્યાંથી લગભગ પચાસ હાથ ઊંચે એક અતિ સાંકડા એવા મુખમાંથી ઉપલાના ઘુઘવાટા કરતાં ફીણાંળાં નીર ઉગ્ર આવેગે નીચે ધસતાં હતાં, ને પછી રામધનુની જેમ વાંકી રેખામાં બસો હાથ નીચે પડી ઉછૃંખલ ઉન્માદે મોટી–મોટી ઘુમરીઓ સર્જી વહી જતાં હતાં. ઉકળતી કડાઇમાંથી જેમ વરાળ નીકળે છે તે રીતે જ શિલાઓ સાથે અથડાઇને એનાં જળ–સીકરો અમારાં મોં સાથે ભટકાતાં હતાં.

અહીં બન્ને કાંઠા વચ્ચેની ખાઇ લગભગ પચાસ વાર પહોળી હતી. એમ લાગતું હતું, જાણે આ સ્થળે ફાટીને પહાડે અવરોધાએલ ઉપલાને બહાર જવાનો માર્ગ મોકળો કરી આપ્યો છે. પાર કરવી મુશ્કેલ એવી એ ખાઇને પેલે પાર જવા, ઘણા યુગ પહેલાં નિર્બળ માનવોએ જે ક્ષીણ પૂલ બાંધેલો તે જોતાં તો ભય જ લાગે. લોઢાની એ સાંકળ–એક ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને એક નીચે-સમાન્તર ભાવે આ કાંઠાથી પેલા કાંઠા સુધી ચાલી જતી હતી. આ હતો પૂલ. ગર્જના કરતા વિરાટ ઘોઘની સામે એ પાતળી, કાટથી ખવાઇ ગએલા જેવી એ સાંકળ જોઇ એવું લાગતું, જાણે કરોળિયાની જાળ કરતાં યે એ વધુ નબળી છે, 'જરાક જોરથી હવા ફૂંકાતાં પણ તૂટીને ટુકડા થઇ જશે.

પરંતુ સામા કાંઠાની વાત હજુ નથી કહી. સામા કાંઠાનું પ્રાકૃતિક દૃશ્ય અહીંથી સાવ જુદું જ હતું. એ મૂળગત વિભિન્નતાને અંગે જ કદાચ પ્રકૃતિદેવીએ એને જુદો કરી દીધો હશે. સામે કાંઠે નજર પડતાં જ ઓચિન્તુ મનમાં થતું કે જાણે આરસપહાણના અગણિત ગુમ્બજે એ સ્થળ ભર્યું ભર્યું હતું. નાના, મોટા ને મધ્યમ કદના વર્તુળાકાર શ્વેત પથ્થરની ટેકરીઓ જેટલે દૂર દૃષ્ટિ પહોંચે ત્યાં સુધી ચારે બાજુ વેરાએલી દેખાતી હતી. જેમણે સારનાથના ધાર્મિક સ્તૂપો જોયા હશે તેઓ આથી થોડીક કલ્પના કરી શકશે. પ્રકૃતિ સર્જ્યા આ સ્તૂપોને પાછળ મૂકી, ઊંડી ખાઇના બરોબર કાંઠા ઉપર જ એક સુડોળ સુંદર સ્તંભ મિનારાની જેમ સીધો ઊંચો ઊભો હતો. બીજા પહોરનાં સૂર્યકિરણો વડે એનાં પાષાણી ગાત્ર ઝગમગતાં હતાં. જોઇને શંકા ઉપજતી. મયદાનવની જેમ કોઈ માયા-શિલ્પી જ અતિ યત્ને આ આભ અડતો દેવ-સ્તંભ નિર્માણ કરી ત્યાં મૂકી ગયો હશે એમ લાગતું હતું.

પૃથ્વીના શૈશવકાળે પ્રકૃતિ જ્યારે પોતાના મન મુજબનું ક્રીડાંગણ સર્જતી, એ સમયે જ કદાચ આનું સર્જન થયું હશે. કદાચ માનવ-શિલ્પીનો યે આમાં થોડોક હાથ હોય. બાઇનોક્યૂલર આંખે માંડી બરાબર જોયું, પણ એના બાહ્ય દેખાવ પરથી તો ક્યાંય માનવ શિલ્પીનો હાથ દેખાયો નહિ. સ્તંભ નક્કર છે કે પોલો એ પણ બહારથી કોઇ રીતે સમજાય એવું નહોતું. ફક્ત એના ઉપરના ભાગમાં એક નાનકડી તડ દેખાઇ. તડ ચોરસ હતી, લંબાઇ-પહોળાઇ એક એક હાથથી વધુ નહિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય. સૂર્યકિરણો એમાં થઇને જ કદાચ અંદર પ્રવેશતાં હશે. મંત્રમાં જણાવેલું દ્વાર કદાચ એ જ હશે!

હું લીન બની એ દૃશ્ય નિહાળી રહ્યો હતો, તેવામાં પાસે નજર પડતાં જોયું તો ભિક્ખુ ધરતી પર સાષ્ટાંગ લળી બુદ્ધ-સ્તંભને પ્રણામ કરી રહ્યા હતા.

... ...

ભિક્ખુ અભિરામે અમારી ના સાંભળી નહિ. એ એકલા જ પેલા જીર્ણ-જર્જરિત પૂલ પર થઈ સામે પાર ગયા. અમે ત્રણ આ બાજુ-આ કાંઠે રહ્યા. ડગલે ડગલે ભય લાગતો હતો કે હમણાં પેલી જરા-જીર્ણ સાંકળ તૂટી પડશે, પરંતુ ભિક્ખુનું શરીર ખૂબ દૂબળું-પાતળું ને હળવું હતું. સાંકળ તૂટી નહિ.

સામે પાર પહોંચી હાથ હલાવી ભિક્ખુએ અમને પોતાની સલામતી જણાવી, ને પછી એ સ્તંભ તરફ ચાલ્યા. સ્તંભને એક વાર પ્રદક્ષિણા કરી, ફરીથી હાથ ઊંચો કરી મોટેથી એ કંઇક બોલ્યા, પણ ઘોઘની ગર્જનામાં કંઇ સંભળાયું નહિ. પણ અમને લાગ્યું કે તેઓ સ્તંભનું દ્વાર ઉઘડેલું જોઈ શકયા હશે.

ત્યાર બાદ તેઓ સ્તંભની અંદર ચાલ્યા ગયા. પછી અમે તેમને જોઇ ન શકયા. આંખે બાઇનોક્યૂલર માંડીને બેઠા રહ્યા. ને મનની આંખે કલ્પનાની પાંખે ચડી અમે જોવા લાગ્યા. ભિક્ખુ અંધારામાં ગોળ દાદરાનાં પગથિયાં ચડતા ઉપર ાવતા હતા અને કંપતા અસ્પષ્ટ સાદે બોલતા હતા—તથાગત, તમસો મા જ્યોતિર્ગમય...

પેલી ગોશીર્ષ ચન્દનકાષ્ટની મૂર્તિ શું હજુ યે હશે? ભિક્ખુ એ જોઈ શકશે? હું એ જોઈ ન શકયો; પણ એ માટે મને ક્ષોભ નથી. જો એ મૂર્તિ હશે તો ભવિષ્યમાં બીજાઓ આવી એનો ઉદ્ધાર કરી શકશે ને દેશ આખો મહા-આનંદના એક અજબ ગુંજારવે ગુંજી ઊઠશે.

આમ લગભગ દસેક મિનિટ વીતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાર બાદ બધું પલટાઇ ગયું. હિમાલય જાણે ઓચિન્તો પાગલ બની ઊઠ્યો. ધરતી ધ્રુજવા લાગી, પહાડો કંપવા લાગ્યા અને ટેકરીઓ ને ભેખડો પરથી પથ્થરો અને માટી નીચે ઢળવા લાગ્યાં. ધરતીમાંથી એક રૂંધાએલી કડેડાટી મરણાહત દૈત્યના આર્તનાદની જેમ બહાર આવતી સંભળાવા લાગી. જીર્ણ સાંકળનો ઝૂલતો પૂલ તૂટીને ચાબુકની જેમ એઉ કાંઠે વીંઝાઈ રહ્યો.

પ્રથમ માઘના એ ધરતીકંપનું વર્ણન વધુ નહિ કરૂં. ફક્ત એટલું જ જણાવીશ કે હિન્દુસ્તાનની આ સપાટ ધરતી પર જેમણે ધરતીકંપો જોયા છે તેઓ 'ધરતીકંપની જન્મભોમ'નાએ ધરતીકંપની કલ્પના પણ નહિ કરીશકે.

અમે કેમ ન મર્યા એની ખબર નથી. પણ લાંબુ આયખું હશે એટલે જ બચી ગયા હોઇશું એમ લાગે છે. પત્થરો, માટી ને ત્યાંનું વાતાવરણ આખું નૃત્યોન્માદિત બન્યું હતું, ત્યારે અમે ત્યાં માટી ઉપર જ ટૂંટિયાં વાળીને પડ્યા હતા. અમારી સામેનો બુદ્ધ-સ્તંભ હવાઇ તોફાનમાં સપડાએલા જહાજના ભૂંગળાની જેમ ડોલતો હતો ને અમે વિચાર વિનાના, જડવત્ જેવા એની સામે જોઇ રહ્યા હતા.

મન ઉપર ઓચિંતું ચિંતાનું એક વાદળ આવી ગયું—ભિખ્ખુ! ભિખ્ખુનું શું થશે?

ધરતીકંપનો વેગ જરા ઓછો થયો; એ અટકી ગયો હોય એમ લાગ્યું. બાઇનોકયુલર મારા હાથમાં જ હતું. ઉપાડીને આંખે મુક્યું. પલાયન કરવાની મહેનત નકામી હતી, એથી એ મહેનત જ ન કરી.

ફરીથી બમણા વેગે ધરતીકંપ શરૂ થયો. જાણે ક્ષણિક શિથિલતા માટે અનુતપ્ત થઇને એ સો ગણો ભયંકર બન્યો હતો. લાગ્યું કે આ વખતે પૃથ્વીનો નાશ કર્યા વિના નહિ જ રહે.

પણ ભિખ્ખુ?

અત્યાર સુધી સ્તંભ જહાજના ભૂંગળાની જેમ ડોલતો હતો, તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે વધુ સહન ન કરી શક્યો. મૂળ પાસેથી જ ભાંગીને એ ભાગમાં વહેંચાઈ ગયો. અતલ ઊંડી ખાઇ ઉપર પળવાર માટે હાલક-ડોલક થયો, ને પછી મરણોન્મત્તની જેમ ખાઇમાં ઝીંકાયો. ને ઊંડે ઊંડેથી એક પ્રચંડ બાષ્પોચ્છ્વાસે ઊપડી સ્તંભને અમારી આંખથી અળગો, અદૃશ્ય કરી દીધો.

સ્તંભ જ્યારે ખાઇને કિનારે હાલક-ડોલક થતો હતો એ જ સમયે ચમકેલાની જેમ અમે ભિખ્ખુને જોયા! બાઇનોક્યુલર અજાણપણે આંખ સામે જ ધરી રાખેલું. જોયું તો ભિખ્ખુ દ્વાર-માર્ગમાં ઊભા હતા. એમના મોં પર ઉલ્લાસિત હાસ્ય હતું ચારે બાજુ જે પ્રલયંકર સ્થિતિ પ્રવર્તી રહી હતી એ તરફ એમનું જાણે ધ્યાન જ નહોતું.

એ પછી એમને જોયા નથી. મરણોન્મત્ત સ્તંભ ખાઇમાં, અતલ ઊંડી ખાઇમાં ઝીંકાઈ ગયો હતો.



હું એકલો જ ઘેર પાછો ફર્યો છું. આજે એને કેટલાં યે વર્ષો વીતી ગયાં છે, પણ આ વાત કોઇને યે કહી શક્યો નથી. ભિખ્ખુની વાત યાદ આવતાં જ અપરિસીમ વેદનાએ હૃદય ભરાઇ આવે છે.

છતાં આટલું વિચારીને મન સાન્ત્વન મેળવે છે કે એના જીવનની ચરમ-પરમ ઇચ્છા અધૂરી ન રહી. એ સ્તંભશીર્ષે એમણે ભગવાન તથાગતની કેવી નયનાભિરામ મૂર્તિ દીઠી તેની ખબર નથી, પણ એમની જીવનવ્યાપી શોધમાં એ સફળ થયા હતા એ વિષે મને શંકા નથી. મૃત્યુ વેળાનો એમના વદન પરનો અનિવચનીય આનંદ આજે પણ મારી નજર સામે તરવરી ઉઠે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમિતાભ !

ભલેને ગમે તેટલું અસંભવિત કહેતો હોઉં, પણ જો એ સાથે કોઇ મહા વિદ્વાનનું નામ સાંકળી દઉં તો મારી વાત વિષે કોઈ અવિશ્વાસ નહિ કરે. જો હું એમ કહું કે ગઈ રાત્રે અંધારામાં એકલા જતાં માર્ગે મેં ભૂત જોયું, તો સૌ તુરત ખડખડાટ હસી પડીને મારી વાત ઉડાડી મૂકશે ને કહેશે કે 'દીકરો ગંજેરી છે એટલે સૌને ગાંજો પીધેલા માને છે ?' છતાં સર ઑલિવર લૉજે જ્યારે અખબારો દ્વારા બહાર પાડ્યું કે 'એકાદ બે અથવા ગણ્યાગાંઠ્યા નહિ, પણ લાખ-મલાખ ને કોટાનકોટિ ભૂત રાતદિવસ આ પૃથ્વી પર આથડતા ભમતા ફરે છે' ત્યારે સૌએ ઝીણવટથી ધ્યાનપૂર્વક એ વાંચ્યું !

આ યુગ જ અવિશ્વાસનો છે; ને છતાં યે લોકોને કોઇ પણ વાત સમજાવવી કેટલી સહેલી છે ! માત્ર એકાદ વિદ્વાનનું નામ–એકાદ નાનો મોટો આધુનિક પાશ્ચાત્ય વિદ્વાન જોઇએ. જૂના જમાનાનો હશે તો નહિ ચાલે અને દેશી હશે તો તો બધું જ ધૂળ મળ્યું સમજજો !

એથી જ વિચારતો હતો કે હું જાતિસ્મર* છું એ વાત તમને કઈ રીતે સમજાવું ? કોઇક વિદેશી વૈજ્ઞાનિકનું નામ આ વાત સાથે સાંકળીને તમારી શંકા દ્વિધાને દૂર કરૂં ? હું રેલવેમાં કારકુન છું; મૅટ્રિક સુધી ભણ્યો છું; સતત તેર વર્ષ નોકરી કર્યા પછી હવે છોંતેર રૂપિયાનો દરમાયો મેળવતો થયો છું;—એવો હું જાતિસ્મર ?! હસવા જેવું જ નથી લાગતું શું ?

*પોતાનો પૂર્વજન્મ જાણી શકનાર માણસ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રેલવેનો ખાસ પાસ મેળવી જે વર્ષે હું રાજગીરનાં ખંડેર જોવા ગયો ને ગાઢ જંગલો વચ્ચે પ્રાચીન પાષાણસ્તૂપ ઉપર ઊભો રહ્યો તે દિવસે મારી આંખો સામેથી પહેલી વાર કાળનો પડદો સરી ગયો. મેં જોએલું એ દૃશ્ય કેટલા સમય પહેલાનું હતું ? બે કે ત્રણ હજાર વર્ષ ? બરાબર તો ખબર નથી, પરંતુ યાદ આવે છે કે ત્યારે પૃથ્વી વધુ તરુણ હતી, આકાશ વધુ નીલું હતું, ધરા વધુ હરિયાળી હતી.

હું જાતિસ્મર ? છોંતેર રૂપરડીનો પગારદાર અદનો રેલ-કારકુન હું જાતિસ્મર ?! ન માની શકાય એવી જ વાત છે ને ? છતાં વારંવાર— સેંકડો વાર હું આ ભારતભૂમિમાં જ ફરીફરીને જન્મ્યો છું એમ મને લાગે છે. ક્યારેક દાસ રૂપે જન્મ્યો છું, તો ક્યારેક સમ્રાટ રૂપે સાગરો સહ આ વિશાળ પૃથ્વી પર મેં શાસન કર્યું છે; શત મહિષી ને સહસ્ર બન્દિનીઓએ મારી સેવા ઉઠાવી છે. વિદ્યુત્શિખા જેવી, જ્વલંત અગ્નિ શી રૂપધારિણી એ નારી જાતિ આજે ક્યાં ચાલી ગઇ ? એ રૂપ હવે પૃથ્વી પર નથી—એ નારી જાતિ પણ નથી. અત્યારે તો છે વાંદાની જેમ અંધકારમાં જીવી રહેલા જીવ. તે કાળે તો સ્ત્રી હતી સર્પિણી જેવી તીવ્ર ને દુર્જેય. અરણ્ય અશ્વિનીની જેમ એને વશ કરવી પડતી.

અને પુરુષ ? અરીસામાં મોં જોઈ મને હસવું આવે છે. એ જ હું —જે શૂરસેનરાજની બે પુત્રીઓને બે બાહુમાં ઉઠાવી, ઉપરકોટને કાંગરેથી પરિખાના ઊંડા જળમાં કુદકો મારી તરીને જમુનાને પેલે પાર નીકળી ગયો હતો. ને પછી...પણ જવા દો એ વાત. કોઈ માનશે નહિ. માત્ર હસશે. હું યે હસું છું. ઑફિસમાં લખતાં લખતાં ઓચિંતો અટ્ટહાસ કરીને હું યે હસી પડું છું.

છતાં વાત ખરી છે. આવું તો ઘણી વાર બન્યું છે. રાજગીરના ભાંગલા સ્તૂપ પર ઊભાં ઊભાં મનમાં થતું હતું, જાણે આ સ્થળ મારું ચિરપરિચિત છે. એક વાર નહિ પણ શત-સહસ્રવાર હું આ સ્થળે જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊભો રહ્યો છું. પણ ત્યારે અહીં આ પત્થરોના ટીંબા-ટેકરા નહોતા. હું આજે જ્યાં ઊભો છું તેની ડાબી બાજુએથી એક સાંકડો પણ લાંબો માર્ગ જતો હતો. એ માર્ગની બંને બાજુએ અધિકારીઓ અને શ્રીમંતોનાં મકાનો હતાં. થોડેક દૂર, અહીં જ, મહાશ્રીમંત સુવર્ણદત્તનો દેવદારુનિર્મિત પ્રાસાદ હતો. જે દિવસે રાજગૃહમાં આગ લાગી તે દિવસે સુવર્ણદત્ત આસવપાન કરી, વિવશ બની, પોતાના ખંડનાં બારણાં બંધ કરી સૂતો હતો. એની સાથે હતી ચાર રૂપજીવિની નગરનારીઓ. નગર ભસ્મીભૂત થયાં પછી ગામલોકોએ તેમનાં શબ બહાર કાઢ્યાં ને જોયું તો શ્રેષ્ઠી મૃત્યુ પામ્યો હોવા છતાં તેના શરીર પર ક્યાં યે બળ્યાની લેશમાત્ર નિશાની નહોતી,—એ માત્ર બફાઇ રંધાઇ ગયું હતું. થોડા સમય પહેલાં એ બાલીદ્વીપમાંથી એક અષ્ટોત્તર-સહસ્રનાલ ઈન્દ્રછંદા માળા લાવ્યો હતો. એ જાતનો મુક્તાહારનો જોટો આખા મગધમાં નહોતો. સૌએ જોયું તો એના ગળા ફરતી એ ઈન્દ્રછંદાની મુક્તાભસ્મ ચોંટી હતી...

પણ ધીરે ધીરે હું ભાન ભૂલતો જાઉં છું. શૂરસેન સાથે મગધ ને અગ્નિ સાથે રાજકન્યા-હરણને મેં ભેળવી માર્યા. આમ કેમ ચાલશે ?

ફરી મૂળ વાત પર આવું. હું જાતિસ્મર છું. સંગ્રહસ્થાનમાં સચવાએલો એક શિલાલેખ જોઇ મારા હૃદયના ધબકારા વધી જાય છે; મારો કંઠ રૂંધાઇ જાય છે. આ શિલાલેખ તો મારો કોતરેલો-કંડારેલો ! આ સમુદ્રકરગ્રાહી સમ્રાટ કણિષ્કના જમાનામાં જ્યારે સદ્ધર્મનું પુનરુત્થાન થએલું, ત્યારે વિહારની શોભા માટે મેં જ આ શિલાલેખ કોતર્યો હતો. ત્યારે મારું નામ પુંડરીક હતું. હું મુખ્ય શિલ્પી—રાજભાસ્કર હતો. એ પુંડરીક-જીવનનો પ્રત્યેક પ્રસંગ મારા સ્મરણપટ પર હજુ યે તાજો જ છે. આ શિલાલેખની વચ્ચે જે વિનમ્ર યક્ષિણી-મૂર્તિ દેખાય છે, તેનું પ્રતીક કોણ હતું, જાણો છો ? એ હતી સિતાંશુકા, તક્ષશિલાની વડી રૂપજીવિની, સર્વ શ્રેષ્ઠ પુર-વારાંગના. સૌ જાણતાં કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ રાજ-બીજે જન્મેલી છે. એ સિતાંશુકાને નવસ્ત્રી કરી, સન્મુખ ઊભી રાખી, પાષાણી છીણી વડે શિલાને કંડારી કંડારીને મેં આ યક્ષિણી-મૂર્તિ ઘડી હતી. પુંડરીક સિવાય બીજું કોણ એ મૂર્તિ ઘડી શકત ? ને છતાં મનોમન થાય છે, જાણે એ અપાર્થિવ લાવણ્ય આ કઠણ પથ્થર પર બરાબર નથી ઉપસ્યું. આજે પણ–આ કારકુન જીવનમાં યે–સિતાંશુકાનું મેં દીઠેલું એ લાવણ્ય એવું ને એવું જ મારા માનસમાં અંકાએલું પડયું છે.

ને પછી ઝેરી ધૂમ્ર વડે સિતાંશુકાએ કઇ રીતે મારો પ્રાણ લીધેલો એ પણ હું નથી ભૂલ્યો. સુરમ્ય વિશાળ ખંડ છે. ચારે ખૂણે આરસના ગોખલામાં પુન્નાગચમ્પક તેલના સુગંધી દીપકો બળી રહ્યા છે. વચ્ચે એક વિચિત્ર ચીની-રેશમી વસ્ત્રથી આચ્છાદિત પલંગ-શય્યા છે. ઓશીકા પાસે ધૂપ મઘમઘતો જલી રહ્યો છે. એ ધૂપની સૌરભે ધીરે ધીરે મારૂં શરીર અવશ બની રહ્યું છે. દૂર–સુદૂરથી આવતો કો વાદ્યનો કરુણ સૂર મારી સર્વ ઇન્દ્રિયોને તંદ્રા ઓઢાડી રહ્યો છે. અને એ પછી મારી એ મોહનિદ્રા એ જન્મમાં ફરી ન જ ઊડી.

આમ કેટલાં યે જીવનનાં, કેટકેટલા યે છુટાછવાયા પ્રસંગો છે. સુદૂર અતીતમાં એવી ઘણી યે વસ્તુઓ હતી, જે સંપૂર્ણપણે એ યુગની જ હતી, આ યુગ સાથે તેને જ જરા યે સંબંધ નથી. વિચારૂં છું ત્યારે લાગે છે કે ત્યારે માનવી વધુ નિષ્ઠુર હતો. જીવનનું મૂલ્ય ત્યારે બહુ નહોતું. તદ્દન નજીવા કારણે લોકો એકબીજાનું ખૂન કરતા, ને એથી જ ત્યારે લોકોમાં મૃત્યુનો ભય પણ ઓછો હતો. ત્યારે માનવીમાં ક્રૂરતા હતી, ચાતુરી ને કુટિલતા યે હતી, પણ ક્ષુદ્રતા કે લઘુતા નહોતી. આજનો માનવી જાણે બધી વાતે વામણો બન્યો છે. શરીર, મન ને હૃદયધર્મની એ વિશાળતા આજે જાણે નથી રહી. જાણે માનવી ત્યારે જુવાન હતો, આજે એ વૃદ્ધ બની ગયો લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને એક વધુ વાત; આ યુગની જેમ લોકો ત્યારે સ્વાધીનતા–સ્વાધીનતાની વાતો પણ બહુ નહોતા કરતા. માછલાં જેમ જળમાં જ વસે છે તેમ માનવી પણ ત્યારે સ્વાધીનતાની મુક્ત આબોહવામાં જ વસતો. પોતાની સ્વાધીનતા જોખમાતાં એ લડાઈ કરતો, લડતો-મરતો. વાઘની જેમ પીંજરામાં પુરાયા છતાં યે કદી યે પરાજય ન સ્વીકારતો. યુગાન્તરવ્યાપી દાસત્વની શૃંખલા ત્યારે માનવીના પગમાં નહોતી જડાઇ. માનસિક ગુલામી ત્યારે નહોતી. રાજા અને પ્રજા વચ્ચે આટલો મોટો ભેદ ત્યારે નહોતો. લેશ માત્ર સંકોચ વિના સામાન્ય પ્રજાજન પણ ત્યારે રાજા પાસે પોતાની ફરિયાદ નોંધાવતાં અધિકાર રજુ કરતાં ડરતા નહિ...

ઘરના એક ખૂણામાં બેઠોબેઠો આ લખી રહ્યો છું. ધુમાડાનાં ગૂંચળાંની જેમ વર્તમાન જગત મારી પાસેથી દૂર સરી જાય છે ને ધીરે ધીરે મારી સમીપ ખડું થઇ જાય છેઃ એક માયામય જગત. અઢી હજાર વર્ષ પૂર્વેનું એક સ્વપ્ન હું જોઉં છું. એક પુરુષ, ભારત આજે જેને વિસરી ગયું છે તેનું કરોડો ચંદ્ર જેવું સ્નિગ્ધ, સૌમ્ય, તેજસ્વી મુખ આ બે નશ્વર આંખે હું જોઈ રહું છું. ને અંતરના અન્તઃસ્તલમાંથી આપોઆપ ઉચ્ચારાઇ જવાય છે કે

असतो मा सद्गमय, तमसो मा ज्योतिर्गमय—

એ જ્યોતિર્મય પુરુષને એક દિવસ મેં સગી બે આંખો વડે જોયા હતા; એમનો કંઠસ્વર સગા કાને સાંભળ્યો હતો. આજે એ જ વાત જન્માન્તરની સ્મૃતિમાંથી અહીં ઉતારૂં છું:

ઉત્તરમાં મોસાળપક્ષ લિચ્છવી અને પશ્ચિમમાં મોસાળપક્ષ કોશલ. એ બંને, મગધેશ્વર પરમવૈષ્ણવ શ્રીમન્મહારાજ અજાતશત્રુને ખૂબ જ હેરાન કરી રહ્યા હતા. આ પહેલાંના મહારાજ બિમ્બિસાર શાન્તિપ્રિય માનવી હતા, તેથી લિચ્છવી અને કોશલ સાથે અથડામણમાં ન ઊતરતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમણે એ બંને રાજની ઇચ્છા મુજબ તેમની એકએક પુત્રી સાથે લગ્ન કર્યા હતાં. પણ અજાતશત્રુ એ પ્રકૃતિનો માનવી ન હતો. લગ્ન કરતાં યુદ્ધ એને વધુ ગમતું. વળી ઇચ્છા હોય તો યે મોસાળપક્ષમાં લગ્ન કરવું સંભવિત પણ નહોતું. તેથી પિતાના અકસ્માત અવસાન પછી એણે પ્રફુલ્લ ચિત્તે યુદ્ધ આદરી દીધું.

પરંતુ મુશ્કેલી એ હતી કે શત્રુ બંને બાજુ હતા. ઉત્તરના શત્રુને હાંકી કાઢવા જતાં પશ્ચિમ તરફના શત્રુઓ રાજ્યમાં પ્રવેશી જતા. કોશલને કાશીની પેલી બાજુ તગડી મૂકી પાછા ફરતાં જુએ છે તો લિચ્છવીઓ રાજગૃહમાં પ્રવેશવાની તૈયારી કરી રહ્યા છે. મગધ રાજ્યના અન્તપાલ સામંત રાજાઓ સીમાડો ન સાચવી શકતા. કો'ક ભાગીને પાછા રાજધાનીમાં ચાલ્યા આવતા તો કો'ક શત્રુઓ સાથે મળી જતા. રાજ્યમાં અશાન્તિનો પાર નહોતો. લોકોમાંથી કોઇને અજાતશત્રુથી સંતોષ નહોતો. એમના મતે રાજા અજાતશત્રુ વીર હતો, પણ એનામાં બુદ્ધિશુદ્ધિ બહુ નહોતી પરંતુ લોકોની સમજણમાં ભૂલ હતી. અજાતશત્રુમાં બુદ્ધિનો અભાવ જરાયે નહોતો. એની તલવાર અને બુદ્ધિની તીવ્રતા લગભગ સમાન તીક્ષ્ણ હતી.

વર્ષાકાળની શરૂઆતમાં યુદ્ધ સ્થગિત હતું. એવે એક દિવસ અજાતશત્રએ મહાઅમાત્ય વર્ષકારને બોલાવવા દૂત મોકલ્યો. નગરના નિર્જન સ્થાનમાં વેણુવન નામનું ઉદ્યાન હતું. રાજા બિમ્બિસારે એ બુદ્ધદેવને અર્પણ કર્યું હતું, પરંતુ અજાતશત્રુએ ગાદી પર આવતાં તુરત એ પાછું લઈ લીધું હતું. એ ઉદ્યાનમાં જૂના મંત્રી ને નવા મહારાજા વચ્ચે ખૂબ ખાનગીમાં કંઇક વાતચિત થઈ. ગુપ્તચરોનો ભય એ સમયે ખૂબ જ રહેતો. સંન્યાસી, ભિક્ષુક, જ્યોતિષી, વારાંગના, નટ, ગાયક, ચારણ-ભાટ આ બધાંમાં કોણ ગુપ્તચર નહિ હોય એ કહેવું મુશ્કેલ હતું.

તાજેતરમાં નગરમાં વૈશાલીથી જધનચપલા નામક એક વારાં-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગના આવી હતી. એને જોતાં જ નગરનાં સૌ તો ભાન ભૂલ્યાં જ હતાં, પરંતુ એ સાથે સ્વયં મહારાજા અજાતશત્રુ પણ ચંચળ થઇ ઊઠ્યા હતા; પણ જઘનચપલા કોશલની કે વૃજિની ગુપ્તચર છે કે નહિ તે નક્કીપણે નહોતું જાણ્યું ત્યાં સુધી એ પોતાને કાબુમાં રાખી રહ્યા હતા. આ જાતના ગુપ્તચર સર્વત્ર ફરતા હોય એટલે ખાનગી મંત્રણા ખૂબ સાવધ રહીને કરવી પડતી હતી,—એટલે સુધી કે દર વેળા બધી જ વાતો ખુદ બધા જ મંત્રીઓને સુદ્ધાં કહેવામાં નહોતી આવતી.

ઘણી વાર સુધી ખાનગીમાં વાતો કર્યા બાદ મહામંત્રી ઘેર પાછા ફર્યા. ઉદ્યાનને દરવાજે દ્વારપાળે જોયું કે વૃદ્ધ મંત્રીના શુષ્ક નીરસ મોં પર હાસ્ય ને એની અધમીંચી આંખોમાં એક તેજ ચમકી રહ્યું છે.

એક પહોર રાત વીત્યા બાદ વાળુ કરીને આરામ કરતો આડો પડ્યો હતો; થોડીક ઊંઘ પણ આવી હતી; એવામાં દાસીએ આવી ખબર આપ્યા કે 'પરિવ્રાજિકા તમને મળવા માગે છે.'

તંદ્રા ઊડી ગઇ. ચમકીને પથારીમાંથી ઊભા થતાં મેં પૂછ્યું, 'પરિવ્રાજિકા? આટલી રાત્રે?'

રાજ-સન્માનિતા આ મહાશક્તિશાળી નારી શા પ્રયોજને, આમ આવા સમયે મને મળવા માગતી હશે? ઉતાવળે ડગલે બહાર જઈ, આદરપૂર્વક એને અંદર લઇ આવી, આસન પર બેસાડી, દંડવત્ પ્રણામ કરી મેં પૂછ્યું, 'દેવી, શા કારણે દાસ પર કૃપા થઈ છે?'

પરિવ્રાજિકા યૌવનને વટાવી ગઇ હતી, છતાં એનું મોં હજુ યે સુંદર અને આદરભાવ ઉપજાવે તેવું હતું. એનાં પરિધાનમાં પટ્ટવસ્ત્રો હતાં. લલાટમાં કુંકુમતિલક અને હાથમાં દાંડી સાથેની એક મોટી કમળ-કળી હતી. હસતાં હસતાં એ બોલી, 'વત્સ, આજે સાંજ પછી હું આ કમળ-કળીઓ વડે રાજકુમારીની પૂજા કરતી હતી, ત્યાં ઓચિન્તી આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કળી કુમારીના ચરણ પરથી મારા ખોળામાં આવી પડી.'

કંઈ જ ન સમજાવા છતાં મેં પૂછ્યું, 'પછી ?'

પરિવ્રાજિકા બોલી, 'કુમારીનો આદેશ ન સમજાતાં હું ધ્યાનસ્થ બની, ને ત્યારે દેવીએ મારા કાનમાં કહ્યું કે આ કળી શ્રેણીનાયક કુમારદત્તને આપજે. આને બળે એ સર્વત્ર વિચરી શકશે.'

હું હતબુદ્ધિ શો એની સામે જોઇ રહ્યો.

એણે ઓરડામાં ચારે બાજુ નજર દોડાવી ધીમેધીમે કહ્યું, 'આ કમળ-કળી લો. એમાં સંદેશો છે. કાર્ય સિદ્ધ થતાં એનો નાશ કરજો. ધ્યાનમાં રાખજો કે આને બળે રાજમંદિરમાં પણ તમે વિના વાંધા વિરોધે જા-આવ કરી શકશો.' આટલું કહી, મારા હાથમાં કમળકળી મૂકી એણે વિદાય લીધી. હું ગમારની જેમ બેઠો રહ્યો. એને વિદાય-પ્રણામ કરવાનું સુદ્ધાં હું વિસરી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું એક સાધારણ માણસ—કુલિ મજૂરોનો મુકાદમ, રળીને રોટલો ખાનાર, રાજગૃહના સ્થપતિ-સૂત્રધાર-સંપ્રદાયનો શ્રેણીનાયક. મારા પર આ રાજા-પ્રધાનોની દૃષ્ટિ ક્યાંથી પડી? ને જો પડી તો આમ રહસ્યમય-રીતે શાને પડી? રાજાના અંતઃપુરની પરિવ્રાજિકાએ મારા જેવા રંકની ઝૂંપડીએ શીદ પગલાં પાડ્યાં? કુમારીએ મારા ઉપર સહૃદયતા બતાવી હું સર્વત્ર વિના વાંધા-વિરોધે વિચરી શકું એવી ગોઠવણ કેમ કરી? હું પહેલાં કદીયે રાજકાજમાં પડ્યો નહોતો, એટલે આવી અનેકવિધ ચિંતાએ મારૂં મન ભાનભૂલ્યું બની ગયું.

રાતનો બીજો પહોર વીતવા આવ્યો હતો. દાસી દ્વાર પાસે મારી રાહ જોતી ઊભી હતી. આજે એ ક્યાંક અભિસારે જવાની હોય એમ લાગતું હતું. આજની એની વેશભૂષામાં ઠીકઠીક કલાચાતુરી દેખાતી હતી. વેણીમાં ચમેલી-માલતી ફૂલો સોહી રહ્યાં હતાં. કાંચળી તસતસા-વીને બાંધી હતી. દેખાવમાં યે એ કંઇ જેવીતેવી ન હતી. મોટીમોટી બે આંખો, મોં પર મીઠું હાસ્ય ને ફાટફાટ થતું યૌવન. મેં એને કહ્યું' 'વન-લતિકે, તું સુખેથી ગૃહે સિધાવ. રાત ઘણી થઇ ગઇ છે' ને એ હસતી-હસતી મને પ્રણામ કરી વિદાય થઇ ગઇ.

કમળ-કળી હાથમાં લઇ હું શયનખંડમાં ગયો. દીવી સમીપ એને ધરી રાખી ઘણી વાર સુધી નિહાળાનિહાળીને જોઇ રહ્યો. કળી હજુ મુદ્રિત હતી, ધીરે ધીરે એક પછી એક પાંખડી ઉઘાડી જોવા લાગ્યો. જોતાં જોતાં એની નાભિ સમીપના એક કોમળ પલ્લવ પર કૈંક અસ્પષ્ટ ચિહ્નો નજરે પડ્યાં. કાળજીપૂર્વક એ પલ્લવને જુદું પાડી જોયું તો કાજળ વડે લખ્યું હતું કે 'આજે રાત્રે તું એકલો મહામંત્રીને દ્વારે ઉપસ્થિત થજે. સંકેતમંત્રઃ 'કલિકા'. નીચે મગધેશ્વરની મુદ્રા હતી.

આટલી વારે વાત સ્પષ્ટ થઇ. પરિવ્રાજિકાની ગૂઢ વાતો, કુમારી-ની પૂજા વગેરે બધું જ સમજાયું. મારે ગુપ્તપણે મહામંત્રીને ત્યાં જવાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતું. મારા જેવા એક તદ્દન સામાન્ય નાગરિકનું મહામંત્રીને શું કામ હશે? ડોસો ગજબનો શકરો છે. અજાણનાં કંઇ અપરાધ થયો હશે તો કદાચ શૂળીએ ચડાવી દેશે. અથવા કદાચ ગુપ્તપણે ક્યાંક રત્નાગાર નિર્માણ કરવાનો યે હોય.

ઉદ્વેગ, આશંકા ને ઉત્તેજનામાં બીજી પણ થોડીક પળો વીતી ગઇ. રાજાજ્ઞા ઉથાપવાનો કંઇ અર્થ નહોતો. આખરે એક ઉત્તરીય વીંટાળી હું નીકળી પડ્યો.

હું નગરની ઉત્તરે રહેતો ને મહામંત્રી રહેતા નગરની વચ્ચોવચ્ચ. પથ જનશૂન્ય હતો. માર્ગની બંને બાજુનાં મકાનોમાં પણ દીવા ઓલવાઈ ગયા હતાં. દૂરદૂર એક સાંકડા રસ્તા પાસે પાષાણનિર્મિત વનદેવીના હસ્તમાં આરસનો દીવડો જલી રહ્યો હતો. તેથી મધ્યરાત્રિના ગાઢ અંધકારમાં આછું અજવાળું દેખાતું હતું.

મહામંત્રીના વિશાળ પ્રાસાદ પાસે આવી ઊભો રહ્યો. બહાર અંધારૂં હતું. પ્રહરી પણ ન હતો. છતાં દ્વાર ઉઘાડાં હતાં. જરાક અચકાઇને, હિંમત કરીને હું અંદર પ્રવેશવા ગયો કે તુરત એક તીક્ષ્ણ ભાલાની અણી મારા કંઠને સ્પર્શી. અંધકારમાં અદૃશ્ય રહીને એના પકડનારે ધીમે સાદે પૂછ્યું, 'કોણ?'

અકસ્માત આમ અટવાઈ જતાં મારી વાણી જાણે રૂંધાઈ ગઇ. ભાલાની અણી મારા કંઠને સ્પર્શેલી જ હતી. પળવાર મૂર્તિવત્ રહી મેં પેલી કમળ-કળી આગળ ધરીને બતાવી.

સામેથી ફરી પ્રશ્ન આવ્યો, 'એ શું છે? નામ કહે.'

મેં કહ્યું, 'સદંડ કમળ.'

સંદિગ્ધ સ્વરે ફરી પ્રશ્ન થયો, 'શું નામ કહ્યું?'

હું સમજ્યો. આ પ્રહરી છે. પેલા સંદેશમાંનો સંકેતમંત્ર અહીં કહેવો જોઇએ. મેં કહ્યું, 'કલિકા.' ને ભાલું પાછું ખેંચાઈ ગયું. અંધારા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માં પ્રહરી મને હાથ ઝાલીને પ્રાસાદ તરફ દોરી જતો હતો. ગાઢ અંધારામાં થોડે દૂર ગયા બાદ બીજા એક પ્રહરીએ મારો હાથ ઝાલ્યો. થોડે વધુ દૂર જતાં ફરી એક બીજાએ મારો હાથ ઝાલ્યો. આમ પાંચ છ દ્વારપાળ, પ્રહરી ને પ્રતિહારીઓના હાથ ઝાલતો આખરે હું જ્યાં દીવો બળતો હતો એવા એક નાનકડા ખંડમાં આવી પહોંચ્યો.

એ ખંડની વચ્ચે કાળિયારનું મૃગચર્મ બિછાવેલા આસન પર સામે ઢગલોએક ભૂર્જપત્ર-તાલપત્ર લઇને બેઠેલા વૃદ્ધ મહામંત્રી મગ્ન ચિત્તે તે વાંચી રહ્યા હતા. અન્ય કોઈ જ ત્યાં નહોતું.

મેં એમને પ્રણિપાત કર્યા. મહાઅમાત્યે સામેનું આસન બતાવી કહ્યું, 'ઉપવિષ્ટ થા. (બેસ).' હું આસન પર બેઠો. મહાઅમાત્યે પૂછ્યું, 'પરિવ્રાજિકા દ્વારા જે લિપિ મળી તે ક્યાં છે?'

મેં પદ્મદલ બહાર કાઢી એમના હાથમાં મૂક્યું. એમણે એ પર એક વાર નજર ફેરવી જઈ મને તે પાછું આપતાં કહ્યું, 'ખાઈ જા.'

કંઈ જ ન સમજતાં હું એમના મોં સામે મૂઢપણે જોઈ રહ્યો. 'ખાઇ જાઉં? શું ખાઈ જાઉં?'

મહામંત્રી ફરી બોલ્યા, 'આ લિપિ ખાઈ જા.' હજી પણ હું કાંઇ સમજ્યો નહિ. મંત્રીના હોઠ જરા સંકોચાયા. એમણે જરા વધુ ધીમા સાદે કહ્યું, 'ચારે બાજુ ગુપ્તચરો ફરે છે એથી જ આમ સાવચેત રહેવું પડે છે. લિપિ—સંદેશો કંઇ સુસ્વાદુ છે એ ખાતર તે ખાઇ જવા નથી કહેતો.' આ ખુલાસો જાણી હું તે કોમળ પદ્મપલ્લવ ખાઇ ગયો.

એ પછી થોડી વાર તદ્દન નીરવતા રહી. મહાઅમાત્યનું મોં તદ્દન ભાવ-વિહોણું હતું. પ્રદીપ-શિખા શાંતપણે જલી રહી હતી. હું આતુર થઇ રાહ જોતો બેઠો હતો કે હવે શું થશે?

ઓચિન્તો પ્રશ્ન થયો, 'તું જઘનચપલાને ત્યાં આવજા કરે છે?'

અણધાર્યો પ્રશ્ન સાંભળી પળવાર હું મૂઢ બની ગયો! જઘન-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચપલા વેશ્યા છે. એને ત્યાં હું જાઉ છું કે નહિ એની સાથે મહામંત્રીને શી લેવાદેવા? છતાં ખુલાસો કર્યા વિના છુટકો ન હતો. પૂરી તપાસ વિના આમ પૂછે એવો આ ડોસો નહોતો. કુંઠિત સ્વરે મેં કહ્યું, 'હા; માત્ર એક વાર ગયો છું પરંતુ એ સ્થળ મારા જેવા ક્ષુદ્ર માનવી માટે નથી. એટલે ફરીને નથી ગયો,—નથી જતો.'

મંત્રી બોલ્યા, 'સારૂં કર્યું. એ લિચ્છવીઓની ગુપ્તચર છે.'

ફરી થોડી વાર નીરવ શાંતિ રહી. મહામંત્રી ધ્યાનમગ્નની જેમ બેઠા હતા. હું એક બીજા પ્રશ્નની રાહ જોતો બેઠો.

'તારી નીચે કેટલા માણસો કામ કરે છે?'

'બધા મળીને લગભગ દસ સહસ્ત્ર હશે.'

'સ્થપતિ કેટલા?'

'છ હજાર.'

'સૂત્રધાર?'

'ત્રણ હજારથી થોડા વધુ.'

'તક્ષક (સરાણિયા) ને શિલ્પી?'

'એ ઓછા છે. પાંચસોથી વધુ નહિ હોય '

જોતજોતામાં મહામંત્રીનું ભાવહીન જણાતું શરીર જાણે મંત્રબળે સજીવન થઇ ઊઠયું. તેજ વિહોણી એમની આંખોમાં યુવાનીનું તેજ ચમકવા લાગ્યું. મારા તરફ તર્જની ઊંચી કરી એ બોલવા લાગ્યા, 'જો સાંભળ; અત્યારે વર્ષાઋતુ છે. શરદ ઋતુ આવતાં જ માર્ગો સુકાઇ જતાં પુનઃ યુદ્ધ શરૂ થઇ જશે. બંને બાજુથી થતાં શત્રુ–આક્રમણોને કારણે દેશ હતો ન હતો થઇ રહ્યો છે. એ કારણે આ વખતે યુદ્ધ શરૂ થાય એ પહેલાં જ આપણે ભાગીરથી અને હિરણ્યબાહુના સંગમ પર એક ઔદકક* દુર્ગ તૈયાર કરવો પડશે. એવો દુર્ગ બનાવવો પડશે કે જેમાં પચાસ

*નદીના મુખ પાસેનો યા ચોતરફ ખાઈવાળો કિલ્લો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હજાર યોદ્ધાઓ વસી શકે. શરદ ઋતુ શરૂ થવાને હજુ ત્રણ માસ છે, આ ત્રણ મહિનામાં જ દુર્ગ પૂરેપૂરો તૈયાર થઇ જવો જોઇએ, શરદ બેસતામાં કોશલ અને વૃજિ જ્યારે નદી વટાવી અહીં આવે ત્યારે તેઓ મગધનું ગગનભેદી દુર્ગ–શિખર નિહાળે એમ થવું જોઇએ!'



જળમાંનાં માછલાં માછીમારની જાળમાંથી પાછાં ફરતાં જેવો આનંદ પામે તેવો આનંદ હું યે પામ્યો. મેં કહ્યું 'દસ હજાર માણસો દ્વારા ત્રણ મહિનામાં એવો દુર્ગ હું તૈયાર કરી આપી શકું; પણ વર્ષાના આ દિવસોમાં માર્ગ અતિ દુર્ગમ હોઇ સર-સામાન ભેગો કરવાનું શકય નથી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એની જવાબદારી મારા ઉપર. તારે ફક્ત દુર્ગ તૈયાર કરી આપવાનો. સર-સામાન હું ભેગો કરી આપીશ. રાજ્યના તમામ રણહસ્તી પાષાણાદિ વહી લાવશે. એ માટે તું ચિંતા કરીશ નહિ.'

'તો હું ત્રણ મહિનામાં દુર્ગ ઊભો કરી આપીશ.'

'ને ન કરી શકે તો?' મંત્રીએ પૂછ્યું.

'માફ માથુ હોડમાં મૂકું છું, કામ ક્યારે શરૂ કરવું છે?'

જરા વિચારીને મંત્રીએ કહ્યું, 'રવિ હજુ યે સ્થિર રાશિમાં છે. આજથી ચોથે દિવસે ગુરુવારે ચંદ્ર પણ સ્વાતિ નક્ષત્રમાં વિચરશે. એટલે તે દિવસે કાર્યારંભ થવો જોઇએ.' હું સાંભળી રહ્યો.

થોડી વાર રહીને મહામંત્રી આગળ બોલ્યા, 'હવે જે કહું છું તે ધ્યાનપૂર્વક સાંભળજે. આ અત્યંત ગૂઢ કામનો તમામ ભાર તારા પર મૂકવામાં આવે છે. સદા યાદ રાખજે કે જો ભૂલેચૂકે પણ શત્રૂઓને આ વાતની ગંધ પહોંચી જશે તો તેઓ કોઇ પણ રીતે દુર્ગ પૂરો બંધાવા નહિ દે. પગલે પગલે વિઘ્નો ઊભાં થશે. ગુપ્તચરો અત્યારે ચોતરફ ફર્યા જ કરે છે. તેઓ જો મગધરાજનો હેતુ જાણી ગયા તો એક અઠવાડિયામાં જ કોશલપતિ અને લિચ્છવી કુલપતિઓને આ સમાચાર પહોંચી જશે. માટે ખૂબ જ સચેત રહેવાનું છે. તું તારા દસહજાર કામદારોને લઇ કાલે અહીંથી ગંગા-શોણ સંગમની યાત્રા શરૂ કરી દે. યાત્રા એ રીતે કરવી કે કોઇને જરા યે સંદેહ ન આવે. એકવાર ત્યાં પહોંચી જાવ પછી કોઇનો યે ભય નથી, કારણ એ સ્થળ જંગલોમાં, જનવિહોણું છે. છતાં ત્યાં પહોંચતાં પહેલાં જો કોઇ પણ વ્યક્તિ ઉપર ગુપ્તચરની શંકા સરખી યે આવે તો તત્કાળ એને પૂરી કરતાં અચકાતો મા. ત્યાં પહોંચીને મગધના મુદ્રાંકિત પત્રની રાહ જોજે. એ પત્રમાં દુર્ગનિર્માણનો નિર્દેશ ને ચિત્ર લિપિબદ્ધ હશે. યથા સમયે તે મુજબ દુર્ગનો શુભારંભ કરજે. યાદ રાખજે કે આ કાર્યનો નિયામક તું છે. કંઈ વિઘ્ન ઊભું થતાં એની પૂરેપૂરી જવાબદારી પણ તારી જ ગણાશે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં કહ્યું, 'જેવી આજ્ઞા. પરંતુ આ દસ સહસ્ર લોકો માટે સીધું સામાન ક્યાંથી મળશે ?'

'ગંગા–શોણના સંગમ પાસે પાટલિ નામનું નાનું ગામ છે. એક સાંજ માટે એ ગામનું અતિથ્ય સ્વીકારજો. બીજે દિવસે તમારે માટે જરૂરી બધો સામાન ત્યાં પહોંચી જાય એવી ગોઠવણ હું કરીશ.'

પછી ઉષઃકાળ નજીક જાણી મહામંત્રીએ મને વિદાય આપી. વિદાય વેળાએ એ બોલ્યા, 'ધ્યાન રાખજે. હમણાં હમણાં બૌદ્ધ નામક એક નાસ્તિક ધર્મસંપ્રદાય ઉભો થયો છે. એ બૌદ્ધો અતિ ચતુર છે ને બ્રાહ્મણધર્મના વિરોધી છે. શાકયવંશનો એક રાજભ્રષ્ટ યુવરાજ એનો નાયક છે. એ યુવરાજ ધૂર્ત, કપટી ને પરસ્વલુબ્ધ છે, માયાજાળ વિસ્તારી મહારાજા બિમ્બિસારને વશીભૂત કરી એ મગધમાં પોતાનો પ્રભાવ જમાવવા ખૂબ મથ્યો હતો, અજાતશત્રુ દ્વારા એને હાંકી કાઢયો છે. એ બૌદ્ધોનો કદિ યે વિશ્વાસ ન કરશો. તેઓ મગધના ઘોર શત્રુ છે. દુર્ગ સમીપે જો એને જોવા પામો તો તત્ક્ષણ નશંસપણે એમને હણી નાખજો.'

એથી જ વિચારૂં છું કે કાળની કેવી કુટિલ ગતિ છે ! અઢી હજાર વર્ષો પછી આજે એ પાટલિપુત્ર રચયિતા, મગધના પરાક્રાન્ત મહામંત્રી વર્ષકારનું નામ કોઇએ સાંભળ્યું છે ખરૂં? પણ શાકયવંશના એ રાજ્યભ્રષ્ટ યુવરાજ ? આજે અર્ધુ એશિયા એને જપે છે. સાગરો સહિત આ પૃથ્વીને જેમણે વારાંગનાની જેમ માણી છે તેઓનું નામ આજે એ જ ભુંજિતા ધરતીની ધૂળમાં મળી ગયું છે, જ્યારે જે નિરાધાર રાજ-ભિખારીની એકમાત્ર સંપદ નિર્વાણપદ હતું તે શાકયસિંહનું નામ વણઝંખાતી જ્યોતની જેમ, આજના અંધારામાં આથડતા માનવીને જ્યોતિનો માર્ગ દાખવી રહ્યું છે.

વર્ષાકાલે સ્થપતિ-સૂત્રધાર સંપ્રદાય લગભગ બેઠાબેઠ જ હોય છે. તેથી શ્રેણિબદ્ધ શ્રમિકોને ભેગા કરતાં મને બહુ વાર ન લાગી. યોગ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમયે મારા દસ હજાર શિલ્પીઓ નગરના જુદા જુદા દરવાજેથી બહાર નીકળી પડયા, જેથી સામાન્ય નાગરિકોનું લક્ષ તેમના તરફ ન ખેંચાયું. લગભગ બપોરે ત્રીજા પહોરે નગરની ઉત્તરે ત્રણ કોશ જેટલે દૂર અમે સૌ ભેગા મળ્યા.

ત્યાંથી ગંગા-શોણનો સંગમ લગભગ પંદરેક કોશ હશે. વિચારણાને અંતે નક્કી થયું કે સાંજ સુધીમાં જેટલે દૂર પહોંચાય એટલે દૂર જવું. રસ્તાની બાજુએ રાતવાસો કરી વહેલી સવારે પાટલીગ્રામ પહોંચી જવું.

ને પછી અમે સૌ યુદ્ધમાં જતા સૈનિકોની જેમ શ્રેણીબદ્ધ ભાવે ચાલવા લાગ્યા. આકાશમાં પ્રબળ મેઘાડમ્બર હતો. શીતળ સમીરના સુસવાટા વીંઝાઇ રહ્યા હતા. રાત્રે નક્કી વર્ષા આવશે એમ લાગતું હતું. છતાં એ માટે કોઇને ચિંતા નહોતી. સામે પડેલા કાર્યના ઉલ્લાસે બધા મહા આનન્દે ગીતો ગાતા આગળ વધ્યે જતા હતા.

મગધ રાજ્યની રાજગનરી ગણાતા તે કાળના રાજગૃહથી ઉત્તર દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ ચારે તરફ વિભિન્ન રાજ્યો તરફ જવાના રસ્તાઓ હતા. વળી નગરમાંથી બીજાં નગરોમાં જવાના માર્ગ પણ હતા. રાજ-કોષમાંથી આવા માર્ગો માટે પુષ્કળ નાણું ખર્ચાતું. જરૂર મુજબ માર્ગ પર કાંકરીઓ નાખી રસ્તા પાકા બનાવવામાં આવતા. પથિકની સગવડ અર્થે માર્ગની બંને બાજુએ કુવા ખોદાવવામાં આવતા ને માર્ગ પર છાંયો કરવા વડ,અશ્વત્થ,શાલ્મલી વગેરે વૃક્ષો રોપાવવામાં આવતાં.વચ્ચે આવતી નદી પર પૂલ બંધાવવામાં આવતા યા નૌકાની સગવડ રાખવામાં આવતી.

આ બધા માર્ગે ટોળાબંધ વિદેશી વણિકો ઘોડાં, ગધેડાં ને ઊંટ પર પોતાની કિંમતી પોઠ લાદી વણઝાર કરતા, નગરે નગર પોતાનો માલ વેચતા ને સ્થાનિક નવો માલ ખરીદતા ફરતા. નટ-બજાણિયા ને ભાટ-ચારણો, ગવૈયાઓ ને બજવૈયાઓ પોતપોતાની કળા-નિપુણતા દેખાડતા ફરતા. રાજદૂત મારતે ઘોડે વાયુ વેગે ગુપ્ત સંદેશ વહી જતા. કયારેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાતને ટાણે આ માર્ગો પર ચોર-લુટારાઓનો ભય પણ સંભળાતો. પરંતુ માર્ગની નિકટ જ પ્રહરીઓનો વાસ હોઈ તેઓ વધુ ત્રાસ રૂપ ન બની શકતા. રાજમાર્ગ શકય એટલો નિરાપદ જ હતો.

ઉત્તરમાં ભાગિરથી તટ સુધી મગધની સીમા હતી. રસ્તો ત્યાં સુધી ગયો હતો. અમે એ માર્ગે જ નીકળ્યા. ધીમેધીમે સંધ્યાનું અંધારૂં ઘેરાવા લાગ્યું. વાયુ સ્તબ્ધ હતો. આકાશમાં વાદળાં વરસવાની તૈયારી કરી રહ્યાં હતાં. રાત પડી જાણી અમે માર્ગની બાજુએ જ એક વિશાળ જગ્યામાં આશરો લીધો.

સૌની સાથે એક સાંજ પૂરતું સીધું હતું. પણ વર્ષાઋતુમાં ઉઘાડામાં રસોઈ કરવાની સગવડ નહોતી. માંડમાંડ જો ચૂલો પેટાવી શકાય, તો વર્ષા આવતાં જ એ બુઝાઈ જવાની શકયતા પણ રહેતી જ. છતાં ઘણા સુકાઇ ગએલાં ઝાડનાં લાકડાં ભેગા કરી જવ-ઘઉંના આટાની રોટી-પરોંઠા શેકવા લાગ્યા. જેઓ એટલો પરિશ્રમ કરવા તૈયાર નહોતા તેઓ પાણી-માં પૌવા પલાળી દૂધ-સાકર નાખી એના ભોજનની તૈયારીમાં પડ્યા.

ચોતરફથી દસ હજાર માનવીનો કલરવ, ગુંજન, ગાન ને ઘૂમ-રાણ સંભળાય છે. દૂર દૂર ધીખતી ધૂણીની જેમ અગ્નિ જલી રહ્યો છે. અંધારામાં એની આસપાસ જ લોકોની છાયામૂર્તિઓ ફરે છે. કયારેક કયારેક અગ્નિમાં ઘૃત હોમવાને અંગે અગ્નિ અતિ ઉજ્જ્વલ શિખા રૂપે પ્રગટી ઊઠે છે ને એ પ્રકાશમાં ચારે બાજુ બેઠેલાં માનવીઓનાં મોં પળવાર માટે સ્પષ્ટ થઈ ઊઠે છે. જાણે સહસા ઉજ્જડ વેરાન જંગલ-માં એક ભૌતિક ઉત્સવ મંડાઈ ગયો છે.

મારી સાથે, કેળાં, કોઠીંબાં, આંબાઇત્યાદિ ફળ, થોડુંક મૃગમાંસ અને એક દ્રોણ લોધ્રરેણુ ચિત્રક આદિથી સુરભિત હિંગોળવર્ણો અતિ ઉત્કૃષ્ટ આસવ હતો. મેં એ વડે જ રાત્રિભોજન પતાવ્યું.

ધીરે ધીરે રાત્રિ ગાઢ થવા લાગી. એક વિશાળ વૃક્ષ નીચે પથારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી હું સૂવાની તૈયારીમાં હતો ત્યાં અંધારામાં બે જણ મારી સન્મુખ આવીને ખડા થયા. મેં પૂછ્યું. 'કોણ?'

એકે જવાબ આપ્યો, 'નાયક, એ તો હું, આ છાવણીનો રક્ષક. આ અજાણ વ્યક્તિ કૂવા સમીપ બેઠી હતી એટલે એને પકડી લાવ્યો છું.' મેં કહ્યું 'મશાલ ચેતાવ!'

મશાલ જલાવી જોયું તો પ્રહરીની સાથે એક ઊંચો દીર્ઘાકૃતિ, લગભગ નગ્ન એવો, મોટાં દાઢીમૂછ ને જટાધારી એક પુરુષ ઉભો છે. એનું નાક પોપટની ચાંચ જેવું વાંકું છે ને આંખો અત્યંત વેધક છે. મેં એને પૂછ્યું, 'તું કૂવા પાસે શું કરતો હતો?'

એકી ટશે મારા તરફ જોઈ રહીને એ બોલ્યો, 'તું રાષ્ટ્રપતિ થઇશ. તારા લલાટમાં રાજદંડ દેખાય છે.'

છળથી બની જાઉં એટલો નાદાન હું નહોતો. વળી મહામંત્રીએ સંચારેલો સંદેહ આ જટિલ સંન્યાસીને જોતાં જ મારા મનમાં જાગ્રત થઈ ઊઠ્યો: 'મેં કહ્યું તમે તો જ્યોતિર્વિદ જણાઓ છો; બેસો.'

નીચેબેસતાં એ જટાધારી બોલ્યો, 'હું શૈવ સંન્યાસી છું. રુદ્રની કૃપાએ મારૂં ત્રીજું લોચન ખુલી ગયું છે. ત્રિકાળને હું મારા નખદર્પણમાં જોઇ શકું છું. તું બહુ નિકટના ભાવિમાં મહાલોકપાલ રૂપે રાજદંડ ધારણ કરીશ તારી યશોદીપ્તિ પાસે આગલા રાજાઓની કીર્તિપ્રભા ઝાંખી પડશે.'

ખૂબ જ શ્રદ્ધા બતાવી મેં એને કહ્યું, 'તમે તો મહાજ્ઞાની છો. હું એક દુષ્કર કાર્યે જઇ રહ્યો છું. તેમાં હું સફળ થઈશ કે નહિ?'

એ ત્રિકાળદર્શી ભ્રૂકુટિ નમાવી થોડી વાર આંખો મીંચી રહ્યા. ને પછી એ બોલ્યો, 'કહે, તું કયાં જાય છે?'

મેં હસીને કહ્યું 'આપ જ કહો.'

ને પછી એણે ભૂમિ પર એક રાશિચક્ર આંકયું. મેં હસીને પૂછ્યું 'આ શું? તમારૂં નખદર્પણ કયાં ગયું?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી તરફ તીવ્ર દૃષ્ટિ ફેંકી એણે કહ્યું, 'આવી સૂક્ષ્મ ગણના માટે આ નખદર્પણ નથી. જ્યોતિષશાસ્ત્રથી અજાણ તું એમાં નહિ સમજે.'

હું નમ્રભાવે ચૂપ રહ્યો. સંન્યાસી ઊંડા ધ્યાન પૂર્વક રાશિચક્રમાં આંકડા મૂકવા લાગ્યો. ઘણી વાર સુધી આંકડા માંડી પછી મોં ઊંચું કરી એ બોલ્યો, 'તમે કોક ગુપ્ત રાજકાર્યે પરરાજ્યમાં જઇ રહ્યા છો. શનિ અને મંગળ દૃષ્ટિવિનિમય કરી રહ્યા છે એથી લાગે છે કે તમે યુદ્ધ અંગેના કોઈ ગૂઢ કાર્યમાં પરોવાએલા છો.' આટલું બોલી પ્રશ્નાત્મક દૃષ્ટિએ એ મારી સામે જોઈ રહ્યો.

હું વિસ્મય પામતો હોઉં એમ બોલ્યો, 'તમે સાચે જ ભવિષ્યવેત્તા છો. તમારાથી છૂપું કંઇ જ નથી. રાજાજ્ઞાએ હું લિચ્છવી બાજુ જઇ રહ્યો છું. શા ઉદ્દેશે જાઉં છું એ તમારાથી છૂપું નહિ જ હોય. હવે કૃપા કરી મારા એક સુહૃદયનું ભાગ્ય જોઈ આપો.' કહી મેં પ્રહરીને જામ્બુવૃક્ષ નીચે આરામ કરતા *કુલિક મિહિરમિત્રને સાદ પાડવા કહ્યું.

કુલિક મિહિરમિત્ર મારી નીચેનો મુખ્ય અને મારો પ્રાણોપમ મિત્ર હતો ભાસ્કર્યમાં એ જેવો નિપુણ હતો તેવી જ પારદર્શિતા એ જ્યોતિષશાસ્ત્રમાં પણ ધરાવતો. ભૃગુ, પરાશર, જૈમિની એને મોઢે હતા. એ આવીને બેઠો એટલે સંન્યાસી તરફ નજર કરીને મેં એને કહ્યું, 'આ જ્યોતિષશાસ્ત્રના મહાપંડિત છે તારૂં ભાવિ એ કહી આપશે.'

મિહિર સંન્યાસી તરફ ફરીને બેઠો. સંન્યાસીને પગથી માથા સુધી બરાબર નિહાળીને પોતાની હથેળી આગળ ધરતાં એણે પૂછ્યું, 'કહો, મારો જન્મ કયા લગ્નમાં છે?'

સંન્યાસીના અંગ-પ્રત્યંગમાં સહજ ચંચળતા ને અધીરતાનાં લક્ષણો દેખાયાં. એણે મિહિરના હાથ તરફ જોયા વિના જ કહ્યું, 'તારૂં અકાળ મૃત્યુ થશે.'

*કુલિક=શિલ્પી અને મજૂરોમાં અગ્ર-મુખ્ય વ્યક્તિ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ભલે થતું; પણ મારો જન્મ કયા લગ્નમા છે તે કહો ને!'

'વૃષ લગ્ને.' સંન્યાસી અચકાતાં અચકાતાં ઉત્તર આપ્યો.

'વૃષ લગ્ને!' મિહિર હસ્યો, 'ઉત્તમ. ને ચંદ્ર કયાં છે?'

'તુલા રાશિમાં'

'તુલા રાશિમાં? વારૂ. કયા નક્ષત્રમાં?'

સંન્યાસી ચૂપ રહ્યો. વ્યાકુળ આંખે એણે ચોતરફ જોયું. ભાગી છૂટવાનો માર્ગ નહોતો. જ્યોતિષીનું નામ સાંભળી ઉત્સુક કામદારો એક પછી એક કરતાં ચારે બાજુ વીંટળાઇ વળ્યા હતા.

મિહિરે અવાજ તીણો કરી ફરી પૂછ્યું, 'ચંદ્ર કયા નક્ષત્રમાં છે?'

સુકાઈ ગએલા હોઠને જીભ વડે ભીના કરતો થોથરાતા અવાજે સંન્યાસી બોલ્યો, 'ચંદ્ર મૃગશીર્ષ નક્ષત્રમાં છે.'

હવે મિહિરમિત્રે મારી તરફ જોઈ જરા હસીને કહ્યું, 'આ માણસ શઠ છે. જ્યોતિષ શાસ્ત્રની એને કશી યે ગતાગમ નથી.'

ને તરત સંન્યાસીએ ઝડપથી ઉભા થઈ કામદારોની મેદનીને ભેદીને ભાગી જવાની મથામણ કરી. એ અસાધારણ બળવાન હતો. પરંતુ વીસ પચીસ માણસ સામે એ એકલો શું કરે? થોડી જ વારમાં સૌએ એને પકડી નીચે પછાડયો ને દોરડાં વડે એના હાથપગ બાંધી લીધા. તે પછી સંન્યાસી બોલ્યો, 'મહાશય, મને નાહકનો આમ બાંધ્યો છે. હું એક ગરીબ ભિક્ષુક માત્ર છું. થોડુંક વધુ કમાવા જ્યોતિષીનો ઢોંગ કરી જોયો, પણ તમે જ્ઞાની મારૂં કપટ જાણી ગયા. હવે દયા કરી મને મુક્ત કરો. મને પૂરતી સજા થઇ ચૂકી છે.'

મેં કહ્યું, 'લુચ્ચા સંન્યાસી, તું કોશલ યા વૃજિરાજનો ગુપ્તચર છે. મને ભોળવી વાત કઢાવવાની તું મહેનત કરતો હતો.'

ભયથી ચીસો પાડતો એ બોલ્યો, 'કુમારીના સોગન, જયંતના સોગન, હું ગુપ્તચર નથી, ભિક્ષુક છું મને છોડી દો. ફરી કદી યે આવું નહિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરૂં. કદી યે નહિ કરૂં. ઓ...મને બહુ તરસ લાગી છે. થોડુંક પાણી—' કહી એ ઓચિન્તો અટકી ગયો.

મેં એક પ્રહરીને કહ્યું કે 'કૂવામાંથી પાણી લાવીને આને આપ.'

પ્રહરી પાણી લાવ્યો. પાત્ર સંન્યાસીના મોં આગળ ધરવામાં આવ્યું. પણ એ નિશ્ચેષ્ટ હતો. પાણી પીવાની કંઈ ઇચ્છા ન જણાઈ. પ્રહરીએ કહ્યું, 'પાણી લાવ્યો છું, લ્યો, પીઓ.'

સંન્યાસી નીરવ-નિસ્પંદિત પડયો રહ્યો. કંઈ જ બોલ્યો પણ નહિ. મેં તેની પાસે જઈ કહ્યું, 'તરસ લાગી છે એમ કહેતો હતો ને ? હવે કેમ પાણી નથી પીતો ?'

એણે ક્ષીણ સાદે કહ્યું, 'હું પાણી નહિ પીઉં.'

જે પ્રહરી પાણી લાવ્યો હતો તે એકાએક પાણીનું પાત્ર ફેંકી દઇ પીડાતો પીડાતો નીચે ઢળી પડયો. 'શું થયું ? શું થયું ?' કહેતાં સૌએ એને ઝાલી લીધો ને જોયું તો થોડીવારમાં જ એનાં મોંના વર્ણમાં અદ્‌ભુત પરિવર્તન આવ્યું. એનું મોં તામ્રવર્ણ થઈ ગયું ને આંખો અસ્વાભાવિક શ્વેત બની ગઇ. એ સર્વાંગે થરથર ધ્રૂજવા લાગ્યો. ધીરે ધીરે મોંઢામાંથી ફીણ નીકળવા લાગ્યાં. જવાબ હવે પૂરેપૂરો સમજાઇ ગયો. 'શું થયું છે ? આમ કેમ થયું ?' આવા અનેક પ્રશ્નોના ઉત્તરમાં એ કેવળ જમીન પર પડેલા પેલા જળપાત્ર તરફ આંગળી ચીંધતો હતો.

ત્યાર બાદ અર્ધ દંડમાં, (દંડ=કલાક) વેદનાથી પીડાતો, હાથપગ પછાડતો એ પ્રહરી આ લોકનો ત્યાગ કરી ગયો. વિષથી વિધ્વસ્ત બનેલો એનો દેહ મૃત્યુના કરસ્પર્શે શાન્તિ પામ્યા પછી, ભેગા મળેલા સૌની નજર પેલા વેશધારી સંન્યાસી પર પડી. ક્રોધાંધ બનેલા લોકોની મોતનો બદલો મોત માગતી એ હિંસક, ભયંકર નિષ્ઠુર દૃષ્ટિની આગથી સંન્યાસી બળી ભડથુ થઇ ગયો.

એક પ વધુ મોડું થયું હોત તો દુર્દમ રોષિત બનેલા લોકોએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એના દેહના ટુકડે ટુકડા કરી નાખ્યા હોત. પરંતુ એ જ પળે સૌને ભેદીને કામદારોમાંનો મુખ્ય, વિશાળકાય દિંગ્નાગ ત્યાં આવી ઉભો. નીચે પડેલા સંન્યાસીને દાઢી પકડી ઊભો કરી, સૌ તરફ ફરી એણે ધીરગંભીરપણે કહ્યું, 'ભાઇઓ, આ ઢોંગી સાધુ શત્રુઓનો ગુપ્તચર છે. આપણા સૌના મૃત્યુની ઇચ્છાએ એણે કૂવાના પાણીમાં વિષ ભેળવ્યું છે. એને યોગ્ય એક માત્ર સજા મૃત્યુ જ છે. એટલે આપણે એને એ સજા જ કરીશું; પરંતુ હમણાં નહિ, તમે સૌ જાણો છો કે જે કામ માટે આપણે જઈ રહ્યા છીએ, તેમાં નર બલિની જરૂર છે. ભૈરવને સંતોષ્યા વિના આપણું કામ સુસંપન્ન નહિ થાય. માટે હમણાં તમે કોઈ આના ઉપર હાથ ઉપાડશો નહિ. યોગ્ય સમયે ગંગાકિનારે આપણે એને જીવતો જીવત સમાધિ આપીશું. આ પાપાત્માની પ્રેતમૂર્તિ અનન્તકાળ સુધી આપણા દુર્ગને પહેરો ભરતી રહેશે.'

દિંગ્નાગની વાતે સૌ શાંત થયા. ત્યાર બાદ મૃત પ્રહરીના દેહને સૌએ મળી કૂવા નજીકના એક વૃક્ષ તળે સમાધિ દીધી ને સન્યાસીને વૃક્ષની ડાળી પર હાથ પગ બાંધીને કોઈ વાદ્યની જેમ ઝુલાવી દીધો.

બીજે દિવસે સવારે ફરી પાછા અમે આગળ વધ્યા ને લગભગ ત્રીજે પહોરે પાટલિગ્રામ પહોંચ્યા. ગંગાકિનારે જંગલ વચ્ચે એ એક નાનું જનપદ હતું. બધા મળીને માંડ પચાસેક ગરીબ કુટુંબો ત્યાં વસતાં હશે. ગ્રામજનો વધુ ભાગે શિકારી યા માછીમાર હતા. જંગલમાં પશુઓનો શિકાર કરીને યા નદીમાંથી માછલાં પકડીને એ લોકો જીવનનિર્વાહ કરતા. જવ, ઘઉં, ચણા વગેરે પણ ખેતર ખેડીને ઉપજાવતા. અમને ટોળાબંધ આવેલા જોઇ તેઓ અમને લુટારા માની ગામ છોડી વેરાન જંગલમાં ભાગવા લાગ્યા. અમે એમને ઘણા યે સમજાવ્યા પરંતુ કોઇએ કંઈ જ ન સાંભળ્યું. પારધીની બીકે હરણાંનાં ટોળાં ભાગે તેમ તેઓ ગાઢ જંગલમાં અદૃશ્ય થઇ ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને ત્યારે અમને જ્યાંથી જે ખાવાનું મળ્યું તે લઈને અમે પેટનો ખાડો પૂર્યો. ગામનું વરસ આખાનું ભેગું કરેલું ખાદ્ય અમારા એક સાંજના ભોજનમાં જ લગભગ ખલાસ થઈ ગયું.

એ દિવસે બીજું કંઈ જ કામ ન થયું. થાકયાપાકયા શ્રમિકોના ટોળાંએ જ્યાં જગ્યા મળી ત્યાં આરામ કરતાં રાત્રિ વીતાવી દીધી.

બીજે દિવસે સવારથી કામની ધમાલ બોલી ગઈ. રણહાથીની પીઠ પર ઢગલેઢગલા ખાદ્યવસ્ત્રાદિ જરૂરી વસ્તુઓ આવવા લાગી. છાવણી નાખવામાં, પત્થર વગેરે યોગ્ય સ્થાને ગોઠવવા વગેરે કામોમાં આખો યે દિવસ કોઇને શ્વાસ હેઠો મૂકવાની વેળા ન રહી.

દૂત દ્વારા મહામંત્રીએ દુર્ગનો નકશો મોકલ્યો હતો, તે લઇને મિહિરમિત્ર અને દિંગ્નાગ સાથે હું દુર્ગનું સ્થાન નક્કી કરવા સંગમ ઉપર ગયો. વર્ષામાં કિનારાને ધોઇ નાખતી આ બંને મહા નદી ફીણાંળાં મોંજાંઓથી ઘૂઘવતી ઘોર નાદે ગાજતી જાણે દોડી જતી હતી. ગંગા ઘૂંઘળી રાખોડી હતી, ને શોણ સોનેરી જણાતી હતી. બેઉ પ્રવાહ જ્યાં મળતા હતા ત્યાં ઘુમરીઓ લેતા પાણી ફીણથી પુષ્પગુચ્છ જેવાં બની ઊઠ્યાં હતાં.

સંગમની દક્ષિણ બાજુએ ઊભા રહીને અમે જોયું કે શોણ અને ગંગાના ભેગા મળતા પ્રવાહના સંગમ-સ્થળે એક વિશાળ દ્વિભુજા સર્જાઈ ગઇ છે. જાણે બંને નદી સામસામા બાહુ પહોળાવી દક્ષિણ કિનારાને ભેટવા મથી રહી છે. ખૂબ નિહાળી નિહાળીને જોયા બાદ વિચારો કર્યા પછી નક્કી કર્યું કે એ દ્વિભુજાની વચ્ચે જ દુર્ગ નિર્માણ કરવો પડેશે, કારણ તેમ કરવાથી દુર્ગ બંને બાજુએ નદી દ્વારા ઘેરાએલો રહેશે ને ખાઇ ખોદવાની જરૂર નહિ રહે.

ત્યાર બાદ ત્યાંનું જંગલ સાફ કરવામાં લોકો કામે લાગી ગયા, મોટાં મોટાં જૂનાં વૃક્ષો કાપી નાખી ભૂમિ સપાટ કરવા માંડી. નીચે પડેલો લાકડકુટ હાથીઓ ઉપાડી ઉપાડીને નદીમાં નાખવા લાગ્યા. મોટાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તોંતીંગ વૃક્ષો તૂટી પડવાની કડેડાટીએ, કામદારો કોલાહલે, હાથીઘોડાના નિનાદે દિશાઓ પ્રકંપિત થઇ ઊઠી. જાણે યુગયુગોની નિદ્રા પછી એ અરણ્ય કોઇ દૈત્યના વિજયનાદે ચમકી ઉઠ્યું.

દિવસ આખાના સતત પરિશ્રમ પછી રાત્રે આહારાદિ પતાવી હું સૂવાની તૈયારી કરતો હતો ત્યાં દિંગ્નાગ મારી સામે આવી ઊભો. એ બોલ્યો, 'નાયક, રાતનો બીજો પહોર થવાને હવે બહુ વાર નથી; આજે દુર્ગારંભ પહેલાં દેવકાર્ય પૂરૂં થવું જોઇએ.'

મેં પૂછ્યું કયું દેવકાર્ય ?'

દિંગ્નાગ બોલ્યો, 'આટલી વારમાં જ ભૂલી ગયા ! પેલા વેશાધારી તપસ્વીને–આજે એને જીવતોજીવત ચણી નાખવો પડશે !'

'ખરું, ખરું. હું તો ભૂલી જ ગયો હતો. બરાબર છે. એને જ્યારે મારી જ નાખવાનો છે, તો એક કાંકરે બે અર્થ સરશે. શત્રને હણાશે, ને દેવતાને પણ સંતોષાશે. પરંતુ એનાં બધાં દૈવ કર્મોમાં શું શું જોઇએ તે તને ખબર છે ?'

દિંગ્નાગ બોલ્યો: 'બીજું કંઇ નહિ. બલિને સુરાપાન કરાવી જ્યારે એ બેભાન થઇ જાય ત્યારે એના કાનમાં બોલવાનું કે 'તું પ્રેતદેહે સદા આ દુર્ગની રક્ષા કરતો રહેજે.' આટલું કહી એને જીવતો દીવાલમાં ચણી લેવો.' 'તેં આ બધી વિધિ કયાંથી જાણી?' મેં વિસ્મય પામી પૂછ્યું.

એણે હસીને ઉત્તર આપ્યો, 'આ કામ મેં અગાઉ પણ કર્યું છે. ધનશ્રી શ્રેષ્ઠીએ ભૂગર્ભમાં ગુપ્ત-રત્નાગાર બંધાવેલો ત્યારે કુલિક હું જ હતો એ વખતે જંગલમાંથી એક વાઘરીને પકડી લાવીને શ્રેષ્ઠીએ નર-ભોગ સંપૂર્ણ કર્યો હતો, ત્યારે હું હાજર હતો.'

'તો આ કામ પણ તું જ કર.' મેં કહ્યું.

'ભલે પણ તમારે ત્યાં હાજર રહેવું પડશે. એટલી જ વિધિ છે.'

'ભલે રહીશ' મેં કહ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિંગ્નાગ ચાલ્યો જતાં હું અનેકવિધ વિચારોમાં મગ્ન થઇને બેઠો હતો તેવામાં એણે દોડતા દોડતા પાછા આવીને કહ્યું, 'નાયક, સર્વનાશ! પેલાએ આપણને દગો દીધો!'

'દગો દીધો?'

'એણે વિષપાન કર્યું છે. એના કવચમાં વિષ છુપાવેલું હતું, જીવતા ચણાવાની બીકે એણે એ ખાધું છે ને પોતાનો અંત આણ્યો છે. હવે શું કરવું? શો ઉપાય?'

'શાનો?'

'માનતા માની છે. બલિ નહિ આપીએ તો સર્વનાશ થશે. રુદ્ર કોપશે' ને દિંગ્નાગ નીચે બેસી ગયો.

વાત ચિંતાજનક હતી. ગમાર સંન્યાસી થોડી વધુ વાર ખમી ન શક્યો. કદાચ અમને ઉપયોગી ન બનવા માટે જ એણે આમ કર્યું હશે. આ બાજુ આમંત્રિત દેવતા રાહ જોઇ રહ્યા છે, હવે અત્યારે બીજો બલિ ક્યાંથી મોકલવો?

વધુ ચિન્તામાં પડી વિચાર કરતો હતો ત્યાં શિબિરના પ્રહરીએ આવી કેટલાક મુંડિત મસ્તકવાળા ભિખારીઓ છાવણીમાં આશરો શોધતા આવ્યા હતા તેમને પોતે પકડી રાખ્યા છે એવી ખબર આપી અને આજ્ઞા હોય તો અહીં લઇ આવું એમ પૂછ્યું.

દિંગ્નાગ કુદકો મારી મહા આનંદે મોંટેથી બોલી ઊઠ્યો, 'જય રુદ્રેશ્વર! જય ભૈરવ!...નાયક! દેવતાએ પોતે જ ભોગ પાઠવ્યો છે!'

આટલી સરળતાપૂર્વક બલિ-સમસ્યા પતી જશે એમ નહોતું ધાર્યું. ને ભિખારી સિવાય બીજો સારો બલિ બીજે ક્યાં મળી શકે? દિંગ્નાગે સાચું જ કહ્યું હતું કે સ્વયં દેવતાએ જ બલિને મોકલ્યો હતો. બધા મળીને ચારપાંચ ભિક્ષુક હતા. પરિધાનમાં કૌપિન, સંઘાટી[૧]

૧ ભિક્ષુકે પહેરવાનાં કપડાનાં ત્રણ કટકામાંનો એક-કટિવાસ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ઉત્તરીય. હાથમાં ભિક્ષાપાત્ર. એમને અમારી સન્મુખ રજૂ કરવામાં આવ્યા. એ બધા જ પ્રૌઢ હતા,—એક સિવાય. એક વૃદ્ધ હતો. લગભગ સિત્તેરેક વર્ષ એ વટાવી ગયો હશે. સ્મિત કરતાં એ બોલ્યો, 'મંગલ થજો!'

એ વૃદ્ધ તરફ જોતાં જ મારો સમસ્ત અંતરાત્મા જાણે વિદ્યુત્-સ્પર્શે જાગી ઊઠ્યો. હું કોણ છું, ક્યાં છું એ બધું પલવારમાં હું ભૂલી ગયો. માત્ર હૃદયમાં એક અદમ્ય ઊર્મિ જાગી ઊઠી. રહી રહીને મન જાણે પૂછતું હતું કે 'આ કોણ છે? એવું સુંદર, એવું મધુર એવું કરુણાભીંજ્યું મોં માનવીઓમાં તો ક્યારે યે જોયું નથી! દેવતાઓના મોં ઉપર જે જ્યોતિમંડળની કલ્પના કરી હતી, તે આજે આ વૃદ્ધના મોં પર પહેલી વાર પ્રત્યક્ષપણે જોયું. આ જ્યોતિની સ્ફૂરણા બહાર અતિ અલ્પ હતી, પણ આંખોની અંદર દૃષ્ટિ કરતાં મનમાં થતું જાણે અપરંપાર તેજસ્વી સ્થિર સૌદામિની એમાં સળગે છે. પરંતુ એ સૌદામિનીમાં જ્વાળા નથી. એ અતિ સ્નિગ્ધ, અતિ શીતળ છે. જાણે હિમનિર્ઝરિણીનું ઝરેલું જળબિન્દુ.'

એ મૂર્તિ તરફ નિહાળી નિહાળીને જોતાં મારા હૃદયમાં માત્ર એક ભાવ, એક જ શબ્દ વારંવાર રણકવા લાગ્યો: 'અમિતાભ! અમિતાભ!'

મને મૌન બેસી રહેલો જોઇ એ ફરી હસ્યા. અપૂર્વ પ્રભાએ એ મોં ફરી પ્રકાશી ઉઠ્યું. એ બોલ્યા, 'વત્સ, અમે પ્રવાસી–પરિવ્રાજક ભિક્ષુ છીએ. કુશીનગર જવાનું નિર્માણ છે. આજ રાત માટે તારો આશરો માગીએ છીએ.'

મેં ભરાએલા કંઠે પૂછ્યું, 'તમે કોણ છો?'

એમના એક સહચારીએ ઉત્તર આપ્યો, 'શાક્યસિંહ ગૌતમનું નામ કદી સાંભળ્યું નથી?'

'શાક્યસિંહ? ! આ જ શું પેલા શાક્યવંશી રાજભ્રષ્ટ યુવરાજ ? !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



મહામંત્રી વર્ષકારના શબ્દો મને યાદ આવ્યા. આમને માટે જ એમણે કહ્યું હતું કે "ધૂર્ત, કપટી, પરસ્વલુબ્ધ ?!" અહાહા ! કોણ ધૂર્ત ને કપટી ? માણસ તો ઘણા યે જોયા છે, પણ આવો માનવી તો આજે આ પહેલો જ જોયો. હાય, મહામંત્રી વર્ષકાર, તમે આ નરપુંગવ—આ પુરુષસિંહને જોયો નથી, યા જોવા છતાં તમે આત્માભિમાને અંધ હશો. નહિ તો એના વિષે આવા શબ્દો તમે કદી ન કાઢો."

મારા હૃદયમાંના પ્રબળ રુદનનો ઉચ્છ્વાસ આખા દેહને કંપાય-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માન કરવા લાગ્યો. મારા આજ સુધીના વહી ગએલા જીવનની અપરિમેય શૂન્યતા ને અશેષ દૈન્ય જાણે એકી સાથે મારી સામે આવી ઊભાં! શું મળ્યાથી આજ સુધી હું એમને વિસરી ગયો હતો?

મેં ઊભા થઇ એમના ચરણે સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા ને કહ્યું, 'અમિતાભ× હું અંધ છું. મને આંખો આપો. મને પ્રકાશનો પથ બતાવો, હે દેવ!'

ને અમિતાભે મને તેડી લીધો. મારા શિર પર હાથ ફેરવી એ બોલ્યા, 'પુત્ર, આશીર્વાદ આપું છું કે તારા અંતરની આંખો ઉઘડી જાઓ. તું આપમેળે પ્રકાશનો દિવ્ય પથ જોઇ શકીશ.'

હું ફરી એમના પગે બાઝી પડયો. મેં કહ્યુ, 'ના શ્રીમન્, મારા હૃદયમાં અંધકાર છે. આજે પહેલી વાર આપના મોં પર મેં દિવ્ય જ્યોતિનાં દર્શન કર્યાં છે. એ જ્યોતિનો એક કણ મને દાન આપો.'

એક ભિક્ષુએ કહ્યુ, 'ગુરુદેવ, આપ આને ત્રિશરણનું*દાન કરો.

વૃદ્ધ બોલ્યા, 'આનંદ, ભલે એમ જ થતું.' ને મારા મસ્તક ઉપર હાથ મૂકી એ બોલ્યા, 'પુત્ર, તું ત્રિશરણ ગ્રહણ કરી ગૃહસ્થનાં અષ્ટ શીલ પાળજે. આશીર્વાદ આપું છું કે તું વાસનામુક્ત થજે...'

ને ત્યારે બુદ્ધના ચરણ પાસે બેસી, પૂર્ણપણે એમનામાં જ ચિત્ત ચોડી હું ત્રણ વાર ત્રિશરણ મંત્ર બોલ્યો.

પાસે જ ઊભેલો દિંગ્નાગ—દુર્ધર્ષ, નિષ્ઠુર, આસૂરી પ્રકૃતિનો દિંગ્નાગ અશ્રુભીની આંખે રુદન કરવા લાગ્યો. એના વિકૃત કંઠમાંથી શા શા શબ્દો બહાર નીકળતા હતા તે સમજાયું નહિ.

જાણે આ થોડી પળોમાં એક મહા ધરતીકંપે અમારૂં અતીત

× બુદ્ધ *ત્રિશરણ='બુદ્ધમ્ શરણમ્ ગચ્છામિ, ધમ્મમ્ શરણમ્ ગચ્છામિ, સંઘમ્ શરણમ્ ગચ્છામિ' એ મંત્ર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવન જમીનદોસ્ત થઈ ગયું અમે કીડા હતા તેમાથી એક પળમાં માનવી બની ગયા.

બીજે દિવસે સવારે તથાગત અને એમના શિષ્યો કુશીનગર તરફ સિધાવ્યા. હિરણ્યબાહુના સુવર્ણ-કિનારે ઊભા રહી, મારો હાથ ઝાલી એમણે કહ્યુ, 'પુત્ર, અમે જઇએ છીએ. આટલું યાદ રાખજે કે હિંસાથી હિંસાનો નાશ નહિ થાય, વૃદ્ધિ જ થશે.'

ગદ્‌ગદ્ કંઠે મેં કહ્યુ, 'ગુરુદેવ, ફરી કયારે દર્શન દેશો ?'

ને એમના મોં પર હિમવિદ્યુત્ જેવું હાસ્ય રમી ગયું. એમણે કહ્યું, 'હું કુશીનગર જાઉં છું. હવે ત્યાંથી પાછો નહિ ફરૂં.'

ત્યાર બાદ ઘણાં લાંબા સમય સુધી એકી ટશે ગંગા-શોણ સંગમની દુર્ગભૂમિ તરફ નિહાળી આખરે સ્વપ્ન ઘેર્યા કંઠે એ બોલ્યા, 'હું જોઈ શકું છું કે તારી આ કીર્તિ ઘણાં-સહસ્ત્રો વર્ષો સુધી સ્થાયી રહેશે. આ ક્ષુદ્ર પાટલિગ્રામ અને તારો નિર્મિત આ દુર્ગ એક મહાન નગરીમાં પરિણિત થશે. વાણિજ્યે, ઐશ્વર્યે, કળાએ, ગૃહઉદ્યોગોએ, જ્ઞાન અને વિજ્ઞાને એ નગરી પૃથ્વીમાં અદ્વિતીય સ્થાન પામશે. સદ્ધર્મ અહીં દૃઢ પ્રતિષ્ઠા પામશે. તારી કીર્તિ શાશ્વતી બનશે.'

આટલું કહી, ફરીને મને આશીર્વાદ આપી, એ દિવ્યદર્શી પરિનિર્વાણના પંથે પડયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રક્ત સંધ્યા

માનવીના સહજ સાધારણ, વિવિધતા વગરના જીવનપ્રવાસ દરમ્યાન ક્યારેક ધરતીકંપની જેમ એવા પ્રસંગો બની જાય છે કે જેને તેની આજુબાજુના સંજોગો સાથે સરખાવતાં એક અસંભવિત-અશક્ય પ્રસંગ જ કહેવો પડે. આજે અહીં જે વાર્તા કહેવા બેઠો છું, તે પણ એક દિવસ તદ્દન અણધારી જ મારા જીવનપથમાં આવી ઊભી હતી. જો કે એની સાથે મારો સંબંધ માત્ર એક દર્શક હોવા ઉપરાત બીજો કંઈ જ નથી; છતાંયે મારા મન ઉપર આ વાર્તાના વસ્તુએ એક એવી ઊંડી અસર મૂકી છે કે કદાચ જીવનના અંત સુધી-આખરી દિવસ સુધી પણ એ નહિ ભુંસાય.

જે માણસની વાત આજે અહીં લખવા બેઠો છું તે આજથી સાત દિવસ પહેલાં હાઈકોર્ટનો ફેંસલો માથે ચડાવીને પરલોકની સફરે ઊપડી ગયો છે, એટલે સાક્ષી કે સાબિતી રજૂ કરવાનો કોઈ ઉપાય નથી છતાં સમાચાર-પત્રોની કટારોમાંથી તથા ગુનેગારના મુકદ્દમા વેળા સાક્ષીઓની જુબાનીમાં સાંભળેલી જે જે હકીકત આ વાર્તાને ઉપયોગી હશે એનો ઉપયોગ કરીશ. આને સત્ય માનવા હું કોઈને કહેતો નથી. અને જેઓ આને તદ્દન ગપગોળો માની હવામાં ઉડાડી નાખવા માગતા હોય તેમની સામે મારે કંઈ ફરિયાદ પણ નથી. મને તો માત્ર એટલો જ વિચાર આવે છે કે જે માણસે મૃત્યુ પહેલાં પોતાની જાતને ગુનામાંથી છોડાવવા લેશમાત્ર પ્રયાસ નથી કર્યો તે આટઆટલું બીનજરૂરી અસત્ય બોલી જ કેમ શકે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ સમયે પ્રગટ થતાં દૈનિક અખબારોમાંના એક 'કાલકેતુ' માં આ સંબંધે જે સમાચાર પ્રગટ થયા હતા, તે જ પ્રથમ અહીં મૂકું છું :

'ગઈ કાલે લગભગ સવારના સાડા નવ વાગે અત્રેની દુર્ગાચરણ બૅનરજી લેઈનમાં આવેલી એક કસાઇની દુકાનમાં ભીષણ હત્યાકાંડ બની ગયો. દુકાનદાર ગુલામ-કાદર નિત્યની જેમ માંસ વેચતો હતો. દુકાનમાં કેટલાક ફિરંગી અને મુસલમાન ગ્રાહકો હાજર હતા. એવે સમયે એક અજાણ્યા ફિરંગીએ આવી થોડુંક ગૌ-માંસ માગ્યું. એને જોતાં જ દુકાનદાર ગુલામ-કાદર એક ભયંકર ચીસ પાડતો, હાંથમાં માંસ કાપવાનો છરો લઈ તેના ઉપર તૂટી પડ્યો, અને નિર્દયતાપૂર્વક તેની છાતી, પેટ તથા મોં ઉપર, જેમ ફાવ્યું તેમ છરાના ઘા કરવા લાગ્યો. ફિરંગી ધરતી પર ઢળી પડતાં ગુલામ-કાદર તેની છાતી પર ચડી બેસી તેના પર છરીના ઘા કર્યે જતો હતો ને સાથે સાથે પ્રત્યેક વેળા બોલતો હતો કે 'વાસ્કો-ડા-ગામા ! લે, આ મારી સ્ત્રી વતી;—આ મારી પુત્રી વતી,—આ મારા વૃદ્ધ પિતા વતી.' આ વેળા દુકાનમાં જે જે હતા તે સૌ, ફવાડાં ઊભાં કરે એવો આ બનાવ જોઈ ઝપાટાબંધ ત્યાંથી પોબારા ગણી ગયા હતા ને તેમણે જ પોલીસને ખબર આપ્યા હતા. પોલીસે આવી ગુલામ-કાદરને ગિરફતાર કર્યો, ત્યારે પણ તે અજાણ્યા ફિરંગીના મૃતદેહ ઉપર છરી વડે ઘા કરતો હતો ને અગાઉની જેમ જ બકતો હતો કે 'વાસ્કો-ડા-ગામા! લે આ મારી સ્ત્રી વતી, આ મારી પુત્રી વતી, આ મારા વૃદ્ધ પિતા વતી.'

ગુલામ-કાદર ઓચિન્તો, એકાએક પાગલ બની ગયો હોય એમ લાગતું હતું, કારણ મરનાર ફિરંગી સાથે એને કંઇ જૂની ઓળખાણ હોવાનું જાણમાં નથી. વળી એની પત્ની, પુત્રી કે વૃદ્ધ પિતા કોઇ જ અત્યારે હયાત નથી. વધુ તપાસ કરતાં માલૂમ પડે છે કે ગુલામ-કાદર આજ પંદર વર્ષથી વિધુર છે. એની પત્ની એક મૃત પુત્રીને જન્મ આપી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૃત્યુ પામી હતી. ત્યાર બાદ એણે ફરી લગ્ન કર્યાં નહોતાં.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે મરનાર માણસ ગોવાથી તાજેતરમાં જ અહીં આવેલો એક પોર્ટુગીઝ ફિરંગી હતો અને ધંધાર્થે થોડા દિવસ પહેલાં જ કલકત્તા આવી એક સામાન્ય હૉટલમાં રહેતો હતો. એનું નામ ગૅબ્રિયલ ડિરોજા હતું.

ગુલામ–કાદર અત્યારે થાણા ચોકીમાં છે. ડિરોજાનું શબ તપાસ માટે ઍસ્પિતલમાં મોકલવામાં આવ્યું છે.''

આ બનાવ જ્યાં બન્યો એની બહુ નજીકમાં જ મારૂં ઘર હતું. આરોપી ગુલામ–કાદર સાથે મારે મોઢાની ઓળખાણ પણ હતી અને એથી જ આ બનાવથી હું આકર્ષાયો હતો. ઉપરાંત, બીજી એક વાતે મારામાં કુતૂહલ જન્માવ્યું હતું અને તે વાસ્કો-ડા-ગામાનું નામ. નાનપણથી જ હું ઇતિહાસનો ભક્ત હતો, તેથી જ્યારે એકાએક કસાઇખાનાના હત્યાકાંડમાં આ ઇતિહાસ–વિખ્યાત નામ સાંભળ્યું ત્યારે હું ચોકી ઉઠયો. મારૂં મન ઉત્તેજિત થઈ ગયું. 'વાસ્કો-ડા-ગામા' એ નામ સામાન્ય જનતામાં પ્રચલિત નથી. એક અભણ મુસલમાન કસાઇને મોઢે એ નામ આવી સ્થિતિમાં ઉચ્ચારાતું જોઇ કોઈક ગુપ્ત 'રોમાન્સ'ની ગંધે મારૂં મન ભરાઈ ગયું. કેવું અદ્‌ભુત રહસ્ય આ ભયંકર હત્યાકાંડ પાછળ છુપાયું હશે? કોણ હશે એ ગ્રેબ્રિયલ ડિરોજા-જેને હત્યારા ગુલામકાદરે વાસ્કો-ડા-ગામા કહીને સંબોધ્યો? કે પછી શું સાચે જ વાતોડિયાનો બેજવાબદાર બકવાદ હતો?

એ ગમે તેમ હો. મારૂં કુતૂહલ એટલું વધી ગયું હતું કે જે દિવસે આ મુકદ્દમો કૉરોનરની કોર્ટમાં નીકળવાનો હતો તે દિવસે હું જરા વહેલો વહેલો અદાલતમાં ગયો. કૉરોનર ત્યારે આવ્યા નહોતા; પણ આરોપીને હાજર કરવામાં આવ્યો હતો. એની ચારે બાજુ પોલીસ ઘુસપુસ કરી રહી હતી. આરોપીના હાથે હાથકડી હતી. એક સ્ટૂલ ઉપર એ મૂંગો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂગો બેઠો હતો. જોતાંવેંત જ એ મને ઓળખી ગયો, ને હાથ ઊંચા કરી એણે મને સલામ કરી. પાગલાઇનાં લક્ષણ જરા યે ન દેખાયાં, તદ્દન સાજાસારા માણસ જેવો એ દેખાતો હતો. એના મોં પર ભય કે આતુરતાનું કંઈ જ નિશાન નહોતું. જોનાર કોઈ કહી ન શકે કે આ જ માણસે બે દિવસ પહેલાં ગજબની નિર્દયતાપૂર્વક એક માણસનું ખૂન કર્યું હશે.

કૉરોનર આવ્યા. અદાલતનું કામ શરૂ થયું. સૌ પહેલાં ડૉક્ટરે જુબાની આપતા કહ્યું કે 'મૃત દેહ ઉપર છરીના બધા મળીને સત્તાવન ઘા જોવામાં આવ્યા છે. એ સત્તાવનમાંથી કયો ઘા મૃત્યુનું કારણ બન્યો તે કહેવું મુશ્કેલ છે, કારણ બધા જ ઘા સમાન ભયંકર હતા.'

ડૉક્ટરની જુબાની પૂરી થતાં જયોર્જ મૅથ્યુસ નામના એક હિંદી ખ્રિસ્તીને સાક્ષી તરીકે બોલાવવામાં આવ્યો. બીજા સવાલ-જવાબ પછી સાક્ષીએ જણાવ્યું કે 'છેલ્લા દસ વરસથી ગુલામકાદરને ત્યાંથી જ માંસ ખરીદું છું! પરંતુ કદી યે મેં એને જરા પણ તોફાન કરતો જોયો નથી. સ્વભાવે એ ખૂબ શાંત ને શિષ્ટ માણસ છે.'

પ્રશ્ન—જ્યારે એ મરનાર ઉપર આક્રમણ કરતો હતો ત્યારે એ સ્વાભાવિક સ્થિતિમાં નહોતો શું? તમને શું લાગે છે?

ઉત્તર—મરનાર દુકાનમાં નહોતો પ્રવેશ્યો ત્યાં સુધી એ સ્વાભાવિક સ્થિતિમાં હતો. અમારી સાથે સહજ ભાવે વાતચીત કરતો હતો. પણ ડિરોજાને જોતાંવેંત જ એ પાગલ બની ગયો હતો.

પ્રશ્ન—તમને શું લાગે છે, આરોપી મરનારને પહેલેથી ઓળખતો હતો?

ઉત્તર—હા, પણ એનું ખરૂં નામ ન બોલતાં એ 'વાસ્કો-ડા-ગામા' ના સંબોધનની જ એને સંબોધતો હતો.'

પ્રશ્ન—ડિરોજા ઘાયલ થઇને કંઈ બોલ્યો હતો?

ઉત્તર—ના.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્ન—આરોપી દારૂ પીતો હતો યા બીજો કોઇ નશો કરતો હતો?

ઉત્તર—મેં કયારે ય એને દારૂ પીતો કે એવો કોઇ નશો કરતો કે નશો કરીને મત્ત બનતો જોયો નથી.

પ્રશ્ન—આરોપીના લક્ષણ ઉપરથી શું તમને લાગતું હતું કે કોઇ વેરનો બદલો વાળવા એ ડિરોજાનું ખૂન કરે છે?

ઉત્તર—હા, એના બોલવા ઉપરથી તથા મોં પરના ભાવો પરથી મને થયું હતું કે ડિરોજાએ અગાઉ એની સ્ત્રી, પુત્રી તથા વૃદ્ધ પિતા પર કંઇ અત્યાચાર કર્યો હોવો જોઇએ.

આ પછી બીજા પણ કેટલાક સાક્ષીઓની લગભગ આવી જ જુબાની પછી પોલીસના ડેપ્યુટી કમિશ્નર જુબાની આપવા ઉભા થયા. એમણે કહ્યું કે ગોવાથી ખબર મળ્યા છે કે ડિરોજા ત્યાંનો એક સાધારણ વેપારી છે. એ જાતે ફિરંગી પોર્ટુગીઝ છે ને ઉમરે લગભગ બતાળીસ વર્ષનો છે. આ પહેલાં કદી યે એ ગોવા બહાર ગયો નથી. જીવનમાં આ પહેલી જ વાર કલકત્તામાં પગ મૂક્યો છે. આરોપી વિષે ડેપ્યુટી કમિશ્નરે કહ્યું કે આરોપીને આત્મીય સ્વજન સ્ત્રી પુત્ર કુટુંબ કંઇ નથી. વધુ તપાસમાં જાણવા મળે છે કે છેલ્લાં ત્રીસ વર્ષમાં એણે કદી યે કલકત્તા બહાર પગ મૂક્યો નથી. એનું વય લગભગ સુડતાલીસ વર્ષનું છે. એટલે ડિરોજાને આ અગાઉ કયારેય તે મળ્યો હોય એ સંભવિત પણ લાગતું નથી.

અત્યાર સુધી ચૂપ રહેલો આરોપી હવે બોલ્યો: 'ડા-ગામાને મેં ઘણી વાર જોયો છે.'

પળવારમાં અદાલતનો એ ઓરડો એકદમ નીરવ થઇ ગયો. કૉરોનરે ડેપ્યુટી કમિશ્નરને મૌન રહેવાનો સંકેત કરી આરોપીને પૂછ્યુ, 'તું ડિરોજાને પહેલેથી જાણે છે?'

આરોપી—ડિરોજાને મેં કદી યે જોયો નથી. વાસ્કો-ડા-ગામાને હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓળખું છું. વાસ્કો-ડા-ગામા ગુપ્ત વેશે મારે ત્યાં માંસ ખરીદવા આવ્યો હતો.

આરોપી તરફ વેધક નજર ફેંકતાં કૉરોનરે પૂછ્યું, 'વાહ, વાસ્કો-ડા-ગામાને આ પહેલાં તેં ક્યાં જોયો હતો?'

આરોપી—મેં સૌ પહેલો જોયો હતો કલિકટ બંદર ઉપર, ને છેલ્લો જોયો હતો સમદરની છાતી ઉપર...આટલું બોલી આરોપી ઓચિંતો અટકી ગયો. જોયું તો એની આંખો અને ચહેરો લાલચોળ બની ગયાં હતાં. એના મોંમાંથી વાત બહાર નીકળતી નહોતી. એ એકવાર ફંઘાએલા સાદે 'યા ખુદા' બોલ્યો, ને બે હાથે મોં ઢાંકી બેસી ગયો. બીજુ કંઈ જ એ ન બોલ્યો.

ત્યાર બાદ યોગ્ય સમય સુધી વિચાર કર્યા બાદ કૉરોનરે અભિપ્રાય વ્યક્ત કર્યો કે ક્ષણિક પાગલપણને વશ થઈ ગુલામ-કાદરે ડિરોઝનું ખૂન કર્યું છે.

હું જ્યારે કોર્ટમાંથી બહાર નીકળી રસ્તા ઉપર આવીને ઊભો રહ્યો ત્યારે મારૂં માથું ધમધમી ઊઠ્યું હતું. 'કલિકટ,–સમદરની છાતી ઉપર!' આરોપી આ બધું શું બોલી ગયો? બીજી પણ કેટલીક વાત. કોણ જાણે કેવી યે અપૂર્વ વાત આ મૂર્ખ, અભણ કસાઇ ગુલામ-કાદરના હૈયામાં છુપાઇને પડી હશે? કારણ તે પાગલપણનો દેખાવ તો નહોતો જ કરતો એ નક્કી હતું. એની કોઇપણ વાત કે ક્રિયા પાગલ જેવી નહોતી. છતાં એકાદ બે અસંબદ્ધ વાતો દ્વારા ભૂતકાળના પડદાનો એક છેડો જરા ઊંચો કરી એ કેવી એક અદ્‌ભુત રહસ્યકથાનો સંકેત કરી ગયો હતો!

એ પછી ગુલામકાદર પર શું શું વીતી તે વિસ્તારથી વર્ણવવાની જરૂર લાગતી નથી. અદાલત આધીન થઈ મુકદ્દમો હાઇકોર્ટમાં ગયો. હાઇકોર્ટના ન્યાયાધીશ બહાદુરે ગુલામકાદરને એક મહિનો એક ખાસ ડૉક્ટરની ત્યાં નજરકેદ રાખવાનો હુકમ આપ્યો, એક મહિના પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડૉકટરનો રિપોર્ટ આવ્યો: 'ગુલામકાદર એકદમ સ્વસ્થ માનવી જેવો પૂરેપૂરો સ્વસ્થ માનવી છે. ગાંડપણનું રજમાત્ર નિશાન એનામાં નથી.' ત્યારબાદ ફરીથી એનો ન્યાય તોળાયો. ગુલામકાદરે એના વકીલની સલાહને સાફ ભાષામાં જણાવી દીધું કે 'મેં ખૂન કર્યું છે, અને એ માટે મને જ માત્ર દિલગીરી કે દુઃખ નથી. જો હજુ પણ ફરી કયારે ય એ મને મળે તો આ જ રીતે હું તેનું ખૂન કરું–કરીશ.'

ને હાઇકોર્ટને નિરૂપાય થઇ એને ફાંસીની સજા આપવી પડી.

હું આખર સુધી અદાલતમાં હાજર રહ્યો હતો. ગુલામકાદરના જીવન-નાટક પર ઇન્સાફનો આ આખરી પડદો પડયો, ને હું એક ઊંડો નિશ્વાસ મૂકી બહાર નીકળ્યો. ફેંસલામાં એને મુક્તિ મળશે એવું મેં માન્યું જ નહોતું; છતાં યે એને મળેલા ચુકાદાથી વિના કારણે મારૂં મન ખૂબ જ ખરાબ થઈ ગયું. હૃદયને છાને ખૂણે, વારંવાર આ સંશય ઊઠવા લાગ્યો કે આ ન્યાયમાં સાચો ન્યાય નથી થયો, કયાંક જાણે એક બહુ જરૂરી સાબિતી બાકી રહી જતી હતી.....

હું આ બધું વિચારતો હતો, ત્યાં પોલીસો આરોપીને લઈ બહાર નીકળ્યા. મેં ગુલામકાદર તરફ જોયું કે તુરત એણે ઇશારો કરી મને પાસે બોલાવ્યો. હું એની પાસે ગયો, ને એ ગળું ખંખારી બોલ્યો: 'બાબુજી, તમે મારા મુકદ્દમામાં શરૂથી આખર સુધી હાજર રહ્યા છો એ મેં જોયું છે. હવે હું તો મોટી સફરે ઉપડી જવાનો, પણ મારી છેવટની એક આરઝૂ છે. જેલમાં એકવાર મને મળવા આવજો. મારે કંઈક કહેવાનું છે.'

'નક્કી આવીશ.' મેં જવાબ આપ્યો.

ને હાથકડીએ બંધાએલા બે હાથ ઊંચા કરી મને સલામ કરી એ જેલની કાળી બસમાં બેઠો અને બસ ઉપડી ગઈ.

એ પછી કઇ રીતે એને મળવા માટે રજા મેળવીને હું એને જેલ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માં મળ્યો એ વાત અહીં જરૂરી નથી. ફક્ત દુનિયાના ઉતાર જેવા હલકટ ગુનેગારોની વચ્ચે બેઠાંબેઠાં મોતના બે દિવસ અગાઉ એણે જે વાત મને કહેલી તેનો અનુવાદ જ અહીં આપી દઉં છું.

ગુલામકાદરે શરૂઆત કરી:

'બાબુજી, મારી આ વાત ખરી માનો યા ખોટી, પરંતું હું પાગલ નથી એટલું તો તમે સ્વીકારો જ છો એમ હું માની લઉં છું. પુસ્તકો મેં વાંચ્યા નથી, જિંદગી આખી માંસ વેચવામાં જ વીતાવી છે. જોડીજોડીને વાત કહેતાં મને આવડતી નથી, ને એટલી મારી તાકાત પણ નથી. એટલે આજે જે કાંઇ કહીશ એ મેં જે નજરોનજર જોયું છે ને અનુભવ્યુ છે એમાંથી જ હશે. છતાં આ બધી વાત મારા આ ગુલામકાદરના જીવનમાં નથી બની એ પણ નક્કી છે. હું અભણ માણસ તમને આ બધું કઇ રીતે સમજાવું એની મને ગમ નથી, છતાં એટલું કહી શકું કે આ વાત આજની નથી, યુગયુગો જૂની છે.

હવે માંડીને વાત કહું. પંદર સોળ વર્ષ પહેલાં મારી પત્ની એક પુત્રીને જન્મ આપતાં સુવાવડમાં જ મૃત્યુ પામી. પુત્રી પણ મૃત્યુ પામી. શા માટે, કેમ કરીને એ તો ખબર નથી; પણ ત્યારથી જ મારા મનમાં એક માન્યતા ઘર કરી ગઇ કે કો'ક દુશ્મને મારી પત્ની અને પુત્રીની નિષ્ઠુરતાપૂર્વક હત્યા કરી છે અને શોકને બદલે ક્રોધ અને બદલો લેવાની વેર-વૃત્તિ મારા અંતરમાં ભભૂકી ઉઠી. મનમાં સદૈવ થયા કરતું કે જો કદિયે એ અજાણ દુશ્મનનો ભેટો થઇ જાય તો એના શરીરના કટકેકટકા કરી એનો બદલો લઉં.

થોડાક દિવસ આમ વીત્યા બાદ હું સમજી શકયો કે એ મારી ભ્રાન્તિ હતી. સત્ય ઉપર એનું જરા જેટલું યે મંડાણ નહોતું. ને પછી તો જેમજેમ દિવસો જવા લાગ્યા તેમતેમ મારો શોક અને ક્રોધ વિસરવા માંડયા છતાં ફરી લગ્ન તો ન જ કરી શકયો ને કદાચ મારૂં જીવન એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ સહજપણે વહી પણ જાત, જો એક અશુભ પળે પેલો માણસ મારી દુકાને ન આવ્યો હોત તો.

સાંભળ્યુ છે કે માણસ પાણીમાં ડૂબતાં એના ગત જીવનની બધી યે ઘટના છાયાચિત્રની જેમ એની આંખનાં પોપચાં ઉપર જોઇ શકે છે. આ માણસને જોતાં જ મને પણ એવી અસર થઇ. એક જ પળમાં હું ઓળખી ગયો કે એ તે જ હૃદયવિહોણો રાક્ષસ છે જેણે મારી પત્ની, પુત્રી તથા વૃદ્ધ પિતાને ઘાતકી રીતે હણ્યાં હતાં. એ બધાં યે દૃશ્યો મારી નજર સમક્ષ ચિત્રવત્ તરવરી ઊઠ્યાં. ડૂબુંડૂબું થઇ રહેલા એ જહાજ ઉપરથી મરણોન્મુખ અસહાય યાત્રિકોનો એ હાહાકાર મારે કાને પડવા લાગ્યો. વાસ્કો-ડા-ગામાનું એ ક્રૂર હાસ્ય હું જાણે ફરીથી જોતો હતો.

આપણા જજ સાહેબો ખૂનનું કારણ શોધતા હતા, પણ તમે જ કહો કે આવી હાલતમાં મારે એમને કહેવું પણ શું? અને મેં કહ્યુ હોત તો એને સમજી પણ કોણ શકત?

તમે કદાચ સમજી શકશો,—તમારા ચહેરા પરથી અને આંખો પરથી હું એટલું નક્કી જાણી શકયો છું એથી જ તમને આટલી તકલિફ આપી છે. આનો ખાસ કંઇ જ અર્થ નથી તે હું જાણું છું, છતાં આથી મારો હૃદય-ભાર જરા હળવો બનશે આ સિવાય મારો બીજો કંઇ જ સ્વાર્થ નથી.

આ મારા કસાઇજીવનનો ઇતિહાસ અહીં જ પૂરો કરૂં છું. હવે જેની વાત કહું છું એનું નામ છે મિરઝા દાઉદ બિન ગુલામસિદ્દકી. હું જ એ મિરઝા દાઉદ છું એ વાત હમણાં ભૂલી જજો. માનજો કે આ કોઇ બીજાની જ વાત છે.

કલિકટનું નામ તો તમે સાંભળ્યું જ હશે. એ મલબાર કિનારા પરનું એક નાનું એવું પણ અતિ સોહામણું, રત્નકણિકા જેવું એક નગર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રભાતના છડીદાર કુકડાની પહેલી બાંગ જેટલે દૂર સુધી સંભળાય એટલી એની સીમા છે. નગરની પાછળ નાના નાના પર્વતો, કાંકરિયાળાં સપાટ મેદાનો, અને એની પાછળ વાદળ સાથે વાતો કરતો પશ્ચિમઘાટ સહ્યાદ્રિ એ પ્રદેશને આખી દુનિયાથી જાણે જુદો પાડીને ઘેરી વળ્યો છે. સામેના અફાટ સમુદ્ર સિવાય કલિકટમાં પ્રવેશવાનો કે ત્યાંથી બહાર નીકળવાનો બીજો કોઇ માર્ગ જ નથી. આ સમુદ્ર માર્ગે અગણિત વ્યાપારી જહાજો કલિકટ બંદરમાં પ્રવેશતાં ને ફરી શઢ ચઢાવી એ જ દરિયાઇ માર્ગે અદૃશ્ય થઇ જતાં. કલિકટ જાણે સારી જહાં-વિશ્વ સમગ્રનાં વ્યાપારીઓનું મુસાફરખાનું હતું.

પાંડુવર્ણી ચીનાઓ, તાંબાવર્ણી બંગાળાઓ, રક્તવર્ણી પારસિક (ઇરાનીઓ) અને કૃષ્ણવર્ણી મૂર–સૌ કલિકટના માર્ગો ઉપર સમાન હક્ક અને ગર્વપૂર્વક પગ પછાડતા ચાલતા. કોઈ કોઇની કરતાં ઓછા અધિક નહોતા. ચીનથી લાખ અને ફટાકડા, બ્રહ્મદેશથી હાથીના દાંત મલાયાથી ચંદન, બંગાળથી ઝીણું ને મુલાયમ રેશમ, મલમલ ને વ્યાઘ્રચર્મ; ચમ્પા અને મગધથી ચામર, કસ્તુરી ચારૂ કેશરનાં ફૂલબીજ, દક્ષિણમાંથી અગુરૂ, કર્પૂર, તજ ને લંકાથી મણિ મુક્તા આવતાં. કલિકટમા આ બધી વસ્તુઓના ગંજેગંજ ખડકાતા. પશ્ચિમમાંથી તુર્ક, ઇરાની આરબ અને મૂર સોદાગરો એમનું સુવર્ણ વટાવી આ બધી ચીજો જહાજમાં ભરી, કોઈ ઇરાની ઉપસાગરમાં થઈ યુફ્રેટિસ નદીના મૂળ તરફ જતા, તો કોઇ રાતા સમુદ્રના ઉત્તર ભાગમાં નાઇલ નદી તરફ જતા, અને ત્યાંથી અહીંની વસ્તુઓ સમગ્ર પશ્ચિમ પ્રદેશમાં પહોંચી જતી. કલિકટનો રાજા 'સામરી' વ્યાપારી જહાજો પાસેથી વેરો વસુલ લઇ રાજ્યનો ખર્ચ વહન કરતો રાજ-કોષ સદાયે સુવર્ણ મણિ-મુક્તાએ ભર્યો રહેતો. રાજ્યમાં કયાંય દુઃખ દારિદ્રય કે અશાંતિ અસંતોષ નહોતાં. રંકથી રાય સુધી બધા જ સુખી હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મિરઝા દાઉદ આ કલિકટનો જ એક ખાનદાન વ્યાપારી છે. એની પાસે એકવીસ વ્યાપારી જહાજ છે, પીળી નદી 'હોંગહો'થી માંડી મિસરની નાઈલ નદીના મૂળ સુધી એની આવજા છે. જ્યારે આ બધાં જહાજો એના સુંદર શ્વેત શઢ ચડાવી એક પછી એક દરિયાઇ સફરે સરતાં, ત્યારે નીલા આસ્માનમાં પાંખો ફફડાવતું કો' રાજહંસોનું ટોળું ઊડી રહ્યું હોય એવું લાગતું.

મિરઝા દાઉદ જાતે મૂર છે. કલિકટમાં મૂર ઢબથી બંધાએલો એનો એક મોટો સફેદ પત્થરનો મહેલ છે. દૂર–સુદૂર મોરોક્કોમાં એનો વૃદ્ધ પિતા હજુયે હયાત છે. પરંતુ મિરઝા દાઉદે કલિકટને જ પોતાનું માદરે વતન માન્યું છે. ઘણા પરદેશી સોદાગરો એમ જ કરે છે. મિરઝા ધર્મે મુસલામાન હોવા છતાં એક પત્નીવ્રતી છે. હમણાં ચોત્રીસ વર્ષની વયે એને ત્યાં સર્વ પ્રથમ એક બાળક–એક પુત્રીનો જન્મ થયો છે. પુત્રીના જન્મદિને એણે એક હજાર તોલા સુવર્ણનું દાન કર્યું છે. ઉપરાંત અઠવાડિયા સુધી એને ઘેર ઉત્સવનું વાતાવરણ રહ્યું હતું. ગામ આખામાં એની વાહવાહ થઈ ગઇ છે.

હકીકતમાં મિરઝા દાઉદ જેવી સર્વજનપ્રિય અતિ સન્માનિત વ્યક્તિ નગરમાં બીજી કોઇ નથી. ઊંચ-નીચ, ગરીબ-ધનિક બધા જ એના તરફ સ્નેહ ને સન્માનની નજરે જુએ છે. ખુદ રાજા સામરી એને પોતાના થોડાક ખાસ મિત્રમાંનો એક ગણે છે. બીજી બાજુ એનો વ્યાપાર પણ દિવસો દિવસ વધતો જ જાય છે. માનવી દુનિયામાં જે કાંઇ મેળવીને સુખી થઇ શકે તે બધું જ તેની પાસે મોજુદ છે.

ઉનાળાની એક સાંજે પશ્ચિમ દિશાને લાલ સુરંગી કરતો સૂર્ય અસ્ત પામે છે. જેટલે દૂર દૃષ્ટિ પહોંચી શકે છે તેટલે દૂર સુધી સમુદ્રનું પાણી લાલલાલ બની ઘૂઘવતું ગાજી રહ્યું છે. દૂર લક્ષદ્વીપમાંથી સુગંધ વહેતો સ્નિગ્ધ પવન વાવો શરૂ થયો છે. આકાશ વાદળવિહન સ્વચ્છ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિવસ આખાની ગરમી પછી નગરનાં નરનારીઓ સાંજનો શીળો શીતળ સમીર આસ્વાદવા અત્યારે દરિયા કિનારા ઉપર ઊભરાયાં છે. ઘાટ ખૂબ આઘે સુધી ફલાએલો અર્ધ ચંદ્રાકારે–મોટા મોટા ચતુષ્કોણ પત્થરો વડે બંધાએલો છે. એના ઉપર જહાજને નાંગરવા માટે લોઢાનાં નાનાંમોટાં અનેક કડાં છે. ભરતી વખતે દરિયાનું પાણી ઘાટના એકદમ ઉપલા ભાગ સુધી પહોંચી જાય છે. અને ઓટ વખતે ભીની રેતીને વચ્ચે મૂકી દૂર ચાલ્યું જાય છે. આ ઘાટ જ નગરનું કામકાજનું મુખ્ય સ્થળ છે. ખરીદ-વેચાણ, ભાવ-તાલ, આનંદ-વિનોદ બધું જ અહીં થાય છે; ને એથી બધો વખત માણસોની દ્રઢ અહીં જામેલી જ રહે છે.

તે વખતે ઘાટ ઉપર એક પણ નવું આવેલું યા બહાર જનારૂં વ્યાપારી જહાજ નહોતું. કામકાજ જરા ઢંડાં હતાં. નગરજનો વિવિધ વિચિત્ર વેશ પરિધાન કરી કોઈ સહકુટુંબ, કોઈ પતિ-પત્ની એ જ જણાં, તો કોઈ એકલા એકલા જ આંટા મારતા હતા. કોઇ મોટે સાદે ગીત ગાતું ચંચળબુદ્ધિ કિશોર દોડતાં કુદતાં રમતા હતા; તો કેટલાક વળી ઘાટ ઉપરથી કુદકા મારી દરિયામાં તરતા હતા.

એક ચીનો જાદુગર વિવિધ પ્રકારનાં અનેક ખેલ બતાવતો હતો. જનતા અવારનવાર ખડખડાટ હસી પડતી હતી. જાદુગરે હવે એક જાડા એવા સિંહાલીને પકડી એના કાન તરફ નજર કરી રહ્યું, 'તમારા માથામાં રપદ કાંકરીઓ છે, કહો તો હમણાં જ કાઢી બતાવું!' અને ટોળે વળેલા લોકો તુરત જ આનંદમાં આવી જઈ ખૂમ પાડી ઊઠયા કે 'કાઢી બતાવો કાઢી બતાવો!' પછી જાદુગરે નાનો એવો એક ચીપિયો લઇ તેનાં કાન-માંથી સોપારી જેવા અસંખ્ય પત્થર ઝપાટાબંધ બહાર કાઢી જમીન પર ઢગલો કર્યો! પ્રૌઢ સિંહાલી આશ્ચર્યચકિત થઇ આંખો ફાડીને એ જોઇ જ રહ્યો! ટોળાંના હાસ્યે વાતાવરણ ગુંજી ઊઠયું. કોઇકે તો પરિહાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતાં પેલા સિહાલીને કહ્યું પણ ખરૂં કે 'શેઠ તમારૂં માથું હશે એની તો મને ખબર જ નહોતી.'

ધીરે ધીરે સૂર્યાસ્ત થયો. સમુદ્રના શરીરે સીસાનો રંગ પકડયો. દિગંતરેખામાં જે સ્થળે સૂર્ય અસ્ત પામ્યો હતો તેને કેન્દ્ર કરીને સંધ્યાની લાલા છાયા ધીરે ધીરે સંકુચિત બનતી ગઇ.

એ જ સમયે, દૂર–આઘે, સમદરની છાતી ઉપર, એ લાલ-છાયાની સામે ત્રણ કાળી છાયા દેખાઇ. સૌએ જોયું તો ત્રણ જહાજ બંદરનાં પાણીમાં પ્રવેશી રહ્યાં હતાં.

અને ત્યારે એ જહાજ કયાંથી આવે છે, કોના છે વગેરેની ચર્ચા ઘાટ ઉપરના લોકોમાં ચાલવા લાગી. કોઇએ કહ્યું કે જહાજ અરબસ્તાન તરફનાં લાગે છે, તો કોઇએ કહ્યું કે ચીન તરફના છે. પણ અંધારૂં વધતું હોવાથી એ જહાજ કયાંનાં હતાં એ નક્કી ન કરી શકાયું.

મિરઝા દાઉદ એ સમયે ઘાટ ઉપર હતો. એ ઘણીવાર સુધી એકીટશે પેલા ત્રણ જહાજ તરફ જોઈ રહ્યો. ધીરે ધીરે એના ચહેરા પર ઉદ્વેગના ચિહ્નો દેખાં દેવા લાગ્યાં એ તુટક સાદે બોલ્યો, 'પોર્ટુગીઝ જહાજ ! પણ ફિરંગી આવ્યા કયે રસ્તે?'

ત્યાર બાદ, આકાશમાંથી દિવસનો પ્રકાશ દૂર થતાંની સાથેસાથ, ભાંગલાં તુટલાં ને જીર્ણ બનેલા એ ત્રણ નાનાં જહાજ કલિકટના બારામાં આવી નાંગર્યાં.

બીજે દિવસે સવારે સૂર્યોદય થતાં વેંત મિરઝા દાઉદ બંદર પર આવી ઊભો. એણે જોયું તો થોડાક પરદેશીઓને ઘેરીને એક મોટું ટોળું ત્યાં ઊભું છે. ફિરંગી અજાણી ભાષામાં કંઇક બોલે છે પણ કોઈ સમજતું નથી, ને તેથી તેના જવાબમાં દેશી ભાષામાં સામા પ્રશ્ન કરે છે. મિરઝા દાઉદને આવતો જોઇ ટોળાએ તેને માર્ગ કરી આપ્યો ને મિરઝા પરદેશીઓની સામે આવીને ઊભો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગંતુકમાંથી એક જણે કહ્યું 'અહીં કોઇ પોર્ટુગીઝ ભાષા જાણતું હોય એવું કોઇ લાગતું નથી. શું ? અમારે જામોરિનને મળવું છે, એ માટે અમે દુભાષિયાની તલાશમાં છીએ.

મિરઝા દાઉદે જોયું કે આ બોલનાર હતો એક લાંબો, ઊંચો ને કદાવરદેહી પુરુષ. તમ સુવર્ણ જેવો વર્ણ, લાંબા સોનેરી વાળ અને ઝીણાં અણિયાળાં દાઢી-મૂછો વાળું મોં. શરીરના ઉપરના ભાગમાં અતિ મૂલ્યવાન મખમલનું જરિયાનું અંગરખું હતું, કમરથી ગોઠણ સુધી મખમલનો જ જાંગિયો હતો ને ગોઠણથી નીચેનો ભાગ ચામાડાના આવરણે ઢંકાએલો હતો. માથે ટોપી ઉપર આડું ખોસેલું એક પીછું હતું. એની સાથે બીજા પાંચ-છ જણા હતા તે પણ લગભગ એના જેવા જ વેશધારી હતા. સૌના કમરબંધમાં તલવાર ઝૂલતી હતી.

મિરાઝા દાઉદે એ મુખ્ય જણાતા પુરુષને પગથી માથા સુધી નિહાળી ગંભીર સાદે કહ્યું, 'હું પોર્ટુગીઝ સમજી શકું છું.'

આગંતુક થોડીવાર સુધી એકીટશે મિરઝા દાઉદ તરફ જોઈ રહ્યો. એનું મોં શામળું પડી ગયું. એ ધીરે ધીરે બોલ્યો 'તમે મૂર લાગો છો !'

આ ત્રણ શબ્દોમાં જે સુતીક્ષ્ણ ઘણા છુપાએલી હતી, તેણે મિરઝા દાઉદને વીંધ્યો. એણે પણ મનમાંનો તિરસ્કાર છુપાવ્યા વિના સાફ કહ્યું 'હા, હું મૂર છું. ને તમે પોર્ટુગીઝ–જળાચાંચિયા લાગો છો. હું જો કે તમને ઓળખતો નથી. છતાં ફિરંગી પ્રત્યે મને સદ્‌ભાવ નથી.'

હવે એક બીજો ફિરંગી–પોર્ટુગીઝ આગળ આવ્યો. એ ઉમરે નાનો દેખાતો હતો. ઉદ્ધતાઇ પૂર્વક બોલ્યો, 'મૂર કૂતરાઓ સાથે અમે કદી સદ્‌ભાવ રાખતા નથી. મૂરોનું ઉચ્છેદન કરવું એ જ અમારો ધર્મ છે.'

પલવારમાં તો મિરઝા દાઉદની કમરેથી છરી બહાર આવી ને એની બંને આંખો સળગી ઊઠી. પણ બીજી જ પળે પેલી મુખ્ય વ્યક્તિએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથ ઊંચો કરી એને શાન્ત પાડયો અને નમ્ર અવાજે એ બોલ્યો, 'મહાશય, મારા આ ઉતાવળિયા યુવાન સાથીને માફ કરો. તમે મૂર છો અને અમે પોર્ટુગીઝ છીએ તે ખરું, પણ અહીં બધા જ વ્યાપારી છીએ, ચાંચિયા નથી. બીજે ભલે ગમે તેમ થતું, પણ અહીં તમારી સાથે અમારે કંઇ જ તકરાર નથી. ઊલટું, તમારો સદ્‌ભાવ મળ્યે જ અમે કૃતાર્થ થઇ શકીશું.'

ને પછી પોતાના સાથી તરફ ફરીને એ બોલ્યો, 'પેડ્રો, ફરી કદી યે જો આવા શબ્દો તારા મોંમાંથી નીકળશે તો ચક્કરમાં નખી હાડેહાડની કચુંબર કરી શિકારી કૂતરાને ખવાડાવી દઇશ.'

ભયથી પેડ્રોનું મોં પીળું પડી ગયું છતાં ધ્રુજતાં ધ્રુજતાં વિદ્રોહાત્મક સ્વરે એ બોલ્યો, 'સાચી વાત કહેતા હું ડરતો નથી. મૂર અમારે માટે ઘણાપાત્ર છે, ને તમે પોતે પણ મૂરને.....

આથી આગળ કંઇ પણ બોલે એ પહેલાં જ પહેલી વ્યક્તિએ એનું મોં દાબી દીધું. પ્રથમ વ્યક્તિની વજ્રમુટ્ઠીમાં થોડીવાર સુધી નીરવપણે એની શ્વાસનળી દબાએલી રહ્યા પછી તેણે એને મૂકી દીધો કે પેડ્રો બેભાન બની ધરતી પર નળી પડયો. એના તરફ વધુ ધ્યાન ન આપતાં અગ્રણીએ મિરઝા દાઉદ તરફ જરા હસીને કહ્યું, 'મિથ્યાવાદીને દંડ આપવો એ ધર્મીની ફરજ છે. હવે જરા મહેરબાની કરી મારી સાથે જામોરિનને ત્યાં આવી અમારૂં નિવેદન એમને સમજાવી આપશો તો તમારો સદાનો આભારી રહીશ.' આટલું કહી માથેથી ટોપી ઊતારી જમીન સુધી નીચે વળી એણે પ્રણામ કર્યા. પ્રેક્ષકો જેઓ પોર્ટુગીઝ ભાષા સમજતા નહોતા, તેઓ અવાક થઇ આ ન સમજાતું નાટક જોઇ રહ્યા.

આગંતુકના મીઠા શબ્દોથી મિરઝા દાઉદ ભોળવાયો નહિ, એ અક્કડ બનીને ઊભો રહ્યો. થોડીવાર પછી ધીરે ધીરે એ બોલ્યો, 'ફિરંગી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમે બહુ ધૂર્ત લોકો છો. સામરીના રાજ્યમાં શા માટે આવ્યા છો, સાચું કહો!'

'વ્યાપાર અર્થે.'

'ક્રિસ્તાન, હું તમને ઓળખું છું. કજિયોકંકાસ એ તમારો ધંધો છે, લોભ તમારો ધર્મ છે અને બીજાનું સારૂં જોઈ ન શકવું એ તમારો સ્વભાવ છે. આ રાજ્યમાં કજિયો કે દ્વેષ નથી. હિન્દુ, બૌદ્ધ, મુસલમાન, હિબ્રુ વગેરે સૌ વિના વેરઝેર શાન્તિપૂર્વક વ્યાપારઉદ્યોગ કરે છે. સાચું બોલો કે શા ઉદ્દેશે તમે અહીં હિન્દમાં પ્રવેશ્યા છો?'

ફિરંગીના મોં પરથી લોહી ઉડી ગયું. એનો ચહેરો ધોળો પૂણી જેવો થઈ ગયો. માત્ર એની આંખો સળગતા અંગારાની જેમ નિષ્ફળ ક્રોધ અને દ્વેષ જાહેર કરવા લાગી. પણ બીજી જ પળે પોતાને કાબૂમાં લઈ ગળામાં ઝુલતા સુવર્ણ ક્રૉસને સ્પર્શીને એ બોલ્યો: 'ઇશુના આ પવિત્ર ક્રૉસને સ્પર્શીને સત્ય બોલું છું કે સૌની સાથે સદ્ભાવ રાખી વ્યાપાર કરવા સિવાય અહીં આવવામાં અમારો બીજો કંઇ જ હેતુ નથી.'

પળવાર માટે કંઇ પણ બોલ્યા વિના એના મોં તરફ જોઇ રહ્યા બાદ મિરઝા દાઉદ બોલ્યો, 'તમારી વાતને ખરી માનું છું. ચાલો, સામરીને રાજમહેલે તમને લઇ જાઉં.'

ને પરદેશીઓ મિરઝા દાઉદનું અનુસરણ કરતા રાજમહેલ તરફ ચાલ્યા. પેડ્રોનું બેભાન શરીર ઘાટના પત્થરો પર મૃતવત્ પડયું રહ્યું. રાજમહેલમાં હાજર થઇ સામરીની સન્મુખ ઘૂંટણીએ પડી એના જબ્ભાને ચૂમી પોર્ટુગીઝ વ્યાપારીઓનો અગ્રણી બોલ્યો, 'મહારાજા, મારૂં નામ વાસ્કો-ડા-ગામા. હું પોર્ટુગલનો રાજદૂત છું. આપની પાસે કલિકટમાં વ્યાપાર અનુમતિ માગવા આવ્યો છું.' આટલું કહી એણે પોર્ટુગલ રાજ તરફથી મોકલવામાં આવેલ ભેટ રાજા સામે રજૂ કરવાનો સંકેત પોતાના સાથીઓને કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોઢે ભલેંગમે તે કહ્યું હોય, પણ મિરઝા દાઉદના મનમાંથી શંકા અને અવિશ્વાસ દૂર નહોતાં થયાં. ફિરંગીઓને એ પહેલેથી જ ઓળખતો હતો. એકેએક મૂર બચ્ચો ફિરંગીઓને ઓળખે છે. માદરે વતનમાં અનેક સંઘર્ષણો દ્વારા આ પિછાન તેઓ પામ્યા હતા. તેઓ જાણતા કે ફિરંગીઓ અતિશય લક્ષ્મીલાલચુ ને કામપિપાસુ હોય છે. એ લોકોની જનમભોમ ફળદ્રપ ન હોઇને અનાજ વગેરે માટે તેઓને શારીરિક અને માનસિક કઠોર પરિશ્રમ કરી જીવન જીવવું પડે છે એ ખરૂં, અને એથી જ તેઓ વધુ પડતા ધનિક મુસલમાનો તરફ અત્યંત ઇર્ષાભાવે જુએ છે. બીજાની ઉન્નતિ એ લોકોની આંખમાં શૂળની જેમ ભોંકાય છે. ક્યાંયે એક વાર ધન–રત્ન ને ઐશ્વર્યનો પત્તો લાગ્યો કે તુરત આ લોકોની લાલસા અને ભૂખ એટલી પ્રબળ ને અમર્યાદ બની ઊઠે છે કે કોઇ પણ રીતે ત્યાં પ્રવેશ મેળવી, એક વાર સારી રીતે પોતાનો પગ જમાવીને પછી શત્રુ-મિત્રનો જરાયે ભેદ રાખ્યા વિના સૌની ઉપર તેઓ પોતાનું ઉદ્ધત બાહુબળ ને અહંકાર જમાવવામાં અને જુલ્મ કરવામાં કંઈ બાકી નથી રાખતા. એ લોકો ગજબના કજિયાખોર અને યુદ્ધનિપુણ હોય છે. એવું કોઇ પણ કામ નથી જે પોતાના સ્વાર્થ માટે ન કરી શકે. અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાતિનો સ્વાર્થ વધારવા તેઓ પ્રાણ સુદ્ધાં દેતાં અચકાતા નથી.

પોર્ટુગલથી દરિયાઇ માર્ગે આફ્રિકાને પ્રદક્ષિણા ફરી ભારતવર્ષમાં આજ સુધી કોઇ નહોતું આવ્યું. વાસ્કો-ડા-ગામાએ એ માર્ગ યુરોપિયનો માટે ખુલ્લો કરી એક મોટી નવી સંભાવના અને સાથે જ એક મોટી દુર્ભાવના પણ ઊભી કરી હતી. જો કે અત્યારે એનો હેતુ બરાબર કળી શકાતો ન હતો, છતાં ઉદ્ધત અને કટુભાષી પેડ્રોનું ગળું દાબી એણે જે એક રહસ્યમય વાત દાબી દીધી હતી તે સમજતાં મિરઝાને વાર ન લાગી. શંકા ને સંશયના મેઘે એનું મન ઘેરાએલું હતું.

પોર્ટુગીઝો કલિકટમાં રહેવા લાગ્યા. દિવસો દિવસ નવીનવી વસ્તુઓથી એમનાં જહાજ ભરાવા લાગ્યાં. સાવ ધૂળ જેવી વસ્તુઓ પણ તેઓ ચારચાર ગણા ભાવઆપી ખરીદવા લાગ્યા. અણસમજુ વ્યાપારીઓ આથી ભલે ગમે તેટલા હરખાય, પણ મિરઝા દાઉદ જેવા દીર્ઘદૃષ્ટિ અનુભવી શ્રેષ્ઠીઓના મનમાં એટલો જ સંદેહ વધવા માંડયો. જોઇએ એથી વધુ મૂલ્ય આપી કોઇ પણ ચીજ ખરીદવી એ વ્યાપારીને માટે સ્વાભાવિક નથી અને નવઆગંતુકો અવ્યવહારૂ કે અજ્ઞાન તો નહોતા જ. આવી સ્થિતિમાં વ્યાપાર એ માત્ર દેખાવ જ હોઇ શકે, અને એની પાછળ કોઈ પણ બૂરો ઇરાદો છુપાએલો હોવો જોઇએ એવું અનુમાન કરતાં વિચક્ષણ વ્યાપારીઓની ચિન્તાનો પાર ન રહ્યો.

થોડોક સમય આ રીતે જ વીત્યો. કલિકટનો જીવનપ્રવાહ પૂર્વવત્ પ્રશાંતભાવે વહેવા લાગ્યો. શરદના એક દિવસે વાદળવિહીન આકાશમાં શ્વેત શઢ ફરકાવતાં બે જહાજ બંદરમાં પ્રવેશ્યાં. ને એ સાથે જ નગરમાં વાત ફેલાઇ ગઈ કે બંગદેશથી પ્રભાકર શ્રેષ્ઠીનાં વહાણો આવે છે. પ્રભાકર શેઠ અતિ વિખ્યાત વણિક હતો. વર્ષો વર્ષ આ સમયે જ લાખો મુદ્રાનું કાપડ વગેરે લઇને એનાં વહાણો કલિકટ બંદરે નાંગરતાં, ને કાશ્મીરી શાલ, વારાણસીનાં પટોળાં, કૌશેય રેશમ, બંગાળનું મલમલ વગેરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરીદવા માટે કલિકટના સોદાગરોમાં દોડાદોડ મચી જતી એવાં સુંદર ને કિમતી વસ્ત્રો એના સિવાય બીજું કોઈ જ ન લાવી શકતું; ને એથી જ પભાકરની આવી ખ્યાતિ હતી.

પ્રભાકરનાં જહાજ કિનારે નાંગરે એ પહેલાં જ નગરના મોટા વ્યાપારીઓ બંદર પર એકઠા થઈ ગયા હતા. પ્રભાકર જહાજ ઉપર ઊભો થઈ ઓળખીતા સૌને વંદન કરી સુખાકારી પૂછવા લાગ્યો. એ અતિશય વાચાળ ને રહસ્યપ્રિય હતો અને તેથી સૌ એને ચાહતા હતા.

હિબ્રુ મુસા ઇબ્રાહિમે એને સાદ પાડી કહ્યું, 'પ્રભાકર, આ વખતે તમને મોડું થએલું જોઈ મેં તો માન્યું હતું કે હવે તમે આવશો નહિ. કદાચ માર્ગે સુંદરવનના મગરમચ્છે તમને પેટમાં પધરાવ્યા હશે!'

પ્રભાકરે હસીને જવાબ વાળ્યો, 'મુસા સાહેબ, પેટમાં પધરાવ્યા છતાં મગરમચ્છ મને હજમ ન કરી શકયો!–આ આવ્યા મિરઝા સાહેબ! સલામ! સલામ! સલામ! કેમ તબિયત તો સારી છે ને? આ વખતે તમારી ફરમાશની બધીયે ચીજ લાવ્યો છું, જોઉં હવે કેટલું ખરીદી શકો છો? હં; પણ તમારી કમર પરની આ તલવાર નવી લાગે છે. દમાસ્કસની છે શું? મારે પણ એક જોડ જોઇએ છે ગૌડેશ્વર પાસે વચનથી બંધાયો છું. માર્ગમાં આવતાં શ્રીખંડ પાસે તમારૂં યવદ્વીપ જતું જહાજ મળેલું. બધા મઝામાં છે. હૈદર મુસ્તફાએ આ દરમિયાન કેટલી શાદી કરી? હેં, પણ આ વખતે જો ઇસ્પહાની અંગુરનો રસ નહિ પીવડાવો તો સારૂં નહિ કહેવાય, હો!–એઈ જાન્મો, શંખાલુની જેમ દાંત બહાર કાઢીને હસતો નહિ ચાલ જલદી રસ્તો પકડ તો.....'

જહાજ નાંગરતાં પ્રભાકર ઘાટ પર ઉતરી સૌને ભેટયો. વંદન આદિ પતાવ્યા પછી મિરઝાએ એને પૂછયુ, 'પ્રભાકર, કહે; શું શું લાવ્યો છે?'

પ્રભાકરે કહ્યું, 'મિરઝા સાહેબ, આ વખતે જેવું મલમલ લાવ્યો છું એવું મલમલ તો આજ સુધી કદી નજરે પણ જોયું નહોતું. કરોબિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આની જાળ કરતાં યે વધુ સુંવાળુ ને રૂ ના પોલ કરતાં યે વધુ હળાવું. મુઠ્ઠીમાં દોઢસો ગજ કપડું સમાઇ જાય. પણ એના એક થાનની કિંમત પાંચ તોલા સુવર્ણ છે. એથી ઓછામાં આપી શકું એમ નથી. કોચિનમાં ચાર તોલાનો ભાવ આવતો હતો પણ મેં ના પાડી. આખર શું નુકશાની કરીને ઘેર જાઉં? એમ કરૂં તો તો શેઠાણી મારૂં મોંઢુ જ ન જુએ.'

'તે ભલે ન જુએ. તારૂં મોં નહિ જુએ તો યે એનું કાંઈ ખાટુંમોળું નહિ થાય. ચાલ તારો માલ બતાવ.' મિરઝા દાઉદે હસીને કહ્યું.

પ્રભાકરે કહ્યુ 'શું કહો છો મિરઝા સાહેબ, ખાટુંમોળું નહિ થાય? શેઠાણી હજુ નાની બાળ છે. ધણીનું મોં ન જુએ તો જિંદગી આખી ખાટીમોળી ન બની જાય! હું, ગયે વખતે સાંભળ્યું હતું કે તમારાં બીબીસાહેબ બે–જીવ છે, તે કંઇ ખુશખબર છે કે નહિ?'

'ખુદાની મહેરથી એક બેટી આવી છે.' મિરઝાએ કહ્યું.

'આવા આનંદના ખબર અત્યાર સુધી દાબી રાખ્યા હતા! અમારે ત્યાં તો પુત્રી જન્મતાં પિતાની આવરદા વધે છે એમ મનાય છે. સારૂં, ત્યારે આજ રાતે તમારા દૌલતખાને અતિથિ બનીશ. અમારે ત્યાં કુકડા વગેરેના ભોજનની સગવડ નથી. એ મળવું અશકય પણ ખરૂં, અને રમોયા બડબડ પણ બહુ કરે—ઓ બાબા! આ વળી કોણ? મિરઝા સાહેબ? આ જાતનો વેશ–પરિવેશ તો કદી યે કયાંય જોયો નથી. એ લોકો કયાંથી આવે છે?'

મિરઝા દાઉદે પાછળ ફરીને જોયું તો વાસ્કો-ડા-ગામા એના બે સાથીઓ સાથે એ બાજુ આવતો જણાયો. આ દરમિયાન કલિકટના માર્ગ ઉપર ને બંદર ઉપર ડા-ગામા અને મિરઝા અવારનવાર ભેગા થઇ જતા, પણ બેમાંથી એકે ય પક્ષે મિત્રતા વધારવાનો ઉત્સાહ દેખાતો નહોતો. ઉલટા બંને અતડા—દૂર રહેવાનો જ પ્રયત્ન કરતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રભાકરના પ્રશ્નનો ઉત્તર આપતાં મિરઝાએ કહ્યુ, 'એ લોકો પોર્ટુગીઝ છે. ધીરેધીરે ઓળખી શકશો.'

આ દરમિયાન પ્રભાકરનાં વહાણોમાંથી વેચાણ કરવાની ચીજો વ્યાપારીઓને બતાવવા માટે નીચે ઉતારવામાં આવતી હતી. સોદાગરો ટોળે વળી જોતા હતા. મિરઝા દાઉદે પણ એમાં સાથ પુરાવ્યો. બીજી બાજુ વાસ્કો-ડા-ગામા પણ આવીને ભળ્યો.

મલમલનો નમૂનો જોઇ મિરઝા દાઉદે કહ્યુ, 'ઘણું જ સરસ મલમલ છે. પ્રભાકર, આ માલ કેટલો લાવ્યો છે?'

પ્રભાકર ગર્વપૂર્વક બોલ્યો, 'એક આખું જહાજ.'

મિરઝાએ કહ્યું, 'સારૂં, એ આખું મેં ખરીદ્યું. ભાવતાલ આજ રાત્રે નક્કી કરીશું.'

વાસ્કો-ડા-ગામાએ આવું અપૂર્વ મલમલ આ પહેલાં દીઠું નહોતું. હકીકતમાં આવું મલમલ પારસ્ય દેશ સિવાય બીજે ક્યાં ય જતું નહોતું. પોર્ટુગલ, સ્પેન વગેરે દેશોમાં ચડતું તે આના કરતાં ઊતરતી જાતનું મલમલ હતું. ડા-ગામાનું મન એ પર મોહી પડયું. પોપ અને રાજા ઇમૅન્યુઅલને નજરાણામાં આપવા માટે આ કરતાં વધુ સારી બીજી કઈ વસ્તુ મળવાની હતી? તે બોલ્યો, 'આ મલમલ હું ખરીદીશ.'

મિરઝાએ હસીને કહ્યું, 'એ તો મેં ખરીદી લીધું હવે કંઇ ઉપાય નથી.'

ડા-ગામાએ પ્રભાકર તરફ ફરીને કહ્યું, 'હું વધુ કિંમત આપીશ.'

'વધુ નાણાં આપ્યે પણ એ નહિ મળે, હવે એ મારૂં છે.' મિરઝા દાઉદે કહ્યુ. પણ મિરઝાના બોલવા ઉપર જરા યે લક્ષ ન આપતાં ડા-ગામાએ ફરીથી પ્રભાકરને કહ્યુ, 'હું બમણા દામ આપીશ.'

'બમણા તો શું, પણ સો ગણા દામ આપ્યે પણ હવે નહિ મળે.' મિરઝાએ જરા કંટાળીને કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડા-ગામા વીજળી વેગે મિરઝા તરફ ફર્યો ને કર્કશ કંઠે બોલ્યો, 'ચૂપ કર મૂર! હું માલ-માલિક સાથે વાત કરૂં છું, તારી સાથે નહિ.' પ્રભાકર બુદ્ધિશાળી હતો. મિરઝા દાઉદ એનો જૂનો ને જાણીતો ગ્રાહક હતો. જ્યારે આ નવી વ્યક્તિને એ ઓળખતો પણ નહોતો. એણે કહ્યું, 'હવે આ માલના માલિક મિરઝા સાહેબ જ છે. હું હવે કંઇ નથી. એ-મને માલ જો તમને વેચવો હોય તો એ પોતે વેચી શકે છે.'

ડા-ગામાના અસભ્ય વર્તને મિરઝા દાઉદનું મોં ક્રોધથી લાલચોળ થઇ ગયું હતું. એણે તિખાશથી કહ્યુ, 'ડા-ગામા, હું તને પહેલેથી જ ઓ-ળખી ગયો હતો, પણ આજે તારૂં સાચું સ્વરૂપ કળાઈ ગયું છે. વ્યાપાર એ તો તમારો બાહ્ય દેખાવ માત્ર છે. તમે ધૂર્ત-કપટી છો. જાણીજોઇને વધુ મૂલ્ય આપી વ્યાપારનો નાશ કરવો છે શું?'

ને ઘવાયેલ વાઘની જેમ ગર્જના કરી ડા-ગામાએ કમરેથી તરવાર કાઢી. દાંત ભીંસી ક્રોધથી આંખ લાલ કરી તે બોલ્યો, 'ગુમાની મૂર, આજ લાગે છે કે તારા રક્તથી આ તરવારનું કલંક મારે ધોવું જ પડશે.'

મિરઝા દાઉદે પણ તરવાર ખેંચીને કહ્યું, 'જંગલી ફિરંગી, આજે તને જહન્નમ ભેગો કરવો જ પડશે.'

પળવારમાં તો ત્યાં ટોળે વળેલી જનતા ચારે તરફ જરા દૂર સરકી ગઈ. વચ્ચે એક મોટું મેદાન યુયુત્સુઓ માટે ખાલી થઇ ગયું. એક શા-ન્તિપૂર્ણ વ્યાપાર કેન્દ્ર હોવા છતાં આ જાતના બનાવો કલિકટ માટે માત્ર નવીન તો નહોતા જ. કજિયો જ્યારે તરવારે પહોંચ્યો હોય ત્યારે એને ખાળવાનો પ્રયાસ માત્ર નિષ્ફળ નહિ પણ અતિ આપત્તિ જનક છે તે સૌ જાણતા હતા, ને તેથી સૌએ દૂર ઉભા રહી બંને પક્ષને તરવાર દ્વારા ફેંસલો કરી લેવાની સગવડ કરી આપી હતી.

વાસ્કો-ડા-ગામા અને મિરઝા દાઉદે પ્રથમ દૃષ્ટિ-વિનિમય વેળા પરસ્પરને જે વિષ દૃષ્ટિએ જોયા હતા, એ જ વિષ પરસ્પરના અંતરમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સીંચાઇને આજે એક સામાન્ય બનાવ બનતાં ગજબ વિરોધના રૂપમાં પ્રગટ થયું હતું. આ વેર એ બંનેમાંથી કોઈ પણ એકના મૃત્યુ પહેલાં નહિ શમે તે એ બંનેએ આજે મનોમન જાણી લીધું હતું.



નીરવ જનતાની વચ્ચોવચ તરવારધારી બે જણ ઉભા રહ્યા. વાસ્કો-ડા-ગામા પડછંદ દેહી, પત્થર શો મજબુત ને હાથી શો શક્તિશાળી હતો- મિરઝા દાઉદ એના કરતાં દુબળો ને ઠીંગણો, પરંતુ વિષધર સર્પ શો ચપળ, તેજસ્વી ને પ્રાણ–થનગન હતો. વાસ્કો-ડા-માની તરવાર નેતરની સોટી જેવી સીધી ને આગળથી જ અણિયાળી હતી; મિરઝા દાઉદની તરવાર સહેજ વાંકી અને અતિ તેજ ધારદાર હતી. હાથમાં નાગી તરવારો સાથે પળવાર માટે એ બેઉ પરસ્પરને જોઈ રહ્યા અને વંટોળિયાની જેમ તરવારને આગળવધારી વાસ્કો-ડા-ગામાએ આક્રમણ શરૂ કર્યું.

પણ ડા-ગામાની તરવાર મિરઝા દાઉદના શરીરને સ્પર્શે એ પહેલાં તો મિરઝા ચપળતાપૂર્વક પોતાની તરવાર દ્વારા એને અટકાવી જરા દૂર ખસી ગયો અને બીજી જ પળે એની વાંકી તરવાર વીજળી વેગે એ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવાર ડા-ગામાને ગોઠણે દંશ દઇ પાછી ચાલી આવી. ડા-ગામાએ પાછા હઠી બચવા મહેનત કરી પણ તે તેમ કરી ન શક્યો. એના પગ પરનું ચામડાનું આવરણ રૂધિરભીનું થવા લાગ્યું.

ડા-ગામાએ જોકે એ તરફ જોયું નહિ, છતાં એ સાવધ બન્યો. એ ધ્યાન દઇ કાળજીપૂર્વક તરવાર વીંઝવા લાગ્યો. એ સમજી ગયો કે વિરોધીને નબળો માન્યે પાલવે એવું નથી મિરઝા દાઉદનું તરવારકૌશલ્ય અસાધારણ છે. એની સામે બીજી વાર ભૂલ કર્યે એ સુધારવાનો અવકાશ નહિ રહે.

આ બાજુ મિરઝા દાઉદ પણ સમજી ગયો કે ડા-ગામાનું અસિકૌશલ્ય પોતાના જેવું જ છે, ને સાથે જ તે પોતા કરતાં બમણો બળવાન છે, જો કે તે એના જેવો ચપળ કે ફીંગણો નથી એ ખરૂં, છતાં એની તરવાર લાંબી ને પાતળી છે અને પોતાની ટૂંકી ને વાંકી છે. વળી ડા-ગામાની યુદ્ધપદ્ધતિ પણ તદ્દન જુદી જ છે. આ હાલતમાં મિરઝા દાઉદે જોયું કે ડા-ગામાના વિજયનો સંભવ જ વધુ છે. એટલે એ પણ ખૂબ જ સાવધાની પૂર્વક તરવાર વીંઝવા લાગ્યો.

સર્પ અને નોળિયાની લડાઇમાં જેમ એ બંને એકબીજાની સામે આંખ માંડી પ્રદક્ષિણા ફરતા રહે છે અને તક મળતાં જ તીરની જેમ એક બીજા પર તૂટી પડી ફરી પાછા પોતપોતાને સ્થાને પહોંચી જાય છે, તેમ મિરઝા દાઉદ અને ડા-ગામા પણ એ જે રીતે લડવા લાગ્યા. તરવારો અથડાતાં ઝણ...ઝણ... અવાજ થવા લાગ્યા. તેના પર સૂર્યનાં કિરણો પડતાં તે વિદ્યુત રેખા શી ચમકી ઉઠતી હતી. નીરવ જનતાની હજારો આંખો આ અદ્‌ભુત યુદ્ધ આતુરતાપૂર્વક જોઇ રહી હતી.

તરવારની સાથોસાથ મિરઝા દાઉદ વાક્ય-શૂળથી ડા-ગામાને વીંધી રહ્યો હતો, 'ફિરંગી ચાંચિયા, હવે જોઇ લે; તારૂં લોહી માનવીના લોહી જેવું લાલ નથી, પણ શયતાનના જેવું કાળું છે! કિરસ્તાન કુત્તા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હજુ યે માફી માગી લે, તો તને જીવતો જવા દઇશ!' ડા-ગામા કંઇ પણ જવાબ ન વાળતાં ચૂપચાપ તરવાર વીંઝવા લાગ્યો. મિરઝા દાઉદ એ રીતે એનું ધૈર્ય ખુટાડવા માગતો હતો તે ચતુર ડા-ગામા સમજી ગયો હતો.

લડાઇ ધીરે ધીરે વધુ ભયંકર ને કાતિલ બનતી જતી હતી બંને યોદ્ધાઓના જોરથી ચાલતા શ્વાસોચ્છ્વાસ સૌને સંભળાતા હતા. બંનેના બદન પરસેવે રેબઝેબ થઇ ગયાં હતાં છતાં બંને જાણે કોઇક અદૃશ્ય બખ્તરે આચ્છાદિત હતા. ડા-ગામાની તરવાર વારંવાર મિરઝા દાઉદ ના ગળા પાસે પહોંચી, છાતી પાસે થઇ નિષ્ફળ બનીને પાછી વળતી. મિરઝા દાઉદની તરવાર ડા-ગામાની આસપાસ ખીજાએલી મધમાખી-ઓનાં ટોળાંની જેમ ગુંજારવ કરતી ફરતી હતી, છતાં તે ડા-ગામાને જરાયે ઇજા નહોતી કરી શકતી.

ઓચિંતું એક વાર ડા-ગામાએ ભય-સહ પાછળ જોયું, તો એ ખસતો ખસતો છેક ઘાટના કિનારા પર આવી ગયો હતો ને એક પગ પાછળ મૂકતાં જ સમુદ્રમાં પડી જવાની તૈયારીમાં હતો. મિરઝા દાઉદ એના મુખભાવ જોઈ ખડખડાટ હસી પડયો. એણે મોં બગાડી વ્યંગભ-રપૂર ઝેરી અવાજે કહ્યુ, 'ફિરંગી, આજ તો તને આ દરિયામાં ડુબાડયે જ રહીશ, ને પછી મરેલા ઉંદરડાની જેમ તારૂં શબ તારા રાજા મૅન્યુ-અલને ભેટ-સ્વરૂપ મોકલી આપીશ.'

મિરઝા દાઉદ ઘણા વખતથી જે ઇચ્છતો હતો તે હવે બન્યું. વાસ્કો-ડા-ગામાનું ધૈર્ય ખૂટયું. પાગલ જંગલી પાડાની જેમ ગર્જના કરી તરવાર ઊંચી તોળી આગળ ધસી એણે મિરઝા દાઉદ પર ઘા કર્યો. ધાર્યું હોત તો એ વેળા અનાયાસે જ મિરઝા એને ખતમ કરી શકત. પરંતુ તેમ ન કરતાં એણે તરવાર અવળી કરી ડા-ગામાના જમણા હા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થની મુઠ્ઠી પર એટલા તો જોરથી ઝીંકી કે એની સાથે જ ડા-ગામાના હાથમાંથી તરવાર વછૂટી ઊંચે ઊછળી ખળભળાટ કરતી દૂર જઈ પડી. અકસ્માત અસ્ત્રહીન થતાં ડા-ગામા સ્તંભિત જ થઈ ગયો.

ડા-ગામાના બે સાથીઓ જે હજુ સુધી સૌની સાથે ઊભા ઊભા આ લડાઇ જોઇ રહ્યા હતા, તે હવે પોતાના અગ્રણીને અણધારી આફતમાં જોઇ આગળ વધ્યા. પણ તેઓ વધુ આગળ વધે એ પહેલાં તો અતિ વિશાળ ભીમકાય ને ગજબનાક કાળા હબસી જાન્બોએ જહાજનાં ભૂગળાં જેવા એના બે હાથ વતી તે બેઉને માથાના વાળ પકડી પાછા ફેરવ્યા; ને પોતાની અતિશય સ્વચ્છ શ્વેત દંતપંક્તિ દેખાડતો એ જે બોલ્યો, એનો એક પણ અક્ષર ન સમજાયા છતાં જાન્બોનો મનોભાવ સમજવો એમને માટે જરા યે અશક્ય નહોતો.

તરવારની ધાર ડા-ગામાના ગળા પર ઠેરવી મિરઝા દાઉદ બોલ્યો, 'ડા-ગામા, ગોઠણિયાભર થા, નહિ તો તને પૂરો કરી નાખીશ.'

ડા-ગામા ગોઠણિયાભર ન થયો. અદબ વાળી વિકૃત હસીને એ બોલ્યો, 'મૂર, નિઃશસ્ત્રની હત્યા કરવી એ તો તારો સ્વભાવ છે!'

થોડી વાર વિચાર કરી મિરઝા દાઉદ બોલ્યો, 'વારૂ, તને છોડી દઇશ; પણ સોગંદ લે કે.....'

એને વચ્ચે જ અટકાવી ડા-ગામા બોલ્યો, 'સોગંદ હું નથી લેવાનો તને ફાવે તેમ કર.'

મિરઝા દાઉદ ફરી બોલ્યો, 'સોગંદ લે કે આજથી અઠવાડિયામાં તું તારાં બધાં માણસને લઈ ચાલ્યો જઇશ, ને ફરી કદી યે અહીં પગ નહિ મૂક.'

ડા-ગામા ખડખડાટ હસીને બોલ્યો, 'મૂર, તું હજી યે નાના બાળક જેવો છે? સોગંદ હું નથી લેવાનો. ને નથી જ લેવાનો. મારા રક્ત-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થી અહીંની ધરતી ભીંજાશે તો હિન્દમાં રાજા ઇમૅન્યુઅલનો વાવટો ફરકી શકશે.'

મિરઝા દાઉદ હસ્યો. ફિરંગી, આખરે આટલે દિવસે તારો હેતુ તેં તારે મોઢે જ કહ્યો ખરો. પણ એ હું નહિ થવા દઉં. ઇમૅન્યુઅલનો વાવટો કલિકટમાં નહિ રોપી શકાવ. કલિકટ આજ સુધી પૃથ્વીની પ્રજા સમસ્તનું મિલનસ્થાન રહ્યુ છે અને ભવિષ્યમાં પણ રહેશે. સોગંદ લે નહિ તો.....'

ડા-ગામાએ ભ્રૂકુટિ તાણી પૂછ્યું, 'નહિ તો.....?'

'નહિ તો પોર્ટુગલ ભેગો થવા તારા માણસોમાંથી એક પણ જીવતો નહિ રહે. તારાં જહાજો સળગાવી ખાખ કરી નાખીશ. ને તારાં એકસો ને ત્રીસ માણસોને કાપીને કટકા કરી સમુદ્રમાં વહાવી દઈશ.'

ડા-ગામા સ્તબ્ધ બનીને ઊભો. કંઈ જ ન બોલ્યો.

મિરઝા દાઉદે ફરી કહ્યુ, 'ડા-ગામા, હજુ યે સોગંદ લે. તારા ધર્મ ઉપર શ્રદ્ધા રાખી હું તને જવા દઇશ. વિચારી જો. તમે બધા જ જો મરી જશો તો પછી કોણ તમારા દેશવાશી ભિખારીઓને માર્ગ દેખાડી અહીં લઇ આવશે?'

ને ડા-ગામાએ રૂંધાએલા સાદે જવાબ આપ્યો, 'સોગંદ લઉ છું–'

મિરઝા દાઉદે કહ્યુ, 'તમારા ઈશુની જનેતા માતા મેરીને નામે શપથ લે.'

ને ડા-ગામાએ ધ્રૂજતાં ધ્રૂજતાં, ક્રોધથી જર્જરિત સ્વરે શપથ લીધા કે, એ એક અઠવાડિયામાં હિન્દ છોડી ચાલ્યો જશે, ને ફરી કદી યે ભારતભુમિમાં પગ નહિ મૂકે.

ડા-ગામાને મુક્તિ આપી મિરઝા અને બીજા પણ મુખ્ય મુખ્ય નાગરિકો સામરીને મળ્યા. અથથી ઇતિ સુધીની તમામ વાતો સાંભળ્યા પછી સામરીએ કહ્યુ કે, 'જ્યાં સુધી એ લોકો જાહેર રીતે મારા રાજ્યનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંઇ જ અનિષ્ટ ન કરે ત્યાં સુધી માત્ર શંકાને કારણે હું એમને મારા રાજ્યમાંથી હાંકી કાઢી ન શકું. છતાં કોઇ જો તમારૂં વ્યક્તિગત અનિષ્ટ કરી રહ્યુ હોય તો તમે તેનો બદલો લઇ શકો છો; એમા હું આડો નહિ આવું.'

સૌએ સામરીને એ સમજાવવા પ્રયત્ન કર્યો કે આ લોકો અત્યંત કૂટનીતિજ્ઞ અને યુદ્ધનિપુણ છે. એમની પાસે તોપ–બંદૂક ને ગોળાગોળીઓ છે. તક મળતાં જ તેઓ પોતાના બાહુબળે આ સુવર્ણરાજ્ય—અપૂર્વ અમરાવતીને ગળી જશે.

સામરીએ હસીને ઉત્તર આપ્યો, 'મારી પાસે સૈનિક બળ નથી એ ખરૂં છે, છતાં અમારો સામરી વંશ આજ પંદર શતાબ્દી થયાં આ રીતે જ રાજ્ય કરતો આવ્યો છે. કોઇ અમને રાજભ્રષ્ટ નથી કરી શક્યું. મારૂં સિંહાસન સુશાસન ને જનપ્રિયતા ઉપર સ્થપાએલું છે. એ લોકો મારૂં શું બગાડી શકવાના છે ?'

સૌ નિરાશ થઇ પાછા ફર્યા.

અઠવાડિઆ પછી સુવર્ણ પત્ર પર અંકિત સામરીની સંધિ શરતો માથે ચડાવી વાસ્કો-ડા-ગામા એના અનુચરો સાથે જહાજમાં બેઠો.

મિરઝા દાઉદે બંદર પરથી સાદ પાડયો, 'ડા-ગામા, લીધેલા શપથ યાદ રાખજે.'

એક ક્રૂર હાસ્ય વાસ્કો-ડા-ગામાના મુખ ઉપર ફરકી ગયું. મિરઝા દાઉદ તરફ આંખો સ્થિર કરી એ બોલ્યો, 'મિરઝા આપણે ફરી મળીશું.'

'એ સંભવિત નથી. હું મુસલમાન...બેહિશ્તે જઇશ' મિરઝાએ હસીને જવાબ વાળ્યો.

બંને આંખો વતી આગ વર્ષાવતો ડા-ગામા બોલ્યો 'આ જિંદગીમાં જ આપણે ફરી મળીશું.'

ને ધીરેધીરે તેનાં ત્રણે જહાજ કલિકટ બંદરેથી દૂર દૂર સરી ગયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપલી વાતને ચાર વર્ષ વીતી ગયાં છે. એ ચાર વર્ષમાં શું શું બન્યું એ આ કથાનકનો વિષય ન હોવા છતાં ટુંકમાં વર્ણવી જાઉં. વાસ્કો-ડા-ગામા કલિકટથી ગયા બાદ એ વર્ષે ફરીથી પોર્ટુગીઝ જહાજ ભારતવર્ષમાં આવ્યાં. આ વેળા એનો આગેવાન હતો આલ્વારૅઝ કેપ્લર નામનો એક પાદરી, અને તેની સાથે હતાં નવ જહાજ. પાદરી આલ્વારેઝે કલિકટ બંદરે આવતા જ જહાજ ઉપરથી નગર ઉપર ગોળા છોડવા શરૂ કર્યા. પરિણામે ઘણા નાગરિકોના જીવ ગયા, અનેક ઘાયલ થયા, કેટલાં યે મકાનો ખંડિત થયાં. આ રીતે રાજા-પ્રજાને ડર અને કર્તવ્યભાન કરાવી પોર્ટુગીઝોએ આ વેળા ભારતભૂમિ પર પગ મૂકયો. છતાં સામરીએ આગંતુકોને આદર આપી એમને રહેવા માટે નગર બહારની બાજુએ જગ્યા કાઢી આપી, ને ત્યાં તેમને કોઠી નાખવાની રજા આપી. પરંતુ પોર્ટુગીઝોની આ અકારણ જીવહિંસા ને નિર્દયતાથી કલિકટવાસી જનસાધારણનાં મન એમની વિરુદ્ધ ઘૃણા અને દ્વેષથી ભરાઇ ઊઠયાં હતાં.

ને પછી તો કજીયા થતાં વાર ન લાગી. આ દંભી પરદેશીઓની સામે જેમનામાં વ્યક્તિગત દ્વેષ જન્મ્યો હતા તેઓ કજિયો ઊભો કરી ખુના-મરકી ચલાવવા લાગ્યા. પોર્ટુગીઝો પણ એનો જવાબ વાળતા. ધીમે ધીમે અંદર બહાર બધે જ આગ સળગી ઊઠી. એક દિવસ લોકોએ ફિરંગીઓની કોઠીમાં આગ લગાડી સિત્તેર ફિરંગીઓને બાળી નાખ્યા. બાકીના ત્યાંથી ભાગી જહાજમાં ચડી ગયા, ને તેમણે જહાજ પરથી ગોળા વરસાવી નગરના એક ભાગમાં આગ લગાડી ત્યાર બાદ એ લોકો કલિકટ છોડી ભાગી ગયા ને પછી એ વરસ સુધી ફરી ન દેખાયા.

કલિકટના રાજવીએ અને પ્રજાએ શાંતિનો શ્વાસ લીધો ને માન્યું કે આફત દૂર થઇ છે. ફિરંગીઓ હવે ફરી નહિ આવે.

છેલ્લા બનાવને વરસેક વીત્યા બાદ મિરઝા દાઉદ પોતાની સ્ત્રી તથા પુત્રીને લઇ એની જનમભોમ મોરોક્કો ગયો હતો. ત્યાં થોડા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિવસ રોકાયા પછી પોતાના વૃદ્ધ પિતાને સાથે લઇ તે મક્કા શરીફ હજ કરવા ગયો, ને ત્યાં તીર્થયાત્રા પૂરી કરી સૌને લઈ તે કલિકટ પાછો ફરતો હતો.

નક્કી એમ થએલું કે મક્કાશરીફથી મિરઝા દાઉદ કલિકટ આવે, ને પિતા મોરક્કો જાય. પરંતુ પિતા વૃદ્ધ અને જરાગ્રસ્ત થયા હતા, હવે વધુ દિવસના મહેમાન નહોતા. ફરીથી મોરક્કો જવાનું કદાચ જલદી ન પણ બને, ને એટલો સમય પિતા કદાચ જીવતા પણ ન રહે આ બધું વિચારી મિરઝા દાઉદે એમને મોરક્કો જવા ન દેતાં પોતાની સાથે કલિકટના જહાજમાં જ ઉપાડ્યા. વૃદ્ધ પિતા પણ પોતાની ઇદના ચાંદ જેવી સુંદર પૌત્રીને જોઈ લોભાયા હતા, તેથી એમણે પણ ખાસ વાંધો ન લીધો.

મક્કા શરીફની હજ વેળા કલિકટની કેટલીક ખાનદાન વ્યક્તિઓ સાથે મિરઝા દાઉદનો મેળાપ થયો. તેણે તેમને કહ્યું કે 'તમે પણ કલિકટ જ જાઓ છો, તો મારા જહાજમાં જ ચાલો.' ને એ સૌએ આનંદ સહ મિરઝા દાઉદના જહાજમાં સફર કરવાનું સ્વીકાર્યું.

મક્કા શરીફથી કલિકટનો માર્ગ ત્રણ મહિનાનો છે. જહાજ યોગ્ય સમયે અરબ્બી કિનારો મૂકી રાતા સમુદ્રમાંથી પસાર થયું ને ધીમે ધીમે ઇરાની અખાત વટાવી હિંદી મહાસાગરમાં દાખલ થઈ ગયું.

મહાસાગરની છાતી ઉપરથી હવા ભરેલા શઢે મિરઝા દાઉદનું જહાજ દક્ષિણ તરફ વહ્યું જતું હતું. ચારે તરફ અફાટ સાગર ધુધવાટા કરતો નર્તન કરી રહ્યો હતો, ને અરીસાના લાખો–કરોડો કટકા થઇ ગયા હોય તેમ સૂર્યકિરણો વડે ચમકતો હતો. પૂર્ણ દિગંતરેખા અખંડપણે જહાજને ચારે બાજુથી આવરીને પડી હતી. માત્ર દૂર દૂર પૂર્વ ક્ષિતિજમાં વાદળ શો કચ્છનાં કિનારાનો રેતાળ પ્રદેશ ઝાંખો ઝાંખો દેખાઇ રહ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુખ્ય ટંડેલનું કહેવું હતું કે જો પવનની દિશા અને ગતિ ન બદલાય તો આઠમે દિવસે કલિકટ પહોંચી જવાશે. ને એથી પ્રવાસ પૂરો થવાની કલ્પનાએ બધા પ્રવાસીઓ હર્ષમાં આવી ગયા હતા.

એ દિવસે શુક્રવાર—જુમ્માનો દિવસ હતો. સૂર્ય ધીરે ધીરે મધ્યાકાશમાં આવી પશ્ચિમ તરફ સરી રહ્યો હતો. જહાજના વિશાળ તુતક ઉપર મિરઝા દાઉદ, એના પિતા અને બીજા અનેક પુરુષોએ બપોરની નમાઝ લગભગ પૂરી કરી હતી. જહાજનો કપ્તાન સ્થિર દૃષ્ટિએ સામે કાંઇક જોતો સુકાન પાસે અડગ ઊભો હતો. ચારે બાજુ નીરવતા વ્યાપી ગઇ હતી. ફક્ત જહાજના વેગથી કપાતું ફીણાળું નીર હસતું કલકલ કરતું વહી રહ્યું હતું.

એવે સમયે આસમાન અને હવાને ધ્રુજાવતી મેઘગર્જના શા કોઇ ભીષણ અવાજે સૌ ચમકી ઊઠ્યા. જોયું તો પાછળ પાંચ ફિરંગી જહાજ, બધાયે શઢ ચડાવી એક સાથે અનેક હલેસાં મારતાં, ઝાઝા પગવાળા કો વિશાળકાય જળજંતુની જેમ, ઝપાટાબંધ ધસમસતાં આવે છે અને એ એટલાં તો નજદીક આવી ગયાં છે કે એમાંનાં માણસો પણ સ્પષ્ટ દેખાય છે. એકાએક આવું દૃશ્ય જોઇ સૌ હતબુદ્ધિ શા એ તરફ એકીટશે જોઈ રહ્યા.

અને એ દૃશ્ય પણ સાચે જ આપણે આશ્ચર્ય પામીએ તેવું હતું. થોડી વાર પહેલાં ચારે બાજુ જ્યાં અગાધ રત્નાકર સિવાય કંઇ જ નહોતું, ત્યાં અચાનક, ભીષણ દૈત્ય જેવાં આ ફિરંગી જહાજ સમુદ્રના કયા અતલ પેટાળમાંથી ફૂટી નીકળ્યાં? મિરઝા દાઉદનું મન કહેતું હતું કે હવે બચવા આરો નથી. તોપમાંથી ગોળા છોડી એ લોકો પોતે આવી પહોંચ્યાની ઘોષણા કરી ચૂક્યા હતા. હવે તેઓ દયા–માયા નહિ બતાવે. મૂર લોહી વડે બદલો લેવાની તક આજે એમને મળી ગઇ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ જાતનો બનાવ પૂર્વ સમુદ્ર ઉપર આ પહેલાં કદી નહોતો બન્યો, સ્મરણાતીત કાળથી આ માર્ગે શત શત જહાજો નિર્ભયપણે સફર કરતાં આવ્યાં છે. ચીનથી માંડીને કાસ્પીએન સરોવર સુધીમાં કોઇએ કદી ચાંચિયા જહાજનું નામ સુદ્ધાં સાંભળ્યું નથી. ભૂ-માર્ગ કરતાં જળ-માર્ગ વધુ સલામત હોવાથી જળ-વાણિજ્ય આટલું વિસ્તર્યું હતું. પણ યુગયુગાંતરના એ સલામત માર્ગમાં આજે સ્વાર્થાંધ ફિરંગીઓ પોતાંના અગ્નિ-અસ્ત્રો લઇ તેમનો માર્ગ રૂંધીને ઊભા હતા.

પણ યુદ્ધમાં ઉતરવું મિરઝા દાઉદને શક્ય નહોતું. એનું જહાજ હજ કરનારાઓનું જહાજ હતું. તેમાં તોપ-દારૂગોળો કંઇ જ નહોતું. હતા ફક્ત થોડાક અસહાય, યુદ્ધની ગતાગમ વિનાના ધર્મપરાયણ તીર્થયાત્રી અને એથી યે વધુ અસહાય સ્ત્રીઓ ને બાળકો. સિવાય બીજું કંઈ જ નહોતું. ઉપાય એક જ હતો ને તે ભાગી છૂટવાનો. પણ મિરઝા દાઉદનું જહાજ ફક્ત શઢ પર જ ચાલતું હતું ત્યારે સામે પક્ષે શઢ ને હલેસાં બંને હતાં. આ સ્થિતિમાં ભાગવું પણ શક્ય નહોતું.

પળવાર માટે સ્તબ્ધ બની મિરઝા દાઉદ કંઇ વિચારતો રહ્યો. એકવાર એણે ઉપર આસમાનમાં જોયું. આસમાન વાદળ વિહોણું હતું. સમય લગભગ ત્રીજા પહોરનો હતો. રાત પડવાને હજુ ઘણી વાર હતી. એણે ખલાસીઓને બોલાવી જહાજમાં હતા તેટલા બધા યે શઢ ચડાવી જહાજને પૂરી તાકાત અને ઝડપથી હંકારવા હુકમ આપ્યો.

પણ એ હુકમનો અમલ થયો ન થયો ત્યાં તો ફિરંગી ચાંચિયાઓનાં પાંચે જહાજમાંથી એકસામટી પાંચ તોપો વછૂટી. એનો એક ગોળો મોટા શઢ વચ્ચે બાકોરૂં પાડી સામી બાજુએ સમુદ્રના પેટાળમાં પેઠો. બીજા ગોળાઓ જહાજની ચારે બાજુ પાણીમાં પડ્યા: કોઈ પણ ગોળો જહાજને ખાસ ગંભીર નુકસાન કરી ન શક્યો.

જહાજ ઉપરના પુરુષ યાત્રીઓનાં મોં સુકાયાં. નીચેથી ભય-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભીત બાળકો ને સ્ત્રીઓનો આર્તનાદ ને ક્રંદનરવ સંભળાયો. દાંત ભીંસીને મિરઝા દાઉદે ખલાસીઓને ફરમાન છોડયું, 'શકય એટલી ઝડપ કરો; ફિરંગી ચાંચિયાઓને હાથે ન પકડાશો.'

એ જ વખતે મિરઝા દાઉદની ચાર વર્ષની નાની પુત્રી હાંફતી હાંફતી ઉપર આવી પિતાને ગોઠણે બાઝી પડી બોલી, 'બાબા, અમ્મા તમને બોલાવે છે.' ને પછી પિતાના મોં તરફ જોતાં જ મોટેથી રડીને બોલી, 'બાબા, મને બહુ બીક લાગે છે.'

પુત્રીને બે હાથે ઉપાડી છાતી સરસી ચાંપી મિરઝાએ એના કાનમાં કહ્યું, 'બેટા, હરના, રડીશ મા. તું મૂર–પુત્રી છો. તારે બીક કેવી? આજે આપણે બધા એક સાથે બેહિસ્તમાં જઈશું.'

પુત્રીને પોતાના વૃદ્ધ પિતાના હાથમાં આપી મિરઝા દાઉદ નીચે ગયો. એની વ્યાકુળ–નયના પત્ની એને સામે જ મળી.

પોતાની કમ્મરેથી એક નાની, માણેકજડિત છરી પત્નીના હાથમાં આપતાં ધૈર્યપૂર્વક એણે કહ્યું, 'સાલેહા, આખરટાણું હવે નજીક આવ્યું દેખાય છે. ચાંચિયાઓ આપણી પાછળ પડયા છે. જો એ લોકો આ જહાજ પર પગ મૂકે તો આ છરીનો ઉપયોગ તારા ઉપર કરજે. એ પહેલાં ઉતાવળે કંઈ જ ન કરી બેસતી. અને બીજી બધી ઓરતોને પણ હિંમત આપજે કે વિના કારણે ન બીએ! હવે ખુદા હાફિઝ!' આટલું કહી પળવાર માટે સાલેહાનું માથું છાતી સરસું ચાંપી મિરઝા દાઉદ ઉપર ચાલ્યો ધયો.

એણે ઉપર આવીને જોયું તો આ થોડી વારમાં ચાંચિયા જહાજો એમને અર્ધ ચંદ્રાકારમાં ઘેરી વળ્યા હતા. હવે એ લોકો એટલા નજીક આવી ગયા હતા કે મોટે સાદે થતી એમની વાતચીત પણ સ્પષ્ટ સંભળાતી હતી, મિરઝા દાઉદે જોયું કે સામેનાં પાંચે ય જહા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જમાંની તોપોનાં મોં તેમના તરફ જ મંડાએલાં છે. ને આટલા નિકટ હોઇ હવે તેઓ નિશાન ચૂકે એ સંભવિત નથી.

'દાઉદ, હવે ઇલાજ નથી, પકડાશું નહિ તો ડૂબીને મરવું પડશે' મિરઝા દાઉદના 'પિતાએ આવીને કહ્યું.

'પકડાશું તો યે નક્કી મરવાનું જ છે. એનાં કરતાં બહેતર છે કે ડૂબીને મરીએ.' મીરઝાએ કહ્યું.

'એ સાચું; પણ આપણી સાથે સ્ત્રીઓ અને બાળકો છે. એમના બચાવ માટે કંઇ પ્રયત્ન કરવો શું જરૂરી નથી?' એના પિતા બોલ્યા.

'પણ ચાંચિયાઓ બાળકો અને ઓરતો ઉપર દયા દેખાડશે ખરા? એથી ઉલટું,...' કદાચ જરા વિચાર કરી મિરઝાએ કહ્યું.

'ફિરંગી અર્થલોભી છે. અર્થના બદલામાં સ્ત્રી બાળકોને કદાચ છોડી મૂકી શકે.' પિતાએ કહ્યુ. બીજા ઘણાઓએ પણ વૃદ્ધના વાક્યનું સમર્થન કર્યું. ને ત્યારે મિરઝા દાઉદે કહ્યું. 'ઠીક, પ્રયત્ન કરી જોઇએ.'

બરાબર એ જ વખતે સામેનાં એક જહાજમાંથી એક તોપ વછૂટી. આ વખતે ગોળો વાગવાથી જહાજનો વિરાટ કુવાથંભ કડેડાટ કરતો ભાગી પડયો ને સાથોસાથ ઢગલો થઇને પડેલા શદમાં આગ લાગી.

સ્ત્રીઓ અત્યાર સુધી આબરૂ જાળવવા જહાજના નીચેના ભાગમાં જ રહી હતી, પણ હવે વધુ સમય શરમનો અચંબો તેઓ સહી ન શકી. સંતાનોને લઇને, સંતાનો વિનાની એમ ને એમ મોટેથી રડતી રડતી ઉપર આવી. બધી જ ભય–વિહ્વળ હતી. કોઇ ગોઠણિયાભર બેસી ઊંચે આકાશ તરફ જોઈ ખુદાને આકુળ પ્રાણની આરઝૂ કરવા લાગી, તો કોઇ નાનાં બાળકોને બંને હાથમાં ઊંચું કરી ચાંચિયાઓના હૃદયમાં કરુણા જન્માવવા પ્રયત્ન કરવા લાગી....

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બાજુ શઢમાં લાગેલી આગ ધીરે ધીરે આખા જહાજમાં વ્યાપવા લાગી, પુરુષો દરિયામાંથી પાણી ખેંચીખેંચી આગ શમાવવા પ્રયત્ન કરવા લાગ્યા. મહામહેનતે પુષ્કળ પાણી છાંટ્યા બાદ આગ બુઝાઈ, ને તત્કાળ પૂરતી રાહત મળી.

ફિરંગીઓનું એક જહાજ તદ્દન નજીક આવી ગયું હતું. વચ્ચે હવે ફક્ત સો વારનું જ છેટું રહ્યુ હતું. તોપદાગી હવે તેઓ ગોળા છોડવાની તૈયારીમાં જ હતા, ત્યાં મિરઝા દાઉદે હાથ ઊંચા કરી મોટેથી સાદ પાડી એમને કહ્યું, 'તોપ છોડશો માં. અમે કબજે થઇએ છીએ.'

તોપ એક બાજુ રહેવા દઈ ફિરંગીઓ હર્ષધ્વનિ કરી ઊઠ્યા. તેમનામાં એક જણે (ઘણું કરીને એ તેઓનો અગ્રણી હતો) કહ્યું, 'તમારા જહાજમાં જે કંઇ શસ્ત્રો હોય તે પાણીમાં ફેંકી દો, નહિ તો તોપ વછુટશે.'

મિરઝા દાઉદે કહ્યુ, 'અમારી પાસે કંઇ જ શસ્ત્રો નથી. આ તીર્થયાત્રીઓનું જહાજ છે. જે કંઇ ધન-રત્ન અમારી પાસે છે તે આપીએ છીએ. અમને જવા દો.'

આમ વાતચીત ચાલતી હતી, એવામાં આક્રમણકારી જહાજની અંદરથી એક પુરુષ બહાર આવ્યો. અતિ મુલ્યવાન પોષાકવાળા એ વિશાળકાય પુરુષને જોઇ મિરઝા દાઉદનું લોહી જામી ગયું. એણે તરત એને ઓળખી લીધો. એ હતો વાસ્કો-ડા-ગામા! વૈરવૃત્તિ એના મોં પર કાળા નાગની જેમ કુંડાળાં લઇ રહી હતી. મિરઝા દાઉદને જોઈ વાસ્કો-ડા-ગામા હસ્યો! માથા પરની પીંછાંવાળી ટોપી ઉતારી જમીન સુધી લળી એ બોલ્યો, 'મિરઝા દાઉદ, સંધ્યાવંદન! યાદ છે, મેં કહ્યું હતું તે, કે આપણે ફરી મળીશું?'

મિરઝા દાઉદ તુરત કંઈ જ બોલી ન શક્યો. ને ત્યારે વાસ્કો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડા-ગામાએ પેલા અગ્રણી નાવિકને કહ્યું, 'કપ્તાન, તોપ શાંત કેમ છે? ભૂલી ગયા કે શું મારૂં ફરમાન?'

'માલિક, એ લોકો ધન-રત્ન આપી છુટકારાની માગણી કરે છે.' ભયભીત કૅપ્ટને કહ્યુ.

બંને જહાજ ધીરે ધીરે વધુ નજીક આવવા લાગ્યાં. ડા-ગામા-એ હવે મિરઝા દાઉદ તરફ જોઇ કટાક્ષ કરતાં કહ્યું, 'મૂર, ધન-રત્ન આપી પ્રાણ ભિક્ષા માગે છે?'

'પ્રાણભિક્ષા અમારે માટે નથી માંગતો! અમારૂં સર્વસ્વ લઈ વૃદ્ધો, સ્ત્રીઓ અને બાળકોને જ મુક્તિ આપો.' મિરઝા દાઉદે કહ્યું. ડા-ગામા શત્રુની લાંછનાના મીઠા રસને માણતો માણતો બોલ્યો, 'વૃદ્ધો સ્ત્રીઓ અને બાળકોને છોડી દઉં? પણ એથી મને શો લાભ? એ કરતાં તો તમારી જુવાન ઓરતોને અમારી પાસે મોકલી મરદોનો જીવ બચાવી શકશો. અમારા જહાજોમાં ઓરતોની થોડીક જરૂર પણ છે. મારે પોતાને માટે નહિ, પણ ખલાસીઓ માટે. મને ઓરતોનો ખાસ કંઇ શોખ નથી.'

ક્રોધ અને અપમાનથી મિરઝા દાઉદનો ચહેરો રક્તહીન થઇ ગયો. એ સમજી ગયો કે અત્યારે એને સાંપટમાં આવેલો જોઈ ડા-ગામા એની ક્રૂર મશ્કરી કરી રહ્યો છે. મહામહેનતે પોતાની જાતને કાબૂમાં રાખી એણે જવાબ આપ્યો, ડા-ગામા, તારી માગણીનો જ-વાબ આપતાં મને ઘૃણા ઉપજે છે. જો તમને રૂચતું હોય તો અમારી પાસે છે તે તમામ કિંમતી વસ્તુઓ અને સોનું રૂપું બધું યે લઇને અમને છૂટકારો આપો; નહિ તો કંઈ જ પામશો નહિ.'

'કંઇ જ નહિ પામવાનો અર્થ?' ડા-ગામાએ ભ્રકુટિ ખેંચી પૂછ્યું. 'એનો અર્થ એ જ કે તમે બહુ કરશો તો અમને જાનથી મારી નાખી શકશો, પણ એથી તમને કંઇ જ ફાયદો નહિ થાય. ને જો અમારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જહાજ પર ચડાઇ કરવા માગશો તો અમે જ પાટિયાં ખોલી જહાજ ડૂબાડી દઇશું.' મિરઝા દાઉદે જવાબ વાળ્યો.

મિરઝા દાઉદની આ વાત સાંભળી વાસ્કો-ડા-ગામાની ભ્રૂકુટિ વધુ તણાઇ. નીચી મૂંડીએ એ કંઇક વિચાર કરવા વાગ્યો.

આ બાજુ જહાજનો શઢ-સ્તંભ ભાંગી પડતાં મિરઝા દાઉદની સ્થિતિ, કાદવમાં પડેલા ને ચાલવા અશક્ત બનેલા ગજરાજ જેવી હતી. ત્યારે બીજી બાજુ ફિરંગીનાં પાંચ જહાજ એમને ત્રણે બાજુથી ઘેરતાં ધીરે ધીરે વધુ ને વધુ નજીક આવી રહ્યા હતાં.

મિરઝા દાઉદ અધીર થઇ ઊઠ્યો, 'ડા-ગામા, જે કરવું હોય તે જલદીથી કર. અમારી સાથે બારસો તોલા સુવર્ણ અને બીજી પણ કેટલીક કિમતી વસ્તુઓ છે. જો ઇચ્છા હોય તો ઝટ બોલ ! વધુ મોડું કરીશ તો બધું યે ગુમાવીશ.'

'તમારી સ્ત્રીઓ નહિ સોંપો ?' ડા-ગામાએ પૂછ્યું.

મિરઝા દાઉદ ગર્જી ઊઠ્યો, 'ના, નહિ આપીએ. અમે તમારી જેમ સ્ત્રી-બાળકોના વ્યાપાર નથી કરતા.'

'મૂર, હજુ યે તારૂં ગુમાન નથી ઘટયું ? ઠીક, લક્ષ્મી જ લઇશ. તમારી પાસે જે કંઈ હોય તે એક તરાપમાં ભરી અમારા જહાજ પર મોકલો.' ડા-ગામાએ કહ્યું.

જે કંઈ હશે તે આપી દીધે મુક્તિ આપશો ?'

'આપીશું.'

'તમારો વિશ્વાસ શો ?'

'ખોટું હું કદી બોલતો નથી.'

'જુઠા ! શપથ લીધા હતા કે ફરી કદી યે હિન્દુસ્તાનામાં પગ નહિ મૂકું એનું શું કર્યું ?' મિરઝાએ તિરસ્કારથી પૂછ્યું.

'હજુ પણ કયાં હિન્દુસ્તાન પર પગ મૂકયો છે ?' ડા-ગામેએ હસતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હસતાં જવાબ આપ્યો.

પછી મિરઝા દાઉદે સૌની સાથે મસલત કરી. સૌએ જ કહ્યું કે જ્યારે એ લોકોને પનારે પડ્યા છીએ ત્યારે બીજો ઉપાય પણ શો છે? આખરે મિરઝા દાઉદ પણ સહમત થયો.

અને પછી એક તરાપો તૈયાર કરી તેમાં એમની પાસે જે કંઈ હતું તે—સ્ત્રીઓના અંલકારો ને આભૂષણો સુદ્ધાં—તરાપામાં મૂકી તે તરાપો ડા-ગામાના જહાજ પર પહોંચાડવામાં આવ્યો.

'તમારી પાસે હવે કંઈ જ નથી?' ડા-ગામાએ પૂછ્યું.

'ના.'

હવે ફરીથી પૂછું છું કે સ્ત્રીઓ સોંપવી છે કે નહિ?'

અસહ્ય ક્રોધને અંગે મિરઝા કંઈ જ બોલી ન શક્યો. માત્ર એની બે આંખો અગ્નિશિખા શી સળવળવા લાગી.

વાસ્કો-ડા-ગામા કાલકૂટની જેમ હસ્યો. એ બોલ્યો, 'વાહ, જેવી તમારી ઇચ્છા' ને પછી કૅપ્ટન તરફ ફરી એણે ફરમાવ્યું. 'કૅપ્ટન, તોપો ચલાવી એ લોકોનું જહાજ જલાવી નાખો. આજે આ કુત્તાઓને સળગાવીને જ ખતમ કરીશું'

મિરઝા દાઉદ ચીસ પાડી ઊઠ્યો, 'શઠ! બેઈમાન! દગાબાજ શયતાન?'

ડા-ગામા બોલ્યો, 'મિરઝા દાઉદ, તને બચાવી શકવા હવે કોઇ જ શક્તિમાન નથી. છતાં તું તારી સ્ત્રી મને સોંપી તારો જીવ બચાવી શકે છે. તારી સ્ત્રીને હું મારી બાંદી બનાવીને રાખીશ.'

'શયતાન! શયતાન!' મિરઝા દાઉદ પાગલની જેમ ગર્જના કરી ભૂમ પાડી ઊઠ્યો.

જહાજમાં ગજબનો શોરબકોર વ્યાપી ગયો. સ્ત્રી-પુરુષો સૌ પાગલની જેમ નાસ-ભાગ કરવા લાગ્યાં. સૌ જાણે આ અભિશાપ પામેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જહાજમાંથી ભાગી છૂટવા ઝંખતું હતું. ચારે બાજુથી અર્તનાદ ઉઠ્યો, 'બચાવો, બચાવો—ખુદા! ખુદા!!'

આ આકુળ પ્રાર્થનાનો જવાબ મળ્યો. સહસા શિલાવૃષ્ટિની જેમ જહાજ ઉપર બંદુકની ગોળીઓ છૂટવા લાગી. કોઇ ખતમ થઇને તો કોઇ ઘાયલ થઇને એમ લોકો નીચે પડવા લાગ્યા. મૃત્યુની વિભીષિકા ભીષણથી યે ભીષણ બનીને જાણે ત્યાં ઊતરી પડી હતી.

મિરઝા દાઉદના પિતા નાની હારૂનાને છાતી સરસી ચાંપી ધ્રૂજતા ધ્રૂજતા પુત્ર પાસે આવીને ઊભા ને તુટકે સાદે બોલ્યા, 'દાઉદ!'

દુર્દમ્ય આવેગે મિરઝા દાઉદે એકી સાથે પિતા અને પુત્રીને ભેટી પડયો. એ જ વખતે લાજ-લજ્જા મૂકી દઇ સાલેહા ત્યાં આવી પતિનો હાથ ઝાલી ત્યાં ઊભી રહી.

મિરઝા દાઉદ ભરાએલી આંખે એક વાર પિતા, પુત્રી ને પત્ની ત્રણેયનાં ભયભીત વદન તરફ જોઇ રહ્યો, ને પછી રૂંધાતા સાદે બોલ્યો 'પિતા, શું ખુદા નથી?'

ઓચિંતી એક નાની ચીસ પાડી હારૂના બેભાન થઇ ગઇ. તુરત જ પુત્રીને તેડી લઇ મિરઝા દાઉદે જોયું તો નાની હારૂનાના દેહમાં પ્રાણ નહતો. બંદુકની નિર્મમ ગોળી એની છાતીમાં પેસી ગઈ હતી.

ત્યાર પછી તુરત એક પછી એક પ્રથમ પિતા અને અને પછી પત્ની ગોળી વાગતાં નીચે પડી તરફડવા લાગ્યાં ત્યારે સામેના જહાજ ઉપર નજર કરતાં ખુદ વાસ્કો-ડા-ગામાને હાથમાં ધુમાડા નીકળતી બંદૂક લઇ સાક્ષાત પિચાશની જેમ હસતો હસતો ઊભેલો તેણે જોયો.

સૂર્ય ત્યારે પશ્ચિમરેખાને સ્પર્શી રહ્યો હતો. આસમાન અને સમુદ્ર ગરમા ગરમ રૂધિર જેવો લાલચોળ બન્યા હતાં. સમુદ્રની છાતી ઉપર સૂર્ય અસ્ત પામતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે પાંચે ય જહાજમાંથી એકી સાથે તોપ વછુટવાનો અવાજ આવાજ આવ્યો. તોપના અવાજની સાથોસાથ મિરઝા દાઉદનું જહાજ કંપી ઊઠ્યું. શઢનું કાપડ ફરી સળગી ઊઠ્યું ફરી તોપો ગર્જી ઊઠી. આ વખતે જહાજનો આગળનો ભાગ તદ્દન છિન્ન-ભિન્ન થઇ ઊડી ગયો ને ખળખળ કરતું પાણી એમાં ભરાવા લાગ્યું.

ત્યાર બાદ થોડી જ વારમાં બધું ય ખતમ થઇ ગયું યાત્રિકોનાં ગળામાંથી એકી સાથે એક મહા હાહાકાર ઊઠ્યો. સળગી રહેલું જહાજ એકાએક જીવતું હોય એમ સીધું થઇને ઊભું થયું, ને પછી ઝપાટાબંધ સાગરના પેટાળમાં ગરક થઇ ગયું. યાત્રિકોની કીકિયારીઓ ને હાહાકાર સહસા શાંત થઇ ગયાં. પળવાર પહેલાં જ્યાં જહાજ હતું ત્યાં હવે માત્ર થોડાક ધુમરીઓ ખાતાં કુંડાળાં અને ફીણાળા નીરગોટા રમી રહ્યા.

ફિરંગી જહાજો ચિત્રવત્ સ્તબ્ધ બની ઊભા હતાં. લગભગ અધારૂં થયું ત્યારે તે જાણે કોઇ અન્ય જગતની ભૌતિક તરણી હોય એવાં દેખવાં લાગ્યાં.

ને પળવાર પછી સંધ્યાની નીરવતાને ચીરતા નગારાં ને તૂરીના નાદ વાસ્કો-ડા-ગામાના જહાજમાંથી ઝણુઝણી ઊઠ્યા.

સૂર્ય ત્યારે સમુદ્રપાર અસ્ત પામી બીજા કોઇ નૂતન ગગનમાં ડોકિયાં કરી રહ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મરણ ધક્કો

બિહારમાં મુંગેર શહેર નામે આજ સુધી જે સ્થળ ઓળખાતું તેના જ એક ભાગમાં અમારા મંડળના વિધ્વંસિત મકાનની બહાર અમે કેટલાક જણ બેઠા હતા. સૌ પગથી માથા સુધી ગેરૂવી ધૂળ અને ઇંટોડાંનાં રજકણથી ઢંકાઈ ગયા હતા. કોઈના યે પગમાં પગરખાં નહોતાં. વરદાના શરીર પર માત્ર એક ગંજી હતું. એની કોણી છોલાઈ ગઈ હતી ને ત્યાંથી નીકળતું લોહી ધૂળ સાથે મળી સુકાઈ ગયું હતું. એ વારે વારે શિ...શિ...કરી કંપી ઊઠતો હતો.

બપોરે બરાબર બેને બાર મિનિટે ધરા ધ્રુજાવી નાખતો, ધરતીકંપનો એક જબ્બર ધક્કો આ શહેરને વાગી ગયો છે. આકાશ હજુ યે રાતાં રજકણોએ આચ્છાદિત છે; ને નીચે, દર ઉપરની ઉધઈની જેમ, અગણિત બહાવરા લોકો ઇંટ-પથ્થરનાં ડુંગરો પર ફરતા પોતપોતાના પ્રિયજનોનાં નામની મોટે સાદે બૂમો પાડતા રડે છે. અમે સૌ થાકયા પાકયા કંટાળીને બેઠા છીએ, ને અભિશાપ પામી સ્મશાનવત્ થએલા મુંગેર શહેર પર શિયાળુ રાતનું અંધારૂં ધીરે ધીરે ઘેરાઇ રહ્યુ છે.

સૌ પોતપોતાની ચિંતામાં મગ્ન હતા, એથી વચ્ચે વચ્ચે જે થોડીક વાતો થતી હતી તે પણ તૂટક ને મેળ વિનાની હતી. શચીન ઓચિંતો બોલી ઊઠ્યો: 'એક કોદાળી પણ મળી ગઇ હોત તો દાશુદાને બચાવી શકયો હોત. કાટમાળ તળેથી એની કરુણ ચીસો સાંભળતો હતો, પણ માત્ર એકલા હાથ-વડે જ પચાસ ટન જેટલો કાટનો માળખો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને ઈંટોડાંનો ડુંગર ખેસવવો.....'

ને એક ઊંડો નિઃસાસો મૂકી તે શાંત થયો. માત્ર હાથ વડે પણ પચ્ચાસ ટન જેટલો લોહ-લક્કડ ને ઇંટ-પથ્થરનો કાટ ખેસવવાનો પ્રયત્ન એ કરી ચૂકયો હતો તેની સાબિતી એનાં લોહીલોહાણ હાથ આપતા હતા.

દાંતની કડકડાટીને માંડ થોભાવીને વરદા બોલ્યો 'આજ ટેમ્પરેચર કેટલું હશે? ફ્રીઝિંગ પૉઇન્ટથી યે નીચે ગયું લાગે છે, નહિ?

અત્યાર સુધી ભાંગેલા મકાનનાં બારી-બારણાં ભેગાં કરી તાપણું સળગાવવામાં પરોવાએલો અમૂલ્ય હવે બોલ્યો 'સૌ અહીં આવીને આની ફરતાં બેસો.'

અમે તાપણી ફરતા બેઠા. વરદા બોલ્યો; 'અમારા ઢોરનો તબેલો હજુ યે સલામત છે. ત્યાં જ બેસીને ગપગોળા હાંકીએ.'

'ને પેટના ખાડાનું?' અમૂલ્યે પેટ પર આંગળાં મૂકતા પૂછ્યું.

ધરતી બતાવી વરદા બોલ્યોઃ 'ઘાસ. આજ તો ખોળ-કડબનાં યે સાંસાં છે.'

અમૂલ્ય હસીને વરદાના વાંસામાં ધબ્બો મરતો બોલ્યો, 'કંઇ પરવા નહિ; જો રહેવાનું ઢોરના તબેલામાં છે, તો પછી ઘાસથી મોં ભરડયે કેમ ચાલશે?'

નંદનો એક પગ ભાંગી ગયો હતો. કોટ-પાટલૂન પહેરેલી સ્થિતિમાં જ એ ચત્તોપાટ પડયો પડયો સિગારેટના ધુમાડા કાઢતો હતો. એને માથે પાટો હતો. એક પગ પાટલૂનના પાયચાની ઉપરની બાજુએ ખપાટ મૂકી તે સીધો કરી બાંધવામાં આવ્યો હતો. એની ટીંગાટોળી કરીને અમે તાપણા પાસે લાવી સુવાડયો. એના માથા પરનો ઘા બહુ ગંભીર તો નહોતો છતાં, એ બહુ ઢીલો થઈ ગયો હતો. ધુમાડા કાઢતો મનોમનમાં બકતો હોય તેમ એ બોલ્યોઃ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પહેલા માળ પર ઑફિસમાં બેઠો બેઠો ટેબલ પર પગ લંબાવી સીગારેટ ફૂંકતો હતો. શરૂઆતમાં અર્ધી મિનિટ તો ખબર જ ન પડી કે ધરતીકંપ થાય છે. ગુંદરિયાની શીશી ટેબલ પરથી નાચતી નાચતી જ્યારે નીચે પડી ત્યારે જ એની ખબર પડી. ઑફિસમાંથી બહાર નીકળવા જાઉં છું ત્યાં તો ઉપર ભીંતમાં એક ખાસ્સી અગિયાર ઇંચી ઈંટ માથા પર પડી. મોઢાભર પડયો ત્યાં જ. પછી પગ પર પડી એક આડી! ચોપગા થઇ ભાગવાની મહેનત કરી દાદર સુધી પહોચ્યો ન પહોચ્યો ત્યાં તો આખું મકાન કડડડ ભૂસ કરતું તૂટી પડયું મારા ઉપર...'

'નંદ, તું તો પ્રહ્લાદ-છાપ છો. આટઆટલું થયા છતાં યે તું નથી મર્યો, તો પછી હવે તારે ચિંતા કરવા જેવું શું છે? તું તારે મઝાથી ઘુમાડા કાઢયા કર.' અમૂલ્યે જરા લહોકાથી કહ્યું.

નંદ હજુયે મનોમન પોતાની આપવીતી કહ્યે જ જતો હતો. 'ભાન આવ્યું ને જોયું તો મારાં નસ્કોરાં ઇંટોડાથી પુરાઈ ગયાં છે. માંડ શ્વાસ લઇ રહ્યો છું. આખું શરીર ગજબના ભાર નીચે દબાઇ ગયું છે. મનમાં થતું કે જાણે હમણાં મારૂં કલેવર સળેકડાની જેમ કડકડાટ કરતું તૂટી પડશે. આંખો પણ ધૂળથી બંધ હતી. પણ કાન ઉઘાડા હતા. અનેક પ્રકારના અવાજ સંભળાતા હતા. મારી ડાબી બાજુએ ઑફિસનો દફતરી હૈદરમિયાં 'પાણી લાવ,' 'શરબત લાવ' 'હલુવા લાવ' વગેરે વિવિધ વાનીઓની ફરમાશ આપતો હતો! જમણી બાજુથી કોકની ઉધરસ સંભળાતી હતી. ધીરે ધીરે એ અવાજો શમી ગયા. ને મારા શરીર પરનો બોજો વધતો જણાયો. કાનમાં ભોંભોં અવાજ થવા લાગ્યો પછી શું બન્યું તેની ખબર નથી. તમે ક્યારે બહાર કાઢયો?'

અમારામાંનો ડૉકટર પૃથ્વી જે અત્યાર સુધી પોતાનો અંગૂઠો મોંમા લઇ ચૂસતો હતો તે અંગૂઠો બહાર કાઢી બોલ્યો: 'સાડા ચાર વાગે તું પડયો'તો ટૂંટિયાં વાળીને. તારાં નસીબ સારાં કે એક બીજું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રાસું થઈને તારાં પર પડયું હતું નહિ તો...'ને પછી મારા તરફ જોઈ મૃદુ કંઠે બોલ્યો; 'હૉસ્પિટલના શા હાલ છે, જાણો છો? નંદ માટે ઓછામાં ઓછું થોડુંક આયોડિન ને એક સ્પ્લિન્ટ તો જોઇશે જ. માથાનો જખમ ખાસ બહુ ચિંતાજનક નથી, પણ પગે Compound fracture of the tibia, જો વણસે.....'

પ્રમથ વચ્ચે જ બોલ્યો: 'હૉસ્પિટલ હું જોઇ આવ્યો છું. ધૂળ બનીને ઊડી ગઇ છે! કંઈ જ ઉપાય નથી દવા મેળવવાનો.'

થોડી વાર સૌ ચૂપ રહ્યા. માત્ર તાપણું લસલસાટ કરતી લાલ જીભના ભડકા કાઢતું બળતું હતું. એ બાજુ તાકીને શચીન બોલ્યો: 'ફક્ત અઢી મિનિટમાં સાત શતાબ્દીથી વિખ્યાત આ શહેર ગંજીપાના બંગલાની જેમ ઢગલો થઈ ધૂળમાં મળી ગયું! કેવી ગજબનાક શક્તિ! કદાચ બાર કલાકના સતત બૉમ્બમારાથી પણ આવો વિનાશ શકય નહોતો. કેટલા માણસો મર્યા હશે? કોઈ અંદાજ?

'છ-સાત હજારથી ઓછા તો નહિ હોય.'

પ્રમથે માથું હલાવ્યું: હું આખું ગામ ફરીને આવ્યો છું. બહુ બહુ તો દસ-બાર હજાર માણસ હરતુંફરતું દેખાય છે. બાકીના બધા કયાં ગયા?'

'બંગાળી કેટલા મર્યા હશે?' નંદે પૂછયું.

ત્યારે હજુ પૂરા સમાચાર નહોતા મળ્યાં. જેટલાં મળ્યા હતા તે નંદને કહ્યા. તે સાંભળી નંદે પૂછયું: 'તમારા ઘરના સૌ તો સલામત છે ને? કોઈ ઓછું તો નથી થયું ને?'

સદભાગ્યે અમારામાંનાં ઘણાંના સ્વજનોને ઈજા નહોતી આવી. બેશક, અમારા કોઇનાંયે મકાનનું નામનિશાન નહોતું રહ્યું, પણ જીવતા હોવાના આનંદે સર્વસ્વ ગુમાવ્યાનું દુઃખ ઓછું થઈ ગયું હતું. રાજેને એ જ કહ્યું કે 'ઘર-મકાન ગયા તો ભલે ગયા, જીવતાં હશું તો ફરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થશે, પણ જરા કલ્પના તો કરી જુઓ કે જો મણિલાલ જેવા હાલ થયા હોત તો ?'

અને અમે સૌ મનોમન ધ્રુજી ઊઠ્યા. મણિલાલની પત્ની, મા, નાનોભાઇ, અર્થાત પોતાના કહેવા જેવા જે કાંઇ સ્વજન હતા તે બધા જ દટાઇ મર્યા હતાં. એનાં ભર્યા-ભાદર્યા ઘરમાંથી એ એકલો જ આ દુનિયા ખાતે શેષ રહી ગયો હતો.

ઘણી વાર સુધી કોઇ કંઈ ન બોલ્યું. થોડીવાર માટે સ્મશાન શાંતિ છવાઈ ગઇ અંતે એ ચૂપકીદીને તોડતા ચુનીલાલ મૃદુ કંઠે હસવા લાગ્યો. મણિલાલના દુર્દૈવ પર એ નથી હસતો એ તો સમજાતું જ હતું આ ટૂંક ગાળામાં એટલા અને એવા ભયંકર પ્રસંગો અમારી નજરોનજર બની ગયા હતા કે મન કોઇ એક પ્રસંગ પર ઠરી શકતું ન હતું. પ્રકાશના ઝળહળાટને કારણે પંથ ભૂલ્યા કો' ચામાચીડિયાની જેમ મન પ્રસંગો રૂપી દિવાલો પર ભટકાતું-અથડાતું ભટકતું હતું ને એથી ચર્ચા-પ્રવાહ પણ વિચિત્ર તરેહનો સ્વૈરવિહાર બની ગયો હતો.

'અમૂલ્યે આજે એક કૂતરાનો જીવ બચાવ્યો!' ચુની બોલ્યો.

અમૂલ્યને કૂતરાં ઉપર બહુ પ્રેમ હતો. એ કૂતરિયો જીવ હતો એ સૌ જાણતા હતા. તેથી આ વાત જાણવા સૌ આતુર થઇ ગયા. ચુનીએ વાત શરૂ કરી.

'ધરતીકંપ બંધ પડ્યો કે તુરત હું સ્કૂલ તરફ દોડયો, છોકરાઓનું શું થયું તે જોવા-જાણવા. પણ બડાબજારના ચોક પાસે આવી જોઉં છું તો અમૂલ્ય એક જબ્બર લોઢાનું બીમ ખેસવવા મથી રહ્યો છે. પણ બીમ શાનું હટે? એક તો બીમ પોતે જ વીસ મણ વજનદાર, ને તદુપરાંત એ પર કાટનો માળખો. મને જોઈ અમૂલ્યે પાગલની જેમ સાદ પાડ્યો. એના મોં પરનો ભાવ જોઇ મને થયું કે નક્કી કોઇ માણસ દબાઇ ગયું હશે; ને હું મારાં બાળકોની તપાસ પડતી મૂકી અમૂલ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસે દોડી ગયો. જઇને જોયું તો બીમની એક બાજુ પીઠ ફેરવીને એક કૂતરૂં બેઠું હતું ને જોરથી કીકિયારી મચાવી રહ્યું હતું. મેં પૂછ્યું, આ શું? તો અમૂલ્યે રોવા જેવા બનીને કહ્યું 'ભાઇ એની પૂંછડી દબાઇ ગઇ છે, કેમે કરી નીકળતી નથી !!'

'કેવો ગુસ્સો આવે, કહો તો? ગુસ્સે થઇને ચાલ્યો જતો હતો, ત્યાં અમૂલ્યે મારો હાથ જોરથી પકડ્યો. શું કહું? જરા ડર પણ લાગ્યો. પારકાના સંતાનને વિપદમાં મૂકી મારા સંતાનની શોધમાં જાઉં છું. કદાચ ભગવાન દગો દેશે તો! અને અમે બેઉએ મળીને પેલું બીમ હટાવવાની ખૂબ મહેનત કરી. પરંતુ બીમ રજ માત્ર પણ ખસ્યું નહિ. અમૂલ્ય રડતાં રડતાં બોલ્યો, હવે શું કરૂં, ભાઇ!

'ને ત્યારે મારા માથામાં બુદ્ધિનો ઉદય થયો. મેં પૂછ્યું, ચપ્પુ છે? અમૂલ્યે ખિસામાંથી ચપ્પુ કાઢ્યું. મેં કહ્યું, હવે મોડું ન કરતાં તુરત આની પૂંછડી કાપી નાખ. અમૂલ્ય સમજી ગયો કે એ વિના બીજો ઉપાય નથી, ને તુરત એણે એ કૂતરાની પૂંછડી કાપી નાખી!'

ને મુક્તિ મળતાં એ કૂતરૂં ફલાંગ મારતું એવું તો નાઠું કે એણે પાછું વાળીને જોયું પણ નહિ. અમૂલ્યને જરા જેટલો ધન્યવાદ પણ ન દીધો. કૂતરાની કૃતજ્ઞતા આને જ કહેવાય ને!'

ચુનીની આ વાત દરમ્યાન વચ્ચે બે ત્રણ વાર કંઇક બોલવા માટે અમૂલ્ય ઊંચો નીચો થએલો. હવે એ લજ્જિત મોંએ બોલ્યો, 'ખોટાબોલો છે આ ચુની! હું રડતો હતો?'

'નહોતો રડતો?'

'પૂંછડું કાપવાની વાતે યાદ આવ્યું. મેં પણ આજે એક પતિતાનો ઉદ્ધાર કર્યો છે; પણ પૂરેપૂરો નહિ.' શચીન બોલ્યો.

'કઇ રીતે?'

'બજારના પેલા છેવાડામાં એક પણ મકાન સલામત રહેવા પામ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. ઈંટ-કાટમાળની પહાડમાળાઓ જ સર્જાઈ ગઇ છે ત્યાં. એના પર ફરતાંફરતાં અચાનક જોયું તો એક પગ આંગળાંથી ઘૂંટણ સુધી બહાર છે. એ કોઈ ઘુઘરિયાળો ઝાંઝર પહેરેલી સ્ત્રીનો પગ લાગે છે. ઘૂમાઘૂમ કરી બેચાર જણને ભેગા કર્યા. સૌએ મળી કાટ હટાવવા માંડયો. મનમાં થયું કે પગ બહાર છે ત્યારે એ કદાચ એ મૃત્યુ નહિ પામી હોય. મહામહેનતે ધડ સુધી પહોંચ્યા. ધડ તદ્દન સલામત હતું પણ ત્યાંથી આગળ જોયું તો ગરદન આગળ કંઇ જ નહોતું! માથુ તદ્દન જુદું થઇ ગયું હતું ને દસેક હાથ દૂર એકલું પડયું હતું!'

જરા વાર મૂંગા રહી શચીને ફરી આગળ ચલાવ્યું, 'આજે જે બધાં દૃશ્યો જોયાં છે એ કદિ યે નહિ ભૂલાય. વકીલ ગણેશલાલને તમે ઓળખો છો ને? એ કાર્ટમાં હતો. પાગલની જેમ દોડતા આવીને જુએ છે તો એની સ્ત્રી એના મકાનની સામે જ રસ્તા પર પડી છે; એનાં પ્રાણ ઊડી ગયા છે! ગણેશ હજુ યે સ્ત્રીનું શબ ખોળામાં લઇ રસ્તા વચ્ચે બેઠો છે.'

'જરા અટકીને એ બોલ્યો, 'કેવું નસીબ છે, જુઓ તો! એની સ્ત્રી મકાનમાંથી બહાર નીકળી ગઈ હતી. પરંતુ રસ્તા ઉપર આવતાં જ કોઈક બીજું મકાન તેના ઉપર તૂટી પડયું. જો પોનાના મકાન-માંથી એ નીકળી ન હોત તો કદાચ બચી જાત!'

'એ તમારી ભૂલ છે મૃત્યુ એને બોલાવતું હતું, એટલે એ જ્યાં હોત ત્યાંથી એને જવું જ પડત.' વરદાએ કહ્યુ.

'હું તો પળવારમાં બચી ગયો. ડેપ્યુટીની કોર્ટમાં એક કેઇસમાં "આરગ્યુ" કરતો હતો. ઓચિંતા જજ એક કુદકો મારતા મારા ઉપર પડયા, ને અમે બંને બથંબંથા કરતા ડોલતા ડોલતા જેવા કોર્ટની બહાર નીકળ્યા; છત તૂટી પડી' સુનીએ કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'આયખું હોય ત્યાં સુધી કોઈ મરી શકતું નથી. એ જ છે ચરમ અને પરમ સત્ય. એમ ન હોત તો હું કઈ રીતે જીવતો રહેત?' વરદા બોલી ઊઠયો.

'સાવ સાચું છે. તમે કેમ બચી ગયા એ જાણવા અમે સૌ આતુર છીએ; કારણ તમે તો પહેલા માળના તમારા ઓરડામાં બારણું બંધ કરી બપોરની ઊંઘ ખેંચી રહ્યા હશો.' અમૂલ્યે પૂછ્યું.

વરદા બોલ્યો, 'હું કહીશ તો ખરો, પણ મારી વાત તમે કોઇ સાચી નહિ માનો. એક તો હું શરૂથી જ જરા બદનામ છું ને વળી.'

'ભલેને તમારી વાત ગમે તેટલી બનાવટી હોય, આજે તો અમે એ સાંભળવાના જ. આજને—આવે દિવસે પણ જો તમે બનાવટી વાત કહેશો તો સમજીશું કે તમારા જેવો પાપી નરકમાં પણ નહિ હોય.' અમૂલ્યે આગ્રહ કરતાં કહ્યું.

વરદા બોલ્યો, 'જુઓ ભાઇ, તદ્દન ખોટી વાત તો હું કદી યે કહેતો જ નથી. હા, કદાચ ઓછોવત્તો રંગ ચડાવીને કહેતો હોઇશ. પણ આજ તો એમ પણ નથી કરવાનો. તદ્દન સત્ય હકીકત કહીશ. ભગવાનને સાક્ષી રાખીને.'

અને પછી વરદાએ વાતની શરૂઆત કરી.

'અમૂલ્યે કહ્યું એ ખરૂં છે. એ વખતે હું દિવાનિદ્રા જ લેતો હતો. શ્રીમતી પણ બાજુમાં જ સૂતી હતી. ઓચિંતો ધક્કો વાગતાં જાગી ઉઠયો. જોયું તો પાટ જાણે ઘરમાં હાલતી હતી, ને ઘર ડોલતું હતું. જાણે કોઇ બે હાથ વડે હીંચોળાતું ન હોય, તેમ. અને એક સામટી હજાર ઘંટી ફરી રહી હોય એવી ઘર્ઘરાટી ધરતીમાંથી સંભળાઇ રહી હતી.

'હું બહુ સાહસિક તો છું નહિ, એટલે મોતથી નથી ડરતો એમ કહું તો ખોટું બોલ્યું કહેવાશે. છતાં આશ્ચર્યની વાત છે કે મને જરા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેટલો યે ભય લાગ્યો નહિ. બુદ્ધિ પણ જરા યે બહેર મારી ન ગઇ. સંભવિત છે કે આફત ઓચિંતી આવીને ઊભી રહી હોવાથી ભય નામક વસ્તુને મનમાં પ્રવેશવાની તક જ ન મળી. વિદ્યુતના ચમકારાની જેમ મારા માથામાં વસ્તુસ્થિતિ સ્પષ્ટ થઇ ગઇ કે આજે જીવન-મરણનો ખેલ છે. કાં આ પાર, કાં પેલે પાર.

'ને આજે તમારી પાસે એ પ્રગટ કરતાં મને શરમ નથી આવતી કે આફતની ગંભીરતા સમજાવવાની સાથોસાથ એક વાત અમે મનોમન એ નક્કી કરી લીધી કે મરવાનું હશે તો મરીશું યે સાથે, ને જીવવાનું હશે તો જીવીશું યે સાથે જ. કોઇકોઇને છોડીને નહિ ભાગીએ. અને શ્રીમતીએ પણ મારો ડાબો હાથ એ રીતે જ ઝાલ્યો હતો કે આ જન્મમાં એ હાથ છોડાવવો સંભવિત નહોતો.

'અમે બંને એક સાથે પાટ ઉપરથી નીચે ઊતર્યાં. એ સમયે છત પરથી ટાઇલ ખરી પડવાં શરૂ થયાં હતાં ને ધરતી તો એવી ડોલતી હતી કે એ પર સ્થિર રહેવું મુશ્કેલ હતું. એક કબાટ કડકડાટ કરતો બરાબર અમારા પગ પાસે જ તૂટી પડ્યો.

'બારણું ખોલી ઓરડામાંથી બહાર નીકળ્યા. પહેલે માળે બીજા જે જે હતાં તે બધાં ધરતીકંપ શરૂ થતાં તુરત નીચે ચાલ્યાં ગયાં હતાં. અમે ઊંઘીએ છીએ એનો કોઇને ખ્યાલ જ ન રહ્યો, એટલે બીજે માળે અમે એ જ બાકી રહી ગયાં હતાં.

'પણ બુદ્ધિનાં બારણાં નહોતાં ભિડાયાં. એ સાફ હતી એ અગાઉ જણાવી ચૂક્યો છું. એથી શું કરવું ન કરવું એ વિષે બહુ વિચારવા જેવું નહોતું. ઓરડામાંથી બહાર નીકળતાં ડાબી બાજુ નીચે જવાનો દાદર હતો. એ પર થઇને કોઇ પણ રીતે એક વાર ખુલ્લી જગ્યામાં પહોંચી જઇએ, પછી વાંધો નહોતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અમે દાદર પર થઇને નીચે ઊતરવા ગયાં. એક પગથિયું નીચે ઊતર્યાં પણ ખરાં. એ જ વખતે પાછળથી કોઈ અમને ખેંચી રહ્યું હોય એવું અમને લાગ્યું!

'શ્રીમતીનો ચાવીનો ઝૂડો બાંધેલો પાલવ જમીન પર ઘસડાતો હતો. જોયું તો ઝૂડો ઓરડાનાં બારણાંની ફાંકમાં ભરાઈ ગયો હતો. પલવાર તો મનમાં એમ જ થયું કે બસ, હવે બચવા આરો નથી. ખુદ જમરાજા જ જાણે પાછળથી અમને ખેંચી રહ્યો છે!

'કૂતરાની પૂંછડી કાપવાની વાત એ વેળા જાણી નહોતી. ઉપરાંત એ સ્થિતિમાં પણ શ્રીમતી વસ્ત્રવર્જન માટે તૈયાર નહોતી. અમે પાછાં વળ્યાં. મકાન ત્યારે ટાઢિયા તાવના દરદીની જેમ ધ્રૂજતું હતું. એનાં હાડપિંજર એક પછી એક નીકળી પડતાં હતાં. ધરતીકંપનો વેગ એટલો બધો વધી ગયો હતો કે જાણે કે હમણાં જ બધું ખેદાન મેદાન થઇ જશે. મહાપ્રલયને જાણે હવે ઝાઝી વાર નહોતી.

ચાવીનો ઝૂડો બારણામાં એ રીતે ફસાયો હતો કે તેને કાઢવો મુશ્કેલ હતું. તદુપરાંત શ્રીમતીએ મારો એક હાથ પણ ખચખચાવીને પકડી રાખ્યો હતો. પ્લાસ્ટરનો મોટો એવો એક ટુકડો ખરીને માથા ઉપર પડ્યો ત્યારે યે સાળુ ઝાલીને અમારી ખેંચાખેંચ ચાલુ હતી. ત્યાં તો કમાડ તૂટીને હાથ પાસે પડ્યું. સારે નસીબે હાથ ભાંગ્યો નહિ, માત્ર થોડા ઉઝરડા થયા. ને ત્યારે સાળુ ઝાલીને એક આંચકો જોરથી માર્યો. સાળુનો છેડાનો ભાગ ફાટી ગયો. ચાવી બારણામાં ફસાએલી જ રહી.

હવે દોડીને નીચે જવા અમે દાદર તરફ ગયા. છતાં નીચે ન જઇ શકાયું. જેવો અમે દાદરને પગથીએ પગ મૂક્યો કે તરત ધરતીની એ ભયંકર ઘર્ઘરાટી વચ્ચે થઇને કોઇ જાણે પ્રચંડ અવાજે બોલી ઊઠ્યું, "એ બાજુ જઇશ મા!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આટલું બોલી વરદા અટકયા. એણે પોતાના બેઉ હાથ તાપણાં પર પહોળા કર્યા, જોયું તો એના હાથ પરનાં રૂંવાડાં ઊભાં થઈ ગયાં હતાં!

વરદાએ વાત આગળ ચલાવી—

'ભ્રમ કહેવો હોય તો કહી શકો છો, પરંતુ એ અવાજ હજુ યે મારા કાનમાં ગાજે છે. મેઘગર્જના શા ગંભીર એ અવાજ—"એ બાજુ જઇશ મા." કોણે કહ્યું એની ખબર નથી, ને એ વખતે તો એની તપાસ કરવાનો યે વખત નહોતો. છતાં એ આજ્ઞાનો અનાદર કરવો યોગ્ય નથી એટલું તો સમજી જ શકયો હતો.

'પણ તો પછી જવું કઈ તરફ? જ્યાં હતા ત્યાં રહેવાથી તો મૃત્યુ નક્કી જ હતું. ચારે બાજુની દીવાલો નજર સામે ચીરાડા થઇ પડુંપડું થઇ રહી હતી. છત હમણાં પડી કે પડશે એમ લાગતું હતું. દાદર-ઘરની છત વારેવારે કડેડાટી સાથે ચિરાઇને પાછી જોડાઇ જતી હતી

'અમારા પહેલા માળ પર એક નાની સરખી ખુલ્લી અગાશી છે. એ બાજુ શ્રીમતીને ખેંચતો ખેંચતો ચાલ્યો. શ્રીમતીના પગે ત્યારે રાજીનામું આપ્યું હતું, એટલે એકરીતે એને બગલમાં ઉપાડીને જ ભાગ્યો. વિચાર્યું કે બચવું હોય તો આ ખુલ્લી અગાશી જ કદાચ બચાવી શકશે.

'અગાશીમાં પહોંચતાં જ એક વિરાટ હાસ્ય જાણે અમારા કાન સાથે અથડાયું,— જે અત્યાર સુધી નહોતું સાંભળ્યું. બરાબર જાણે કોઈ પાગલ દૈત્ય 'હા! હા!' કરતો હસે છે ને શહેર આખામાં દોડા-દોડી કરી રહ્યો છે. ને અમે જોયું કે આકાશ ઇટ-રોડાંનાં લાલ ધૂલિ કણે છવાઇ ગયું છે ને એની અંદર મોટાં મોટાં મકાનો બેવડ વળી જઇને કકડભૂ...સ કરતાં ભાંગી પડે છે.

'કહેતાં બહુ સમય લાગે છે, પણ આ બધું માત્ર અઢી મિનિ-ટમાં જ બની ગયું. એ વખતે હજુ દોઢ મિનિટ થઇ હતી. અમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અગાશીમાં વચ્ચોવચ્ચ ઊભાં હતાં. ચારે બાજુ ઘોર પ્રલય-ઝડીઓ વરસતી હતી. એ જ વખતે ધરતીકંપનો વેગ જરા મોળો પડયો. હમણાં આ શમી જશે એમ મનમાં લાગ્યું. પણ એ સ્થિતિ દસેક સેકન્ડ માટે જ રહી. ને ત્યાર બાદ જે ધરતીકંપ શરૂ થયો એનું વર્ણન તો કદાચ વાલ્મીકિ કે હોમર પણ ન કરી શકે.

'દરિયાઇ ઝંઝાવાતમાં ડોલતી નાનકડી નાવની જેમ પૃથ્વી ડોલવા લાગી. ચારે બાજુના, હમણાં સુધી ધૂંધળાં દેખાતાં દૃશ્યો હવે એક ગાઢ ધુમ્રાવરણમાં ઢંકાઇ ગયાં. માત્ર ચોતરફ પેલું પૈશાચિક હાસ્ય અને મકાનો તૂટી પડવાની કડકડાટી અને ધડામ્ ધૂમ...ધડાકના અગણિત અવાજો સંભળાવા લાગ્યા.

અમારી ચોતરફથી અમારું મકાન ભાંગીને ભુક્કો થઇ નીચે પડયું હતું. પ્રત્યેક પળે મનમાં થતું હતું કે હમણાં આ અગાશી ફાટશે ને અમારો કોળિયો કરી જશે. યા પાસેની જ ભીંત તૂટીને અમારા પર પડશે.

'તમે સૌએ આજે મૃત્યુને નજરોનજર નિહાળ્યું છે પરંતુ મારી જેમ સભાનપણે, નિશ્ચલ બનીને ઊભાઊભા એની રાહ, મને લાગે છે કે, તમે કોઈ એ નહિ જોઈ હોય. મૃત્યુ-દેવનું કરાળ મુખ મેં એકીટશે નિહાળીનિહાળીને જોયું છે, ને તેમ છતાં મારી આંખનો પલકારો યે માર્યો નથી. અને આજે—સર્વસ્વ ગુમાવવાના આ દિને એ એટલું જ મેં મેળવ્યું છે...

'પણ જવા દો. પૃથ્વી પરની બધી જ વસ્તુઓનો જ્યારે અંત છે ત્યારે એ પાકૃતિક ધરતીકંપ પણ અંત માટે ખસુસ બંધાએલો હતો. ને અઢી મિનિટને અંતે એ પ્રચંડ પ્રલયંકર તાંડવ નર્તન ધરતીકંપ અટકયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



'ધૂલિકણ–સર્જિત અંલકાર જ્યારે દૂર થયો ત્યારે મેં જોયું તો અમારા મકાનનું નામોનિશાન નહોતું રહ્યુ. માત્ર એક થાંભલા ઉપર એક હાથ જેટલી લાંબી પહોળી જગ્યા પર હું ને મારી પત્ની ઊભા છીએ! જાણે સ્થંભના માથા ઉપર પથ્થરમાંથી કંડારેલાં બે પૂતળાં ન હોઈએ! હકીકત સમજ્યા ને? અમારા આખા મકાનમાથી માત્ર એ એકજ થાંભલો બચવા પામ્યો હતો. બાકી બધું જમીનદોસ્ત થઇ ગયું હતું. અમે નીચે ઊતર્યાં હોત તો નક્કી દબાઇને રોટલો જ થઇ ગયાં હોત!'

આટલું કહી વરદા ઘણી વાર સુધી મૌન રહ્યો. ને પછી મનોમન બોલતો હોય તેમ બોલ્યો: 'પણ વિચાર તો એ કરૂં છું કે અમને ચેતવ્યા કોણે?' વારંવાર એનો જ વિચાર આવે છે. આયખું હતું તો બચી ગયા એ સાચું; પરંતુ "એ બાજુ જઇશ મા',ની એ ચેતવણી માનવસૂરમાં અમને કોણે આપી હશે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ અને તે

વાળુ પતાવી ત્રણે મિત્રો દીવાનખાનામાં આડા પડ્યા પડ્યા વાતો કરતા હતા. ત્રણે ય ઉંમરે ચાળીસ લગભગના હતા. વિનોદ દાક્તર હતો. છેલ્લા એક દાયકાથી એ દાક્તરી કરે છે ને સારી પેઠે જામી પણ ગયો છે. અતુલ ને શરત વકીલ છે. અતુલ અલિપુરમાં અને શરત કલકત્તા હાઇકોર્ટમાં પ્રૅક્ટીસ કરે છે. એમને પણ પોતાના ધંધામાં નામના મેળવી છે. આજે પત્નીને કંઈક વ્રત હોઇને એ પ્રસંગે શરતે બંને મિત્રોને આમંત્રણ આપ્યું છે.

વિવિધ વાતોમાંથી સહુ પોતપોતાના વ્યવસાય-જીવનના અનુભવોની વાતે ચડી ગયા. તકિયા પર કોણી ટેકવી, આંખો મીંચી અતુલ હાકાની નળીમાંથી સુગંધિત ધુમાડાનો એક લાંબો દમ ખેંચતાં બોલ્યો, 'જેમ જેમ આ ધંધામાં ઊંડો ઊતરતો જાઉં છું તેમ તેમ લાગે છે કે દુનિયામાંથી દયા, માયા, ધર્મ બધું જ જાણે પરવારી ગયું છે. માત્ર સ્વાર્થ, કુટિલતા, બીજાનું હોઇયાં કરી જવાની વૃત્તિ જ બધે દેખાય છે. વધુ સમય આ ધંધામાં રહ્યે કદાચ ન્યાયઅન્યાયનો ભેદ મનમાંથી ભુંસાઇ જશે એમ લાગે છે. માત્ર કઈ રીતે મુકદ્દમો જીતવો એ એક જ વાત સહુથી મોટી લાગે છે.'

કંઇક વિચારતાં વિચારતાં શરતે કહ્યું, 'એ ખરૂં છે. અદાલતમાં માનવ-પ્રકૃતિની કાળી બાજુ જ વધુ દેખાય છે. એ સારી હોઈ શકે તે તેની ઊજળી બાજુ જાણ્યા વિના બરાબર લાગતું નથી. ડગ શોધવા જતાં જાણે ગામ આખું ઉજ્જડ થઈ જશે એમ લાગે છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અતુલે કહ્યું, 'ફક્ત એવું લાગે છે એમ નહિ, એ જ ખરૂં છે. તમે શું માનો છો એ નથી જાણતો, પણ હું તો માનું જ છું કે કૃતજ્ઞતા નામના જે સદ્‌ગુણને કાવ્ય અને નવલકથામાં ગાવામાં આવે છે, એ દુનિયામાંથી તદ્દન નાબૂદ થઇ ગયોછે—'

વિનોદ હસતો હસતો બોલ્યો, 'તમે બધા નાહક 'સિનિક' થઈ ગયા છો. માનવી પરનો વિશ્વાસ ગુમાવવો યોગ્ય નથી. એમાં આપણું જ નુકસાન છે.'

અતુલે કહ્યું, 'લાભ-નુકસાનની તો કંઈ ખબર નથી; પણ જે જોયું છે, જાણ્યું છે એની જ વાત કરૂં. કૃતજ્ઞતાનાં દર્શન નથી થયાં એનો હવે અફસોસ પણ નથી થતો. પ્રાચીન કાળનો ઐરાવત—દસ સૂંઢાળો હાથી હવે નથી રહ્યો એનો શોક કરવો જેમ નકામો છે એ જ રીતે! નક્કર સત્યને સહજપણે સ્વીકારી લેવું જ રહે છે.'

ઓચિંતો શરત બોલી ઊઠ્યો, 'એક વાત યાદ આવી જાય છે. એવું તો ઘણી યે વાર થયું છે, કે જેના પર ઉપકાર કર્યો હોય એ જ એવો દગો આપે કે બસ. પણ આ એક પ્રસંગ તો કેમે કર્યો નથી ભુલાતો.' ને થોડી વાર રહીને એ બોલ્યો, 'વચ્ચે, હું ખરાબ ચરિત્રનો ગણાતો હતો એ તો તમે સાંભળ્યું હશે?'

અતુલે કહ્યું, 'હા, સાંભળ્યું હતું ખરૂં. કોક કહેતું હતું કે હમણાં તો શરતબાબુ ખૂબ ઊડે છે. મેં કહેલું કે હમણાં તો ઊડવાનો જ જમાનો છે, એમાં શરત ખોટું શું કરે છે? પૈસા હોય તો તું યે ઊડને?'

વિનોદ હસીને બોલ્યો, 'મારે કાને પણ વાત આવી હતી. કહેનારનું નામ નહિ આપું, પણ એવું તો આબાદ વર્ણન કરેલું કે વાત ન માનવી એ આકરૂં હતું. છતાં યે—'

તમારા બે અને મારી પત્ની સિવાય બીજા કોઇકે જ એ વાત સાચી માનવાની ના પાડી હશે. એટલે સુધી કે કેટલાક ધંધાદારી મિત્રો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ 'મઝા' માણવાને લોભે મારી સાથે વધુ ભળવા લાગ્યા હતા! એ બધા વિચારતા હશે કે ચાલો, એક માલદાર સરદાર મળ્યો છે.'

'પણ થયું હતું શું?' અતુલે પૂછ્યું.

શરતે હસીને કહ્યું, 'એક જણ ઉપર ઉપકાર કરેલો. વાત સાવ સાધારણ છે. સાંભળશો તો હસશો. અતુલ, તું તો પેલા નિતાઇને ઓળખે છે. અલીપુરમાં પ્રૅક્ટીસ કરે છે. જુનિયર વકીલ. દૂરના સંબંધે મારો સગો થાય છે. એ નિતાઇની સ્થિતિ પહેલાં સારી હતી. એનો બાપ મોટા પગારની નોકરી કરતો. પણ એના અવસાન પછી એ લોકોની માઠી દશા બેઠી. ઘરમાં રળી શકે તેવા માણસોમાં એક નિતાઈ એકલો જ. એણે ત્યારે વકીલાત તાજી જ શરૂ કરેલી. એટલે આર્થિક સ્થિતિ કેવી હોય એ કલ્પી શકશો.

સગો હોવા છતાં યે એ લોકોને અમારી સાથે ઝાઝો સંબંધ ન હતો. કયારેક વિવાહ જેવા ખાસ પ્રસંગે ભેગા મળતા એટલું જ. ત્રણેક વર્ષ પહેલાં મારી બહેન શાન્તાના દીકરાના અન્નપ્રાશન ટાણે ગએલો, ત્યાં નિતાઇ સાથે ભેટો થઇ ગયો. ઘણા દિવસથી મળ્યો નહોતો. ઓચિંતો એ મળી જતાં હું ચમકી ઊઠ્યો. અને મોં પર એની સ્થિતિની–એની દરિદ્રતાની છાપ દેખાઇ આવતી હતી. દેખાવે, રૂપેરંગે એ સોહામણો હતો—છતાં ખરાબ આર્થિક સ્થિતિએ એના મોં પર જાણે કાળો પડદો પાડી દીધો હતો. આંખોમાં સદા યે એક ત્રસ્ત સંકોચનો ભાવ (જાણે સહુથી કંઇક શરમજનક વાત એ છુપાવવા માગતો ન હોય તેવો) હતો.

એણે આવીને મને પ્રણામ કર્યાં. મેં પૂછ્યું, કેમ છો? જવાબ મળ્યો, ઠીક છું. મેં પૂછ્યું, વકીલાત કેવીક ચાલે છે?

મનમાં બહુ અનુતાપ થયો. સગો ભલેને દૂરનો રહ્યો, પણ સગો તો છે જ ને? મેં ધાર્યું હોત તો હું એને માટે કંઇ ન કરી શકત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શું? સંસારયુદ્ધમાં એ અભિમન્યુની જેમ એકલો લડાઇ કરતાં કેટલે ય સ્થળે ઘવાયો જખમાયો હતો, અને હું મારા કાર્યમાં એવો મસ્ત હતો કે એની તરફ ફરીને જરાવાર જોવાની યે ફુરસદ નહોતો લેતો.

અને મેં મનોમન નક્કી કર્યું કે એને માટે કંઇક કરવું જ. પણ એ પૂર્વે એને સહુથી વધુ મુશ્કેલી શી છે એ જાણવી જરૂરી હતી. આવેશમાં આવી ઉપકાર કરવા જતાં એની મુશ્કેલી વધારી ન મૂકાય એ જોવાનું હતું. માનઆબરૂ એવાં ને એવાં રાખી, એને ને એના કુટુંબને ખરેખરી મદદ થાય તેવું કંઇક મારે કરવું હતું.

ત્યાં બીજું કોઇ ન હતું. કુશળતાથી એને પૂછવાનું મેં શરૂ કર્યું: ઉથલાવીઉથલાવીને બેચાર પ્રશ્નો પૂછતાં એણે એની ખરાબ આર્થિક હાલતની વાત જાહેર કરી. ખૂબ જોર કરીને જે વાત એ દાબી રાખતો હતો તે અચાનક તેના મોંમાંથી નીકળી ગઇ. આખરે એ બોલ્યો: 'બીજું તો કંઈ નહિ શરત'દા; અસીલો તો અવારનવાર મળી રહે છે. કામ પણ ખાસ મોળું કરૂં છું એવું નથી. પણ એક વસ્તુને અભાવે બધું યે એળે જાય છે. કાયદાપોથીઓ નથી. તમે જ કહો ને, પોતાની કાયદાપોથી વિના વકાલાત કેમ કરી શકાય? પ્રત્યેક ફ્લીંગ માટે જો બાર લાયબ્રેરીમાં દોડવું પડે તો વકાલાત કરવી એ વિડમ્બના જ કહેવાય ને? જે અસીલો એક વાર આવે છે તે મારી હાલત જોઇ બીજી વાર મારી પાસે આવતા નથી. તમને વધુ શું કહું? એક સારો એવો સિવિલપ્રોસીજર ખરીદવાની યે મારી શક્તિ નથી. એકી સાથે ત્રીસપાંત્રીસ રૂપિયા ક્યાંથી ખર્ચું? પેટમાં યે કંઇક નાખવું પડે ને?'

મેં કહ્યું, 'લો બુકસ મળશે, પછી તો બરાબર ચલાવી શકીશ ને?'

અધીર થઇને એ બોલ્યો: 'એવું લાગે તો છે. છતાં કહી ન શકું. કરમમાં જ જો કદણાઇ માંડી હોય તો...'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં કહ્યું: વારૂ, કઇ કઈ ચોપડીઓ જોઇએ તેનું લિસ્ટ કરીને મને આપજે. હું મોકલી આપીશ. એ સાંભળી એની આંખમાં આંસુ આવી ગયાં. રડુંરડું થતો એ બોલ્યો, શરત'દા, તમારો ઉપકાર કદી યે નહિ ભૂલું.

વળતે દિવસે નિતાઈ તરફથી એક મોટું લિસ્ટ હાજર થયું! મેં એ બુકસેલરને મોકલીને સૂચના આપી કે બધી ચોપડીઓ નિતાઇને મોકલી આપી બિલ મારે નામે બનાવે. લગભગ આઠસો એક રૂપિયાનું બીલ થએલું!

એ પછી બીજાં કામકાજમાં નિતાઈની વાત સાવ ભૂલી જ ગયો હતો. ઓચિંતું પખવાડિયા પછી યાદ આવ્યું કે નિતાઇ તરફથી પેલી ચોપડીઓની કંઇ પહોંચ તો આવી નથી. ફોન કર્યો તો એ લોકોએ કહ્યું કે પુસ્તકો તો ઘણા દિવસ પહેલાં ગયાં છે. અને નિતાઈના હાથની પહોંચ પણ એનો માણસ આવીને બતાવી ગયો.

વિચાર્યું કે શું થયું? નિતાઇએ કાગળ તો નક્કી લખ્યો જ હશે. ટપાલમાં ગોટાળો થયો કે શું? જે હોય તે નિતાઇને પુસ્તકો પહોંચી ગયાં, પછી નાહક ચિંતા શા માટે કરવી?

એ પછી બે'ક મહિના બાદ મારા કાને મારા વિરૂદ્ધની વાતોમાં છાનગપતિયાં પડવા લાગ્યાં. ત્રાંસી નજરે થતા ઈશારા યે જોયા. પહેલાં તો એ પર ધ્યાન જ ન આપ્યું; પણ ઉત્તરોઉત્તર એ બધું વધતું જતું જોયું. ને એક દિવસે તો મારી પત્નીએ હસતાં હસતાં કહ્યું યે ખરૂં, કે સાંભળ્યું છે કે તમે આ ઉમરે હવે પેલી બાજુ જવાનું શરૂ કર્યું છે!

'તેં કયાંથી સાંભળ્યું?'

'આજે સાંજે હીરાબાબુની વહુ બેસવા આવ્યાં હતાં. ખૂબખૂબ સહાનુભૂતિ બતાવી ગયાં.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં નિર્ણય કર્યો કે આ વાતનું મૂળ શોધવું જ. ઉપેક્ષા કર્યે નહિ ચાલે. મનમાં ને મનમાં હું રોષે બળવા લાગ્યો, મારે કોઇની સાત-પાંચ તો હતી નહિ. ને જાણી જોઇને કોઈનું બગાડયું હોય એવું યે યાદ નહોતું. છતાં મારે નામે આવું જુઠું કલંક ગાનારને શો ફાયદો હશે?

બીજે દિવસે જોગાનજોગ નિતાઇનો ભેટો થઈ ગયો. તે દહાડા બાદ એ નહોતો જ મળ્યો. ફુટપાથ પર ચાલ્યો જતો હતો. મને સામે જોતાં જ ભૂતને જોઇને ચમકયો હોય તેમ એ ચમકયો. ને પછી, હું કંઇ બોલું એ પહેલાં તો એ મારી સામેથી કયાંનો કયાં ચાલ્યો ગયો! કંઇ જ સમજવું બાકી ન રહ્યું. હૃદયમાં જાણે આગ ઊઠી. ખૂબી તો જુઓ! જ્યાં સુધી મેં એના ઉપર કંઇ જ ઉપકાર નહોતો કર્યો, ત્યાં સુધી મારે વિષે કદી યે એ સારૂં નરસું કંઇ જ નહોતો બોલ્યો. મારે વિષે સંપૂર્ણ ઉદાસીન, નિર્લિપ્ત હતો. પરંતુ મેં જેવો એના પર આ-ટલો ઉપકાર કર્યો કે તુરત મારી વગોવણી કરવાનું એણે શરૂ કરી દીધું!

આ કામનો કરનાર નિતાઇ જ છે એ વિષે શંકા ન રહી છતાં સાક્ષાત પ્રમાણ વિના માત્ર એના વિચિત્ર વર્તન પરથી જ એને દોષિત માનવો એ બરાબર ન હતું. એથી મેં રીતસરની તપાસ આરંભી.

ખબર પડી કે આ વાત વિષે કેશવ મિત્તર નામે એક છોક-રડો વકીલ બહુ ઉત્સાહી હતો. એને એક દિ'બાર લાયબ્રેરીમાં પક-ડયો. બીજા ઘણા ત્યાં હતા. મેં પૂછયું, કેમ? કામકાજ તો સારૂં છે ને? વકીલાત કરવા નીકળ્યો છો, પણ પીનલકોડનાં છેલ્લાં પાનાં જોયાં નથી કે શું?

એણે આભા જેવા બનીને કહ્યું: 'શું...શું...શું કહો છો?'

મેં કહ્યુ, 'કહું છું કે મારી જે બદનામી કરતો ફરે છે એનું શું પરિણામ હોઇ શકે તે જાણે છે? કદી વિચારી જોયું છે?'

એને પૂરો રેચ લાગ્યો. એ બોલ્યો, 'તે હું શું કરૂં? તમારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સગો જ કહેતો હોય તો પછી મારો શો દોષ? મેં તો કાંઇ નજરો-નજર જોયું નથી.'

એને એક બાજુ લઈ જઇ મેં પૂછ્યું, 'તને કોણે કહ્યું?'

'નિતાઇએ!'

'એમ ને એમ જ કહેતો હતો કે કોઇ ખાસ પ્રસંગોપાત?'

એણે કહ્યું. 'નિતાઈ મારો મિત્ર છે. બેત્રણ મહિના અગાઉ હું એને ત્યાં ગએલો, ને જોયું તો તમે એને ઘણાં પુસ્તકો ભેટ મોકલેલાં; –મારી સામે જ માણસ એ આપી ગએલો. નિતાઇએ હસીને કહેલું કે તમે એનું મોં બંધ કરવા માટે જ આમ.....'

વાત પૂરેપૂરી સમજાઇ ગઈ. કેશવને કંઈ વધુ કહી શકયો નહિ. નિતાઇ વિષે વિચાર કરતો કરતો હું પાછો ફર્યો.'

ઘણીવાર સુધી ત્રણે મિત્રો ચુપ રહ્યા. આખરે એક નિશ્વાસ મૂકી વિનોદ બોલ્યો, 'હું; દુનિયામાં ભાતભાતનાં માણસ છે! હું યે મારો એક અનુભવ કહું. સાભળો. ઘણો વખત થઇ ગયો એ વાતને. ત્યારે મારા દવાખાનાની શરૂઆત જ હતી.

મછુવા બજાર અને બાદુડબગાનને નાકે મેં નાનું દવાખાનું ખોલ્યું હતું. રહેવાનું દવાખાના ઉપર જ રાખેલું. ત્યારે હું પરણ્યો ન હતો.

દવાખાનું સારૂં ચાલતું હતું. એવે સમયે એક દિવસ મારવાડીઓ સાથે મુસલમાનોને કંઇ ઝગડો થયો. વાત નહિ. ચિત નહિ ને હિંદુ મુસલમાનોએ એકદિ' સવારે ઉઠીને એક બીજા પર આક્રમણ શરૂ કરી દીધું. લાઠી, છરા વગેરેનો ઉપયોગ છૂટથી થવા લાગ્યો.

એ ભયંકરતાનું સવિસ્તર વર્ણન કરવાની કંઇ જરૂર નથી. તમે પણ એ વખતે કલકત્તામાં જ હતા, એટલે થોડું ઘણું જોયું–જાણ્યું હશે જ. મારા દવાખાનાની સામે જ ત્રણ ખૂન થઈ ગયાં. આંખો આંખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોયું, છતાં કંઇ ન કરી શકયો. આખો જ લત્તો મુસલમાનોનો. હું હિંદુ એવી સ્થિતિમાં મારા હિંદુત્વનું પ્રદર્શન ન કરવામાં જ સલામતી હતી.

છતાં મેં દવાખાનું ખુલ્લું રાખી મુસલમાન તેમજ હિંદુઓને વિના મૂલ્યે પાટાપીંડી કરવાનું ને દવાદારૂ આપવાનું સાહસ કરેલું. એમ ન કરત તો મારી જાતને જ હું મોં દેખાડવા ન રહેત.

એ લત્તામાં નૂરમિંયા નામનો એક ગુંડો હતો. પોલીસથી માંડીને શેરીનાં કૂતરા બિલાડાં પણ એને ઓળખતાં એમ કહી શકાય. ગજબનો ભયંકર ગુંડો હતો એ. કદાચ આખા કલકત્તામાં એની જોડી ન જડે. ખુલ્લે આમ કોકેનનો વેપાર કરતો, છતાં કોઈની તાકાત હતી કે જઇને એ નૂરમિંયાને પકડાવી દે.

હુલ્લડ વખતે એ મારા દવાખાનાની પાસેની જ એક ગલીમાં છુપાઇને બેસતો. રસ્તો વેરાન જોઇ, કોઇ એકલદોકલ હિન્દુ ત્યાંથી પસાર થતો દેખાતાં એ હાથેક લાંબો છરો લઇ, બિલ્લી પગે એની પાછળ પહોંચી વાંસામાં કે પેટમાં તે પરોવી દેતો. છરો માર્યા ભેગો જ એ અદૃશ્ય બની જતો! એ પછી થોડી વાર ચીસચીસ, હો હા, પોલીસની સીટી ઍમ્બ્યુલન્સ આવવાનો અવાજ. અને જખમાએલ વ્યક્તિ સ્થાનાન્તર થતાં ફરી બધું ચૂપચાપ–સુમસામ.

એ રીતે કેટલાંક અણધાર્યા ખૂન થયા પછી એ માર્ગે લોકોની આવજા એકદમ બંધ થઇ ગઇ. નૂરમિયા એની ગલીમાં ઉભડક પગે બેઠો છે, પણ કોઇ શિકાર નજરે ચડતો નથી. જ્યારે આવે છે ત્યારે લાઠી–તલવારથી સજ્જ ટોળાબંધ શિકારી રૂપે જ આવે છે. એ સમયે નૂરમિંયા અને એના સહધર્મીઓ પોતપોતાના સ્થાને લપાઈ જતા ને ટોળું ચાલ્યા ગયા બાદ પાછા બહાર દેખાતા.

એ રીતે બે દિવસ ગયાં. હુલ્લડ ચાલતું જ હતું. દૂરથી એની હો હા ને પડકારા સંભળાતા હતા, છતાં અમારો લત્તો એકદમ શાન્ત હતો. નૂર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મિંયાના હાથને કંઈ જ કામ નહોતું. હું પણ એ દિવસ સાંજ આખી ઘરમાં બારીએ બેસી મૂંગોમૂંગો મારગ તરફ જોઇ રહ્યો હતો. એવામાં ફુટપાથ ઉપર ખટ ખટ ખટાક સાંભળતા ડોકિયું કરી જોયું તો ભારે ચાખડી પગમાં પહેરેલો એક ઉત્તર હિંદુસ્તાની ભૈયો ધમધમ કરતો ચાલ્યો આવે છે. એણે શરીરે અંગુછા જેવું કપડું વીંટયું હતું, ને વિશાળ કપાળમાં મોટું ત્રિપુંડ તાણ્યું હતું. માથે વાવટાની જેમ મોટી ચોટલી ફરકતી હતી. એને જોતા જ મને ફાળ પડી કે અરે રે! હમણાં જ પેલો નૂરમિંયા દોઢ ફૂટનો છરો લઇને આવ્યો જાણવો!

ને એમ જ થયું. એ ભૈયો મારા ઘર પાસે પહોંચ્યો–ન પહોંચ્યો ત્યાં તો નૂરમિંયા પાછળથી વાઘની જેમ એના પર કૂદ્યો. એની બીજી પળમાં તો એક જબ્બર કાંડ થઈ ગયો. ત્રિપુંડધારી ભૈયાએ એકાએક એના શરીરે વીંટાયેલા વસ્ત્ર નીચેથી બે હાથ બહાર કઢ્યા. એ બે હાથમાં હતા બે છરા! નૂરમિંયાના હાથમાંની છરી હાથમાં જ રહી ગઇ. ભૈયાએ વીજળી વેગે એક છરો એની છાતીમાં અને એક છરો પેટમાં ઘોંચી દીધો! એ પછી જેમ આવ્યો હતો એમ જ અંગુછો વીંટાળી, શાંન્તિથી નિર્ભયપણે પાછો ચાલ્યો ગયો.

નૂરમિંયા પગથી પર પડયો પડયો ચીસો નાખવા લાગ્યો, ને પછી ઢસડાતો ઢસડાતો મારા દવાખાનાના બારણા પાસે આવી ઊંધે મોંએ પટકાઇ પડયો. એના લોહીથી બારણું, ઉંબરો બધું ખરાડાઇ ગયું.

હું ને મારો કૉમ્પાઉન્ડર એને ઉપાડીને અંદર લઈ આવ્યા. મનમાં તો'થતું 'તું કે ભલે ત્યાં પડયો પડયો જ મરતો દીકરો! જેવાં કરમ તેવાં ફળ. એ કાદવકીચડમાં મોંભર પડયો પડયો એનાં પાપનું પ્રાયશ્ચિત કરતો! પણ દાકતર થઇને હું એમ ન કરી ન શકયો.

જખમ તપાસીને જોયું તો છાતીનો ઘા ખાસ ભયંકર ન હતો, પણ પેટનો ઘા ચિંતાજનક હતો. પ્રાથમિક ઉપચારો કર્યા પછી ઍમ્બ્યુ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લન્સને ફોન કરવા જતો હતો, ત્યાં નૂરમિંયાએ મારા તરફ આંખ માંડી તુટક સ્વરે કહ્યુ, 'ડાગદર સાહબ!'

હું એની નજીક જતાં એ બોલ્યો, 'જાન બચાવી દો. આપને લાખ રૂપિયા આપીશ.'

રોષે ભરાઇને મેં કહ્યું 'એની જ તો મહેનત કરૂ છું, ભાઇ! મેડિકલે કૉલેજમાં જા. જો કદાચ ત્યાં બચી જવાય તો.'

નૂરમિંયાં આજીજી કરતો બોલ્યો, 'મોટિયા કૉલેજમાં ન મોકલશો, બાબુ! હિંદુ ડાગદર ઝેર આપીને મારી નાખશે'

જરા મોં બગાડી મેં કહ્યુ' 'એ તો સાચું જ છે! મોટિયા કૉલેજના દાક્તરો પણ બધા તારા જેવા જ ખરા ને?! પણ હું યે શું તને ઝેર ન આપી શકું? હું યે હિંદુ જ છું ને!'

'આપ અયસા કામ નહિ કિજીયેગા.' કહી નૂરમિંયાં બેભાન થઇ ગયો. એટલું બધું લોહી વહી ગએલું કે વધુ બોલવા એ અસમર્થ હતો.

મેં પણ વિચાર્યું, સ્થાન ફેર કરવા જતાં કદાચ રસ્તામાં જ મરી જશે. નિરૂપાય બની, ઇસ્પીતાલે ખબર આપી, મારે ત્યાં જ રાખ્યો.

માનવીના મન જેવી અજબ ચીજ દુનિયામાં કદાચ બીજી નથી. જે માણસ માટે મારા મનમાં ધિક્કાર અને ઘૃણાનો પાર નહોતો, જેને મેં નજરોનજર ત્રણચાર ખૂન કરતાં જોયો હતો, એને જ રાતદિવસના ઉજાગરા ખેંચી હું શા માટે જીવાડવા મથતો હતો, શા માટે મેં એને સાજો કર્યો, તે આજે પણ હું નથી કળી શક્યો. મારૂં મન જ્યારે એને ઝેર આપવા ઇચ્છતું હતું ત્યારે જ હું શા માટે એને બે દાણાનો રસ પાતો હતો? પૂરેપૂરી બેભાનાવસ્થામાં જ્યારે એ બકતો હતો કે 'મારો મારો, હિંદુકો મારો!' ત્યારે હું એને માથે આઇસબૅગ ફેરવતો હતો! માનવીના માનસ વિષે ગમે તેટલી ચર્ચા કરો;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કદાચ આનો કોઇ યે ખુલાસો પણ કરી શકશો, અમારો દાક્તરનો સંબંધ પણ સ્થૂળ શરીર સાથે જ છે. એથી મારે માટે તો આ એક પ્રશ્ન જ રહ્યો છે.

જે દિવસે એને પહેલી વાર તાવ ઉતર્યો એ દિવસે પથારીમાંથી ઊઠીને બેસી, પહેલી જ વાત એણે આ કરીઃ મને થોડુંક કોકેન આપો ને!

મેં ઘસીને ના પાડી. એ પછી રોજ કોકેન માટે એ આજીજીઓ કર્યા કરતો, ને હું ના પાડ્યા કરતો. હું ન આપતો તે ન જ આપતો.

એક દિવસે એણે કહ્યું, 'દાગદર સાહબ, દસ હજાર રૂપા દૂંગા. એક પુડિયા કોકિન દીજીયે.'

મેં કહ્યું 'એ તો દઉં, પણ તારી પાસે રૂપિયા ક્યાં?

એણે કહ્યું, 'ઇમાન કસમ, ભેજ દૂંગા.'

મેં કહ્યું, 'બહુ થયું હવે, રસિકતા ન કર. જાણી લે કે હું તને એક રતીભાર કોકીન એક લાખ રૂપિયાના બદલામાં પણ નહિ આપું.'

વળી એક દિવસ એ કોકેન ખાવા અધીરો થઇ ગયો. ખૂબ જ કરગર્યો. મેં એને કહ્યું. 'અચ્છા નૂરમિયા, મેં તો તને સગી આંખે ત્રણ ખૂન કરતાં જોયો છે, હવે જો હું જ તને પોલીસમાં પકડાવી દઉં તો?

એ હસીને બોલ્યો, 'કંઇ નહિ થાય. મારી પાસે સાબિતી મોજૂદ છે.'

'કઈ રીતે?' મેં પૂછ્યું.

એણે કહ્યું, 'હુલ્લડ વેળા હું હાજતમાં હતો. ન માનતા હો તો થાણામાં જઈ જોઇ આવો. ત્યા મારા અંગુઠાની છાપ સુદ્ધાં પડી છે!'

એની શયતાનિયત જોઇ હું ચમક્યો. પોતાનો મજબૂત બચાવ તૈયાર કરીને, બધી પાકી તૈયારી પછી જ એ હુલ્લડમાં ઝંપલાવે છે!

એ પછી એક દિવસ (ત્યારે યે એના શરીરમાં પૂરી શક્તિ ન-હોતી આવી. મોં એનું પ્રેત જેવું હતું) મેં એને કહ્યું, 'તારો જખમ મટી ગયો છે. હવે તું ઇચ્છે તો જઈ શકે છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ કંઇ જ બોલ્યા વિના ઊઠીને ઊભો થઇ ધીરે ધીરે ચાલતો બહાર ગયો. જતી વેળા નીચો વળી મને એક સલામ કરતો ગયો.

લગભગ ત્રણેક મહિના સુધી એ ન દેખાયો. એક દિવસ મેં મારા કૉમ્પાઉન્ડરને પૂછ્યું, 'પેલો નૂરમિંયાં પાછો દેખાયો નહિ.'

કૉમ્પાઉન્ડર તમારા જેવો 'સિનિક' હતો. એણે કહ્યું, હવે શા માટે આવે? તમે શું એ લાખ રૂપિયા દેવા આવશે એમ માનતા હતા? સ્વપ્ને ય આશા ન રાખશો. ઉલટાનો લાગ જોઇને તમારૂં જ ખૂન કરી નાખે તો નવાઈ ન પામું.'

વાત સાવ નાખી દેવા જેવી ન લાગી. નરહત્યારા એ ગુંડાનો જીવ બચાવવા બદલ હું પસ્તાવા લાગ્યો.

એ જ દિવસે બપોર વેળા હું એકલો બેઠો હતો. એકાએક નૂરમિંયા આવીને ઊભો રહ્યો. હવે એ માંદલો ન હતો. પડછંદ, કદાવર લાલ ઘુમ્મ બદનવાળો, એક લાંબી મોટી સલામ કરી એ બોલ્યો, 'હજુર!'

મેં કહ્યુ, 'કેમ નૂરમિંયા? શા ખબર છે? પેલા લાખ રૂપિયા લાવ્યો કે શું?'

એણે લૂંગીની અંદરથી એક મોટું નોટનું બંડલ કાઢી કહ્યું, 'માલિક, લાખ રૂપિયા આપવાની તો મારી તાકાત નથી; પણ આ પાંચ હજાર લાવ્યો છું. એ સ્વીકારી મને ઋણમુક્ત કરો.'

હું અવાક થઇ ગયો. કહ્યું, 'એ પાંચ હજારને હું શું કરૂં?'

એણે કહ્યુ, 'હજુર, એ મારૂં નજરાણું છે. ઇમાનથી કહું છું કે આથી વધુ દેવાની મારી તાકાત નથી.'

મેં હસીને કહ્યું, 'નૂરમિંયા, તું શું એમ ધારે છે કે મેં રૂપિયાના લોભે તારો જીવ બચાવ્યો હતો?' એ ચૂપ રહ્યો.

મેં ફરી કહ્યુ, 'તારા કોકેનના વેચાણના, લોહીના શોષણના રૂપિયા તું જ પાછા લઈ જા. મને એ ન ખપે. તારા જેવાનો જીવ બચાવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં જે પાપ કર્યું છે એની સજા ભગવાન મને દેશે.'

રૂપિયા આપવા માટે એણે ખૂબખૂબ પ્રયત્નો કર્યા, પણ મેં ન જ લીધા. એણે ઘણી યે કાકલુદી–વીનવણી કરી પણ હું અચળ રહ્યો, ત્યારે એ નોટનું બંડલ ઉપાડી, એક રીતે રોષે ભરાઇ પાછો ચાલ્યો ગયો.

સાત દિવસ બાદ ફરીથી આવીને એણે કહ્યુ, 'માલિક, તમે હિંદુ થઇને જોણીબૂઝીને મારા જેવા દુશ્મનનો જીવ બચાવ્યો એ વાત હું કેમેય ભૂલી નથી શકતો. ચારુ, રૂપિયા તમે ન લેશો. મને તમારો ગુલામ બનાવીને રાખો. જેમ હુકમ કરશો એમ કરીશ.'

મને એક સરસ વિચાર સૂઝી આવ્યો. મેં કહ્યું, 'જેમ કહીશ એમ કરીશ? ખરુ કહે છે?'

એ બોલ્યો, 'જાન કબૂલ, ઇમાન કબૂલ.–એમ જ કરીશ–તમે કહેશો એમ જ કરીશ.'

મેં ફરી કહ્યું, 'નૂરમિયા, બરાબર વિચારીને કહેજે. આવેશમ કે ઉત્સાહમાં આવીને ઇમાનના નામે જેમતેમ ન બોલી બેસતો.'

એ જરા અચકાઇને બોલ્યો, 'મારો ધર્મ નહિ છોડી શકું. બીજું જે કંઈ કહેશો એ કરીશ,–ખુદા કસમ.'

મેં કહ્યું, 'ના, ધર્મ તારે છોડવો નહિ પડે, પણ આ તો એથી યે વધુ આકરૂં છે, નૂરમિયાં!'

એ બોલ્યો, 'ભલે હોય. તમે ફરમાવોને!'

મેં કહ્યું, 'વારુ. હું ફરમાવું છું. તારે કોકેન છોડવું પડશે. કોકેનનો ધંધો છોડવો પડશે. ને છોડવી પડશે આ ગુંડાગીરી, બોલ કરી શકીશ?'

સાંભળતાંવેંત એ પથ્થર જેવો થઇ ગયો! એ પછી ધીરે ધીરે ખુરસી પર બેસી ગયો. ઘણીવાર સુધી કપાળે હાથ દઇને એ શું વિચારતો હતો એ તો એ જ જાણે. આખરે એક મોટો ઊંડો નિશ્વાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાખી એ બોલ્યો, 'બાબુજી, તમે મારી દુનિયા છીનવી લીધી-બહુ સારૂં, એમ જ થશે. કોકેન મૂકીશ, એ ધંધો મૂકી, આ ગુંડાગીરી પણ મૂકીશ. પણ એમાં તમને શો ફાયદો થયો, માલિક?'

એને ખભે હાથ મૂકી મેં કહ્યુ. 'જો તું ખરેખાત એ મૂકી શકીશ, તો મને શો લાભ થયો એ એક દિવસે તને કહીશ.'

ગુંડાગીરી એણે સરળતાપૂર્વક છોડી દીધી. પણ કોકેન છોડવા જતાં એણે કેવું કેવું વેઠયું એ વર્ણવવું અસંભવિત છે. પ્રથમ પ્રથમ તો રોજ સાંજે આવી મારા પગ પાસે એ માથુ પછાડતો. કોકેનની ભૂખ કેવી પૈશાચિક ભૂખ છે એ કોકેન ન ખાનાર નહિ સમજી શકે. રોજ મારા પગ પાસે માથું ઘસતો ઘસતો કહેતો, માલિક, એક વાર હુકમ આપો—એકવાર—એક જ વાર રજા આપો. સોયની અણી પર આવે એટલું જ ખાઇશ. વધુ નહિ ખાઉં. કયારેક કયારેક તો મને એવી દયા ઉપજતી કે મહાપરાણે હું મનને સખત કરતો.

પણ ગજબનું મનોબળ હતું એ ગુંડાનું. બીજો કોઇ હોત તો કયારનો ય પ્રતિજ્ઞા તોડી ચૂકયો હોત. પણ નૂરમિંયા બુલડૉગની જેમ એની વાતને વળગી રહ્યો હતો.

કોકેનની ભૂખને જીતતાં એને પૂરું એક વર્ષ લાગ્યું. છેલ્લે દિવસે આવી એ મારે પગે બાઝી પડયો, ને બોલ્યો, 'માલિક, આજે સમજાયું કે શા માટે તમે મને કોકેન છોડવા કહ્યું હતું. તમે માનવી નથી, પીર નથી છો, પીર નથી!'

હવે એ નૂરમિયાએ બીડી—તમાકુની દુકાન માંડી છે.

'કયારેક સવારમાં વહેલા મારે દવાખાને આવી ચડશો તો તમે એને સૌ પ્રથમ આવીને મને સલામ ભરતો જોશો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્રજ–લાટ

પચીસ–છવીસ વર્ષનો એક યુવાન કલકત્તાના કો'ક વિખ્યાત માસિક યા પુસ્તક-પ્રકાશકના વિશાળ કાર્યાલયમાંથી બહાર નીકળી ફૂટપાથ ઉપર આવી ઊભો રહ્યો.

ફાગણની બપોર વેળા ત્યારે નમવા આવી હતી. લગભગ સાંજના સાડા પાંચનો શુમાર હતો. એ જરા આજુબાજુ ફર્યો. આસપાસ નજર નાખતાં નજીકમાં જ એક રેસ્ટોરાં એની નજરે પડયું. હોઠ ચાવતાં ચાવતાં ઢાળેલી નજરે એણે કંઇક વિચાર્યું, ને પછી ધીમી ચાલે, અન્યમનસ્ક ભાવે, એ રેસ્ટોરાં બાજુએ આગળ વધ્યો.

પહેરવેશ જોતાં એ યુવાન કોઈ શોખીન જીવડો લાગતો હતો. ધોબી-ધોયું રેશમી પંજાબી અને બગલાની પાંખ જેવું ઊજળું ધોતિયું, ને બગલમાં થઇને ખભા પર ગોઠવાયો હતો ઘડી કરેલો ખેસ. તેલ વિનાના સહજ રૂક્ષ બનેલા વાળ એણે પ્રયત્ન પૂર્વક પાછળની બાજુ બ્રશ કર્યા હોય એમ દેખાતું હતું. પગમાં પેટન્ટ ચામડાના પંપ શૂ, સારી પેઠે સોહામણું મોં અને ઓછી એવી થોડીક દાઢી. એનો બાંધો એકવડો છતાં સુડોળ હતો, પણ નિહાળીને જોતાં એના મોં પર એક અસ્વાભાવિક પીળાશ અને નિર્બળતા નજરે પડતી. કપાળમાં એને આંખ પાસે આછી કરચલી પડવી શરૂ થઈ હતી. જેઓ શરીર પર વધુ પડતો અત્યાચાર કરતા હોય છે તેમનાં મોં-આંખ પર થાકોડાનાં આ જાતનાં લક્ષણો લગભગ નોંધાએલાં જ હોય છે.

એ ધીમી ચાલે લગભગ રેસ્ટોરાનાં દ્વાર પાસે આવી પહોંચ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો ત્યાં પાછળ કોઇકે કહ્યું; 'કાં અલ્યા વ્રજ–લાટ? કયાં ચાલ્યો?'

યુવાને મોં ફેરવી જોયું તો હીરેન. હીરેન એક સાધારણ સાહિત્યકાર હતો, એનો પહેરવેશ દારુણ દૈન્યનો પરિચાયક હતો. ખમીસ જુઓ તો મેલું ઘાણ. બટન તો હોય જ નહિ. અને ચંપલનો પાછલો ભાગ એવો સડી ગએલો કે એની પેની સદાયે ફૂટપાથને ચૂમતી જ રહેતી. એ પણ પચીસ-છવીસ વર્ષનો હતો. એના મોં પર એક અતૃપ્તિ અસંતોષભર્યો એક ક્રાન્તિભાવ સાફ જણાઇ આવતો હતો.

વ્રજલાટને એના પગમાંના પંપશૂથી માંડી માથાના બ્રશ કરેલા વાળ સુધી નિહાળીને હીરેન બોલ્યો, 'કેમ ભાઇ, કંઇ શિકારે નીકળ્યો છે કે શું? આજ વળી કઈ તરફ?'

વ્રજેન જરા ધીમું હસ્યો ને બોલ્યો, 'તું કઇ તરફ જાય છે?'

હીરેન હસીને બોલ્યો, 'મુલ્લાંની દોડ મસીદ ભણી-બીજે કયાં? વીરેનના ચોરા બાજુ. આવવું છે? કે પછી બીજે કયાંક મુલાકાત નક્કી થઈ ગઇ છે?'

પળવાર કંઇક વિચારી વ્રજેન બોલ્યો, 'ચાલ.'

ને બન્ને જણે ચાલવા માંડયું.

વીરેનનો ચોરો એટલે ગરીબ સાહિત્યકારોનું કાયમી સભાસ્થાન. ત્યાં માતા સરસ્વતી સાથેના લક્ષ્મીના ચિરંતન વિરોધની વાતો મોકળા મને ને ખુલ્લા દિલે ચર્ચાતી. છાનગપતિયાં કે ઢાંકપિછોડો ત્યાં નહોતાં; અને વીરેનને પૈસે ચા, પાન, સીગારેટનો ધુમાડો કરવાનો આ સભાનો મૂળ ઉદ્દેશ હતો તે પણ કોઈ ગોપવતું નહિ. વીરેન આ જાણતો છતાં એના આતિથ્યમાં કદિ ફેર ન પડતો. એ પોતે સાહિત્યકાર ન હોવા છતાં સાહિત્યનો રસિયો ને સમજદાર માણસ હતો.

ચાલતાં ચાલતાં હીરેન તરફ એક વક્ર દૃષ્ટિપાત કરીને વ્રજેન બોલ્યો, 'હીરેન, તારૂં ખમીસ ધોબીને આપવાની જરૂર છે એમ નથી લાગતું?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના કપડાં તરફ એક નજર નાખી હીરેને ઉત્તર આપ્યો, 'જરૂર તો લાગે છે પણ આપી નથી શકતો. એના કારણની તને ખબર છે. અર્થાભાવ એ કદાચ તું નહિ સમજી શકે, પણ એ વસ્તુ દુનિયામાં છે જ. ઘણા વખત સુધી મફત ધોઇ આપીને ધોબીએ હવે વિના પૈસે કપડાં નહિ ધોવાય એમ સંભળાવી દીધું છે. મારી સ્થિતિની તું કલ્પના કરી શકે છે?' કહી હીરેને વ્યંગથી વ્રજેન તરફ જોયું.

મોં ફેરવ્યા વિના જ વ્રજેન બોલ્યો, 'કલ્પના કરી શકું છું, પણ એમાં ઓછો ધોબીનો વાંક છે?

'ના, વાંક તો મારો. બલ્કે મારા બાપનો જ; કારણ કે એ મારે માટે પુરતા પૈસા મૂકી નથી જઇ શકયા. અને હું પણ નોકરી નથી કરતો. હું તો સાહિત્યકાર રહ્યો. જો ક્યાંક મહેતાજી હોત તો કદાચ ભોજળાં દૂધ જેવાં કપડાં પહેરી શકત. પણ મારે આ વસ્ત્રોથી શરમાવાનું નથી, વ્રજ-લાટ.—શરમાવાનું તો ઉલટાનું તારે છે.'

'કેમ?' ભમ્મર તાણતાં વ્રજેને પૂછ્યું.

'તું બાપને પૈસે શેઠાઇ કરે છે, ને જે એમ નથી કરી શકતા એની ઠઠ્ઠા ઉડાવે છે. તારી પોતાની પ્રતિભાએ કમાણી કરીને મારા જેવા ચીંથરેહાલ સાહિત્યકારની ઠઠ્ઠા કરતો હોત તો કંઇક ઠીક પણ કહેવાત, પણ તું એવો હોત તો તારામાં આવી ઇચ્છા જાગત જ નહિ.'

જરા કંટાળીને વ્રજેન બોલ્યો, 'ભાઇ, વ્યંગ કે ઠઠ્ઠા-મશ્કરી હું કરતો જ નથી. પણ આપણે સાહિત્યકારોએ આત્મસન્માન માટે જરા જાગ્રત તો રહેવું જોઇએ.'

હીરેન એકાએક અટકીને ઊભો રહી ગયો ને બોલ્યો, 'તું માને છે કે આત્મ-સન્માનનું ભાન તારા કરતાં મને ઓછું છે? એ તારી ભ્રમણા છે, ભ્રાન્તિ છે. તું જેને આત્મસન્માન માને છે એ વસ્તુતઃ તારી આર્થિક સદ્ધરતાનું અભિમાન જ છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હીરેને ફરી ચાલવા માંડયું ને ફરી એ આગળ બોલવા લાગ્યો, 'પણ તું એ નહિ સમજી શકે વ્રજ-લાટ. તું શબ્દોના સાથિયા પૂરીને ભભકભરી વાર્તાઓ અને કમનીય કવિતા કરનારો. તારો વેપાર જ બધો પોકળ ને હવાઇ વાતો ઉપર છે. ભૂખ્યાંઓ જ્યાં મોં ફાડીને અનાજના કોળિયા તરફ તાકી રહ્યા છે, અભાવે જ્યાં માનવીમાંથી માનવતાને જ ભૂંસી નાખી છે ત્યાં તારી નજર નહિ પહોંચે, તારી કલમ એને નહિ સ્પર્શી શકે. અમે ગરીબ સાહિત્યકારો એ બાજુએ જ વધુ ધ્યાન આપીએ છીએ. એને જ મહત્ત્વ આપીએ છીએ અને એથી જ અમારૂં આત્મ-સન્માન ફાટયા ખમીસે નથી ધવાતું.'

'એ હશે, પણ મને તો લાગે છે કે આત્મ-સન્માન તો ગરીબ અમીર સહુને માટે એક જ ચીજ છે. ઉલટું ધનિક કરતાં ગરીબને આત્મ-સન્માનનું ભાન હોવું જરૂરી છે.'

આમ વાતો કરતા કરતા એ બંને જ્યારે વીરેનને ત્યાં પહોંચ્યા ત્યારે એમનું દલીલ-યુદ્ધ અત્યંત કટુતાએ પહોંચી ગયું હતું. વીરેનને ત્યાં પાટ ઉપર ચાર-પાંચ જુવાન સાહિત્યકારો બેઠા હતા. હીરેનને ઉત્તેજિત જોઇ એમાંના અન્નદા નામે એક જુવાને પૂછયું. 'કેમ રે હીરેન, તારો પારો આજ ચડયો કેમ લાગે છે? શી વાત છે?'

હીરેન બોલ્યોઃ 'વાત તો સાવ સાધારણ જ છે. આ વ્રજ-લાટને સમજાવવા મથતો હતો કે પેટન્ટ લેખરના જોડા અને આત્મસન્માન એક જ વસ્તુ નથી.'

અહીં આ ચોરામાં આવતા બધા જ વ્રજેનને ઓળખતા, ને મનોમન એના ઉપર ચીડાએલા પણ રહેતા જ. વ્રજેનના શૌખ, રસ ને વિચારથી માંડી એની બધી જ વાર્તામાં એમને થતો વિલાસિતાનો આભાસ એ સૌને વીંધતો. એમના જીવનની દૈન્ય-ચેતનાને એ પ્રગટ કરી મૂકતો, અને તેથી એ બધા પણ ટોણાં, ટોળ, ઠઠ્ઠાના ઝેરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શૂળાઓથી એને વીંધી તેનો બદલો લેતા. 'વ્રજ-લાટ' નામ પણ આ શૂળાવૃક્ષનું જ એક ફૂલ હતું.

'વ્રજલાટને એ સમજાવવાની મહેનત જ ન કરતો. જેને અન્ન-વસ્ત્રની ચિંતા જ નથી એવાઓનું આત્મસન્માન જોડાની સગતળીમાં જ સદા અટવાએલું રહે છે.' પ્રમોદ બોલ્યો.

કાળજીપૂર્વક પાટને એક ખૂણે બેસી વ્રજેને કહ્યું, 'પ્રમોદ, તારી 'ઈંટખોલા' વાર્તા વાંચી. કેવું કચરાપટ્ટી લખે છે? થોડાક પાટીવાળા કે મજૂરોની અસહાય દુર્દશાની વાત લખ્યે શો લાભ થવાનો છે એ મને સમજાતું નથી. બેશક, જો એમણે એ દુઃખ-દૈન્યને દૂર કરી કઈ રીતે માથું ઊંચું કર્યું એ તું બતાવી શકયો હોત તો કંઈ કહેવાનું નહોતું. પણ માત્ર તેઓ નિર્બળ છે, પીડિત છે, અભાવને અંગે માનવતા પણ ખોઇ બેઠા છે એ વાતનો ઢોલ પીટયે કે શોર મચાવ્યે શો ફાયદો?'

પ્રમોદ ઊકળી ઊઠયો: 'ફાયદો? માનવીની વ્યથા અન્ય માન-વીઓ પાસે પહોંચાડી શકાય છે કે દેશનો કહેવાતો ભદ્ર સમાજ આ ગરીબોને કઇ રીતે કચડી રહ્યો છે.'

'પણ એમની આવી સ્થિતિ માટે એ ગરીબોની પોતાની કંઇ જ જવાબદારી નથી? એમનો પોતાનો કંઇ જ દોષ નથી?' વ્રજેને કહ્યું.

પ્રમોદ ગર્જ્યો: 'ના, ના, નથી. દોષ છે તારા જેવા વિલાસી શ્રીમંતોનો, જે પરિશ્રમ કંઈ જ કરતા નથી ને ગાદીએ બેઠા બેઠા એમનાં મોંમાંનો કોળિયો ઝૂંટવી લે છે.'

'મેં તો આજ સુધી કોઇના મોંનો કોળિયો ઝૂંટવ્યો નથી. ઊલટું એકાદ બે જણનાં મોંમાં કોળિયો પહોંચ્યો હશે ખરો!' વ્રજેન ધૈર્ય પૂર્વક બોલ્યો.

અટ્ટહાસ્ય કરતો પ્રમોદ બોલ્યો: 'સાચું, તું દાતા કરણ ખરો ને! કોનો કોળિયો કોને મોંએ પહોંચાડયો છે એ કદિ વિચાર્યું છે ખરું?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્મિત કરીને વ્રજેને ઉત્તર આપ્યો, 'હા, ખૂબખૂબ વિચારી જોયું છે. મારો જ કોળિયો મેં બીજાને મોંએ પહોંચાડ્યો છે.'

શાન્ત જ્ઞાનીની અદાથી અન્નદા બોલ્યો, 'વ્રજલાટ, જાણવા દુઃખો ગરીબોનાં, ગરીબ થાવું ઘટે. સમજ્યો ? પૈસાના ઢગ પર બેઠાં-બેઠાં પૈસાની ગરમીથી એ દુઃખો ઓગળી જાય છે.'

'કદાચ એમ જ હશે. તમારી વાત પરથી લાગે છે કે તમે પૈસા ચીજને જ બહુ તિરસ્કારો છો.' વ્રજેને કહ્યું.

'હા, તિરસ્કરીએ જ છીએ. પૈસા તો અમારા હાથનો મેલ છે મેલ. હું તો મારી જાતને ગરીબ ગણાવવામાં ગર્વ અનુભવું છું.' પ્રમોદ તીવ્ર સાદે બોલ્યો.

'ગરીબ થવામાં કઈ બહાદુરી છે ?' વ્રજેને પૂછ્યું.

'હા, છે. દેશના સોએ નવાણું માણસોમાંનો હું યે એક છું, તે. અને એ જ મારો ગર્વ છે.' અન્નદાએ ઉત્તર આપ્યો.

એની તરફ ફરીને વ્રજેન બોલ્યો, 'હજુ થોડા દિવસ પહેલાં જ તમે કહેતા હતા ને કે તમે લોટરીની ટિકિટ લીધી છે; તો શા માટે એ ખરીદ કરો છો ? માનો કે એક લાખ રૂપિયા તમને એમાં આવ્યા તો તમે એ પણ ગરીબો માટેના ફાળામાં આપી દેશો ને ?'

અન્નદા તુરત કંઇ જવાબ આપી ન શકયો. હીરેને એના વતી જવાબ વાળ્યો, 'અન્નદા શું કરશે ને શું નહિ કરે એ તું શું જાણે ? ગરીબો માટેના ફાળામાં યે આપી દે. હું તો મારી વાત કહું, કે પૈસાને હું તિરસ્કારતો નથી, છતાં એને છાતી સરસી દાબી સાચવવા લાયક વસ્તુ પણ હું નથી માનતો.'

વ્રજેન બોલ્યો, 'એવું તો હું યે નથી માનતો. એટલા પૂરતા આપણે એકમત છીએ. પણ એ જ કારણે આપણી દરિદ્રતાનો ઢોલ પીટીને જાહેર કરતા ફરવું એ તો મને અત્યંત શરમિંદું લાગે છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અન્નદાની મૂગી થઇ ગએલી જીભ પાછી ફરી હતી. એ બોલ્યો. 'યાતના એ શું ઝેરની જાણે, ડસ્યો ના સર્પ કદી જેને.'

વ્રજેન બોલ્યો, 'વારુ અન્નદા, સાચું કહેજે, તમે તમને પોતાને ક્ષુલ્લક ગણાવતાં જરા યે નથી અચકાતા શું? તમે જે આ દિ'રાત નાકમાંથી 'હું હીન દીન, હું નર્ક કીટ' ગણગણતા રોયા કરો છો ને જે ધૂળ જેવું રોતલ-માંદલું સાહિત્ય સર્જો છો એમાં તમને તમારા મનનું દારિદ્રય જ પ્રગટ થતું નથી લાગતું? આ બધામાં એક Inferiority complex લઘુતાભાવ નથી જણાતો શું?'

અન્નદા માથું ધુણાવી બોલ્યો, 'ના નથી દેખાતો. અમે તારા જેવા Snob નથી. ને પછી "વીરેન તરફ જોઈ, 'વીરેન, ચા મંગાવજે તો હવે—"

વ્રજેનની આંખો જાણે સળગી ઊઠી. વેધક સાદે એ બોલ્યો, 'આ રોજ સવાર-સાંજનું ઘોરણ ઘાલી વીરેનના બરડો ભાંગી ચા વિગેરેનો ધુમાડો કરો છો ને છતાં યે તમે તમારી જાતને હીણાં-ઇન્ફીરિયર નથી લાગતા?'

સહુનાં મો લાલચોળ બની ઊઠ્યાં. વીરેન શરમાતો શરમાતો બોલ્યો, 'આ શું કહે છે વ્રજ-લાટ! મિત્રને ત્યાં...શું ખોટું છે?'

'ખોટું ન ગણાત, જો આ લોકો માત્ર આ ચા પાન ને સિગરેટના લોભે જ અહીં ન આવતા હોત તો. આ માનસિક બેશરમ-દીનતાને જ હું ધિક્કારું છું.'

'અમે અહીં મુખ્યત્વે ચા પીવા જ આવીએ છીએ એ સહુ જાણે છે ને વીરેન પણ એથી અજાણ નથી, એટલે તારો ઘા નક્કામો ગયો છે, વ્રજલાટ. અમને એ ક્યાં ય નથી વાગ્યો.'

વ્રજેન ઊઠીને ઊભો થયો ને બોલ્યો, 'અજબ છો તમે લોકો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે આવો જબ્બર ઘા પણ તમને ઇજા નથી પહોંચાડી શકતો. આવી ચામડી લઇને તે તમે સાહિત્ય કઈ રીતે સર્જો છો?'

એ જ વખતે ચા આવી. વીરેન બોલ્યો, 'કેમ રે, ઊઠ્યો કેમ વ્રજલાટ? જરા ચા તો પીતો જા.'

'ના, ભાઇ. હું જઇશ મારે થોડુંક કામ છે.'

એક ઘૂંટ ચા પી પ્રમોદ વ્યંગમાં બોલ્યો, 'આ Firpoની ચા નથી. વ્રજલાટનું શરીર આથી કચળી જાય.'

અન્નદા વક્ર હાસ્ય હસતો બોલ્યો, 'વળી આત્મસન્માન ઘવાઇ જાય તો યે નવાઈ નહિ. પણ વ્રજલાટ, તારે તો એ ભય નથી. તું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કયાં અમારી જેમ ઘરબારવિહોણો છે? લે ને એક કપ, તારૂં આત્મ-સન્માન તરડાઇ નહિ જાય.'

'ના, તમે પીઓ.' કહી વજ્રેન બહાર નીકળતો હતો ત્યાં બીજા બે ત્રણ નિત્ય આવનારા ચોરા–સભાસદ કલબલ કરતા પ્રવેશ્યા.

વિરાજ બોલ્યો, 'ગજબ થઈ ગયો, સન્ન્ સન્સનાટી!'

'રહ્યું ના દુઃખ હવે તમને; સમજ્યા કે નહિ દોસ્તો?'

'કવિ સમ્રાટ ખુદ આવે, હવે આનદ આનંદો.'

'કવિ સમ્રાટના ભેજામાં કદી યે આ બુદ્ધિનો ઉગમ ન થાત, જો આ બંદા આમ દિ'રાત એની પાછળ આદુ ખાઇને ન પડયા હોત તો?' સુધીર બોલ્યો.

'પણ વાત શું છે એ તો કહો.' વીરેન બોલ્યો.

'વાત બીજી શું? મારી પેલી યોજના યાદ નથી? કવિને રાજી કર્યો. સમિતિ નક્કી થઇ ગઇ. ખુદ કવિને જ એના પ્રમુખ બનાવ્યા. ને બીજા યે ઘણા કસદાર માણસો છે. સમિતિનું નામ પાડયું છે 'વાણી બાંધવ સમિતિ.' નાનામોટા તમામ સાહિત્યકારો ને સાહિત્યવ્ય-વસાયીઓ પાસેથી ફાળો ઉઘરાવશે. બીજે બહારથી જરા યે ફાળો નહિ ઉઘરાવાય. અને એ ફાળામાંથી મારા-તમારા જેવા સાહિત્યકારો જેનું લખાણ સીધી રીતે કોઇ પ્રકાશકો નથી લેવા માગતા–તેવાઓનાં પુસ્તકો છાપીને પ્રગટ કરવામાં આવશે. આ જો અરજીપત્ર અને નામની સૂચિ. શરૂઆત બસો ને એકનો ચેક ફાડી ખુદ કવિએ જ કરી છે.' સુધીર બોલ્યો.

'ને ફક્ત એટલું જ નહિ, સમિતિના બીજા ઉદ્દેશો પણ છે જ. કોઇ સાહિત્યકાર મુસીબતમાં મુકાય તો એની સ્થિતિ સમજી યોગ્ય આર્થિક મદદ પણ આપવામાં આવશે. ચાલો હવે સૌ પોતપોતાના ગજવામાંથી કંઇક કંઇક કાઢો તો. ફાળો ઉઘરાવાની જવાબદારી મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોંપાઇ છે.' વિરાજ બોલ્યો.

કવિના હસ્તાક્ષરોમાં લખાએલું અરજીપત્રક સૌએ લળીલળીને વાંચવું શરૂ કર્યું. એ પૂરું જોવાઇ જતાં નિરાંતનો એક મોટો શ્વાસ હેઠો મૂકી પ્રમોદ બોલ્યો, 'ચાલો, આખરે આટલે દિવસે પણ આપણા અનાથ શિશુઓ માટે કંઇક થયું ખરું. અરે વિકાસ! તારી પેલી નવલકથા, જે તું મને અવાર-નવાર વંચાવતો, તે બગલમાં મારીને હવે નીકળી પડજે.'

સુધીર બોલ્યો, 'એ તો ભવિષ્યની વાત થઈ. અત્યારે કોણકોણ કેટલું આપો છો એની વાત જ કરો ને! બોલ, વીરેન! તું શું આપે છે?'

'મારો એક રૂપિયો લખી લેજો.' વીરેન બોલ્યો.

'અન્નદા, હવે તમે,–કેટલા?' સુધીર નોંધ કરતો બોલ્યો.

'હું તે વળી શું દઉં? અમે જ તો છીએ આ ફંડના 'બેનીફિશીયરો', અમે તો લેશું.' અન્નદા બોલ્યો.

વ્રજેનનું મોં ઘૃણાથી કરચલિયાળું બન્યું. એ બોલ્યો, 'લેશો? હાથ લંબાવતાં શરમાશો નહિ, અન્નદા?'

'શા માટે દુઃખ? શા માટે દૈન્ય? શા માટે લજ્જા? શા માટે કલેશ? સપ્તકોટિ.....' પ્રમોદ ગાવા લાગ્યો.

'હસ નહિ, રૂપિયા કાઢ. કવિને અમે કોલ આપી આવ્યા છીએ.' સુધીર બોલ્યો.

'સુધીર, હસાવ્યો તો તેં મને. હું વળી રૂપિયા ક્યાંથી કાઢું? હા, ખીસામાં થોડાક સોપારીના ટુકડા છે ખરા! એના કરતાં પૈસાનો આ કુતુબમિનાર ઊભો છે એને જ પકડ, એનો હાથ ખંખેરીશ તો યે ઢગલો, ઓછામાં ઓછા દસ-વીસ રૂપિયા તો નીકળશે જ.'

વ્રજેન તરફ ફરી સુધીર બોલ્યો, 'વારૂ, ત્યારે તું જ બોલ વ્રજલાટ, કેટલા આપે છે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્રજેનના મોં પર એક વક્ર હાસ્ય દેખાયું. એ બોલ્યો, 'મારે પણ આપવા પડશે. ઠીક, બે રૂપિયા લખી લેજો.'-ને ખીસામાંથી પાકીટ કાઢતાં કાઢતાં એ બોલ્યો, 'દુર્દશાગ્રસ્ત સાહિત્યકારોને પોષીએ છીએ એ વિચારે જરાક આનંદ પણ થશે.'

પાકીટમાં દસ રૂપિયાની એક નોટ જ સિલિકે હતી. વ્રજેને એ સુધીરના હાથમાં ફેંકી. સુધીર બોલ્યો, 'છુટ્ટા રૂપિયા તો નથી. તમારી કોઇની પાસે છે? વીરેન, તું જરા અંદર જઇને આ નોટના છુટ્ટા લઈ આવ તો.'

'પ્રમોદ બોલી ઊઠ્યો, 'છુટ્ટાની પંચાત શું કામ કરો છો? એ દસે દસ જમા કરી નાખો.'

સૌએ આનંદસહ હા-હા કરી હકાર પુરાવ્યો. પારકાના પૈસાનો સદવ્યય થતો નિહાળીને કોને આનંદ ન થાય? વિશેષે કરીને વ્રજેનની આજની વાતે સૌને હૈયે બળતરા ઊઠી હતી. પ્રમોદ બોલ્યો, 'વ્રજલાટ, તું દસ રૂપિયાથી ઓછું આપીશ તો લોકો શું કહેશે? તારા રેશમી પંજાબીનું અપમાન નહિ થાય? વળી આ તારા પોતાના પરિશ્રમના પૈસા છે કે તને ગળે વળગે? આ તો વારસાગત...'

'તને બરાબર ખબર છે કે આ મારા વારસાગત પૈસા છે?' વ્રજેને પ્રમોદ તરફ ફરી વેધક ટોણાના સ્વરે પૂછ્યું.

'એ સિવાય બીજું હોઈ પણ શું શકે લાટ? સાહિત્યના—લેખનના ધંધામાં આવક કરી તું શેઠાઇ કરતો હો એમ નથી મનાતું.'

વ્રજેન વધુ કંઈ જ ન બોલ્યો. સુધીર સાનંદ બોલ્યો, 'તો દસ રૂપિયા જ જમા કરી લઉં છું વ્રજલાટના.'

વ્રજેન ભ્રમ્મર તાણી થોડી વાર ઊભો રહ્યો, ને પછી 'વારુ ત્યારે હું જાઉં છું' કહી દરવાજા તરફ આગળ વધ્યો.

હીરેને એને સાદ પાડ્યો, 'ઊભો રહે વ્રજલાટ, હું યે આવું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હા, હા, હા કંઇક તો આપવું જ પડશે ને! ઠીક, આઠ આના નોંધી લેજો, પણ અત્યારે કંઈ જ નહિ આપી શકું, તુરતમાં જ થોડાક રૂપિયા મળવા આશા છે.....'

ને એ બંને નીકળી પડ્યા. વ્રજેનનું ઘર કાશીપુર છે તે સૌ જાણતા પણ આજ સુધી કોઇએ એ જોયું નહોતું જરા દૂર જઈ હીરેને પૂછ્યું, ઘેર જ જવું છે ને?'

'હા.'

'તો તમે તમારે બસ પકડો. હું તમને વધુ નહિ રોકી રાખું'

'ના, હું ચાલતો જ જઇશ. ચાલોને જ્યાં સુધી ભેગા જવાયું ત્યાં સુધી તો ભેગા જઇએ.'

મૂંગેમૂંગા જરા વધુ આઘે જતાં ઓચિન્તો હીરેન બોલ્યો, 'જો ભાઇ તારી વાત આકરી હોવા છતાં યે સાચી છે, પણ શું કરૂં ભાઇ? નથી રહેવાતું. દાંત ભીંસીને દારિદ્રય સહવું સૌને માટે સહ્ય નથી હોતું. તું યે જો અમારા જેવી હાલતમાં હો—'

જે રેસ્ટોરાં પાસે તેઓ મળેલા ત્યાં વ્રજેન ઊભો રહ્યો. એક વાર લથડિયું ખાઇને પોતાને સંભાળવા મથ્યો, ને પછી ઓચિન્તો ફૂટપાથ પર ચત્તોપાટ ઢળી પડ્યો!

રેસ્ટોરાંમાં માણસો હતા. સૌએ મળી વ્રજેનના મૂર્છિત દેહને ઉપાડીને અંદર એક બાંકડા પર સુવડાવ્યો. હીરેન બેબકળો બની ગયો. એ બોલ્યો 'કંઇ જ ખબર નથી પડતી. એકાએક હિસ્ટીરિયાનો સપાટો આવ્યો કે શું? ઍમ્બ્યુલસને ખબર આપ્યા હોય તો સારૂ'

થોડી વારે ઍમ્બ્યુલસ આવતા વ્રજેનને એમાં સુવાડવામાં આવ્યો. હીરેન પણ સાથે હૉસ્પિટલે ગયો.

× × ×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હૉસ્પિટલના ડૉક્ટરો તપાસ પૂરી કરી હીરેન પાસે આવીને કહ્યું, 'તમારા મિત્ર છે કે? ના, હજુ યે એ ભાનમાં નથી આવ્યા પણ તુરતમાં જ ભાનમાં આવશે એમ લાગે છે. જોતાં તો એ સારા સ્થિતિ-સંપન્ન ઘરના લાગ્યા, પણ નવાઇની વાત છે કે એમણે લગભગ મહિનો માસથી કંઇ ખાધું હોય એમ જણાતું નથી. શરીરના ટિશ્યુઓ સુદ્ધાં સુકાઇ ગયા છે!...શી હકીકત છે? તમે કહી શકશો?



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હણકું વરણ

એલોપેથિક ડૉકટરો, નીતિવાન વૃદ્ધો કે દુધ પીતાં બાળકો માટે આ વાર્તા નથી. મહેરબાની કરી તેઓ આ પાના ઉલટાવી નાખે. કેમકે વિના કારણ શત્રુત્વ જન્માવવાનો મારો હેતુ નથી.

વીસેક વર્ષ પહેલાં મારી ઉમ્મર વીસેક વર્ષની હતી. આ હિસાબે મારી અત્યારની ઉમ્મરનો જે આંકડો મળે છે તે બાલિશતા માટે યોગ્ય નથી. સિદ્ધાર્થ આ ઉમ્મરે પહોંચ્યા પહેલા જ બુદ્ધત્વ પામ્યા હતા. નેપોલિયન આ ઉંમરે અર્ધા યુરોપનો સમ્રાટ બન્યો હતો. અને સિકંદર આવડો નહોતો થયો ત્યાં તો જગત સર કરી મૃત્યુ પામી બીજે જન્મી યે ચૂકયો હતો. એટલે જે કહું છું એમાં છોકરવાદી ચાગલાઇ નથી માટે દાંત કાઢીને ખી-ખી હસતા નહીં.

વીસ વર્ષની ઉંમરે જ હોમીયોપેથીક ડૉકટર બની હું કીર્તિ જમાવીને બેઠો હતો. એલોપેથિક ડોકટરો મારા પર રોષે ભરાતા. પણ હું જાણતો હતો કે ભાગ્ય સહુથી બળવાન છે. કીર્તિ અને પત્ની તો પૂર્વજન્મની કમાણી છે. પુરુષાર્થ કે વિદ્યાના બળથી એ મેળવી શકાતી નથી. જો એમ જ હોત તો પી. સી. કે બી. સી. રાય આજ સુધી બીજા કોઇ કેમ નથી પાકયા ?

શરૂઆતમાં જ અનેક મોટા મોટા માણસોના નામ લઇને વાતોને શુદ્ધ કરી લીધી એટલે સંકોચ પણ ખૂબ ઓછો થઇ ગયો. એટલે હવે વાત શરૂ કરી શકીશ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાના એવા એક શહેરમાં મેં દવાખાનું શરુ કર્યું હતું. ત્યારે મેં લગ્ન નહોતાં કર્યાં. હાથે રાંધીને જમતો અને હોમિયોપેથીના મૂળ સૂત્ર વિષસ્ય વિષમૌષધમ્ (લોહું લોઢાને કાપે) એ કહેતીને સાર્થક કરવા મહેનત કરતો હતો. મારું નાનકડું ઘર રોજ સવાર–સાંજ વિવિધ જાતના દરદીઓથી ભરચક રહેતું. એમાં મોટાભાગના ગરીબો જ રહેતા; રોગનાં લક્ષણ કહી સસ્તી કિંમતે દવા લઈ જતા. કયારેક કયારેક એકાદ બે સંપન્ન વ્યક્તિ પોતાને ઘેર પણ બોલાવતી. સરવાળે બધું સારી રીતે ચાલતું હતું. પૈસા ભલે બહુ ભેગા ન કરી શકાયા, પણ સુ-નામના તો મેળવી શકયો હતો.

એક દિવસ સવારે દરદીઓની ભીડ ઓછી થતાં મેં જોયું કે ઘરને એક ખૂણે એક બાઇ મેલી એવી એક ચાદર વીંટી બેઠી છે. ઘર જ્યારે સાવ ખાલી થઈ ગયું ત્યારે ધીમેથી ઊઠીને હાથ જોડી એ મારી ખુરશી સામે ઊભી રહી.

હું પ્રશ્નાત્મક દૃષ્ટિએ એના તરફ જોઇ જ રહ્યો, પણ એને અગાઉ કદી યે જોઇ હોય એવું યાદ ન આવ્યું. ઉંમર લગભગ ચાળીસ, ભર્યુંભર્યું જાડું શરીર, મોં એકવાર રૂપાળું હશે, આજે તો એ ચીમળાઇને અસુંદર થએલું દેખાતું હતું. હડપચી ઉપર ઝાંખાં છૂંદણાં, એક કાનનું ઘરેણું પહેરવાનું વીંધુ ફાટી ગયું હતું, ને આંખોમાં અસહાય આતુરતાની દબાએલી વ્યાકુળ દૃષ્ટિ હતી

એ દૃષ્ટિને હું ઓળખતો. ઘરમાં જ્યારે કોઇ પ્રિયજન રીબાઈ-રીબાઇને મૃત્યુ પામી રહ્યું હોય અને હાથમાં હોમિયોપેથિક જેવી સસ્તી દવા લેવાના યે પૈસા ન હોય ત્યારે માણસની આંખમાં આવા ભાવ તરવરી ઊઠે છે.

મેં પૂછ્યું: 'શું થયું છે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાઇએ જરા ધીમા દબાએલા ને ખરડાતા સાદે શરુ કર્યું: 'બાપુ અમે હલકું વરણ!' ને એની બંને આંખોમાં દીનતાભર્યો વિનય દેખાયો.

હું અવાક્ થઇ ગયો. પોતાના વિષે આટલી સ્પષ્ટવાદિતા તો કયાં ય દેખાતી નથી. ને મને સત્યકામ-જાબાલની વાત યાદ આવી ગઇ.

મને કંઈ સમજણ નથી પડતી એવું જોઇને એ બાઇએ મારી ખુરશી પાસે નીચે બેસી મોં નીચું ઢાળીને અચકાતાંઅચકાતાં પોતાની જે ઓળખાણ આપી તેથી મને ચીતરી ચડી. હવે કંઈ જ જાણવું બાકી નહોતું રહ્યું. એ પણ એક જાબાલ જ હતી.

સંકોચ અને સંસ્કાર દૂર કરવાં એ સહજ વાત નથી. આ જાતિની દર્દી મારા આ લાંબા ડૉકટર જીવનમાં આ પહેલી જ હતી. પણ હું ડૉકટર હતો. પોતાની જવાબદારી ઓછી કર્યે ડૉકટરને ન ચાલે. ગળું જરા ખંખેરી, અવાજ ભારે થયો હોવા છતાં યે મેં શાન્તિથી પૂછ્યું: 'શું જોઇએ છે તારે?'

અને ત્યારે બાઈ જરા ઉત્સાહમાં આવી આખી વાત એકીસાથે બોલી ગઇ. આતુરતા અને વ્યાકુળતાની અતિશયતાએ જે અનેક વાતો જેમ–તેમ એ બોલી ગઇ એનો સાર નીચે મુજબ હતો:

પાપના ધંધાની એકની એક કમાણીરૂપે એક પુત્રીને લઇ એ જુવાનીનો ઉંબર વટાવીને ઊભી હતી. રૂપિયા–પૈસા કંઈ જ એ નહોતી બચાવી શકી. જે બેચાર ઘરેણાં હતાં એ વેચીને પુત્રી યુવાન બને ત્યાં સુધી જેમતેમ જીવન વિતાવી દઈશ એમ એણે વિચાર્યું હતું. પણ માતા મંગળાનો વિચાર કંઇક જુદો જ હતો. દીકરીને અત્યારે તેરમું વરસ ચાલે છે, પણ છેલ્લા એક વર્ષથી એ કોઇ એવા અજાણ્યા પણ ભયંકર રોગનો ભોગ બની છે કે શહેરના બધા યે ડૉકટ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાને વારસ ફરતું બતાવી જોવા છતાંયે કોઇ કંઇ જ સુધારો નથી કરી શકયું. બાઈનાં ઘરેણાં બધાં વેચાઇ ગયાં હતાં. ડૉકટરોએ પણ આશા મૂકી દીધી હતી. હવે માત્ર હું જ એની આશા હતો.

આ બધું કહ્યા પછી છેલ્લે એ બોલી : 'બાપુ, મારે બીજું કાંઇ નથી જોતું. હું ખાવા નથી પામતી એનું કાંઇ નહીં. પણ માંદી દીકરીને યે નથી ખવરાવી શકતી. અમે હલકું વરણ. કોઇ અમારી તરફ નજર સરખી યે નથી કરતું. તમે દયા કરો, ભગવાન તમારું ભલું કરશે.' આટલું બોલી અસહાયપણે એ રડવા લાગી.

ભલું કરવાની ભગવાનની શકિત વિષે જોકે મને બહુ શ્રદ્ધા નથી, છતાં કોણ જાણે કેમ આ ઘૃણિતા સ્ત્રીની મને દયા આવી. ખાસ કરીને જે રોગી માટે શહેરના બધા યે ડૉકટરોએ હાથ ધોઇ નાખ્યા છે એને જો હું બચાવી શકું—

પોતાની શકિત દેખાડવાના પ્રલોભનમાં નાનીમોટી અનેક નૈતિક અને સામાજિક મર્યાદાઓની વિરુદ્ધ માણસ જાય છે. હું કંઈ જ વળતર લીધા વિના એની દીકરીની દવા કરવા તૈયાર થયો. એટલું જ નહીં પણ ગાંઠના પૈસા ખરચી ભાડાની ગાડી કરી એને જોઇ પણ આવ્યો.

ગંધારી એક ગલીના અતિ ગંદા એવા એક ભાગમાં એક નાની ઝૂંપડી હતી. કંગાલિયત અહીં એની આખરી સીમાએ પહોંચી હોય એવું પહેલી નજરે જ દેખાઈ આવતું હતું. મેલી ફાટેલી એક ગોદડી અને થોડાક કોથળા ઉપર એક છોકરી પડી હતી. દોરડી જેવા હાથ-પગ, બહાર નીકળી આવેલો હૈડિયો ને કાળી પડી ગએલી કરચલીવાળી ચામડી,—ચામડીએ ઢાંકેલું હાડપીંજર જ કહોને! ખરી ઉમર જાણતાં ન હોઇએ તો નવ-દસ વરસની છોકરી હશે એમ જ લાગે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરીર તપાસ્યું. રોગ ભયંકર હતો : સૂકો ક્ષય; અને ઉપરાંત પૌષ્ટિક ખોરાકનો અભાવ. એ વેળા જે હાલત હતી તે હિસાબે સુધારાની આશા બહુ ઓછી હતી. મારા મોં પર અને આંખમાં જાણે મારા મનની સ્થિતિ દેખાઇ ગઇ, ને એ છોકરી રોગના ઝેરે જડ બનેલી ઝીણી આંખો ઉઘાડી મારા તરફ જોઇ રહી.

દવાની વ્યવસ્થા કરીને અને ફળફૂલ માટે એક રૂપિયો એ બાઈના હાથમાં આપીને હું પાછો ફર્યો. મને મનમાં ને મનમાં લાગ્યું કે મારો રૂપિયો અને મારી મહેનત પાણીમાં ગયાં છે.

એ પછી એ બાઇ હમેશાં આવતી. કયારેક સાદી ગોળીઓ જ હું એને આપતો. વચ્ચેવચ્ચે એકાદ–બે રૂપિયા પણ આપવા પડતા; અને એ બાઈ દયામણું મોં કરી લઇ લેતી. સરખી રીતે આભાર પણ એ નહોતી માની શકતી. તૂટક તૂટક ગદ્‌ગદ્ સ્વરે બોલતી : 'બાપા, ભગવાન તમારા ભંડાર ભરો.'

એક મહિનો થવા છતાં યે જયારે એ છોકરી જીવતી હતી ત્યારે મને પોતાને જ આશ્ચર્ય થયું. હાથ જોડીને એ બાઈ બોલી : 'કહેતાં જીવ નથી ચાલતો બાપા, પણ એકવાર ગરીબનું આંગણું પાવન કરો. આજ મંગળવાર છે એટલે વધુ નહીં કહું, પણ તમારી દવા-એ કામ કર્યું છે. મારી રિતુ બચી જશે.'

ને એ છોકરી જોઇ આવ્યા બાદ મને પણ લાગ્યું કે એ બચી જશે. એક માણસને—પછી એ ગમે તેટલો ઘૃણ્ય કેમ નથી હોતો—મૃત્યુના મોંમાંથી બચાવી લીધો એ વિચારે મને ખૂબ આનંદ થયો. મારી શકિત ઉપરનો મારો વિશ્વાસ ખૂબ વધી ગયો.

છસાત મહિના પછી કોઈ તહેવાર નિમિત્તે ગંગા નહાવા ગયો હતો. ઘાટ ઉપર એક બાળાએ નમીને મને પ્રણામ કર્યા. સંપૂર્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વસ્થ હતી એ કિશોરી. શરીરે ઊજળી અને મોં પણ સુંદર હતું. નાહી-ધોઇને નીતરતી લટે મારી વિસ્મિત આંખો સામે આવીને એ ઊભી રહી. હું ઓળખી ન શકયો. એ જરા શરમાતી, આંખો ઢાળી, માથું નમાવી બોલીઃ 'હું રિતુ.'

પોતાની શક્તિનું ઝળહળતું પ્રમાણ પ્રત્યક્ષ જોતાં ખૂબ જ આનંદ થવો જોઇતો હતો, પણ મારું મન ઓચિંતુ બગડી ગયું. તે આખો યે દિવસ મારી આંખ સામે એની કોઈ કુળવાનની કન્યા જેવી લજ્જાશીલ કોમળ મૂર્તિ તરવરતી જ રહી. મને મનમાં થયું કે એને ન બચાવી હોત તો જ સારું હતું.

વાર્તા અહીં જ પૂરી થવી જોઇએ, પણ હજુ થોડુંક બાકી છે ને એ કહેવું જ જોઇએ; સંકોચ કર્યે કામ નહીં ચાલે.

એ દિવસે સાંજે ઘણા દિવસ પછી રિતુની મા મારી પાસે આવી. એક તો મન પહેલેથી જ બગડેલું હતું, ને તેમાં એણે આ-વીને જે વાત કરી તેથી હું રોમરોમ સળગી ઊઠયો. આ લોકોને પણ વિવિધ જાતનાં શાસ્ત્રો-નીતિનિયમો હોય છે, જે કર્યા બાદ એ લોકો કાર્યારંભ કરી શકે છે. રિતુના શુભ બલિદાનનું કાર્ય મારા જેવા સુપાત્ર દ્વારા જ સંપન્ન થાય એમ એની મા ઇચ્છતી હતી.

પારાવાર ગાળો આપ્યા પછી એ અકૃતજ્ઞા પતિતાને મેં હાંકી કાઢી, ને એ તદ્દન બીકણ ને બે-અક્કલની જેમ મોં બગાડીને ધીમે-ધીમે ચાલી ગઈ. મારા અસંયમિત ગુસ્સાનું કારણ જાણે એ સમજી જ ન શકી.

એ પછી વીસ વર્ષ વીતી ગયાં. આજે હું ચાલીસ વર્ષનો છું. એ દિવસની વાત યાદ આવતાં મનમાં થાય છે કે રિતુની મા ભલે હલકું વરણ હતી, પણ અકૃતજ્ઞ તો નહોતી જ. આદર્શનો ગજ સહુનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાન નથી હોતો. વૈષ્ણવ માટે જે પાપ હોય એ જ શાક્ત માટે પુણ્ય પણ હોઇ શકે. માનવીના અંતસ્તલમાં જેનો અબાધિત પ્રવેશાધિકાર છે તે જ કદાચ જાણી શકયો હશે કે રિતુની મા મને પાપના પંથે પ્રલુબ્ધ કરવા નહોતી આવી, પણ પોતાના પરિપૂર્ણ પ્રેમ અને કૃતજ્ઞતાનો અર્ઘ્ય મને અર્પવા આવી હતી. એના દીન જીવનનું સર્વશ્રેષ્ઠ દાન પૂજારિણીની જેમ એણે મારે ચરણે ધર્યું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોમન

દ્વિજેનની વાત

આજે ઑફિસેથી પાછા વળતાં અતિશય મોડું થઈ ગયું. આમ મોડું થાય એ એને ગમતું નથી. એનું મોં ભારે થઈ જાય છે, આંખમાં ગંભીરતા છવાઈ જાય છે, છતાં મોંએ એ કંઇ જ નહિ બોલે; મનમાં ને મનમાં ધૂંધવાયા કરશે. ગજબ છે આ સ્ત્રીજાતનો સ્વભાવ! અમારા લગ્નને પાંચ વર્ષનાં વહાણાં વાઈ ગયાં, છતાં આજ સુધીમાં કદી યે મારી સાથે ઝઘડી નથી. રોષે ભરાશે તો મોં ભીડી રાખશે;—માત્ર હાવભાવ દ્વારા જાણવા દેશે કે એને અણગમો થયો છે. कोपो यत्र भृकुटिरचना, विग्रहो यत्र मौनम्.

પણ આજે એને એમ નહિ કરવા દઉં, મોડું થવાનું કારણ ગજવામાંથી અન્યમનસ્કપણે ટેબલ પર મૂકી દઈશ કે તુરત એનો અણગમો ગળીને પાણી થઈ જશે.

આજે પગાર મળ્યો. રસ્તામાં વિચાર આવ્યો કે પૂરેપૂરો પગાર ઘેર લઈ જઇશ તો કંઇ બચવાનું છે જ નહિ. તો પછી અત્યારે ખિસ્સામાં રૂપિયા છે ત્યારે શા માટે કંઇક સરસ ચીજ એને માટે લઈ ન લઉં. અને નજર ઊંચી કરી તો સામે ઝવેરી હીરાલાલ મોતીલાલની દુકાન દેખાણી. પગ આપમેળે એ બાજુ વળ્યા. બહુ ખર્ચ કરવો ન પડ્યો. પંદર જ રૂપિયામાં એક સાડી--પિન મળી ગઇ. ચીજ સારી હતી.

ઘેર આવીને જોયું તો એ એક આરામખુરશીમાં પડીપડી ઢો'ક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવલકથા વાંચે છે. મને જોતાં જ ઘડિયાળમાં ટીકાટીકીને જોયું, ને પછી ચોપડી નીચે મૂકી બોલી : 'કેમ, આવી ગયા ?'

આ રીતની વાત મને નથી ગમતી. 'આવી ગયા ?' એટલે શું ? હું આવું એ કંઇ સાધારણ વાત છે? કે પછી આજે હું પાછો ફરવાનો જ નહોતો ? મુદ્દે આમ ટોણો મારીને જ બોલવાની એને ટેવ છે. બરાબર સાડાપાંચને ટકોરે જ ઘેર આવી જઇશ એવું ઓછું લખી દીધું છે ?

ઘડી કરેલ ધોતિયું–બાંડિયું મારી નજીક મૂકી 'કપડાં બદલો' કહી એ અંદર ચાલી ગઈ. અર્થાત મારા ઉપર એ ગજબની રોષે ભરાઇ છે. તે શું કરશું ? એથી હું ઓછો ઘડિયાળના કાંટાની જેમ ચાલી શકવાનો છું ? ચાવી દીધેલું કોઈ રમકડું તો નથી ને ?

હાથ-મોં ધોઈ, કપડાં બદલીને બેઠો છું. એ આવીને ચા-નાસ્તો મૂકી ગઇ. જોયું તો આજ ફરીને મોહનભોગ બનાવાયો છે, એથી... પણ જવા દો ભૂખ ખૂબ લાગી છે.

પણ એથી જ તો ખાવાનું ઠંડું થઇને સાવ ચવડ થઇ ગયું, કદાચ બપોરે ફુરસદની વેળાએ તૈયાર કરી રાખ્યું હશે. અને એમ જ હોય ને! હું તો દાડિયો—મજૂર. થાકીપાકીને ઘેર આવી ટાઢુંવાસી ઉદરમાં ઓરી લઈશ; ખાવાનું કંઇક મળે એટલે બસ; એથી વધુની આશા રાખવી જ ખોટી...પણ જવા દો. ચા તો ગરમ છે. શા માટે ? શી જરૂર હતી? એ પણ બપોરે બનાવી રાખી હોત તો ચાલત.

'આજે તમારો પગારનો દિવસ હતો ને ?'

હં, એ વાત ઠીક યાદ આવી. ને ગજવામાંથી પાકીટ કાઢી મેં હાથમાં આપ્યું: 'આ લે.'

રૂપિયા ગણી,ભમ્મર ઊંચી કરી એણે પૂછ્યું:'પંદર રૂપિયા ઓછાછે?'

હિસાબ જોઇએ છે! મારી કમાણીમાંથી યે હું કંઇ ખર્ચું તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનો યે પાઇ-પૈસાનો મારે હિસાબ દેવો પડશે. ધૂળ વાળો એ વાત ઉપર. આ દુનિયા એક ઝંઝટ જ છે.

મેં કહ્યું : 'વાપર્યા છે.'

એ પ્રશ્નાત્મક રીતે મારી સામે જોઈ રહી. કેમ જાણે આટલો ખુલાસો સંતોષકારક નથી. ક્યાં વાપર્યા, કેમ વાપર્યા એ કહેવું પડશે! એ શું એમ માને છે કે હું ક્યાંક દારૂ પીને રૂપિયા ઉડાડી આવ્યો છું? કે પછી એથી યે વધુ શંકાજનક કંઇક બીજું? ઓહ! આ સ્ત્રીઓના મન જેવું શંકિત મન દુનિયામાં ક્યાં ય નહિ હોય! ના હું નહિ કહું, કંઈ જ નહિ કહું. જોઉં છું શા માટે એ સાફ—સીધી રીતે નથી પૂછતી. પણ એ કદી યે એમ નહિ કરે. મનમાં ને મનમાં બળવું એ જ એનો સ્વભાવ છે.

પૂછ્યું હોત તો શું એ અપમાનિત થવાની હતી? કે હું ખોટું બોલવાનો હતો? પૂછ્યું હોત તો મારે કહેવું પડત; અને હું કહેત જ ને તારા માટે એક ચીજ લાવ્યો છું. ચાલો સારું જ થયું, કાલે આ મોળા નસીબની સાડી–પિન પાછી જ આપી આવીશ. કહીશ કે મને પસંદ નથી પડી. ખોટું શું છે? રૂપિયા બચી જશે.

રૂપિયા લઇને ધબધબ દાદરે થઇ ઉપર ચાલી ગઈ. ધમ્મ્ કરતાં કબાટનું બારણું બંધ થયું એ સાંભળ્યું. અર્થાત–'હું કેવી ખિજાઈ છું એ જુઓ.'

નીચે પાછી આવીને જરા દૂરની એક ખુરશી પર બેઠી. મોંમાં કંઈ વાત જ નહિ. મને જોતાં જ જાણે બધી યે વાત ખૂટી ગઈ. પાંચ મિનિટ અમે બેઉ મૂંગેમૂંગાં બેઠાં રહ્યાં. કદાચ એને હશે હું જ શરૂઆત કરીશ. પણ હું શા માટે પહેલો બોલું? શરૂઆત સદા યે મારે જ કરવી, એટલે શું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હા, 'છાપું વાંચશો' સીધી રીતે કહેવું'તું ને, કે 'મને તમારો સંસર્ગ નથી ગમતો, તમને ગમે એ કરો, હું જાઉ છું.' દિવસ આખાની રઝળપાટ પછી સાંજે ઘેર આવું છું ત્યારે કેવો અજબ સત્કાર! અપૂર્વ ચમત્કાર! લાગે છે કે પેલી નવલકથા હજુ પૂરી નહિ થઇ હોય, એથી જ ઊંચીનીચી થાય છે. પણ તો મેં ક્યાં એને પકડી રાખી છે? કે 'ઓ એ તું મને મૂકીને ક્યાં ય જા મા' એમ હું કહી શક્યો યે નથી. જઇ શકતી હતી. બહાનું શોધવાની શી જરૂર હતી?

સ્ત્રીજાત જેવું છળ બીજે...ખેર; એથી જ તો લોકો સાધુ-સંન્યાસી થઇ જાય છે ને? મને યે ગમતું નથી, કંટાળો આવ્યો છે.

જાઉ, જરા ફરી આવું. ઘર તો નથી, ધરમશાળા છે; અને આ માટે જ લોકો ગાંડા બને છે!

ઊભો થઇ ઝભ્ભો પહેરતાંપહેરતાં કહ્યું: 'જરા ફરી આવું.'

કંઈ જ જવાબ નહિ, પૂછપરછ નહિ. બહુ સારું, એ જ ભલે રહ્યું. જૂતાં પે'રી લાકડી લઇને જેવો બહાર નીકળું છું તેવો જ—'આજે બપોરથી મા'રાજને તાવ...'

મા'રાજને તાવ આવ્યો છે તે હું શું કરું? હું ઓછો ધન્વંતરી છું? એમ તો છે નહિ. મૂળે વાતનું તાત્પર્ય ઊંડું-ઘણું ઊંડું છે ક્યારેક ક્યારેક ફરીને ઘેર પાછા વળતાં નવ વાગી જતા. ચૉરે બેઠા પછી ઝટ ન ઉઠાય, એથી ચેતવી દેવો સારું. આજે એ જાતે રાંધવાની છે એટલે મારે મોડું ન કરવું. હું સ્ત્રીઆરાજમાં છું. નારી-શાસનતંત્ર નીચે હળવા-ભળવાની રજા નહિ!

'સારું' કહી હું ચાલી નીકળ્યો.

× × ×

બરાબર નવ વાગે ઘેર પાછો ફર્યો. જોઉ છું તો રસોઇ વગેરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પતાવીને બાઈસાહેબ બેઠાં છે. તુરત જમવા બેસી ગયો. કોણ જાણે, વળી મોડું થઇ જાય ને એ રોષે ભરાઈ બેસે તો?

ના, વહુ મારી રાંધે છે ફક્કડ! આની આ રસોઇ મા'રાજ કરે છે, છતાં જાણે એ વેઠ હોય એમ લાગે છે.

હું તો કોઇની સાથે ઝઘડવા નથી માગતો, છતાં એ જરાજરામાં આવું મોં શીદ કરતી હશે? કેમ જાણે હું બહુ બોલ્યો ન હોઉં? વારુ, મારો દોષ હતો. મેં જાણી જોઇને ઢોંગ કર્યો હતો.

ખાઇને ઊઠ્યો. એના હાથમાંથી પાન લેતાં હું બોલ્યો: 'ઓહ, આજે શું ગરમી છે! રાત્રે ઊંઘ આવે તો સારું.'

અને એ મોં ભીંસીને બોલી: 'બરાબર છે, હું આજે છો ઉપર સાદડી પાથરીને સૂઇશ.'

કઈ વાત, ને કેવો જવાબ!

ના, આ સ્ત્રીઓના મનમાં જલેબી જેવાં ચૂંચળાં હોય છે. સીધી વાત કરવાનું એ લોકો જાણતાં જ નથી. એ મારી પડખે સૂએ છે એથી જ મને ગરમી લાગે છે, અને એ નીચે છો ઉપર સાદડી પાથરી સૂશે! આટલા દિવસ જાણે...પણ કંઈ પરવા નહિ. જે થતું હોય તે ભલે થતું. એને એકલા સૂવું છે તો મારે શો વાંધો છે? હું જ નીચેના ઘરમાં પાટ પર પડ્યો રહીશ. એ ભલે ઉપલો આખો ખંડ વાપરે. કોઇને કંઈ જ તકલીફ નહિ; બધી રીતે સારું.

મેં કહ્યું: 'હું જ પાટ પર સૂઇશ. તારે તકલીફ લેવાની જરૂર નથી.'

ને નીચે પાટ પર મારી જ ચાદર પાથરી સૂઈ ગયો. કોઈની મદદની મારે અપેક્ષા નથી. એથી બારણા પાસે ઊભાઊભા જોયું ને પછી નિસાસો નાખવાનો ડોળ કરીને એ ઉપર ચાલી ગઇ.

આ દુનિયા જ જુઠી છે. આ દસથી પાંચ ઑફિસે જાઉં છું. કોનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ઘર–બાર, મિત્ર–દોસ્તો, પત્ની–બાળકો? બધું મિથ્યા છે! માયા છે! વેદાન્ત ખરું જ કહે કે **माया...**

ઊંઘ આવે છે. રાતના અગિયાર થયા. ઊંઘી જ જાઉં એ સારું. બીજી વાત્ત યાદ કરીને યે શું કરવું છે? બધાં–બધાં જ...

આહ!–કોણ–?

મીનાની વાત

સાચે જ બાપુ, આટલું મોડું એ શીદ કરતા હશે? ઑફિસથી પાંચે છૂટે છે, તો પછી આટલી વાર શું કરે છે? દી' આખો બહાર રહ્યા પછી યે ઝટપટ ઘેર આવવાનું મન નથી થતું કે શું?

હું જ હઠીલી વિચારીને બળી મરી છું: આખરે સ્ત્રી ખરીને? પુરુષોને તો નહિ વિચાર કે નહિ ચિન્તા! હું આખો દી' એકલી પડી રહું છું એનો રજ માત્ર વિચાર નહિ. ને હોય પણ શા માટે? દાઇ, દાસી કે કામવાળીનો કોઇ કયારે ય વિચાર કરે છે ખરું?

ભલા, આટલો વખત શું કરતા હશે? રસ્તેરસ્તે ફરતા હશે? કોણ જાણે! સમજાતું નથી, ને બીજું કંઇ વિચારવું યે ગમતું નથી.

આજે વહેલાવહેલા નાસ્તો તૈયાર કરી ચ્હાનું પાણી ચૂલે ચડાવી રાખ્યું છે. ટાઢું ખાઈ શકે નહિ, મોડું પાલવશે નહિ. જરાક વાર લાગી કે તુરત રોષે ભરાશે. જાણી જોઇને આજે મોડા આવશે. જાણું છું ને, એને માથામાં રાઇ કયાં ઓછી છે? આજે મેં બરાબર પાંચ વાગ્યે ગરમાગરમ ચ્હા નાસ્તો તૈયાર રાખ્યાં એટલે એ છ વાગ્યા પહેલાં દેખાશે જ નહિ!

કંઈ કહેતાં યે બીક લાગે છે. મોં એવું તો ચડાવશે કે બસ; કેમ જાણે મેં બહુ મોટો અન્યાય ન કરી નાખ્યો હોય! કંઇ કહેવાનો ય ઉપાય નહિ. એવું તો છે આ પુરુષોનું પૌરુષ કે તુરત ઘવાઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાય. મોં આવડું ચડી જશે. એવું કાળું મોં કરવા કરતાં તો બફી નાખવું સારું. શું કામ કહેતા નથી? મોં તો મઝાનું છે. આમ મોં ચડાવીને સજા કરે છે એ તો બાઈ નથી સહેવાતું.

છ વાગ્યા. હજુ યે એ દેખાયા નહિ. ચા–નાસ્તો ઠરીને ઠીકરું થઇ ગયાં. આમ શીદ કરે છે એ પણ હું નથી જાણતી. સ્ત્રીને હે-રાન કરવી, એને દુઃખ આપવું એ જ ઓ લોકોનો સ્વભાવ છે. જાઉં, ફરી કંઈક ગરમગરમ બનાવી નાખું. એ ઠરી ગએલ નાસ્તો એ શાના ખાય?

ના, આજ તો કહી જ દઇશ કે આટલું મોડું શીદ કર્યું? હું શું કંઇ વિસાતમાં જ નહિ! દિવસ આખા પછી યે ઘેર આવવામાં વળી એ કલાકનું મોડું શા માટે? ઘેર હું તે કંઇ વાઘ–દીપડો છું કે શું? મારે તો.....ના, પુરુષોનું એ નસીબ નથી, એ તો ફક્ત અમારું...બળ્યું સ્ત્રીઓના ભાગ્યમાં લખાયું છે.

લગ્નને આજ પાંચ વરસ વીતી ગયાં, કયારેક દિવસને માટે પણ માવતર જવાનું મન નથી થયું; અને એ? હું બાપને ઘેર જાઉં એ-ટલે બસ ખુશખુશાલ! ભલે, એમ જ કરીશ. જો હું એમને ગમતી જ નથી તો પછી અહીં રહું તો યે શું ને ન રહું તો યે શું?

આ આવ્યા. મોં મલકમલક કેવું મલકે છે? મલકે જ ને? કેટલા ફરીફરીને લહેર કરતા આવે છે, પછી મોં ન કેમ મલકે? મને જોતાં જ પાછું ચડી જવાનું.

ના, મારા મનોભાવ નહિ કળવા દઉં; કળવા દેવાથી ફાયદો યે શો? મારા રોષ કે અભિમાનની કોને પડી છે? એ કરતાં એક ચોપડી લઈને બેસું: જાણે કંઇ જ થયું નથી.

એ આવ્યા, ઘરમાં આવ્યા. મોં પર મોડું થવાનો પસ્તાવો કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરમનું નામ નથી. કેમ જાણે મોડું કરીને મોટો વાઘ ન માર્યો હોય? ઘડિયાળમાં જોયું તો સવા છ. ચોપડી બંધ કરી બહુ નરમાશથી પૂછ્યું: 'કેમ, આવી ગયા?'

મોં એનું તો કાળું પડી ગયું. કેમ જાણે સ્વિચ દાબીને વીજળીની બત્તી બંધ કરી ન હોય!

શું કહ્યું હતું મેં? 'આવી ગયા' કહેવામાં જ આટલો દોષ થઈ ગયો? એ સિવાય કહું પણ શું? જો કહેત કે આટલા મોડા કેમ આવ્યા તો જ બરાબર કહેવાત, કેમ? અને મને જોતાં જ મોં કેવું કટાણું કરી ગયા? હું ઘેર ન હોત તો એમને મઝા પડત.

પણ એટલું કહીને ઓછું મારાથી મૂંગા બેસી રહેવાય છે? ઝટપટ બદલવાનાં કપડાં આપી ખાવાનું લેવા ગઇ. ખાવાનું તો જે થવાનું હતું તે જ થયું. ચૂલો ઠરી જતાં ચાનું પાણી પણ ઠંડું થઇ ગએલું. જેવાં મારાં નસીબ; એવું જ થાય ને?

જેવું હતું એવું લાવીને એ તો ધરી દીધું એમની સામે. આંખમાં ઝળઝળિયાં આવવા લાગ્યાં, પણ શું કરું? હવે તો નવેસરથી શરુ કરવાનો યે સમય નથી. એમણે એક કોળિયો મોંમાં મૂકી રકાબી બાજુએ મૂકી દીધીઃ હું શું કરું? ઓ રે, મારે શું કરવું? તમે શીદ આટલા મોડા આવ્યા? દોષ એકલો મારો જ છે શું?

ભલે, મારો જ દોષ. ભૂલ થઈ. પણ એ કંઇ બોલતા કેમ નથી? આમ મોંએ દશ શેરો દઇને સજા કરવાની શી જરૂર હતી?

જવા દો. છતાં ચા સાવ તો નહોતી જ ઠરી ગઇ. ખેર, હવે કંઇ બીજી વાત કાઢું, જો મન કંઇક બીજે વળે તો.

પૂછ્યું: 'આજ તમારો પગાર–દિવસ હતો કેમ?'

મોંએથી કંઇ જ ન બોલ્યા. ઊભા થઇને ખિસ્સામાંથી પાકીટ કાઢીને હાથમાં મૂકી દીધું. કેમ જાણે હું રૂપિયા માટે જ મરતી ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોઉં! આવું અપમાન? બારી વાટે પાકીટ બહાર ફગાવી દેવાનું મન થયું. ઓ...રે મારું મોત કેમ નથી આવતું?

રૂપિયા ગણી જોયા. પંદર ઓછા હતા. આ એક કલાકમાં પંદર રૂપિયાનું શું કર્યું હશે? હાથમાં રૂપિયા આવ્યા એટલે આવી બન્યું. આમ જ નવ–છ કરવાના. ના બાપુ, આ મારાથી નહિ સહેવાય. કાં થોડીક ચોપડીઓ ખરીદી હશે, કાં કોઇ મિત્રને ઉછીના આપ્યા હશે. મિત્રને ઉછીના આપવા એટલે...

કહ્યું: 'પંદર રૂપિયા ઘટે છે!'

જવાબ મળ્યો: 'વાપર્યા છે.'

કેમ જાણે હું એટલું યે સમજતી ન હોઉં? વાપર્યા ન હોય તો ઓછા એ ખિસ્સામાંથી પાંખ કરી ઊડી જવાના હતા? સીધો જવાબ—ક્યાં વાપર્યા એ ન કહેવાયું; ને ખરું જ. શા માટે કહે? એના પોતાના રૂપિયા ને એણે જ વાપર્યા. એનો હિસાબ મને આપે તો તો એમનું અપમાન થયું ગણાય ને? હું તો એમની કંઈ જ નથી; —પછી રૂપિયા ક્યાં વપરાય એ જાણવાનો હક્ક પણ મને ક્યાંથી હોય!

જાઉં, રૂપિયા ઉપર કબાટમાં મૂકી આવું. નહિ તો પાછું કંઇક ધારશે. શું ધારશે એ તો એ જ જાણે. મનમાં ઊભાં કરવાં એ તો જાણે એનો સ્વભાવ જ—

પાછી આવીને બેઠી, છતાં કંઇ જ બોલતા નથી. ભલા, મૂંગે-મૂંગાં બે જણાં સામસામાં ક્યાં સુધી બેસી રહી શકે? મારા ઉપર રોષે ભરાયા છે એટલું તો કહી શકતા હતા ને? ના બાપુ! આમ ખોટે-ખોટું મોં ચડાવી બેસો એ મને જરા યે ગમતું નથી.

છાપું ટેબલ પર જ પડ્યું હતું. એ વાંચવા એ તરફડતા હોય એમ લાગ્યું. તે એ વાંચવાની કોણ ના પાડતું હતું? હાથપગ જોડીને બેઠા રહેવાની શી જરૂર હતી?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂછ્યું: 'છાપું વાંચવું છે?'

ને એમનું મોં વધુ શામળું થઇ ગયું. થોડી વાર મૂંગા રહીને પછી ઊભા થઇને કપડાં પહેરવા લાગ્યા. ને મોં વધારે કાળું કરતાં બોલ્યા: 'જરા ફરી આવું.'

વળી કયા અપરાધમાં આવી?

વારુ, ફરવા જાવ છો? જાવ; મારી સાથે એક પળ નથી ગમતું, એ તો હું યે જાણું છું; પણ આ બાજુ રસોયો બપોરથી તાવમાં પટકાયો છે. કયારે એ આવીને દવા આપશે એની જ રાહ જોઇ રહ્યો છે. એમને હાથે દવા લીધા વિના ઘરનાંનો કોઇનો તાવ જતો નથી. હવે શું કરું? એ તો જાય છે કલબમાં. સાડા નવ પછી આવશે. ત્યાં સુધી બિચારા મા'રાજને ટીપું દવા યે નહિ મળે?

બીતાંબીતાં કહ્યું: 'મા'રાજને આજ બપોરથી તાવ.....'

'સારું,' કહી એ બહાર ચાલ્યા ગયા.

'સારું' એટલે શું? મા'રાજને તાવ આવ્યો છે એમાં 'સારું' કહેવાનો શો અર્થ? બધી જ વાત જાણે નક્કામી! પાંચ વરસથી આ ઘર માંડ્યું છે. ઉમર પણ ખાસ કંઈ ઓછી નથી થઈ. તો યે એનાં મનનો તાગ ન પામી. ના, મારાથી હવે વધુ નહિ સહેવાય. આ બધું નથી ગમતું. મનમાં થાય છે કે ક્યાંક ભાગી જાઉં.

પણ જાઉં યે ક્યાં? સદાને માટે ઘરમાં પુરાઇ રહેવા જ સર્જાઇ છું, ને અંતકાળ સુધી ઘરમાં પુરાઇ જ રહીશ. બહારની દુનિયા આખી પુરુષોની છે. માત્ર ઘર જ અગારું સ્ત્રીઓનું; ને હું તો ઘરની બહાર જવા માગતી યે નથી. પણ એ થોડીવાર માટે પણ ઘરમાં રહે છે? થોડીકવાર પણ ઘરમાં મારી સાથે રહેતા હોય તો મારે બીજું કંઇ ન જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભલે, જ્યાં ઇચ્છા હોય ત્યાં રહો. હું એકલીએકલી ગૂંગળાઉં એમાં તમારે શું? તમે તો પુરુષ છોને–પાષાણમાંથી સર્જેલા!

ના, હવે વધુ નહિ વિચારું. જાઉં, કપડાં બદલીને રસોઈમાં લાગું. ભલા, આખો દી' એકલી રહું છું, જરા સરખી યે દયા નથી આવતી?

એ જ નવ વાગ્યા. આ આવ્યા. એક મિનિટ પણ વહેલા આવવાનું નામ નહિ. ત્યાં તો દિલોજાન દોસ્તો ને?

આવ્યા ભેળા જ પાટલે. વાતચીત કે બોલવું કંઇ જ નહિ. છતાં જોઉં છું તો બહારથી આવતાં જ મોં મલકે છે. મલકે જ ને? બહાર કેવી મઝા! કેટલા મિત્રો! શા માટે ન મલકે? મારી સાથે હસીને વાતો કરતાં તો માથા પર જાણે આસમાન તૂટી પડે છે. ભલે, હું યે કંઇ નહિ બોલું. સાંભળવું જ જો ન ગમતું હોય તો બોલવું જ શા માટે?

પાન લેતાંલેતાં પહેલી વાર બોલ્યા: 'ઓહ! શું ગરમી છે આજે! રાત્રે ઊંઘ આવે તો સારું.'

એટલા શબ્દોનો અર્થ હું ન સમજું એમ ને? ગરમી ખાસ બહુ નથી, પણ હું પડખે સૂઉં છું એટલે ઊંઘ નહિ આવતી હોય! ભલે એ જ બરાબર. હું જુદી જ સૂઇશ. એમાં શું છે? એક પથારીમાં સૂતાં જો દુઃખ પડતું હોય તો હું નીચે જ સૂઇશ.

કહ્યું: 'ભલે, તો હું જુદી શેતરંજી પર સૂઇશ.'

ના, એમ પણ નહિ; મારી સાથે એક ઓરડીમાં સૂતાં પણ એમને ત્રાસ થશે. એ બોલ્યા: 'હું નીચેના રૂમમાં પાટ પર સૂઇ રહીશ. તારે કંઇ જ તકલીફ લેવાની જરૂર નથી.'

× × ×

પોતાની મેળે પથારી કરીને સૂતા. સારું! સારું!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોણ જાણે કેમ, પણ મારી આંખમાં આંસુ જોયા વિના એમને જાણે નિરાંત નથી વળતી; જીવને જાણે ચેન નથી પડતું. હું એકલી-એકલી આંટા મારતી ફરું છું. બીજુ શું કરું? આંખમાં તો ઊંઘનું ઓસાણ જ નથી.

સૂઉં? એ નીચે પાટ પર પડ્યા રહ્યા અને હું—?

અગિયાર વાગ્યા. હવે એ સૂઈ ગયા હોય એમ લાગ્યું. દિવસ આખો કામ કરીકરીને—

ના, હું નહિ રહી શકું, આમ નહિ રહી શકું. શા માટે હું દૂર-દૂર પડી રહું? આ પાંચ વરસમાં એકે દિવસ પણ જુદી સૂતી છું? જાઉં, જોઉં—

ઊંઘી ગયા છે. પાટનું બિછાનું—ગોદડું કે ઓશીકું યે નહિ. માત્ર શેતરંજી અને ચાદર. સખત લાકડું શરીરે કઠતું હશે, તો યે ઊંઘી ગયા છે. ભલા, આમ શા માટે? મારા પર રોષ કરી પોતાને જ સજા કરવા—શા માટે?

પડખે સૂતી કે તરત 'ઓ કોણ?' કહેતા ચોંકી ઊઠ્યા, ને પછી તન્દ્રામાં જ મને ભેટી પડતાં બોલ્યા: 'મીના!'

આ તો રોપનો દેખાવ હતો. ઊંઘમાં પડતાં જ ભૂલી ગયા.

'ચાલો ઉપરના ઘરમાં જઇને સૂઇ જઇએ'—મેં કહ્યું.

હવે ઊંઘ બરાબર ઊડી. એ બોલ્યા: 'ના, આજ તો અહીં જ સૂઇશું. આવ, અત્યારે ઉપર નથી જવું.'

એ જ સારું.

'પણ એક વાત, ઓશીકું તો નથી? એના—'

'કંઇ વાંધો નહિ. તું છો એટલે હવે મને કંઇ તકલીફ નહિ પડે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંધારે

થોડાંક વર્ષ ઉપર શ્રાવણની એક રાતે ભયંકર વાવાઝોડા સાથે પડેલા મુશળધાર વરસાદને પરિણામે કલકત્તા શહેરમાં બધ્ધે હાથ જેટલું પાણી ભરાઇ ગએલું તે કદાચ ઘણાને યાદ હશે. કલકત્તામાં જળનિકાસની સુંદર વ્યવસ્થા હોવા છતાં શહેરના કો'કકો'ક ભાગમાં અર્ધા કલાકની જોરદાર વર્ષાને પરિણામે ગોઠણબૂડ પાણી ભરાઇ જાય એમાં નવાઇ જેવું કંઈ નથી. પરંતુ એ દિવસની એ આંધી–વર્ષા તો એવી હતી કે છેલ્લાં ચાળીસ વર્ષમાં કોઇએ એવું ચોમાસું જોયું જ નથી. વીજળીના તાર તૂટી પડતાં, ને સુધરાઇની બત્તીઓ બુઝાઈ જતાં એ રાત્રે આ મહાનગરી એકદમ અંધારી બની ગઇ હતી. સાચુંજૂઠું તો ભગવાન જાણે, પણ સાંભળ્યા મુજબ પાંચ પૈસાની મીણબત્તીના રાતે બે રૂપિયા સુધી ભાવ બોલાયા હતા.

હું બાદુડબગાનમાં રહેતો. સાંજે કંઇક જરૂરી કામે હાવડા બાજુ ગયો હતો. કામ પતાવતાં સાત વાગી ગયા. પાછા વળતાં ચા પીવા દર્માહટ્ટાની એક નાની હૉટેલમાં પેઠો. બહાર ત્યારે ઝરમરઝરમર વર્ષા શરુ થઇ હતી. રસ્તા પરના દીવાઓનો પ્રકાશ કાચ પરનાં વર્ષાબિંદુને ભેદીને ધૂંધળો બની બહાર આવતો હતો. મારે કંઇ ચિંતા ન હતી. છત્રી મારી સાથે હતી. હું નિરાંત જીવે ચા પીતો હતો.

હૉટેલમાં બહુ માણસો નહોતા. એક આધેડ પ્રૌઢ અને લાંબા વાળનાં ઓળિયાંવાળો એક જુવાન-બે જ ગ્રાહકો હતા. એ બેઉ ઑઈલ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલૉથ-આચ્છાદિત ટેબલ પર કોણી ટેકવી, દાની ઘોષ અને શિશિર ભાદુડીના અભિનય વિષે ગરમાગરમ ચર્ચા ચલાવતા હતા. ચા પાણીનો એમનો કાર્યક્રમ પૂરો થયે તો સારી એવી વાર થઇ હતી, પણ એમની ચર્ચાનો યોગ્ય ઉકેલ ન આવતો હોઇને તેઓ ત્યાંથી ખસી શકતા ન હતા.

યુવાન બોલ્યો : 'જાણો છો મોશાય, શિશિર ભાદુડી એમાં શરુથી આખર સુધી બુઢ્ઢા આલમગીરનો પાઠ ભજવે છે, છતાં એક વાર પણ એના દાંત દેખાતા નથી.'

પેલો આધેડ પુરુષ ખીખીઆરી કરીને બોલ્યો : 'તે તેમાં બહુ મોટી કરામત કરી કેમ ? દાંત હોય જ નહિ તો દેખાય ક્યાંથી ? અને દાંત બહાર ન દેખાય એટલે જ એ મહાન અભિનેતા ગણાય ?'

'તમે પણ બુઢ્ઢા થયા છો. દાંત બહાર ન દેખાય એ રીતે જરા વાત કરો જોઉં ?' યુવાન રોષે ભરાયો.

આ ચર્ચા સાંભળતાંસાંભળતાં ચા પીતાં પંદરેક મિનિટ વીતી ગઈ. ચા પૂરી કરી પૈસા ચૂકવી ત્યાંથી બહાર નીકળું છું (પેલો યુવાન ત્યારે દાની ઘોષ વિષે અત્યંત માનહાનિકર વાતો બોલી રહ્યો છે) એ જ સમયે સૂ-સૂ કરતું મત્ત હવાનું એક મોજું આવી બારીબારણાં અફળાવતું પસાર થઇ ગયું. આંખો આકાશ સામે ઊંચી કરતાં એ એક પ્રચંડ નીલવર્ણી ઝબકારાથી અંજાઇ ગઇ, અને પછી મોટા કડકડાટથી કાન જાણે એકદમ બધિર બની ગયા. એ દરમિયાન મેં જોયું કે આકાશમાં દિગન્તવ્યાપી કાજળકાળાં વાદળો પર એથી યે વધુ કાળાં વાદળો જામ્યાં છે. ક્યાં ય એક તલ જેટલી પણ જગ્યા ખાલી નથી. આકાશમાં ચારે કોર ઘોર શ્યામલતા વ્યાપી ગઇ છે.

ને પછી તૂટી પડ્યો ઘોધમાર વરસાદ. મારગ પરનાં સુધરાઇનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફાનસોના કાચ વર્ષાબિન્દુથી છવાઇ જતાં પ્રકાશ તદ્દન ધૂંધળો બની ગયો; માત્ર એની ચોતરફથી ગોળાકાર પ્રભા બહાર દેખાવા લાગી.

હું પાછો ફરીને હૉટેલમાં બેસી ગયો અને છોકરાને બૂમ પાડીને કહ્યું: 'એક બીજો કપ ચા આવવા દેજે તો છોકરા !'

એકાએક વરસાદ તૂટી પડતાં પેલા ચર્ચાખોર બેઉનો મતભેદ એકદમ અટકી ગયો હતો. હવે એમણે ફરી શરૂઆત કરી: 'દાની ઘોષ ધારે તો શિશિર ભાદુડી જેવા પાંચને હજમ કરી જાય, હજમ !'

ઓળિયાંધારી યુવાન હવે કોઇ આકરો શબ્દપ્રહાર કરવા તૈયારી કરતો હતો, એને અટકાવીને મેં કહ્યું: 'રહેવા દો ને ભાઇ ! દુનિયામાં દાની ઘોષ અને શિશિર ભાદુડી સિવાય બીજું કોઇ છે જ નહિ શું ?'

ઓળિયાંધારી યુવાન સિંહની જેમ મારી તરફ ફરીને બોલ્યો: 'ગિસ્તર, ચા પીતા હો તો પી લો. નાહકના બકબક કરશો નહિ.'

હું ચા પીવા લાગ્યો.

ધીરે ધીરે આઠ વાગ્યા. વર્ષાને જાણે થાક જ નહોતો લાગતો. એ તો એ જ જોરથી સતત પડી રહી હતી. હવે એની સાથે ઠંડો પવન ફૂંકાવો શરુ થયો. મારગ પર લોકોની આવજા પણ ઓછી થઇ ગઇ હતી. નવ વાગ્યા. બહાર વર્ષા ને અંદર ચર્ચા એકધારી ચાલી રહી હતી. અજબ નિષ્ઠાવાન હતા એ બેઉ જણા ! હજુ યે તેઓ દાની ઘોષ અને શિશિર ભાદુડીનો પક્ષ લઇ એકબીજાને બટકાં ભરી રહ્યા હતા. એમને માટે દુનિયામાં એ સિવાય અન્ય કંઈ વાત જ નહોતી.

સાડા નવ થયા. વધુ ન રહેવાતાં હું ઊભો થઇ ગયો. ગમે તેમ કરીને પણ ઘેર પહોંચવું જ રહ્યું, પણ જવું કેમ ? છત્રીથી આ વરસાદનો સામનો શક્ય નહોતો, પાંચ જ મિનિટમાં એ લદબદ થઇ લોચો બની જાય. એક તો મારો કોઠો જ શરદીનો, પછી ન્યુમોનિયા થતાં શી વાર લાગે ? હવે તો વરસાદ પણ વધ્યો હતો. પવનનો વેગ પણ ઓચિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહાર જઇને જોયું તો સાચે જ સુધરાઈના દીવા પણ અદૃશ્ય બન્યા હતા. ચારે બાજુ ઘોર અંધારું! કયાંય કોઇ જ માણસ દેખાતું નહોતું. માત્ર અવિરતપણે વરસતી વર્ષાનો ઝુપઝુપ રવ સંભળાતો હતો. મેં ફરીને એક કપ ચા ચડાવી. પેલા પ્રૌઢ સજ્જન બોલ્યા: 'આજે હવે ઘેર પાછા ફરાય તેવું લાગતું નથી. નીલમણિ, વરસાદ રહે એટલે મને ઉઠાડજે.' ને એ બાંકડા ઉપર આડા પડયા. પેલો યુવાન આડું-અવળું જોયા વિના એકચિત્તે મારી સિગારેટો ફૂંકવા લાગ્યો.

પણ મારે બાંકડા પર રાત વિતાવવી પાલવે એમ નહોતું. ઘેર જવું જ જોઇએ. ઘેર પત્ની ને બે બાળકો એકલાં જ છે. કામવાળી પણ કદાચ પોતાને ઘેર ચાલી ગઈ હશે. પણ આવા તોફાની વરસાદમાં જવું પણ કેમ? ઘડિયાળ તરફ જોયું તો–અગિયાર!

પેલા પ્રૌઢ સજ્જનના નાકમાંથી વચ્ચેવચ્ચે કંઇક અસ્વાભાવિક અવાજ આવતો હતો. પેલો યુવાન એકચિત્તે સહજ જોઇ રહ્યો હતો કે કયારે પેલો ઊઠે અને હું નવેસરથી એને કંઈક આકરું સંભળાવું.

રાત જેમજેમ વધતી હતી તેમતેમ મારા મનની ચિન્તા–અસ્થિરતા વધ્યે જતી હતી. પણ આ તરફ આંધી-વર્ષાના ઉદ્દામ નૃત્યમાં તો શિથિલતાનાં લક્ષણ શોધ્યાં યે દેખાતાં નહોતાં.

ઘડિયાળના કાંટા સરકતાસરકતા પોણા બાર ઉપર પહોંચ્યા. ધુમાડિયા લૅમ્પની જ્યોત હવે બુઝાવા આવી હતી. હૉટેલના છોકરાએ ઊભા થઇને એકવાર લૅમ્પ હલાવી જોયો ને કહ્યું: 'તેલ થઈ રહ્યું છે. હવે માંડ પાંચેક મિનિટ ચાલશે.'

એકાએક પેલા પ્રૌઢ સજ્જનનાં નસકોરાં એકવાર અર્ધેથી અટકયાં અને ઊઠીને બેઠા થઈ એમણે પૂછ્યું: 'કેમ, વરસાદ અટકયો કે?'

'ના, બાબુ, પણ લૅમ્પમાં તેલ ખૂટયું છે, દીવો જાય છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાનો એકદમ વધ્યો. એકવાર બહાર ડોકિયું કરી ફરીને હું હતો ત્યાં જ આવીને બેસી ગયો.

હૉટેલવાળો છોકરો નિરાંત કરીને સગડી પાસેની ભીંતને અઢેલીને ઉભડ પગે બેઠો છે. માથા ઉપર ધુમાડાથી ઝાંખો પડેલો વીજળિક દીવો પીળો પ્રકાશ ધરી રહ્યો છે. બહાર આજુબાજુની બધી દુકાનો બંધ થઇ ગઇ છે. ટ્રામની ઘરઘરાટી કે મોટરનાં ભૂંગળાં હવે સંભળાતાં નથી. યુવાન બોલ્યોઃ 'શિશિર ભાદુડી...'

બરાબર એ જ વખતે ઓચિંતી વીજળી ગુલ થઈ ગઇ !

થોડી વાર એકદમ નીરવતા રહી.

હૉટેલવાળો છોકરો જાડા સાદે બોલ્યોઃ 'લાઇન ચાલી ગઈ છે. અત્યારે હવે ક્યાંથી મરામત થાય ? દીવાસળી આપો તો લૅમ્પ પેટાવું.' અંધારામાં હાથ લાંબો કરી એને દીવાસળી આપી. લૅમ્પ પ્રગટ્યો. એક ધૂંધળા પ્રકાશ અને ગંધાતા ધુમાડાથી વાતાવરણ ભરાઈ ગયું.

આટલી વારે પેલા પ્રૌઢ સજ્જન બોલ્યાઃ 'એ નીલમણિ. કીટલી ફરી ચઢાવ. બીજો એક કપ આવવા દે.'

મારા તરફ એક વેધક નજર ફેંકી પેલો 'ઓળિયો' બોલ્યોઃ 'સિગારેટ છે ?' ખીસામાંથી સિગારેટકેઇસ કાઢી મેં એને આપી. તેમાંથી થોડીક સિગારેટ કાઢી લઇ એણે એ એવી રીતે મારા તરફ ફેંકી અને મારી સામે પીઠ કરી કે કેમ જાણે મારે જીવતા રહેવાની હવે કંઇ જરૂર જ ન હોય. હવે હું જાણે કોઇને કશા યે ખપનો ન હોઉં!

પેલા પ્રૌઢ સજ્જન બહાર તરફ એક ઉદાસીન નજર નાખી બોલ્યાઃ 'આ વરસાદમાં બહાર નહિ નીકળાય. સુધરાઈના દીવા પણ બધા બુઝાઇ ગયા લાગે છે! અરે રામ!' એટલું કહી ફરી એમણે પેલી અજોડ વાત છેડવી શરુ કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહાર જઇને જોયું તો સાચે જ સુધરાઈના દીવા પણ અદૃશ્ય બન્યા હતા. ચારે બાજુ ઘોર અંધારું! કયાંય કોઇ જ માણસ દેખાતું નહોતું. માત્ર અવિરતપણે વરસતી વર્ષાનો ઝુપઝુપ રવ સંભળાતો હતો. મેં ફરીને એક કપ ચા ચડાવી. પેલા પ્રૌઢ સજ્જન બોલ્યા: 'આજે હવે ઘેર પાછા ફરાય તેવું લાગતું નથી. નીલમણિ, વરસાદ રહે એટલે મને ઉઠાડજે.' ને એ બાંકડા ઉપર આડા પડ્યા. પેલો યુવાન આડું-અવળું જોયા વિના એકચિત્તે મારી સિગારેટો ફૂંકવા લાગ્યો.

પણ મારે બાંકડા પર રાત વિતાવવી પાલવે એમ નહોતું. ઘેર જવું જ જોઈએ. ઘેર પત્ની ને બે બાળકો એકલાં જ છે. કામવાળી પણ કદાચ પોતાને ઘેર ચાલી ગઈ હશે. પણ આવા તોફાની વરસાદમાં જવું પણ કેમ? ઘડિયાળ તરફ જોયું તો–અગિયાર!

પેલા પ્રૌઢ સજ્જનના નાકમાંથી વચ્ચેવચ્ચે કંઇક અસ્વાભાવિક અવાજ આવતો હતો. પેલો યુવાન એકચિત્તે સહજ જોઇ રહ્યો હતો કે કયારે પેલો ઊઠે અને હું નવેસરથી એને કંઈક આકરું સંભળાવું.

રાત જેમજેમ વધતી હતી તેમતેમ મારા મનની ચિન્તા–અસ્થિરતા વધ્યે જતી હતી. પણ આ તરફ આંધી-વર્ષાના ઉદ્દામ નૃત્યમાં તો શિથિલતાનાં લક્ષણ શોધ્યાં યે દેખાતાં નહોતાં.

ઘડિયાળના કાંટા સરકતાસરકતા પોણા બાર ઉપર પહોંચ્યા. ધુમાડિયા લૅમ્પની જ્યોત હવે બુઝાવા આવી હતી. હૉટેલના છોકરાએ ઊભા થઇને એકવાર લૅમ્પ હલાવી જોયો ને કહ્યું: 'તેલ થઈ રહ્યું છે. હવે માંડ પાંચેક મિનિટ ચાલશે.'

એકાએક પેલા પ્રૌઢ સજ્જનનાં નસકોરાં એકવાર અર્ધેથી અટકયાં અને ઊઠીને બેઠા થઈ એમણે પૂછ્યું: 'કેમ, વરસાદ અટકયો કે?'

'ના, બાબુ, પણ લૅમ્પમાં તેલ ખૂટયું છે, દીવો જાય છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીલમણિએ ઉત્તર આપ્યો. અને—'એમ?' કહેતાં એ પ્રૌઢ ફરીથી આડે પડખે થવાની તૈયારીમાં પડ્યા.

ગાંડમાંડ હાથ આવેલા શિકારને છટકતો ભાળી પેલા યુવાનથી ન રહેવાયું. એ બોલ્યોઃ 'મેં નહોતું કહ્યું કે શિશિર—'

મારા મગજમાં લોહી ચડી આવ્યું. ચીસ પાડતાં મેં કહ્યુંઃ 'ખબરદાર કહું છું! ફરી જો એ વાત છેડી છે તો તારાં આ ઓળિયાં જ ઉખેડી નાખીશ મૂળમાંથી.' ઓચિંતાની મારી આ ઉગ્રતાથી પ્રૌઢ ને યુવાન બન્ને સ્તંભિત થઇ ગયા ને એકીટશે મારી સામે જોઈ રહ્યા.

હૉટેલવાળા છોકરાએ કહ્યુંઃ 'જુઓ, વરસાદ હવે જરા મોળો પડ્યો છે.' એના સાદમાં કડવાશ હતી. આતુરતાપૂર્વક બહારની બાજુ જોયું તો સાચે જ વરસાદ હવે ઠીકઠીક મોળો પડ્યો હતો. આંધી યે અટકી હતી. સતત પાંચછ કલાક બખેડાટી બોલાવ્યા પછી હવે જાણે એને થાક ચડ્યો હતો. છત્રી લઇને હું નીકળી પડ્યો. હવે મોડું કર્યે નહિ પાલવે. જવું હોય તો અત્યારે જ ટાણું હતું.

ત્યાં તો પાછળથી પેલા 'ઓળિયા'નો સાદ સંભળાયોઃ 'મોશાય, થોડી દીવાસળી આપશો કે?' રોષથી હું સળગી ઊઠ્યો. આવે ટાણે પાછો સાદ! ખીસામાંથી બાકસ કાઢી ટેબલ પર ફેંકી હું નીકળી પડ્યો.

ઘાસલેટિયો લૅમ્પ ટમ્ ટમ્ કરતો બે વાર ઝબકી બુઝાઇ ગયો.

કેવું અંધારું! એક વિરાટકાય શહેર ગજબના ચોમાસાની આવી રાતે એકાએક પ્રકાશ-વિહોણું થઈ જતાં કેવું-કેટલું ભયાનક અંધારું પ્રવર્તી રહે એની કલ્પના કરવી આકરી છે. આંખે ખૂબ કસકસાવીને પાટા બાંધીએ અથવા એકદમ આંધળા થઈ જઇએ તો યે આથી વધુ અંધારું અનુભવી ન શકાય. અપલક આંખો કયાં યે આશ્રય ન મળતાં ફાટી જ રહે છે ને બીજી ઈંદ્રિયો તીક્ષ્ણ ને જાગ્રત બની જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલે ઝપાટે સારું એવું અંતર વટાવી એક જગ્યાએ જઈ જરા અટકીને ઊભો રહ્યો. ક્યાં જાઉં છું? કઇ બાજુ જઈ રહ્યો છું? એ વિષે વિચાર કર્યા વિના ઘેર પહોંચવાની અત્યંત ઉતાવળે આઘું-પાછું જોયા વિના બહાર તો નીકળી પડ્યો હતો; પરંતુ આ કાળા ઘોર અંધારામાં મારગ શોધવો શી રીતે? હૉટેલમાંથી બહાર નીકળીને કઇ દિશામાં ચાલેલો એ બરાબર યાદ ન હતું. કદાચ ઘરથી તદ્દન ઉલટી જ દિશામાં ચાલ્યો હોઈશ. હવે શું કરવું?

પરંતુ મારગ વચ્ચે મૂંગામૂંગા ઊભા રહ્યે ઓછો કંઇ ઉકેલ આવવાનો છે? ગમે તે એક બાજુ ચાલવું જ પડશે. એમ ચાલતાં-ચાલતાં ક્યાંક માનવી યા પ્રકાશ સાંપડી જાય એ સંભવિત છે. અને હું સીધોસીધો આગળ ધપવા માંડ્યો.

આંધી ને વરસાદ આખરે એક ઊંડો, વિષાદભર્યો શ્વાસ લઇ અટકી ગયાં. પણ પછી દુર્ભેદ્ય અંધારા ઉપર એક બીજી વસ્તુ ચડી બેઠી. એ હતી આ મધરાતની ભયંકર નીરવતા. વરસાદના ઝુપઝુપ શબ્દ અને ફૂંકાતા પવનના સુસવાટામાં જે વસ્તુ દબાઇ ગઇ હતી તે હવે નગ્ન સ્વરૂપે દેખાવા લાગી. આ પૃથ્વી પરનાં માનવીમાત્ર જાણે મરી પરવાર્યાં છે અને હું એકલો જ જાણે બચી જવા પામ્યો છું. આ અખિલ બ્રહ્માંડમાં હું તદ્દન એકલો જ જાણે રહી ગયો છું!

દિશાદોર ભૂલ્યો હું આડેધડ ભાગ્યે જ જતો હતો. મનમાં ઊંડે-ઊંડે આ એક જ આકાંક્ષા અદમ્ય થઇ ઊઠેલી કે, 'માનવી જોઇએ છે, સાથી જોઈએ છે. ગમે તે રીતે આ અસહ્ય એકલતામાંથી મારે મુક્તિ જોઇએ છે.' પણ વધુ દૂર જવું ન પડ્યું. જરાક આગળ જતાં એક જબરદસ્ત આંચકો લાગતાં હું કમરખૂડ પાણીમાં જઇ પટકાયો. હાથમાંની છત્રી ઊડીને ક્યાં જઇ પડી તેનું ભાન જ ન રહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝટપટ ઊભા થતાં જોયું તો પાણી કમરબૂડ નહિ, પણ ગોઠણ-બૂડ હતું. અનુમાને સમજાયું કે ફૂટપાથ પર ચાલતાંચાલતાં ઓચિંતો નીચે ઘોરી મારગ પર ઊતરી ગયો હતો. પણ આમ ઘોરી મારગ પર આવી પહોંચવું પણ મારે માટે સુખકર નહોતું; તેમ હવે ફૂટ-પાથ પર પહોંચવું પણ સહેલું નહોતું. કારણ ફૂટપાથ કઈ બાજુ છે એ પાણીમાં પડતાંવેંત જ ભુલાઇ ગયું હતું.

એ સાદી વાત ત્યારે કોણ જાણે કેમ ભેજામાં ઊતરતી જ ન-હોતી; પણ ભગવાને જ્યારે આંખે આંગળી મૂકી એ બતાવી દીધું ત્યારે ચિંતા થવા લાગી કે કોણ જાણે ક્યાંક અતલ ઊંડું પાણી મારી રાહ જોતું જ બેઠું હોય, તો એક ડગલું આગળ પગ મૂકતાં જ હું ડૂબી જાઉંને!

ગોઠણબૂડ પાણીમાં ડગડગ કરતો હું આગળ વધ્યો. મારું હૈયું ચીરીને રુદન ઊભરાવા લાગ્યું. અરે ભગવાન, આ તે મારી કેવી વલે કરી? શીદને આજે ઘેરથી નીકળ્યો હોઇશ? અને જો બહાર નીકળ્યો જ હતો તો પછી પેલી હૉટેલમાં જ શીદને રાત ન વીતાવી?

પણ હવે પસ્તાવો કર્યે શું વળે? માથું જરા ઠંડું કરી વિચા-રવા મથ્યો કે આવા સંજોગોમાં હવે શું કરું તો ઠીક કહેવાય. સૌ પહેલાં તો કોઈ પણ ઉપાયે ફૂટપાથ ઉપર જવું જોઇએ. મારગ વચ્ચે પાણીમાં થઇને ચાલ્યે પાંચ ગાઉ વટાવ્યે પણ કોઇ એક લક્ષ્યે પહોંચી નહિ શકાય. ફૂટપાથ ઉપર હોઇશ તો કોઇ પણ એકાદ ઘરનું બારણું ખખડાવીને લોકોને જગાડી રાતવાસા માટે સગવડ ખોળી શ-કીશ, અથવા બીજી કંઇ ગોઠવણ કરી શકીશ. મુદ્દે વાત એટલી જ કે ગમે તે ઉપાયે માનવ-લોક સાથે સંબંધ સ્થાપવો જરૂરી છે. આ અંધારસાગરમાં વધુ નહિ તો કોઇ એકાદ માનવી પણ મળ્યે સાક્ષાત્ ચંદ્ર હાથમાં મળ્યો ગણાય એમાં શંકા નહોતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોકળગાયની જેમ ચાલતાંચાલતાં યે કયાં ય કોઇ જ એવી વિશિષ્ટ વસ્તુને પામી ન શકયો કે જે પરથી મારી આ અજાયબ સફર વિષે કંઇક જાણી શકું. ગોઠણબૂડ પાણી કયારેક જરા ઓછું થતું તો કયારેક વળી છાતી-સમાણું પણ થઈ જતું. ઉપરાંત, મને દોરવણી આપનાર અથવા મારી આ યાત્રાને નિયંત્રિત રાખે એવું બીજું કોઇ ઇન્દ્રિયગ્રાહ્ય ચિહ્ન પણ ન જડયું.

સૃષ્ટિ પરનો પ્રથમ જીવ કદાચ આવી રીતે જ પ્રલય-પયોધિનાં અતલ તલની મહાસ્તબ્ધતામાં કો અદૃશ્યનો દોરવ્યો દોરાયો હશે; અને મહા પ્રલયના દિવસે જ્યારે સૂર્યચંદ્ર પોતાની લીલા સમેટી લેશે ત્યારે સૃષ્ટિનો છેલ્લો જીવ ફરી આ રીતે જ દિશાદોર ભૂલી ભમશે.

એ સ્થિતિમાં કેટલો સમય ચાલ્યો હોઈશ એ નથી કહી શકતો; કારણ સમયનું ભાન એ ઘોર નીરવતામાં ડૂબી ગયું હતું. અચાનક પગનાં આંગળાં કોક સખત વસ્તુને સ્પર્શ્યાં. અનુમાને એ પગથિયું હોય તેમ લાગ્યું. એના પર ચડી બેચાર પગલાં આગળપાછળ ચાલતાં સમજાયું કે આટલી વારે હું ફૂટપાથ પર આવી પહોંચ્યો છું.

ચાલો, કંઇક આધાર તો મળ્યો. બે હાથ આગળ ફેલાવી વધવા લાગ્યો. થોડી વારે મારા હાથ લાકડાના એક બારણા પર પડ્યા અને મેં નિરાંતે એક શ્વાસ લીધો કે ચાલો, આખરે દુઃખ-સાગરનો કિનારો તો હાથ આવ્યો.

બારણું જોરથી ખખડાવતાં હું મોટેથી સાદ પાડવા લાગ્યો કે: 'જરા બારણું ઉઘાડજો ને ભાઇ!' 'દયા કરીને એક વાર જરા બારણું ખોલજો ને!' 'અરે કોઇ સાંભળો છો કે? જરા આ બાજુ આવો તો!' પરંતુ બારણું એમ ને એમ બંધ જ રહ્યું. અંદરથી કંઇ જ ઉત્તર ન આવ્યો અને મારો અધીર-બાતુર સાદ કયાં ય આશ્રય ન મળતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ એકાકી પ્રેતયોનિ શો એ વિરાટ નિઃસ્તબ્ધતા વચ્ચે ઘુમરિયાં ખાતો રુદન કરતો ભમવા લાગ્યો.

ભીંતને આધારેઆધારે થોડેક આગળ જતાં એક બીજા બારણા પાસે આવી ઊભો. બારણું ખખડાવી હાકોટા-પડકારા કર્યા, પણ કંઇ પરિણામ ન આવ્યું. ન તો બારણું ઊઘડ્યું કે ન તો કંઇ ઉત્તર મળ્યો. અંદર માણસ જેવું કોઇ વસે છે કે નહિ એનો યે અણસાર ન મળ્યો. બીજાં પણ બેચાર દ્વાર ખખડાવી–પડકારી જોયાં, પણ બધે જ **यथा पूर्वम् तथा परम्** (જેવું પહેલાં તેવું પછી): મોટું શૂન્ય.

શરીર અવશ થવા લાગ્યું. મન પણ ઉદ્‌ભ્રાન્ત થઈ ગયું. જો આવડા મોટા કલકત્તા શહેરમાં બધાં જ મરી પરવાર્યાં હોય તો હવે મારે જીવતા રહેવામાં શો સાર છે? ક્યાંક થોડીક સૂવા જેટલી સુક્કી જગ્યા મળે તો બીજું કંઇ જ મારે જોઇતું નથી. પાણીમાં સતત ચાલતાં પગ એવા તો થાકી ગયા હતા કે જાણે હમણાં જ ભાંગી પડશે. જો મરવાનું જ નિર્માયું હોય તો ભલે, પરંતુ ક્યાંક કોરી જગ્યાએ પણ આડે પડખે પડીને છેલ્લો શ્વાસ લેવાય તો સારું!

પણ એવી કોરી જગ્યા પ્રલયપૂર ફરી વળેલા આ કલકત્તા શહેરમાં ક્યાંથી સાંપડે? જ્યાં ફૂટપાથ પર પણ ગોઠણબૂડ પાણી ફરી વળ્યાં છે એવા કલકત્તામાં એ અશક્ય જ હોય ને?

છતાં નિરાશ થયે નહિ ચાલે. મન જેમજેમ શોકમાં ડૂબી જવા માગતું, તેમતેમ વધુ જોરથી હું એને સ્વસ્થ કરવા મથવા લાગ્યો. કંઈ ને કંઈ રસ્તો નક્કી મળશે જ. એવું તો ઓછું બને કે કોઇ પણ ઘેરથી કોઇ જ જવાબ ન આપે? કદાચ હમણાં જ કોક ભાડુતી ગાડી યા કોઇ એકાદ ફાનસ કે બૅટરીધારી રાહદારી સાથે ભેટો થઇ જાય!

ઓચિંતો મનમાં એક અત્યંત ભયંકર સંદેહ ઊભો થયો: 'કોઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અકળ કારણે હું એકદમ આંધળો તો નથી થઈ ગયો ને? નહિ તો આટલો બધો વખત બેઉ આંખો ઉઘાડી હોવા છતાં કંઈ કરતાં કંઇ જ ન દેખાય એ શું સંભવિત છે? કદાચ પેલો આંચકો લાગતાં પાણીમાં પટકાયો હતો ત્યારે જ....'

અને હું જોરથી બન્ને આંખો ચોળવા લાગ્યો. છતાં આંખોનું દુર્ભેદ્ય અંધારું દૂર ન થયું. એકદમ યાદ આવ્યું: દીવાસળી સળગાવીને જોઉં તો ખરો કે એનો પ્રકાશ હું જોઇ શકું છે કે નહિ? અને મેં એ માટે ખીસાં ફંફોળ્યાં. પણ એ ન મળી. પેલા ઓળિયાંધારી જુવાનને આખું બાકસ જ મેં દાન કરી આપેલું તે ભૂલી જ ગયો હતો.

હવે હું જાણે પાગલ બની ગયો. પણ અંધાપાની શંકાનું કોઇ પણ રીતે નિવારણ કરવું જ પડશે. એક બીજા બારણા પાસે જઇ બારણું ખખડાવી હું પૂછવા લાગ્યો: 'ઓ મોશાય, કોઈ છો કે? જરા બારણું ઉઘાડોને ભાઈ!'

આ વેળા પણ અંદરથી કંઈ જ ઉત્તર ન આવ્યો, પણ મારી પાછળથી કોઇએ શાન્ત કંઠે ઉત્તર આપતાં કહ્યું: 'નાહક બૂમાબૂમ શીદ કરો છો? અહીં ઓછું કોઇ ઘર છે તે કોઇ જવાબ આપે? આ તો બધી દુકાનો છે દુકાનો!'

'હેં?—શું? શું? શું?...' હું ચોંકી ઊઠ્યો.

'બીવા જેવું કંઇ નથી. ચાલો મારી સાથે, મારો હાથ ઝાલી લો.'

મેં હાથ લંબાવ્યો અને હિમથી યે શીતળ એવા એક હાથે જોરથી મારો પંજો પકડ્યો. અસહ્ય ઠંડીથી હું એક વાર નખ-શીખ ધ્રૂજી ઊઠ્યો. મારા દાંત કડકડાટી બોલાવવા લાગ્યા.

ભાનભૂલ્યા થઇ મેં એને પૂછ્યું: 'હું શું આંધળો થઇ ગયો છું?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક નાનું એવું હાસ્ય સંભળાયું: 'ના, અતિશય અંધારાને અંગે આંખો કંઈ ભાળી શકતી નથી, એથી એવું લાગે છે. ડરશો નહિ. હું તમને તમારે ઘેર પહોંચાડી જઇશ.'

'હું બાદુડબગાન રહું છું.' મેં કહ્યું.

થોડીવાર અમે બન્ને મૂંગામૂંગા આગળ ચાલ્યા. અદૃશ્ય આગન્તુક નિરાંતવે જીવે બધી તકલીફોથી મને બચાવતો આગળ લઇ જતો હતો. મારી સાન હવે પાછી ધીરેધીરે ઠેકાણે આવતી હતી.

'વારુ, આ અંધારામાં તમે તો બધું બરાબર જોઇ શકો છો, કેમ ખરુંને?' મેં પૂછ્યું. કંઇ ઉત્તર ન મળ્યો.

'હું દરમાહટ્ટાની એક હૉટેલમાં ચા પીવા ગયો હતો. ત્યાંથી નીકળીને ક્યાં આવી પડેલો એ કહી શકશો?' મેં ફરી પ્રશ્ન કર્યો.

'તમે નીમતલ્લા ઘાટ પાસે આવી ઊભા હતા.' જવાબ મળ્યો.

'નીમતલ્લા ઘાટ—!' એ શબ્દો સાંભળી મારું અંગેઅંગ પાણી-પાણી થઇ ગયું. વળી પાછા થોડીવાર અમે મૂંગામૂંગા આગળ ચાલ્યા.

'તમે કોણ છો? તમારું નામ?' મેં ઓચિંતા પૂછ્યું.

'મારું નામ જાણ્યે તમને કંઇ લાભ નથી. આ બાજુ થઇને ચાલો. પણે એક 'મેઇન હોલ' (ભૂગર્ભ ગટર) ઉઘાડું છે. પાણીનો અવાજ સંભળાય છે ને! જો ભૂલ્યેચૂકયે એમાં જઇ પડ્યા તો બસ—.'

ને ભયથી હું બીજી બાજુ સરક્યો.

થોડી વાર પછી મારો દિવ્ય-ચક્ષુવાન પથદર્શક બોલ્યો: 'બહુ લાંબું ફરીને જવું પડશે. શહેરની વચ્ચે કાલીમંદિર પાસે લગભગ દોઢ બે માથોડાં પાણી જામ્યું છે. એ રસ્તે તમે નહિ જઇ શકો.'

હું મૂંગો મૂંગો એની સાથે આગળ વધવા લાગ્યો. પાંચેક મિનિટ પછી મેં કહ્યું: 'આ કલકત્તા સાવ સ્મશાન થઇ ગયું ન હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવું લાગે છે. નથી કયાં ય અવાજ–અજવાળું જણાતું કે નથી કયાં ય માનવીનો અણસાર જણાતો.'

'એ તો એવું લાગે. ઘોરી રસ્તાઓ જ શહેરનો પ્રાણ હોવાથી ત્યાં માણસ ન હોય તો પછી શહેર ને સ્મશાનમાં બહુ ફેર નથી રહેતો.' એણે કહ્યું. મનમાં ને મનમાં જ હું બોલી ઊઠ્યોઃ 'કોણ જાણે કેમ, પણ અહીં ભૂતોનું જ રાજ્ય ન હોય, એવું લાગે છે.'

અને મેં એક હાસ્ય સાંભળ્યું.

'આવી જગ્યાએ ભૂતોને ભારે મઝા આવે છે, ખરું ને? વારુ, તમે એકલાએકલા દરવાજા ખખડાવતા હતા ત્યારે એકાદ ભૂત સાથે ભટકાઇ જાત તો તમે શું કરત, કહો તો?' પેલા અદૃશ્ય આગંતુકે પૂછ્યું.

'શું કરત? કદાચ જીભ કચરીને મરી જાત!' મેં કહ્યું.

'હા,–હા,–હા,–હા! નસીબદાર કે મારી સાથે ભેટો થઇ ગયો! હું, પણ જરા કહેશો કે તમે લોકો ભૂતથી આટલા બધા બીઓ છો શા માટે? એ કો'ક મૃત માનવી છે એટલા માટે જ ને?' એણે પૂછ્યું.

'શું કહો છો મોશાય! ભૂત તો પ્રેત-આત્મા કહેવાય પ્રેત-આત્મા. એની ચાલચલગત, રીતભાત, સ્વભાવ-ચરિત્ર કંઇ જ આપણે ન જાણીએ; પછી બીક ન લાગે?' મેં કહ્યું.

'એ ખરું. વારુ, ધારો કે—ના ના, રહેવા દો—.'

મારું હૃદય ઓચિંતાનું ફફડી ઊઠ્યું કે 'હું આ કોનો હાથ ઝાલીને આગળ વધું છું?' છતાં મનને હિંમત આપવા મથતાં મેં પૂછ્યુંઃ 'તમારું નામ તો તમે ન કહ્યું! ખેર, કયાં રહો છો એ કહેશો?'

'કયાં રહું છું? જ્યાં તમને મળ્યો ત્યાં, નજીકમાં જ રહું છું.'

'આજે મારા પર જે ઉપકાર કર્યો છે એ જીવનમાં કદી યે નહિ ભૂલું. ફરી કયારેક મળીશું, કેમ?' મેં કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



'મળીશું,–કદાચ હવે ફરીને ન પણ મળીએ; છતાં ફરીને કદી આવી આફતમાં આવી ચડો તો કદાચ—.' એણે ઉત્તર આપ્યો.

'વારુ, તમે કામ શું કરો છો? કંઇકતો નક્કી કરતા જ હશો. એ કહેવામાં પણ શું હરકત છે?' મેં પૂછયું.

'હું કંઇ જ કરતો નથી. અમસ્તો ભમતો ભમ્યા કરું છું–બેકાર.'

થોડીપળફરી નીરવતા. 'તમારાં પત્ની ને બાળકો મઝામાં છે. કંઇ જ ચિંતા કરવા જેવું નથી.' મને હિંમત આપતાં એણે કહ્યું.

'મારા મનની વાત તમે કઇ રીતે જાણી ગયા?' મેં ચમકીને પૂછયું.

ફરી હાસ્ય સંભળાયું: 'આવા સંજોગોમાં માણસ સહજ રીતે આ જ વિચારો કરે, એ ધારવું બહુ મુશ્કેલ છે શું?' એણે સામું પૂછયું.

'તમારી વાત ખરી છે; પણ મારે સ્ત્રી-બાળકો છે એ તમે કઇ રીતે જાણ્યું?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એ પણ અનુમાને-અનુમાને.'

અને એક ઊંડી નીરવતા છવાઇ. આ કોણ–? કયા જગતની અધિવાસી હશે આ વ્યક્તિ?

આખરે મરણિયા થઇને મેં શરૂઆત કરીઃ 'સાંભળો તો–'

'એ વાત ન પૂછશો'. એણે કહ્યું.

મારૂં અંગેઅંગ ધ્રૂજવા માંડયું. હાથ છોડાવવા મથતાં મેં કહ્યું: 'ઓ-ઓ-મને છોડી દો. હું–' પણ ગળામાંથી વધુ અવાજ ન નીકળ્યો.

'બીતા નહિ. અત્યાર સુધી ચાલ્યા છો તેમ થોડુંક આગળ ચાલો. તમારું ઘર લગભગ આવી ગયું છે.'

હું માંડમાંડ આગળ ચાલ્યો. ગળું એવું તો રુંધાઇ ગયું હતું કે ખૂબખૂબ મથ્યા છતાં યે એક શબ્દ પણ હું ન બોલી શકયો. હિમ-શીતળ હાથ મને ખેંચ્યે જતો હતો.

એકાએક પાછલી રાતના ઠંડા પવનનો સ્પર્શ થયો. એ ઊભો રહ્યો. મારો હાથ મૂકી દઇ એણે કહ્યું: 'હવે તમે એકલા જઈ શકશો. અહીંથી ગણીને સો ડગલાં સીધા ચાલીને જમણી બાજુ વળતાં જ તમારા ઘરનો દરવાજો આવશે. પ્રભાત થવા આવ્યું છે. હવે મારે જવું પડશે.'

હું અર્ધ બેભાન જેવો અવાક થઇને ઊભો રહ્યો. ફરીને પેલું હાસ્ય સંભળાયું; પરંતુ હવેનું આ હાસ્ય જાણે અત્યંત વ્યથાભર્યું હતું.

એણે કહ્યું : 'તમે બહુ બી ગયા છો. વારુ, જાઉં છું ત્યારે. આ લો, તમારી છત્રી, પેલા પાણીમાં ઊડી પડેલી તે. પ્રભાતને હવે બહુ વાર નથી. હું વિદાય લઉં છું.' ને એના છેલ્લા શબ્દો જાણે એના ઊંડા નિસાસામાં ભળી ગયા.

'તમે ઊભા છો ને?' મારી સમસ્ત શક્તિને એકાગ્ર કરતાં મેં પૂછ્યું. કંઇ જવાબ ન મળ્યો.

મેં આંખો ઊંચી કરીને જોયું તો દૂર-સુદૂર પૂર્વાકાશનાં ઘટાટોપ વાદળાં ભેદીને જરાક થોડો એવો આછો પ્રકાશ દેખાઇ રહ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માયામૃગ

આ વાર્તા મારી પોતાની નથી કે મારા મગજમાં આવેલા તરંગમાંથી એ જન્મી નથી. એક દિવસ ઓચિન્તા સાંપડેલા જે મિત્રને મોંએ એ સાંભળી, તેણે પોતાની આજુ-બાજુ એક એવી દુર્ભેદ્ય રહસ્યજાળ રચી રાખી હતી કે જેથી એણે કહેલી વાત કરતાં વધુ પ્રબળ કુતૂહલ ખુદ એના વિષે જ મનમાં રહી ગયું છે. માત્ર બે વાર જ એને જોયા છે. તે પછી ઓચિન્તાના એ અદૃશ્ય થઇ ગયા છે. ખબર નથી આજે એ ક્યાં છે!

વાત સાંભળી છે એવી જ લખી નાખુ છું. ક્યાંક તો હું પોતે જ સમજી શક્યો નથી, તેથી એ સમજાવી નહિ શકું; પણ મને ખાત્રી છે કે વાચક મારા કરતાં બુદ્ધિશાળી હશે જ, એટલે સમજવા જેવું હશે તે તો એ સમજી જ જશે.

ગયા શિયાળામાં એક બપોરે ઓચિન્તો પંખીના શિકારે જવાનો વિચાર આવ્યો. નાતાલની રજાઓ હતી. ટાઢ ગજબની હતી. સાથી-સંગાથી કોઇ નહોતું. એકલો જ સાઇકિલ પર નીકળી પડ્યો. શહેરથી ચારપાંચ માઇલ પર જ જબ્બર જંગલ હતું. નવો પાક ચૂગીને હૃષ્ટ-પુષ્ટ થયેલ વિવિધ પક્ષીઓ આ ઋતુમાં ત્યાં ટોળે વળ્યાં હોય છે.

બપોર ખાસ ખરાબ ન ગઈ. કેટલાંક પંખી પણ મળી ગયાં. પરંતુ સાંજે ઘેર પાછા ફરવાની વાત યાદ આવતાં જોયું તો શિકારની શોધમાં ફરતોફરતો અજાણતાં અતિ દૂર આવી પહોંચ્યો હતો,— લગભગ બારેક માઇલ! શરીર પણ ઠીકઠીક થાક્યું હતું અને પેટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ એકદમ બેશરમ બની પોતે ખાલી છે એમ પોકારવા લાગ્યું હતું.

હવે જલદી ઘેર પહોંચવું જોઇએ. ને અડાબીડ જંગલમાંથી પાકી સડક પર જઇ મેં સાઇકલ ઘર તરફ મારી મૂકી. ગેરુવી ધૂળે ભર્યો મારગ, બેઉ બાજુ ક્યાંક તુવેરનાં ઘન-પલ્લવ ખેતર, તો ક્યાંક નિસિન્દનાં ઝાડ, તો ક્યાંક વળી ધુમાડા ને ચાંદનીએ ઢંકાયાં બેએક ઝૂંપડાં દેખાતાં હતાં. શકચ એટલી ઝડપે હું ધપ્યે જતો હતો. અજવાળું છતે ઘેર પહોંચવું હતું, કારણ સાઇકલની બત્તી ભૂલી ગયો હતો.

ગોધૂલિની ગોરજે શિયાળુ સાંજનો ધૂંધળો પ્રકાશ વધુ ધૂંધળો થયો. એ અર્ધ અજવાળા-અંધકારમાં નિર્દય લાંબો પંથ મૃત સર્પ શો સામે પડ્યો હોય તેમ લાગ્યું.

ચારપાંચ માઇલ વટાવતાંમાં તો બંને હાથ શિયાળુ પવનને અંગે એકદમ ખોટા પડી જવા આવ્યા. સાઇકલનું હૅન્ડલ પકડ્યું છે કે નહિ તેની યે ખબર પડતી ન'તી. બેએક વાર ઠોકર ખાઇને પડતાંપડતાં બચી ગયો. રસ્તામાં ક્યાં કયું વિઘ્ન છે તે બરાબર દેખાતું પણ નહોતું.

જરા વધુ આગળ વધતાં સાઇકલ પરથી ઊતરવું જ પડ્યું. દ્વિચક્રી પર આગળ વધવામાં સલામતી નહોતી. હવે મારી બધી યે ચેતનાને ઓસરતી ભાળી. મારી સાચી સ્થિતિનું મને ભાન થયું. પોષ મહિનાની એ અંધારી રાતે, થાકચોપાકચો ને ભૂખ્યો હું ઘરથી છ સાત માઇલ દૂર મારગમાં અર્ધે પંથે ઊભો છું. નજીકમાં ક્યાંય કોઇ માનવી નથી. સાથીસંગાથીમાં છે થોડાંક મૃત પંખી, એક વજનદાર બંદૂક અને એક એથી યે વધુ ભારે સાઇકલ. આ બધાંને ઉપાડી ઘેર પહોંચવાનું. મારગ જાણીતો ખરો; છતાં અંધારામાં દિશા ભૂલવાનો સંભવ પણ ઓછો નહિ. મારી હાલત વિચારતાં નિરાશામાં હાથપગ શિથિલ થઇ ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ છતાં યે અર્ધરસ્તે અટકીને ઊભા રહ્યે ન ચાલે. ગમે તેમ પણ ઘેર તો પહોંચવું જ જોઇએ ને? એટલે સાઈકલ ધક્કેલતો હું ધીમેધીમે આગળ વધવા લાગ્યો.

લગભગ કલાકેક એ રીતે ચાલ્યો હોઇશ. ભૂખ, ટાઢ ને થાકથી શરીર અવશ થઈ રહ્યું હતું ને સાથોસાથ મન પણ શૂન્ય–અચૈતન્ય બની ગયું હતું. ઓચિંતાનું મન જાગ્રત થતાં હું મારગ ભૂલ્યો હોઉં એવું લાગ્યું, કારણ પગ તળે પાકી સડકનો કઠણ પથ્થરિયો સ્પર્શ હવે નહોતો થતો. કાં તો હું કાચી સડક ઉપર આવી પહોંચ્યો હતો. અને હું સભય અટકીને ઊભો રહ્યો. ઘટાટોપ ઘન અંધારમાં ઓગળીને પૃથ્વીનું સમસ્ત દૃશ્ય એકરસ થઇ ગયું છે. દૃષ્ટિ કોઈ પણ દિશામાં આગળ જતી નથી. માત્ર ઉપર આકાશમાંથી નક્ષત્રો શિકારી પ્રાણીની સળગતી આંખોની જેમ મારી સામે ખાઉં ખાઉં કરતાં તાકી રહ્યાં છે.

આ નવી આફતનો આંચકો સહી લેતાં મેં વિચાર્યું કે ગમે તે એક બાજુએ આગળ વધવાનું જ છે તો પછી સીધી દિશામાં જ આગળ જવું સારું છે. પાછો ફરીશ તો વળી કદાચ પેલા જંગલ તરફ જ ચાલ્યો જઇશ. આ જો કાચી સડક જ હશે તો આને છેડે નક્કી કોઇ જનપદ (ગામડું) આવવાનું જ. કોઇક પણ માનવી મળી જાય તો પછી ફિકર નથી.

પણ જનપદ અને માનવીનો સાક્ષાત્કાર એકદમ નિકટમાં જ છે એની ત્યારે ખબર નહોતી.

બે જ ડગલાં આગળ વધ્યો ત્યાં તો આંખ ઉપર એક પ્રખર પ્રકાશ અફળાયો અને એની પાછળ એક કરડો સાદ સંભળાયો : 'કોણ? કોણ છે એ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાઢ અંધકારમાં એકાએક આવી પડેલા પ્રકાશથી આંખોને બચાવવા મારો એક હાથ આપમેળે આંખ આડે જઇ પડયો, અને તેને પરિણામે એક વધુ આકરું ફરમાન સંભળાયું: 'હાથ નીચો નમાવ, કોણ છો તું?'

હાથ તો નમાવ્યો, પણ મારે મારો પરિચય કેમ આપવો તે ન સમજાતાં બે વાર 'હું—હું—' કરીને અટકી ગયો.

પ્રકાશધારીએ વધુ નજીક સરી પગથી માથા સુધી મારું નિરીક્ષણ કર્યું. આટલી વારે મારી આંખો પણ પ્રકાશથી કંઇક ટેવાઈ. બરાબર જોયું તો પ્રકાશ મેં માનેલો એવો અસહ્ય નહોતો. એક મામૂલી ટોર્ચ હતી. પ્રકાશધારીને પણ ઝાંખોઝાંખો જોઇ શકયો. એના ડાબા હાથમાં ટોર્ચ હતી ને જમણા હાથમાં મારા તરફ ધરી રાખેલી કંઇક ચીજ હતી. હવે એ બોલ્યો: (આ વેળા એનો અવાજ સારી પેઠે શાંત હતો.) 'તમે બંગાળી લાગો છો. આવી વેળા અહીં કઇ રીતે આવી ચડયા?'

મારા મનમાં પણ એને વિષે આ જ પ્રશ્ન દબાએલો હતો, એટલે મેં સામું પૂછ્યું: 'તમે પણ બંગાળી જ લાગો છો. અહીં શું કરો છો?'

'એ વાત પછી; પહેલાં 'તમે' અહીં શા માટે આવ્યા હતા તે કહો.' અને વળી પાછો એ સાદ જરા વધારે કરડો બન્યો.

ક્ષીણ સાદે મેં કહ્યું: 'નજીકમાં જ જંગલ છે, ત્યાં શિકારે ગયો હતો. પાછા ફરતાં રાત થઇ ગઇ. મારગ ભૂલ્યો છું.'

'તમે કયાં રહો છો?—તમારું ઘર કયાં આવ્યું છે?'

'મુંગેર,—અહીંથી ચારપાંચેક માઇલ દૂર હશે.'

'નામ?' મેં મારું નામ જણાવ્યું. જાણે અદાલતના પીંજરામાં ઊભો રહીને વકીલના પ્રશ્નોનો જવાબ આપતો હોઉં એવું લાગ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી થોડી વાર બીજો કંઇ પ્રશ્ન ન થયો. પ્રશ્નકર્તાનો ઊંચો થએલો જમણો હાથ પાછો એના ખિસ્સામાં પેસી ગયો. ટોર્ચનો પ્રકાશ પણ મારા મોં પરથી નમીને નીચે જમીન પર ચમકતું વર્તુળ સર્જી રહ્યો.

'તમે નક્કી ઘેર પાછા ફરવા ઇચ્છો છો?' એણે પૂછ્યું.

અધીરો થઈ હું બોલ્યો: 'એ યે કહેવાનું? જોકે આવા અંધારામાં...' છાની વિનતિને મેં અધૂરી જ રાખી.

થોડી વાર સુધી કંઈ જ જવાબ ન મળ્યો. પછી ઓચિન્તા એણે કહ્યું: 'ચાલો મારી સાથે. તમે શિકારી છો. શિકારીની વ્યથા હું જાણું છું. તમને કદાચ આકરી ભૂખ લાગી હશે; અને તમે થાકયા પણ છો. એકાદ પ્યાલો ગરમાગરમ ચા તમને ઠીક પડશે. હું નજીકમાં જ રહું છું, ચાલો.'

ગરમ ચાનું નામ સાંભળી મન આનંદે મત્ત થઇ ઊઠયું. સંકોચ ન રાખતાં મેં કહ્યું: 'ભલે, ચાલો.'

અમે બેઉ એક બાજુ સાથે ચાલ્યા. ટોર્ચનો પ્રકાશ આગળ વધતો અમને મારગ દેખાડતો લઇ ચાલ્યો.

બહુ દૂર જવું ન પડયું. વીસેક ડગલાં ગયા ન ગયા ત્યાં એક ખંડિયેર જેવા જરાજીર્ણ મકાન પર ટોર્ચનો પ્રકાશ પડયો. એને મેં મકાન કહ્યું તો ખરું, પણ વસ્તુતઃ એ ઈંટિલાકડાંનો ગંજ જ હતો. જે કાંઇ ઊભું હતું તે પણ ઝાડઝાંખરાંથી એવું આવરાઈ ગયું હતું કે ત્યાં વાઘ છુપાઇ રહ્યો હોય તો યે કંઇ નવાઇ નહિ. અશ્વગંધાનું એક વૃક્ષ આંગણામાં વાડ ઉપરથી માથું કાઢીને ઊભું હતું ને અંદર જવાનો માર્ગ એનાં સઘન પર્ણોથી આવરી રહ્યું હતું.

એ મકાન કદાચ સોએક વર્ષ પર અહીંના કોઈ જમીનદારનું રહેણાક હશે. તે પછી ઘણાં વર્ષો સુધી પડતર રહેતાં અને પ્રકૃતિના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકોપે અત્યારે એની આ દશા થઇ લાગતી હતી. અંદર રહેવા લાયક એકએ ઓરડા કદાચ હજુ યે ઊભા હશે, પરંતુ બહારથી એવું અનુમાન પણ થઈ શકતું ન હતું. એવા એ મકાન પાસે આવી મિત્ર બોલ્યા : 'સાઈકલ અહીં જ રહેવા દો.'

'તમે અહીં જ રહો છો કે શું?' મારા વિસ્મયને હું વધુ વખત દબાવી ન શક્યો.

'હા, આવો.' એનાં આ ઉત્તરના અવાજે સ્પષ્ટ કહી દીધું કે બીનજરૂરી કુતૂહલ એને નાપસંદ છે; એટલે વધુ પૂછપરછ ન કરતાં ભીંતે સાઇકલ ટેકવી હું એની પાછળપાછળ ચાલ્યો. મનમાં અનેક પ્રશ્નો ફૂદાફૂદ કરવા લાગ્યા. બિહારને એક ખૂણે, શહેર કે જનપદથી ઘણે દૂર, એક ભગ્ન મકાનમાં આ બંગાળી શું કરતો હશે? કોણ હશે એ? આવા અજ્ઞાતવાસનો શો હેતુ હશે?

અંદરનો રસ્તો બહુ જ વાંકોચૂંકો ને સાંકડો હતો. મુખ્ય દ્વારનું અશ્વગંધા વૃક્ષ વટાવી આગળ જઇને જોયું તો એક ભીંતે વચ્ચે ધસી પડીને ઓળંગવી કપરી તેવી આફત ઊભી કરી છે. એને પાર કરી જરા આગળ વધતાં જોયું તો સાગની એક જબ્બર આડી ભીંતમાંથી નીકળી વચ્ચે ત્રાંસી પડી હતી. ડગલે ને પગલે ઝાંખરાં ને દાભોળિયાં કપડાંમાં ભરાવા લાગ્યાં.

આમતેમ ખૂબ ફરીફરીને આખરે એક બારણા પાસે આવી ઊભા. બારણે તાળું હતું, એ ખોલીને મિત્રે એક કટાઇ ગયેલ તોતિંગ બારણું ઉઘાડ્યું ને મને અંદર આવવા નિશાની કરી. અંધારી ગુફા જેવું એ મકાન જોઈ એકદમ અંદર પ્રવેશતાં બીક લાગે; પરંતુ જે ચક્રવ્યૂહનો આટલો પંથ વિના વિપત્તિએ વટાવી આવ્યો હતો તેના મુખમાંથી શું કહીને હવે પાછો વળું? હૈયું કો અજાણ આશંકા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ થડકવા લાગ્યું: આ અજ્ઞાતકુલશીલ સાથી કેવો માણસ હશે? મને ક્યાં લઇ જતો હશે?

મહા પરાણે કોઇ કઠણ વસ્તુ ગળા નીચે ઉતારી રહ્યો હોઉં એમ દરવાજો વટાવી અંદર પ્રવેશ્યો. સાથીએ અંદર આવી બારણું બંધ કરી દીધું અને ટોર્ચનો પ્રકાશ એકવાર ચારે બાજુ ફરી વળી બંધ થયો.

રૂંધ્યા શ્વાસે મેં અનુભવ્યું કે એ મારી બાજુમાં થઇને જરા દૂર જઈ કંઇક ફંફોળવા લાગ્યો અને વળતી જ પળે દીવાસળીની કાંડી સળગી ઊઠી. એની સાથોસાથ એક ઉજ્જ્વળ લૅમ્પના પ્રકાશે ઘર પ્રકાશી ઊઠ્યું.

આટલી વારે હવે મારા સાથીને હું નિહાળી શક્યો. નહિ બહુ ઊંચા કે નહિ બહુ નીચા એવા મધ્યમ કદના એ માણસને દુબળો કે જાડો પણ ન કહી શકો. એની મુખમુદ્રા પણ તદ્દન સાધારણ હતી. માત્ર આંખોની દૃષ્ટિ ઊંડી હતી. જાણે એ આંખોથી કંઇ જ છુપાવવું શક્ય નહોતું. જડબાં મજબૂત ને પરિપુષ્ટ, દાઢી મૂછ સાફ, ઉમર ચાળીસની આસપાસ પોષાકમાં એક ચોકડીભાતની રેશમી લૂંગી ને રાખોડી રંગનો મોટો સ્વેટર-કોટ. ચહેરા ને વેશ પરથી એની જાત તરત નક્કી કરવી આકરું થઈ પડે તેમ હતું.

પોતાની ઊંડી વેધક પ્રશ્નભરી આંખો મારા મોં પર ઠેરવી હોઠમાં જરા હાસ્ય લાવી એણે કહ્યું: 'સ્વાગત; બંદૂક ઉતારો હવે.' મારી બંદૂક હજુ સુધી ખભે ભેરવેલી જ હતી. પંખીઓવાળો બગલથેલો પણ બાજુમાં જ ઝૂલતો હતો. એ નીચે મૂકતાંમૂકતાં મેં ઓરડાની ચારે બાજુ નજર નાખી. બરાબર વચ્ચે એક ખોખાને ઊંધું વાળીને ટેબલ બનાવ્યું હતું ને એ પર કેરોસીન લૅમ્પ ગોઠવ્યો હતો. લૅમ્પના પ્રકાશમાં જણાયું કે ઓરડો સામાન્ય માપનો હતો અને એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખૂણે ઘાસનો ઢગલો ખડકેલો હતો. કદાચ એ જ હમણાંના ઘરધણી-નું બિછાનું હશે. આ ઉપરાંત ઓરડામાં બીજો કંઇ જ સરસામાન નહોતો. ઘરની ધૂળખરતી ભીંતો પોતાની કારમી દીન વાત વિચારતી પરસેવે જાણે પસીજી ઊઠી હતી. મેં બંદૂક ભીંતે ટેકવીને મૂકી કે તરત ઘરધણીએ પૂછ્યું: 'એ તમારી બંદૂક છે કે શું?'

'સાધારણ શૉટ-ગન છે, પણ ચીજ અસલ દેશી—અહીંની જ બનાવટની છે.'

મિત્રે આગળ આવી બંદૂક હાથમાં લીધી. બંદૂક ઝાલવાની એની રીત જોઈ હું જાણી ગયો કે એ હાથ બંદૂક ચલાવવાને વણ-ટેવાએલો નથી.

બંદૂકને વચ્ચેથી વાળી અંદર નજર કરતાં એ બોલ્યો: 'ચીજ કંઇ ખરાબ નથી. પંચોતેર વાર સુધી તો બરાબર નિશાન લે. જરા વજનદાર છે; પણ એમાં શું? જોઉં, શું શું પંખી લાવ્યા?'

અને એમણે પોતે જ મારો બગવથેલો ઠાલવી પંખી બહાર કાઢ્યાં અને પછી આનંદિત થઇ એ બોલી ઊઠ્યા: 'વાહ, તેતર ને જંગલી કબૂતર છે ને શું? બે હરિયાળ પણ છે. આ બાજુ ઘણાં હરિયાળ દેખાય છે.'

મેં જોયું તો તદ્દન શિશુસહજ અકૃત્રિમ આનંદે એનું મોં મરકી રહ્યું છે. અત્યાર સુધી અમારી વચ્ચે જે એક અંતર રહ્યું હતું તે જાણે એકદમ દૂર થઇ ગયું.

પંખીઓને પ્રેમપૂર્વક આમતેમ ફેરવતો જોતો આખરે એ એક-દમ અક્કડ થઇને ઊભો રહ્યો અને જરા શરમાતાંશરમાતાં બોલ્યો: 'તમને ચાનું વચન આપીને હું તો આ પંખીઓ જોવામાં જ પરો-વાઇ ગયો. ચાલો, હવે ચાની તૈયારી કરીએ. તમે બેસો; પણ ક્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેસશો ? જરા ઊભા રહેજો તો—' અને ઉતાવળેઉતાવળે બહાર જઈ વળતી જ ઘડીએ બે મજબૂત ખોખાં લઈ એ પાછો ફર્યો. એકને ટેબલ પાસે મૂકી ચારે બાજુ નજર ફેરવી એ પેલા બિછાના બાજુ ગયો, અને શ્વેત રુંવાંટીવાળું એક આસન લાવી તેને પેલા ખોખા પર બિછાવીને એણે કહ્યું: 'હવે અહીં બેસો.'

એ શ્વેત આસને મારું કુતૂહલ વધાર્યું. હાથમાં લઇને જોતાં એ કોઇ પ્રાણીનું ચામડું જણાયું. બરફ જેવું ધોળું અને રેશમ જેવી મુલાયમ રુંવાટીવાળું એ ચામડું જોતાં જ મનમાં લોભ જાગ્યો. મેં પૂછ્યું: 'આ ચામડું કયા પ્રાણીનું ?'

'હરણનું.' એમણે કહ્યું. ચમકીને મેં પૂછ્યું: 'હરણનું ? પણ ધોળું હરણ ?' એ જરા હસ્યા: 'હા, ધોળું હરણ.'

ધોળાં હરણની વાતો તો કયારે ય સાંભળી નથી ! પણ કોણ જાણે, હોઈ પણ શકે. પૂછ્યું: 'ક્યાંથી મળ્યું ? ઉત્તર ધ્રુવ તરફનું હશે, કેમ ?'

એમણે માથું ધુણાવ્યું: 'ના, એટલે દૂરનું નથી; સિયામ બાજુનું છે. એની એક રસિક વાત છે;—પણ તમે બેસો.' આમ કહી એ અતિથિસત્કારની તૈયારીમાં પડ્યા.

જોયું તો ખબર પડી કે એનું એ ખોખું માત્ર ટેબલ જ ન હતું, એનું ભંડારિયું પણ એમાં જ હતું. તેમાંથી એક સ્ટવ બહાર કાઢી તે એ પેટાવવામાં પરોવાયા. પછી ચાનો ડબ્બો, ખાંડની કોથળી, જમાવેલ દૂધનો ડબ્બો અને કલાઇ કરેલા બે પ્યાલા બહાર કાઢ્યા. ને તે પછી ઍલ્યુમીનિયમની એક નાની તપેલીમાં પાણી રેડી તે સ્ટવ પર મૂકી. એમની આ કાર્યતત્પરતા જોતાંજોતાં મેં પૂછ્યું: 'વારુ, તમે કોઇ પાકા શિકારી છો એટલું તો સમજી જ ગયો. તમારું નામ જણાવશો ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનું પ્રફુલ્લ મોં જરા ગંભીર થયું. એણે કહ્યું: 'મારું નામ જાણ્યે તમને શો લાભ થવાનો?'

'લાભ તો કંઇ જ નહિ, પણ કુતૂહલ તો થાય ને?'

'એ સાચું; તો માની લો કે મારું નામ પ્રગથેશ રુદ્ર છે.'

નામ એણે ખરું ન કહ્યું એ હું સમજી ગયો. થોડી વાર રહી અચકાતાંઅચકાતાં મેં પૂછ્યું: 'આ ખંડિયેરમાં તમે એકલા જ અહીં કેમ રહો છો, એ પૂછવું પણ ધૃષ્ટતા કહેવાશે નહિ?'

પણ એણે કંઇ જવાબ ન વાળ્યો. મારો પ્રશ્ન સાંભળ્યો જ ન હોય તેમ એ સ્ટવને પંપ કરવા લાગ્યા. એની આંખ ઉપર એક અદૃશ્ય પદડો પડી ગયો હોય તેમ લાગ્યું.

ક્રમશઃ સ્ટવનો અવાજ તેજ થયો અને થોડીવારે એણે સ્વાભાવિકપણે જ કહ્યું: 'ચાનું પાણી તો ઊકળી ગયું, પરંતુ ખાલી ચા પીશો? અહીં એવું કંઈ નથી કે જે ધરીને તમારી પરોણાગત કરી શકું. હા, કાલ કરી રાખેલી થોડીક સુકી રોટી છે; પરંતુ એ કદાચ તમારે ગળે નહિ ઊતરે.'

'ભૂખ લાગી હોય ત્યારે ગળે ન ઊતરે તેવી સખત વસ્તુ આ પૃથ્વી પર બહુ જ ઓછી છે; પણ તે ઉપરાંત આ પક્ષીઓ છે ને? એનો યે ઉપયોગ થઈ શકે ને?' મેં કહ્યું.

'તમારે એ ઘેર નથી લઇ જવાં?' એણે પૂછ્યું.

'ઘેર લઈ જઇને ખાવાનાં જ છે! તો પછી અહીં ખાવામાં શો વાંધો? એ પંખીઓ એક સાચા શિકારીના પેટમાં પડીને ધન્ય થશે.' મેં કહ્યું.

એ હસ્યા: 'વાત ખોટી નથી. પંખીનો સ્વાદ ભૂલી જ ગયો છું.' અને એના મોં ઉપર એક વિચિત્ર હાસ્ય ફરકી ગયું. કેમ જાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંખીનો સ્વાદ ભૂલવામાં કોઇ મીઠું કૌતુક છુપાયું ન હોય! એનું એ હાસ્ય તદ્દન આત્મગત હતું. મને એ દેખાડવાની એને કદાચ ઇચ્છા પણ નહિ હોય. તેથી થોડી વારે ચમકીને એણે કહ્યું: 'તો પછી આને સાફ કરી નાખીએ;—શું કહો છો? કૂણું માંસ છે; અર્ધા કલાકમાં તો તૈયાર થઇ જશે.'

અને એના એ ટેવાએવા હાથ ઝડપથી કામે લાગી ગયા. હું એના તરફ જોતો બેઠો જ રહ્યો. પેલો જૂનો પ્રશ્ન જ વારેવારે જાગતો હતો કે 'આ કોણ હશે? દુન્યવી આંખોથી દૂર અહીં રહી સુક્કી રોટી ખાઇને જીવન ગુજારવાનો શો હેતુ હશે?'

વચ્ચે એકવાર એણે મોં ઊંચું કરી હસતાંહસતાં કહ્યું: 'આજ જરાક ઠંડી છે. ચામડું ઠીકઠીક ફૂંકાણું લાગે છે, કેમ?'

'હા, કક્કડ છે; તમે ઘણા દેશ ફર્યા લાગો છો, નહિ વારુ?'

'હા.' એણે એકાક્ષરી જવાબ વાળ્યો.

'પૂછવાની હિંમત નથી; પણ કદાચ શિકાર અંગે જ બધે ફર્યા હશો?'

'એમ કહી શકાય.'

અંગત પ્રશ્નો પૂછતાં જે અપ્રસન્ન થઇ ઊઠે છે તેમની સાથે બીજી વાતો કરવી જ સારી, એટલે જાણી જોઇને મેં શિકારની વાત કાઢી,—ખાસ કરીને પેલા શ્વેત ચર્મ વિષે મનમાં સારી પેઠે કુતૂહલ જાગ્યું હતું. મેં પૂછ્યું: 'સિયામ બાજુ શ્વેત મૃગ થાય છે? મેં તો એવું ક્યાંય વાંચ્યું નથી.'

'ન વાંચ્યું હોય એવું જ છે. એ હરણ કોઇએ નરી આંખે જોયું નથી અને નરી આંખે જોવાની એ વસ્તુ પણ નથી.'

'કઇ રીતે?'

'પૃથ્વી પર જે કેટલાક અજાયબ જીવો છે તેમાંનું આ હરણ પણ છે; પણ પ્રકૃતિના સર્જનમાં એની તોલે આવે એવું તો કોઈ નથી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'શી હકીકત છે, જરા કહો તો! બેશક, શ્વેત મૃગ અત્યત અસાધારણ છે, પરંતુ—'

'તમે માત્ર એનું શ્વેત ચર્મ જ જોયું છે; પરંતુ મેં એને સંપૂર્ણ જુદા રૂપમાં જોયું છે; અર્થાત નથી જોયું કહું તો યે ચાલે.'

'તમે તો મને મૂંઝવી દીધો; કંઈ જ સમજાતું નથી.'

જરા અચકાતાંઅચકાતાં આખરે એણે કહ્યું: 'અદૃશ્ય પ્રાણી વિષે કદી તમે સાંભળ્યું છે?'

'અદૃશ્ય પ્રાણી?! એ વળી શું?'

'હા; જે નરી આંખે ન દેખાય, આંખ સામે જે ઝાંઝવાનાં જળની જેમ અદૃશ્ય થઇ જાય! સિયામના ઉત્તર-પૂર્વ પ્રદેશના દુર્ગમ પહાડોથી ઘેરાએલી એક ખીણમાં મેં એને જોએલું. માની શકો છો? મને પણ ક્યારેક ક્યારેક શંકા આવે છે! અને ત્યારે આ શ્વેત ચર્મનો સ્પર્શ કરી લઉં છું,'

'બહુ કુતૂહલ થાય છે. બધી વાત કહેશો?' મેં પૂછ્યું.

એ એક ધૂનીનું હાસ્ય હસીને બોલ્યો: 'ભલે આંધણનું પાણી ઊકળી જવા આવ્યું છે. માંસ ચૂલે ચડાવીને વાત; સમય વીતાવવા માટે એ વાત પણ કંઈ ખોટી નથી.'

ચાના પ્યાલા પાસે લઈ અમે સામાસામા બેઠા. ચાનો એક ઘૂંટડો લેતાં જ શરીરમાં અત્યંત સુખદાયી ઉષ્ણતાનો એક પ્રવાહ સંચારિત થયો હોય તેમ લાગ્યું.

'કેમ છે ચા?' એણે પૂછ્યું.

'ચા નહિ, નિર્જળા અમૃત. હવે પેલી વાત કરો.'

એ થોડી વાર શૂન્યમાં જોઈ રહ્યા. ધીરેધીરે એની આંખો સ્મૃતિ-છાયાથી ભરાઇ આવી અને એ અટકીઅટકીને અસંબદ્ધપણે બોલવા લાગ્યા:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયે વરસે, આ જ સમયે—થોડુંક વહેલું જ હશે; હા, નવેમ્બર અધવચમાં–હું ને મારો એક મિત્ર સંજોગવશાત્ બર્માના જંગલમાં જઈ ચડ્યા હતા. મિત્રનું નામ હતું જંગબહાદુર. એ નેપાળી ક્ષત્રીય હતો. અમારા સામાનમાં હતા બે ધાબળા ને બે રાઈફલ. એકાએક એક મધરાતે અમારે સફર શરુ કરવી પડેલી એટલે વધુ કંઈ સાથે લઇ શક્યા નહોતા.

અખૂટ પહાડ-જંગલોમાં મારગ-કેડી બધું યે ગુમ થઇ ગયું હતું. જ્યાં મહિનાને અંતે યે માનવીનું મોં જોવા નથી મળતું, જ્યાં શિકારની પાછળ પડવું ને પડેલા શિકારી પ્રાણીઓથી બચવું એ જ પગ ચલાવવાનું એકમાત્ર લક્ષ હોય છે, ત્યાં સ્થળ કે કાળનું ભાન રાખવું આકરું બને છે. અમે ફક્ત પૂર્વ દિશાને સામે રાખી, બીજું બધું જ ભગવાનના હાથમાં સોંપીને ચાલતા હતા. ક્યાં જઇને અમારી યાત્રા અટકશે એનું કંઇ જ નક્કી નહોતું.

એક દિવસ મોટી એવી એક નદીને નેતરના મામૂલી તરાપા પર પાર કરી નાખી. ખબર પણ ન પડી કે બર્માને પાછળ મૂકી અમે એક બીજા રાજ્યમાં પ્રવેશી ગયા છીએ. ખબર બેશક પડી, પણ થોડા દિવસ પછી.

મેકિયાંગ નદીનું નામ તો તમે સાંભળ્યું હશે. એ અમે એવે સ્થળેથી પાર કરી કે જ્યાં ત્રણ રાજ્યના સીમાડા ભેટે છે: પશ્ચિમે બર્મા, દક્ષિણે સિયામ અને પૂર્વમાં ફ્રેન્ચશાસિત અનામ. પણ આ બધી વિગત અમે ત્યારે જાણતા ન હતા.

નદીને પાર કરી અમે કિનારેકિનારે દક્ષિણ તરફ આગળ વધ્યા. એ બાજુએ પહાડ-જંગલ પ્રમાણમાં ઓછાં છે. વચ્ચેવચ્ચે બે-એક ગામડાં છે. શિકાર પણ પુષ્કળ મળી રહે છે. ખાદ્યસામગ્રીનો પણ તોટો નથી. જંગબહાદુર ત્યાંની ભાષા થોડીથોડી જાણતો હતો, એથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાતવેળા ગામમાં કોઇ ગૃહસ્થને ત્યાં આશ્રય મેળવવાની સગવડ થતી. કડકડતી ઠંડીમાં માથું મૂકવાની જગ્યા મળી રહેતી.

મોટાં શહેર યા ગામ અમે બને તેમ જલદી વટાવી જતા. બપોરવેળા એક પહાડી પથદ્વાર પાસેથી પસાર થતા હતા, ત્યાં ડાબી બાજુથી આવતા એક કર્કશ અવાજે ચોંકી ઊઠ્યા. જોયું તો એક માણસ ટેકરીની આડશેથી રાઇફલ ઊંચી કરી અમારું નિશાન લઇ રહ્યો હતો. દેશી માણસ, ચપટું નાક, પાટિયા જેવું મોં, પરંતુ પોષાક સિપાહીનો હતો. શરીરે ખાખી વસ્ત્રો, માથે જરી-ભરતની ગોળ ટોપી, પગે પટ્ટા ને તે પર મોટા લશ્કરી જોડા.

જાણવું બાકી ન રહ્યું કે આફતમાં સપડાયા છીએ. સિપાહીએ એ જ સ્થિતિમાં સીટી વગાડી. જોતજોતામાં બીજા પણ બે સિપાહી આવીને ઊભા રહ્યા અને અમને સામે રાખી 'માર્ચ' કરાવીને લઇ ચાલ્યા.

નજીકમાં જ એમનું થાણું હતું. ત્યાંના અમલદારે અમારી તલાશી લીધી. અનેક સવાલો પૂછ્યા, જેમાંનો એક પણ અમે સમજી ન શક્યા. ત્યાર બાદ બંદૂક અને ટોટા જપ્ત કરી ચાર સિપાહીઓ સાથે અમને ક્યાંક રવાના કરી દીધા.

ત્રણેક માઇલ ચાલ્યા પછી જોયું તો અમે એક શહેરમાં આવી પહોંચ્યા છીએ. નદી–કિનારાનું શહેર. બહુ મોટું નહિ. ચિત્ર જેવું લાગતું હતું. સિપાહીઓ કિનારા પરના એક મોટા બંગલામાં અમને લઇ ગયા. શહેરના સૌથી મોટા અમલદાર ત્યાં રહેતા હતા. અમને તેની પાસે રજૂ કરવામાં આવ્યા. તે એક ફ્રેન્ચ લશ્કરી અમલદાર હતા. ઉમર લગભગ પિસ્તાળીસેકની હશે. તીણી વેધક આંખો; શરીર લાંબો કાળ ગરમ દેશમાં રહેવાનું થયું હોઇને તાંબાવરણું થઇ ગયું હતું.

થોડુંથોડું અંગ્રેજી એ બોલી શકતા. પ્રથમ મેળાપમાં જ અમારો એમની સાથે ઠીક મેળ ખાઈ ગયો. ફ્રેન્ચ જેવી મિલનસાર જાતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી જોઈ નથી. કાળા-ધોળાનાં ભેદ એના મનનાં જરા યે નહોતો. એનું નામ કૅપ્ટન દુબોયા હતું. થોડી જ વારમાં તે અમારી સાથે અતિ ગાઢ ભાવે વાતે વળગ્યા. એમને જ મોંએ પ્રથમ જાણ્યું કે અમે અનામ દેશમાં આવી પહોંચ્યા છીએ ને સામે પારનો પહાડી પ્રદેશ તે સિયામ છે. મેકિયાંગ એ બંનેના સીમાડા વચ્ચેથી વહી જાય છે.

અમે ક્યાંથી આવીએ છીએ ને શા માટે આમ નીકળી પડ્યા છીએ વગેરે પ્રશ્નો તેમણે પણ પૂછ્યા. અમે એના આવડ્યા એવા જવાબો આપ્યા. કહ્યું: 'પૂર્વના દેશો પગપાળા ખૂંદી વળવાની એકમાત્ર નેમથી બ્રિટિશ રાજ્યમાંથી નીકળ્યા છીએ. પાસપોર્ટ જરૂરી હોય છે તેનું ભાન નહોતું. તેમ છતાં શિકાર અને દેશ-વિદેશ જોવા સિવાય બીજો કંઇ જ ખરાબ હેતુ અમારો નથી.'

વિવિધ વાતો કરતાંકરતાં સાંજ પૂરી થવા આવી. હવે એમણે શિષ્ટતાની હદ વાળી. એમણે રાત્રિ-ભોજન માટે પણ અમને આમંત્રણ આપ્યું; અને માત્ર એટલું જ નહિ, પરંતુ રાત્રે અમારી સૂવાની વ્યવસ્થા પણ પોતાને ઘેર જ કરાવી. એક રાજકીય અમલદારની આ અયાચિત સહૃદયતા અમારે માટે જેટલી અણચિંતવી હતી તેટલી જ અસુખકર હતી.

રાત્રે જમવા બેસતાં ઓચિંતા એમણે પૂછ્યું: 'તમને આ બ્રિટિશ લશ્કરી રાઇફલ ક્યાંથી મળી?'

'આર્મી સ્ટોરમાં અવારનવાર જૂની બંદૂકો વેચાય છે ત્યાંથી લીધી છે.' અમે જવાબ વાળ્યો. વધુ એમણે પૂછ્યું નહિ.

મોડી રાત સુધી વાતોના તડાકા ચાલ્યા. તે પછી કૅપ્ટન જાતે આવીને અમને અમારા સૂવાના ખંડ સુધી મૂકી ગયા. ઘણે દિવસે સુંવાળી-ફૂંફાળી પથારીમાં સૂતા; પરંતુ તેમ છતાં ઊંઘ ન આવી. પાછલી રાતે જંગબહાદુર મને ઢંઢોળતો ધીમે સાદે બોલ્યો: 'ચાલો, ભાગી જઇએ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં કહ્યું : 'મને વાંધો નથી, પણ બારણે સંત્રી પહેરો ભરે છે.'

જંગબહાદુરે બારણાની તરડ વાટે નજર કરી ને પછી પાછો આવીને પથારીમાં સૂઈ ગયો.

સવાર પડી ન પડી ત્યાં કૅપ્ટને જાતે આવીને અમને જગાડ્યા ને મીઠા સાદે 'સુ-પ્રભાત' જણાવી અમને નદીકિનારે પાકા ઘાટ પર લઈ ચાલ્યા. ત્યાં જઇને જોયું તો કિનારા પર નેતરનો એક નાનો તરાપો બાંધ્યો છે ને ઘાટ પર બાર રાઈફલધારીઓ અક્કડ થઇને ઊભા છે.

અમારી સાથે હાથ મિલાવતાં કૅપ્ટને જણાવ્યું : 'તમારા સાથનું સુખ મેળવી મારો એક દિવસ મેં બહુ આનંદમાં વીતાવ્યો છે, પણ તમારે જવું પડશે.'

અને સામે પાર આંગળી ચીંધી એણે કહ્યું : 'સિયામનો એ ભાગ અત્યંત સુક્કો છે. સો માઈલમાં કોઈ જનપદ નથી. તમને ભાતું બંધાવ્યું છે, રાઈફલ આપી છે ને પાંચ કારતૂસ પણ આપ્યા છે. એટલાથી તમે કોઇ ગામડામાં પહોંચી જઇ શકશો એવી આશા છે. બૉ વૉયેજ ! (સુખદ સફર હો !)'

હું કંઇક કહેવા જતો હતો, પણ મને અટકાવી એણે હસતાં-હસતાં કહ્યું : 'તરાપા પર જાવ. નદીને કાંઠે ઊતરવા ન ઇચ્છશો, નહિ તો. . .' ને એણે ઘાટ પરના સૈનિકો સામે નિર્દેશ કર્યો.

આખરે અમે તરાપા પર ગયા. ઘાટ પરના બારે રાઈફલધારીઓ અમારી સામે તાકી રહ્યા હતા. કિનારાથી વીસેક વાર દૂર જઇ મેં પૂછ્યું : 'અમારો અપરાધ અમે જાણી શકીએ ?'

'અનામમાં બ્રિટિશ જાસુસો માટે સ્થાન નથી.' ભાંગીતૂટી અંગ્રેજીમાં કૅપ્ટન દુબોયાએ જવાબ વાળ્યો !'

આટલું કહી પ્રમથેશ રુદ્ર અટક્યા. એમના ચહેરા પર ધીરેધીરે એક અદ્‌ભુત હાસ્ય મલકી ઊઠ્યું. એ બોલ્યા : 'આને જ કહે છે વિધિની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિડમ્બના! અમારી પાસે બ્રિટિશ મિલિટરી બંદૂકો જોઈ એણે અમને અંગ્રેજના જાસુસ માની લીધા હતા.'

'પરંતુ ઈંગ્લંડ ને ફ્રાન્સ વચ્ચે તો મિત્રતા છે ને?' મેં પૂછ્યું.

'હા છે; ગાઢ મૈત્રી છે; છતાં હજુ સુધી તેઓએ પરસ્પરનો વિશ્વાસ કર્યો નથી અને સૂર્ય ને ચંદ્ર તપશે ત્યાં સુધી કદી યે નહિ કરે. એ ફક્ત બે જુદીજુદી જાતિ જ નથી, પરંતુ માનવ-સભ્યતાના બે સંપૂર્ણ વિપરીત આદર્શોનાં પ્રતીક છે. પણ જવા દો એ વાત!' આટલું કહી એમણે વાત આગળ વધારી:

જ્યાં સુધી નદી ઊતરી ન રહ્યા ત્યાં સુધી પેલા સૈનિકોની બંદૂકો અમારી સામે તકાએલી જ રહી. માત્ર બે જ રસ્તા હતા: કાં સામો પાર કાં સામો લોક! ત્રીજો માર્ગ ન હતો.

સામે પાર જઇને જ ઊતર્યા ને બંદૂકો ને ખોરાકીનો થેલો ખભે ભરાવી કોઈ જનપદની શોધમાં અમે નીકળી પડ્યા.

લગભગ નદીકાંઠાથી ગિરિમાળા શરુ થાય છે. અનામ રાજ્ય અને મેકિયાંગ નદીને પાછળ રાખી અમે આગળ વધવા લાગ્યા. પહાડી પથ દુર્ગમ થવા માંડ્યો; પણ આવી સફરથી ટેવાઈ ગએલા, એટલે એ પહાડી પથ શક્ય એટલો જલદી પૂરો કરવા અમે પગ રૂપી ઘોડા મારી મૂક્યા.

બપોર થતાં એક એવે સ્થળે પહોંચ્યા જ્યાંથી ચોમેર અગણિત બળતા પહાડો સિવાય બીજું કંઇ જ દેખાતું નહોતું. ઝાડપાન સુદ્ધાં નહિ; માત્ર પથ્થર, પથ્થર ને પથ્થર જ—

ગજબની ભૂખ લાગી હતી. ભાતાની થેલી નીચે મૂકી અમે ખાવા બેઠા. થેલી ઉઘાડતાં જોયું તો તેમાં તાજું ખાવાનું કંઈ જ નહોતું. હતા માત્ર પતરાંના થોડાક બંધ ડબ્બા. ખેર! જે સ્થિતિમાં આવી પડ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છીએ તેમાં, ડબ્બામાં બંધ આવો નાસ્તો પણ કેટલા પામે છે?

પણ ડબ્બા પરનું નામ વાંચતાં આંખો ફાટી રહી! નામ હતું Canned Beef—ગૌમાંસ! અમે એકબીજાની સામે જોયું. જંગબહાદુર સુસ્ત હિન્દુ હતો. થોડી વાર મૂર્તિવત્ સ્થિર બેસી રહી, પછી એક નિશ્વાસ મૂકી અમે ઊભા થઈ ગયા ને ચૂપચાપ આગળ વધ્યા. અખાદ્ય ડબ્બા પાછળ પડ્યા રહ્યા!

એ પછી અમારા પર જે અવદશા-આક્રમણ શરુ થયું તેનું વિગતવાર વર્ણન કરી તમને ત્રાસ નહિ આપું. આકાશમાં એક પણ પક્ષી નહિ; ધરતી પરના બીજા જીવોની વાત તો દૂર રહી, એક ખિસકોલી સુદ્ધાં જોવા ન મળે. તરસથી તાળવું સુકાઇ ગયું હતું, પણ પાણી ક્યાંય નહોતું.

પહેલે દિવસે અનાજનો એક દાણો કે પાણીનું ટીપું યે પેટમાં ન ગયું. ઉઘાડા આકાશ નીચે ધાબળા પર પડી રાત કાઢી. બીજે દિવસે બપોરના ત્રીજા પહોરે કંઇક એક પ્રાણી દેખાયું; પણ એટલે દૂર કે એ કયું પ્રાણી છે તે ઓળખવું મુશ્કેલ હતું. પરંતુ ત્યારે અમારી સ્થિતિ એવી હતી કે મા ભગવતી સિવાય બીજા કોઈનો આશરો નહોતો. લગભગ ત્રણ સો વાર દૂરથી એ પ્રાણી પર નિશાન લીધું, પણ એ નિષ્ફળ ગયું. બધા મળીને પાંચ કારતૂસ હતા તેમાંથી એક ઓછો થયો.

આખરે એ દિવસે સાંજે પાણી મળ્યું. એક પથ્થરની તરડમાં થઈને ટીપું ટીપું પાણી ચૂતું હતું. અર્ધો કલાકે માંડ ખોબો ભરાય. જંગબહાદુરનું મોં શ્યામ પડી ગયું હતું. મારું પણ એવું જ થયું હશે તે વિષે મને શંકા નહોતી. પ્રવાહીને અભાવે શરીરમાંનું લોહી જામવા માંડયું હતું. એ દિવસે પાણી ન મળ્યું હોત તો અમે ન બચત એમ લાગે છે.

પરંતુ તેમ છતાં માત્ર પાણી ઉપર જ નભવું શક્ય ન હતું. શરીર નબળું પડયું હતું. માથું પણ ઠેકાણે ન હતું. ત્રીજા દિવસની એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાત એકધારા દુઃસ્વપ્ન જેવી યાદ છે. રતુંબડા રંગનું એક સસલું જોયું ને અમે એની પાછળ પડ્યા. દિનદિશાનું ભાન હતું નહિ ને એ સસલું પણ જાણે અમારી સાથે રમતે ચડ્યું હતું. એકદમ ભાગી યે નહોતું જતું ને અમારો શિકાર પણ નહોતું થતું. એની પાછળ બે કારતૂસનો ભોગ આપ્યો, પણ નજર ધૂંધળી બની હતી ને હાથ-પગ પણ ધ્રૂજતા હતા. સાંજે એક લાંબા બાંધ જેવા પહાડ પર જઇ એ અદૃશ્ય થઇ ગયું. શરીરમાં ત્યારે શક્તિ શેષ નહોતી, બંદૂકનો ભાર પણ અસહ્ય લાગતો હતો; છતાં અમે પહાડ પર પહોંચ્યા. ત્યારે અમે બુદ્ધિના દોરવ્યા દોરવાતા નહોતા, પણ એક અંધ આવેગના જોરે જ એની પાછળ પડ્યા હતા. પહાડ પર જઇને ઊભા રહ્યા તેવું જ માથું ફરવા લાગ્યું. એક લીલો પ્રકાશ આંખ સામે ઝબકી ઊઠ્યો ને પછી બધે ઘોર અંધારું પથરાઇ ગયું.

મૂર્છા વળી ત્યારે તડકો નીકળ્યો હતો. જંગબહાદુર ત્યારે પણ મારી બાજુમાં બેભાનાવસ્થામાં પડ્યો હતો અને—અને સામે જ, બરાબર પહાડની ગોદમાં, નજર પહોંચે ત્યાં સુધી લીલા ઘાસથી છવાએલી એક ખીણ હતી! એના હૈયા પર થઇને રૂપેરી દોરાની જેમ એક પાતળી નદી વહી જતી હતી.

થોડી વારે જંગબહાદુર ભાનમાં આવ્યો ને પરસ્પરને ટેકે અમે પહાડ ઊતરી નદીકિનારે તરસ છિપાવી, પીવાય એટલું પાણી પી, લાંબી વાર સુધી એ શીતળ ઘાસ પર આડા પડ્યા રહ્યા.—તમે હમણાં ચાને અમૃત સાથે સરખાવતા હતા; પણ અમે તે દિવસે સાંજે જે પાણી પીધેલું તેની સાથે સરખાવતાં તો અમૃત પણ બેસ્વાદ લાગે!

પણ જવા દો એ આડવાત. તરસ છિપાવવાની સાથે ભૂખ ભાંગવાની ઇચ્છા પણ પ્રબળ થઇ ઊઠી હતી; પણ એને ભાંગવી કઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીતે? ચારે બાજુ દૂરદૂર સુધી નજર ફેંકી, પરંતુ ક્યાંય કોઇ પંખી–પ્રાણી જણાયું નહિ. અહીંતહીં કેટલાંક વૃક્ષો ઝુંડબંધ ઊગી નીકળ્યાં હતાં. કદાચ એમાંનું કોઇ ફળઝાડ હશે એ આશાએ ઊભા થતાં મેં જંગબહાદુરને કહ્યું: 'ચાલ, જરા જોઇએ,—કંઇક ખાવાનું જડી જાય તો.'

પરંતુ ઝાડ પર ફળ બેસવાની ઋતુ નહોતી. એક કાંટાળા ઝાડ પર બીલાં જેવાં પાંચ છ નાનાં કાચાં ફળ મળ્યાં. તરત જ એનો ભાગ પાડી અમે બેઉએ તેને પેટમાં પધરાવ્યાં. એ અત્યંત સખત હતાં, છતાં યે ખાદ્ય હતાં ને?

વધુ ફળની શોધમાં બીજા ઝુંડ તરફ ચાલ્યા. ત્યાં જંગબહાદુર આંગળી ચીંધી બૂમ પાડી ઊઠ્યો: 'એ જુઓ—જુઓ!'

મેં પાછું વાળીને જોયું તો એ એક અજબ દૃશ્ય હતું! ટોળું-એક ધોળાં હરણ નિર્ભય ધીરી ગતિએ નદી તરફ ચાલ્યાં જતાં હતાં. સહુથી આગળ એક કલગીધર માદા હરિણી અને પાછળ આઠ દસ હરિણીઓ. અમારાથી લગભગ સો વાર દૂર એ ટોળું ચાલ્યું જતું હતું.

પણ એ અદ્‌ભુત દૃશ્ય પળવાર જ જોયું–જોઇ શકાયું. જંગબહાદુરની બૂમ કદાચ એમને કાને પડી હશે. એ બધીએ એકીસાથે અમારી સામે જોયું ને પછી એક અજબ વાત બની. અમારી આંખ સામે જ જોતજોતાંમાં એ બધી હવામાં મળી ગઇ!

અવાક્ બની અમે ઊભા જ રહ્યા. પછી આંખ ચોળીને ફરી જોયું તો કંઇ નહોતું! તડકામાં પ્રકાશતી ખીણ તદ્દન શૂન્ય હતી.

બીક લાગી: આ કોઈ માયાવી ખીણ છે? કે પછી અમારી ભૂખની પાગલતામાં અમે કાલ્પનિક જીવ-જંતુ જોવાં શરુ કર્યાં હતાં? સાંભળ્યું છે કે મરુભૂમિમાં ભૂખતરસથી પીડાતા પ્રવાસી મૃત્યુ પહેલાં આવી માયામૂર્તિઓ જુએ છે. તો અમારું મોત નજીક હતું શું?

મેં જંગબહાદુર તરફ જોયું તો એની આંખો પાગલ જેમ ફાટી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહી છે. ત્રાસથી કંપતા સાદે એ બોલી ઊઠ્યો: 'અહીં આપણે ક્યાં આવી પહોંચ્યા?' એનાં રુંવાડાં ઊભાં થઈ ગયાં હતાં.

બેઉ જણ એકીસાથે ભાન ભૂલીએ એ કેમ ચાલે? જંગબહાદુરને હિંમત આપતો હું સમજાવવા મથ્યો. પણ સમજાવું શું? હું પોતે જ ભાન ભૂલવા પર હતો. એક ઘેરા કુંડ વચ્ચે જઇને બેઠા. ખાવાનું શોધવાની કામગીરી પણ નહોતી. એકીટશે નદી તરફ તાકી રહ્યા.

આશરે અરધી કલાક પછી એક અવાજ સાંભળી એકદમ ચોંકી ઊઠ્યા. ટોળું એક હરણાં ખરીનો અવાજ કરતાં અમારી પાસે થઇને ઝડપથી પસાર થઈ ગયાં હોય એમ બરાબર અનુભવ્યું, અને બીજી જ પળે પાછળથી એક ભૂખ્યા વરુની ચીસે વાતાવરણ છિન્નભિન્ન કરી નાખ્યું. વળીને જોયું તો લગભગ પચાસ વાર દૂર ભૂખરા રંગના બે મોટા વરુ ઊભા છે. થોડી વાર નિશ્ચલ ઊભા રહી એ ફરી ચીસ પાડી ઊઠ્યા. શિકાર છટકી ગયાની નિષ્ફળતાની એ ચીસ હતી ને તે પછી અનિચ્છાપૂર્વક વિપરીત દિશામાં ચાલ્યા ગયા.

ઘણે દૂર સુધી અમે એમને જોઈ શક્યા. હવે એક નવીન શંકા જન્મી. એ જ તો! આ વરુ તો હવામાં મળી ન ગયા. ત્યારે તો અમારી આંખની ભ્રાન્તિ નથી! તો પછી પેલું હરણનું ટોળું આમ કપુરની જેમ અદૃશ્ય કેમ થઇ ગયું? અને તો પછી હમણાં જ જે ખરીઓનો અવાજ સાંભળ્યો તે શું હશે?

ધીરેધીરે બપોર પડી. શરીર ઢળી પડતું હતું. માથામાં ત્રમત્રમાટ શરુ થયો. ખીણમાં પહોંચ્યાની પ્રથમ ઉત્તેજના વીતી ગઈ હતી. ત્રણ કડાકા ને થાકે શરીર પર આક્રમણ કર્યું હતું. કદાચ આ રીતે જ ક્રમશઃ નિસ્તેજ થતાં ધીરેધીરે દિવેલહીણ થતા દીપકની જેમ અમે યે ઠરી જઈશું, એમ લાગ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને હરી જ જાત, જો એ જ વખતે એક પરમ વિસ્મયકારી માયાજાળ અમારા ચૈતન્યને ઢંઢોળીને જાગૃત ન કરત તો. અમે અચળપણે નદી બાજુ તાકી રહ્યા હતા. સૂર્ય આથમી રહ્યો હતો. એવે વખતે નદીકાંઠે કંઇ હાલતુંચાલતું અસ્પષ્ટપણે દેખાયું. ઉનાળાની બપોરે તપેલી રેતીના ઢગ પર જેમ વરાળનાં છાયાવર્તુલો જામવા માંડે છે, લગભગ તેવું જ. ક્રમશઃ એણે વધુ સ્થૂળ સ્વરૂપ લીધું ને ધીરેધીરે ધોળાં હરણનું એક ટોળું અમારી આંખ સામે મૂર્તરૂપે આવીને ઊભું!

મુગ્ધ અવિશ્વાસપૂર્વક અમે જોઇ રહ્યા. આ પણ શું સંભવિત છે? એ શું સાચે જ શરીર-ધારી હશે? એને જોઇને ન માનવાનું કંઇ કારણ નહોતું. ધોળાં રુંવાટીવાળાં શરીર ઉપર સૂર્યનાં કિરણો જાણે લપસી પડે છે. નચિંત નિઃસંકોચપણે નદીમાં મોં નાખી તેઓ પાણી પીતાં હતાં. અંદરઅંદર ધક્કામુક્કી કરતાં રમતાં હતાં અને કો'ક કો'ક નદીકાંઠા પર કૂણું ઘાસ ખાતાં તૃપ્તિ અનુભવતાં હતાં.

જંગબહાદુરે કયારે રાઇફલ ઉપાડી તેની ખબર જ ન પડી. એકાએક બાજુમાંથી બંદૂકનો અવાજ સાંભળી હું ચમકયો. જોયું તો જંગબહાદુરના હાથમાંની રાઇફલની નળી કાંટાની જેમ હલે છે. રાઇફલ ફેંકી દઈ એ બોલ્યો: 'ન ફાવ્યો! એ માયાવી છે!'

હરણ–ટોળું ત્યારે ફરીથી અદૃશ્ય થઇ ગયું હતું!

આટલી વારે આ અદ્‌ભુત હરણોનું કંઈક રહસ્ય હું સમજી શકયો. તેઓ અ-શરીરી નહોતાં. બીજા સાધારણ જીવોની જેમ એમને ય દેહ હતો; પરંતુ કોઈ પણ કારણે ભય પામતાં તુરત જ તેઓ અદૃશ્ય થઇ શકતાં. થોડી વાર પહેલાં પેલા વરુએ એમનો પીછો પકડેલો ત્યારે એમનો જ અદૃશ્ય પદધ્વનિ અમે સાંભળેલો. પ્રકૃતિનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિયમ વિચિત્ર છે! પહાડોથી ઘેરાએલી આ નાની ખીણમાં અનાદિ કાળથી આ હરણો રહે છે અને સાથોસાથ અનેક હિંસક પ્રાણીઓ પણ રહે છે. એમના આક્રમણથી બચવા બીજું કંઇ જ અસ્ત્ર એમની પાસે નથી, તેથી શત્રુને જોતાં જ તેઓ અદૃશ્ય થઇ જાય છે.'

મિત્ર થોડી વાર અટકયા. એમના મોં પર પેલું ગૂઢ હાસ્ય ફરી ફરકી ગયું. હું મંત્રમુગ્ધની જેમ સાંભળતો હતો. અલૌકિક રૂપકથાને વાસ્તવના ચોકઠામાં મૂકીને જેમ સાંભળવાની હોય છે, તેવી જ આ વાત લાગતી હતી. મેં પૂછયું: 'આ શું શકય છે? વૈજ્ઞાનિક રીતે જોતાં આ અપ્રાકૃત નથી શું?'

એણે કહ્યું: 'જુઓ ભાઈ, વિજ્ઞાન તો હજુ સૃષ્ટિ-સમુદ્રને કિનારે આંટા મારે છે; સાગર-તીરનાં શંખ-છીપલાં વીણે છે. સમુદ્રમાં ડૂબકી યે નથી મારી શકયું. વળી આને અપ્રાકૃત પણ કઈ રીતે કહીએ? કાકીડો પોતાની ઇચ્છા મુજબ શરીરનો રંગ ધારી શકે છે ને? પ્રકૃતિએ આત્મરક્ષણ માટે જ એને એ શકિત બક્ષી છે. વધુ દૂર કાં જાઓ? આજે તમે જે હરિયાળનો શિકાર કર્યો છે એની જ વાત લો. એ હરિયાળ કોઇ ઝાડ પર બેઠું હોત તો તમે જોઈ શકત ખરા?'

'એ ખરું ઝાડનાં પાન સાથે એનો રંગ એકદમ ભળી જાય છે.' મેં કહ્યું. એટલે એણે કહ્યું: 'તો જુઓ, એ પણ એક રીતે અદૃશ્ય થઈ શકે છે ને? આ હરણોની અદૃશ્ય થવાની વાત એથી જરા આગળ જાય છે.'

'ઠીક, પછી?'

એકંદર હકીકત સમજી મેં જંગબહાદુરને કહ્યું: 'ફિકર નહિ ભાઈ, એ માયાવી નથી; પણ આપણા જીવતા રહેવા માટેનો છેલ્લો દાવ છે.'

હવે એક જ કારતૂસ બાકી હતું. આ અજાણ યાત્રાનું છેલ્લું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાતું. એ જો નિષ્ફળ જાય તો પછી ભૂખથી પાસે આવતા મૃત્યુને કોઈ રીતે અટકાવી શકાય તેમ ન હતું.

કારતૂસ રાઈફલમાં નાખી, ઝુંડમાં છુપાઈને અમે બેઠા રહ્યા. કદાચ તેઓ હમણાં જ અહીં પાણી પીવા આવે. પણ ન આવે તો? બે વખત અહીં જ ડરીને...ન પણ આવે.

દિવસ અસ્ત થયો હતો. સૂર્ય પહાડની આડશે રહી ગયો. જંગ-બહાદુર તંદ્રામાં હોય તેમ બેઠો હતો. હું મારી સમસ્ત શક્તિ ભેગી કરી નિરાશા અને થાકને દૂર ઠેલી વાટ જોતો બેઠો.

નદીનો જળહળતો રૂપેરી પ્રવાહ ડહોળાયો, પણ હરણ દેખાયાં નહિ. નિરાશાને હવે રોકી શકાઇ નહિ. હરણ સાચે જ ભાગ્યાં છે. હવે નહિ આવે એમ લાગ્યું.

પરંતુ કુદરતના કાયદામાં એક સામંજસ્ય છે. એમર્સન જેને 'લૉ ઑવ કૉમ્પેન્સેશન' કહે છે. કુદરત એક બાજુથી કંઇક ઓછું આપે છે તો બીજી બાજુ એની પૂરવણી કરી દે છે. આ હરણોને એણે બુદ્ધિ ઓછી આપી છે; એથી જ કદાચ બચાવ માટે એવી સરસ યુક્તિ આપી છે. અંધારું જામવાને બહુ વાર નહોતી, ત્યાં પેલાં હરણ ફરી દેખાયાં.

એમને જોઇને મારા હૈયામાં ગજબના ધબકારા થવા લાગ્યા. પહેલાંની જેમ તેઓ ટોળાબંધ જ આવ્યાં હતાં. એ જ રીતે નિર્ભય ચિત્તે ઘાસ ચરતાં હતાં ને રમતાં હતાં. મેં રાઈફલ ઉપાડી. છેટું બહુ તો પંચોતેર વારનું હશે, જે રાઇફલ માટે કંઇ જ ન હતું; છતાં હાથ ધ્રૂજતા હતા. કેમે ય કર્યું ભુલાતું ન હતું કે આ છેલ્લું—છેલ્લું જ કાર-તૂસ છે. મારી રાઇફલના અવાજે હું જ ચોંકી ઊઠ્યો. એક હરણ ચારે પગે ઊભું થઇને કૂદી ઊઠ્યું ને પછી આખું યે ટોળું જાદુની જેમ ફરી અદૃશ્ય થઇ ગયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેલ્લું કારતૂસ પણ એળે ગયું! પક્ષઘાતે પીડાતા શૂન્ય મનને અંગે થોડી વાર બેઠો રહ્યો. ધીરેધીરે ચેતના પાછી ફરતાં લાગ્યું કે જ્યાં પેલું ટોળું ઊભું હતું ત્યાં ભારોએક લાંબુ ઘાસ આપમેળે હલી રહ્યું છે.

શું હશે? ત્યારે શું...? શંકિત મને અમે ત્યાં ગયા.

પવન નથી ને છતાં ઘાસ હાલતું હતું. ક્રમશઃ ઘાસનું હલન-ચલન ઓછું થવા આવ્યું. ત્યાર બાદ છાયાની જેમ અમારી આંખ સામે હરણની ચાર ખરી દેખાઈ!

'મર્યું છે! મર્યું છે!' જંગબહાદુર બેઠેલા સાદે ચિત્કાર પાડી ઊઠ્યો ને હું પણ પાગલની જેમ ઘાસ પર નાચી ઊઠ્યો. એક ગભરુ પ્રાણીની હત્યા કરીને એવો ઉત્કટ આનંદ મેં કદી નથી માણ્યો.

પંદર મિનિટમાં પૂરેપૂરો દેહ જોઇ શકાયો. મૃત્યુએ આવી એનું પ્રાકૃત સ્વરૂપ અમારી આંખ સામે પ્રગટ કરી દીધું.

—અને એના ચામડા પર તમે આજ બેઠા છો.'

એની વાત ઓચિંતી પૂરી થઇ ગઈ.

મેં પૂછ્યું: 'તે પછી?'

'પછી બીજું શું? એનું માંસ ખાઇ અમે જીવ બચાવ્યો. સાત દિવસ પછી એ ખીણ પાર કરી એક ગામડે પહોંચ્યા. એ પછી બે મહિના પગપાળા ચાલતાં એક દિ બૅંગકોક શહેરમાં પગ મૂક્યો. ત્યાંથી જંગબહાદુર ચીનની સ્ટીમરમાં ચડ્યો ને હું.....માંસ હવે કદાચ પાકી ગયું હશે.'

આટલું કહી એ અટકી ગયો.

ખાવાપીવાનું પતાવી જ્યારે એ ભગ્ન મકાનમાંથી બહાર આવ્યો ત્યારે રાતના દસ વાગ્યા હતા. મિત્ર મારી સાથે ચાલ્યા, પણ ટૉર્ચ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમણે ચેતાવી નહિ. અંધારે મારી સાઈકલનો હાથો પકડી રસ્તો દેખાડતા તે આગળ ચાલ્યા.

લગભગ દસેક મિનિટ મૂગામૂગા ચાલ્યા હોઇશું. કઈ દિશામાં જઇએ છીએ એનો ખ્યાલ નહોતો, છતાં લાગતું હતું કે જે રસ્તે હું આવ્યો હતો તે રસ્તે પાછો નથી ફરતો.

ઓચિંતા એ બોલ્યા: 'મારી સાંજ આજ સારી વીતી.'

'તમારી કે મારી?' મેં પૂછ્યું.

એણે કહ્યું : 'મારી. મહિનો દિવસ થયાં મન મોકળું કરવાની તક નહોતી મળી.'

બીજી પંદરેક મિનિટ ફરી નીરવપણે ગઈ. પછી મારા હાથમાં ટૉર્ચ આપતાં એમણે કહ્યું: 'હવે તમે પાકી સડકે પહોંચી ગયા છો. અહીંથી સરળતાપૂર્વક ઘેર પહોંચી જઈ શકશો. ઠીક ત્યારે; વિદાય! ફરી કદાચ આપણે નહિ મળીએ.'

'એ શું? હું ફરી આવીશ. કંઈ નહિ તો આ ટૉર્ચ પાછી આપવા તો આવવું જ પડશે ને?' મેં કહ્યું.

'આવવાની જરૂર નથી. આવશો તો યે મારું ઠેકાણું શોધી શકશો નહિ. ટૉર્ચ ભલે તમારી પાસે જ રહી,—એક સંધ્યાના સ્મૃતિ-ચિહ્ન રૂપે. બેચાર દિવસમાં જ હું ચાલ્યો જઇશ.'

'ક્યાં જશો?'

જરા વાર શાંત રહી એણે કહ્યું: 'કંઇ નક્કી નહિ. કદાચ ફરીને સિયામ તરફ પણ જાઉં. આ વેળા ચામડું નહિ, પણ જીવતું ધોળું હરણ પકડી લાવવા મથીશ. કેમ, શું કહો છો?'

'સરસ! પણ શું આપણે ફરી નહિ જ મળીએ?'

'સંભવ નથી. વારુ, વિદાય.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'વિદાય, દુર્દિનના મિત્ર,—નમસ્કાર.'

થોડી વાર અંધારામાં ઊભા રહી પછી ટૉર્ચ ચેતાવીને જોયું તો મિત્ર નિરવપણે ચાલ્યા ગયા હતા.

પરંતુ એની ભવિષ્યવાણી સાચી ન પડી. ફરી એક વાર અમારો ભેટો થઇ ગયો. અઠવાડિયા પછી એક સ્વજનને મૂકવા સ્ટેશને ગયો હતો, ત્યાં એકાએક અમે સામસામા થઈ ગયા.

'અરે! આ શું? તમે?' મેં કહ્યું.

એને માથે એક કાનટોપી હતી. અંગે એ જ સ્વેટર ને લૂંગી. જરા હસીને એણે કહ્યું: 'જાઉં છું.'

એ જ વખતે સીટી વાગી. સ્ટેશનમાં ભીડ હતી. ત્રીજા વર્ગના કોક મુસાફરે મોટા મસ પોટલા સાથે પાછળથી ધક્કો માર્યો. એ ધક્કો સંભાળીને ફરી જોયું તો મિત્ર નહોતા! વિસ્મિત ભાવે આજુ-બાજુ જોઉં છું. જોયું તો અમારા શશાંકબાબુ આવી રહ્યા છે. પોલીસ-ના ડી. એસ. પી. હોવા છતાં યે માણસ મિલનસાર છે. ઓળખાણને અંગે મેળાપ ટાળી ન શક્યો. પૂછ્યું: 'કેમ? કઈ તરફ ઊપડ્યા?'

'જવું ક્યાંયે નથી, સ્ટેશને ફરવા આવ્યો છું.' કહી આછું હસી તેઓ બીજી બાજુ ચાલ્યા ગયા. ગાડી ઊપડવાનો સમય થઈ ગયો હતો, છતાં મિત્રને ચોતરફ શોધ્યા; પણ આ બે મિનિટમાં જ એ એમના માયામૃગની જેમ જ એવા અદૃશ્ય થઇ ગયા કે ફરી એમને જોઈ જ ન શક્યો.

ત્યાર પછી આ એક વર્ષ થયાં એમને દીઠા નથી, ને હવે ફરી કદી યે મળીશું કે કેમ તે પણ જાણતો નથી.

વાતાસાહિત્યના ધારાધોરણ મુજબ આ વાર્તા આ પહેલાં બહુ વહેલી પૂરી થવી જરૂરી હતી. હકીકતમાં આ વાર્તા લખવા બેસતાં જોઉં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છું તો વાત કરતાં આડ-વાત જ વધી ગઇ છે. વાર્તા કરતાં વાર્તાના વક્તાની વાત જ મોટી થઇ ગઇ છે. સારુ છે કે હું બહુ મોટો યશસ્વી લેખક નથી; નહિ તો શરમને અંગે ભોં ભારે થઇ પડત.

ખેર! નિયમ જો ચૂક્યો જ છું તો થોડુંક વધુ કહી લઉં. આ વાર્તા લખવાનું પૂરું થયા પછી એક કાગળ મળ્યો છે. એ કાગળ જ ઉપસંહાર રૂપે આ સાથે જોડી દઉં છું:

"પ્રિય ભાઈ,

તમે મને ભૂલ્યા તો નહિ જ હો. સિયામ ગયો હતો; પરંતુ પેલું હરણ પકડી લાવી શક્યો નથી. બંદી દશામાં એ જીવતાં નથી. ઉપવાસ કરીને મરી જાય છે. એ જ. શ્રી પ્રમથેશ રુદ્ર."

કાગળ પર ક્યાંય તિથિ-તારીખ કે ઠેકાણું નહોતું. પોસ્ટની છાપ પણ એવી અસ્પષ્ટ હતી કે કંઇ ઉકલતું નહોતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાધુચરણ

આળીશ વર્ષની ઉમરે સાધુચરણ જે દિવસે એકાએક ઘર છોડીને ચાલ્યો ગયો તે દિવસે ગામમાં સહુને મોઢે એક જ વાક્ય હતું, કે આવું કંઇક થશે એમ અમને લાગતું જ હતું. મનમાં આટલો વૈરાગ હોવા છતાં આજ સુધી એ કઇ રીતે ઘર માંડીને સંસારમાં રહી શક્યો એનું જ અમને આશ્ચર્ય છે. પણ એની સ્ત્રી સૌદામિનીને તો એ દિવસે ચારે બાજુ ગાઢ અંધકાર જ દેખાયો.

સૌદામિની ત્યારે અઠ્ઠાવીશ વર્ષની હતી. મોટા છોકરા નિમાઇને હમણાં જ તેર પૂરાં થઇ ચૌદમું વર્ષ બેઠું હતું. હજુ તો એ ભણતો હતો. આ સિવાય એનાથી નાની ત્રણ દીકરીઓ હતી. થોડીએક જમીન એની પાસે હતી ને એમાંથી વૈરાગી મનના સાધુચરણનું ઘર આપમેળે ચાલ્યા કરતું; પણ હવે તો એ યે લુંટાઈ ગયું. કારણ જો ઘરનો એક માત્ર, કામકાજ કરી શકે તેવો પુરુષ એક શબ્દ પણ બોલ્યા વિના ઘર છોડીને ચાલ્યો જાય તો પછી ઘર કઈ રીતે ચાલે?

પાંચ વર્ષ સૌદામિનીએ આંસુભીની આંખે ખેંચી કાઢ્યાં.

પણ કુદરતનો એક અટળ નિયમ છે કે કાળ-સમય બધી વાતોને ભુલાવી દે છે. અસહ્ય લાગતું દુઃખ પણ સમય જતાં સહ્ય બની જાય છે. ઘરના એકના એક શક્તિશાળી પુરુષ રૂપી મુખ્ય ચક્ર તૂટતાં કુટુમ્બ રૂપી યંત્ર જે હવે કદી યે નહિ ચાલે તેમ લાગતું હતું, તે પણ હવે ફરી ચાલવા માંડ્યું હતું. સાધુચરણ જતાં એક જીવલેણ ઘા તો થયો જ હતો, છતાં એ તદ્દન ભાંગી તો નહોતું પડ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ધીરેધીરે સૌદામિનીનાં આંસુ પણ સુકાયાં. જમીનદાર સજ્જન માણસ હતો. સૌદામિનીની સ્થિતિ જોઇ થોડીક વધુ જમીન એણે એને આપી હતી અને વેરો પણ ઓછો કરી માત્ર નામનો રાખ્યો હતો. ગામ નાનકડું હોવા છતાં બેત્રણ પરમાર્થી માણસો પણ હતા જે તેના ખેતરની ભાળ લેતા, જેથી ખેડ કરનારા તેને અસહાય સ્ત્રી ગણીને તેનું બધું લૂંટી ન જાય. માથા પર જ્યારે કોઇ ભાર પડે છે ત્યારે જ ખબર પડે છે કે એ માન્યો હતો તેવો, ન વેઠી શકાય એવો નથી. સૌદામિની માટે પણ એમ જ બન્યું. ધીરેધીરે એ પોતે જ પોતાનું કામકાજ સંભાળતી થઇ ગઇ ને નિમાઈ પણ મોટો થવા લાગ્યો.

વખત જતાં સાધુચરણના ઘરમાં એનું ખાલી થએલું સ્થાન ભરાવા લાગ્યું. એની મોટી દીકરી સાવિત્રીનું વેવિશાળ જે દિવસે નક્કી થયું, તે દિવસે સૌદામિની સાધુચરણ ગયો તે દિવસની જેમ રડી હતી. પણ વધુ વખત રડવાની ફુરસદ જ ક્યાં હતી? આંખો લૂછી એને તો હવે સાવિત્રીના લગ્નની તૈયારી કરવાની હતી.

સાધારણ ઘર અને સાધારણ વર સાથે થનાર એ લગ્ન હતાં; છતાં પહેલી જ દીકરીનાં લગ્ન, એટલે થઇ શકે તેટલી સારી તૈયારીઓ કરવાની હતી. ગામમુખી હારૂ મુખુજ્જેએ જોવાજાણવા છતાં કહ્યું હતું: 'ભલેને સ્ત્રી રહી, છતાં હિંમતવાન તો ખરી જ.' આમ કહી ગામના ખાસખાસ માણસો સાથે ખાનગી વાતચિતમાં આ વિષે તો કહેતા કે 'સાધુચરણની સ્ત્રીએ તદ્દન નિઃસહાય હોવા છતાં આટલી બધી તૈયારી કઇ રીતે કરી ભલા?'

લગ્નને દિવસે સવારે સવાલ ઊભો થયો કે વરને અને જાનૈયાઓને ઉતારો ક્યાં આપવો? બેઠકખાનાવાળો ઓરડો તો સાધુચરણના ગુમ થયા બાદ બંધ જ રહેતો હતો. સૌદામિનીએ ત્યાં તાળું દઇ રાખ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતું. તે ઓરડાનો ઉપયોગ એ કોઇને યે કરવા દેતી ન હતી. જાણે એના મનમાં આશા હતી કે સાધુચરણ કયારેક પણ પાછો આવશે અને ત્યારે એ જ એના આ ઓરડાનો ઉપયોગ કરશે. આજે એક ઊંડો નિસાસો મૂકી એની ચાવી બહાર કાઢીને એણે કહ્યું: 'આ ઓરડામાં જ વરને અને જાનૈયાઓને જાનીવાસો આપીએ, નિમાઇ! આ એમનો ખાસ ઓરડો હતો. દિવસ આખો એ અહીં બેસી શાસ્ત્ર પુરાણ પોથી વાંચતા. આ ઓરડો જ દીકરી-જમાઇને બેસવા-ઊઠવા રાખીએ. પ્રભુ એમનું ભલું કરશે.' આટલું બોલી એણે એની આંખોમાં આવેલાં આંસુ લૂછ્યાં.

ગમે તેમ પણ દીકરીનાં લગ્ન નિર્વિઘ્ને ઉકલી ગયાં ને ત્યાર બાદ સાધુચરણના ખાસ ઓરડાને તાળું ન વસાયું. નિમાઇ હવે મોટો થયો હતો. અઢાર-ઓગણીસની એની ઉમર હતી. એ ઓરડો એ જ વાપરવા લાગ્યો. સાંજ પછી બેચાર મિત્રો આવતા એમની સાથે એ ત્યાં ગામગપાટા હાંકતો અને છૂપી રીતે બે-ચાર બીડી યે ફૂંકી લેતો.

અમાઉ નિમાઇ ઘોષને ઘેર ગામ-ગપાટા હાંકવા જતો. ત્યાં એને મિત્રો મળી રહેતા. હવે એ પોતાને ઘેર બેઠકખાનાવાળા ઓરડામાં બેસવા લાગ્યો છે, એ જોઇ સૌદામિની ત્યાં તાળું દેવાની વાત ઉચ્ચારી નહોતી શકી. ગમે તેમ તો ય નિમાઇ હવે એ ઘરનો કર્તાહર્તા પુરુષ હતો. બહારની બાજુએ એક ઓરડો ન હોય તો એને અગવડ પડે. એ ઉપરાંત હવે જમાઈ છે, એ પણ ઘરમાં અવાર-નવાર આવે છે. આગળની બાજુ એકાદ ઓરડો પણ ન હોય એ કેમ ચાલે?

અને એથી આગળનો જે ઓરડો આજ સુધી સાધુચરણની શોકસ્મૃતિરૂપે તાજમહાલ થઇને પડ્યો હતો તે હવે રોજ-બ-રોજના ઘર-ઉપયોગનો બેઠકગૃહ જેવો બની ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિમાઈ બુદ્ધિશાળી છોકરો હતો. વીસ જ વર્ષની ઉમર છતાં એની જવાબદારીનું એને પૂરેપૂરું ભાન હતું. ને માત્ર એટલું જ નહિ પણ પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી જમીન પણ એ વધારી રહ્યો હતો. એકવીસ વર્ષની ઉમરે સૌદામિનીએ એનું વેવિશાળ પણ કરી નાખ્યું.

અને નિમાઇના લગ્નને દિવસે પણ સૌદામિનીની આંખમાં સાધુચરણના ગૃહત્યાગની સ્મૃતિએ આંસુ ઉભરાયાં હતાં. પણ વધુ આંસુ પાડવાનું એને યોગ્ય ન લાગ્યું. એથી છોકરાનું અહિત થાય તો? ને એક ધીમો નિઃશ્વાસ મૂકી એ મનમાં ને મનમાં બોલી: 'નસીબ! જેનું આ ઘર, જેનો આ સંસાર, એ જ આ ભોગવી ન શકયા—!'

ને દીકરાના લગ્ન પછી તો સૌદામિની ધર્મ-કર્મ તરફ જ જાણે વળી ગઈ. પૂજારી પાસે કંઇક બાધા-આખડી એણે લીધી. સાધુચરણ ચાલ્યા ગયા બાદ એણે સેંથામાં સિન્દૂર પૂરવો બંધ નહોતો કર્યો, છતાં મિષ્ટાન્ન ને માંસાહાર એણે ત્યજ્યાં હતાં. સાદો ને સાત્ત્વિક ખોરાક જ ને એ પણ બહુ જ થોડા પ્રમાણમાં તે લેતી ને બધી જ રીતે એક બ્રહ્મચારિણી જેવું કઠોર નિયમનવાળું જીવન ગાળતી. વહુને માથે બધી યે ઘર-વ્યવસ્થા નાખી હવે એ જપ-તપ તરફ વળી હતી. દીકરો કોઇ દિવસ પરાયો બની જશે એ વિચાર જ એને નહોતો આવતો. અને એથી ઘરનો બધો યે કાર્યભાર વહુના હાથમાં સોપતાં એ જરા યે ખચકાઇ નહોતી.

એ પછી બીજાં યે બે-ત્રણ વરસ વીતી ગયાં.

સાધુચરણને ઘર છોડયે—સંન્યસ્ત લીધે અગિયાર વર્ષ વીતી ગયાં. બાર વર્ષ સુધી પતિનો પત્તો ન લાગતાં નિયમ મુજબ ઘાસના પૂતળાને અગ્નિ-સંસ્કાર કરી રીતસરનું વૈધવ્ય પાળવું પડે છે. પૂજારીની સાથે આ બધા વિધિ-વિધાન વિષે વાતો કરવી સૌદામિનીએ શરુ કરી હતી. એવે સમયે, એક દિવસ અચાનક એકાએક સાધુચરણ ઘેર પાછો ફર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

કારતક મહિનાનું પ્રભાત ફૂટતું હતું. ઘાસ અને વૃક્ષોનાં પાંદડાં ઉપરનાં ઝાકળબિન્દુઓ હજુ સુકાયાં યે નહોતાં. નાની પુંટુ આંગણું વાળતી હતી. એવે સમયે એક સંન્યાસી ત્યાં આવીને ઉભો રહ્યો અને પુંટુનું મોં નિહાળીનિહાળીને જોયા બાદ એણે પૂછયું : 'તું તો પુંટુ ને?'

પુંટુએ ચમકીને એના તરફ જોયું. સંન્યાસીના શરીર ઉપર હતું એક મેલું ફાટેલું ભગવું, માથે રુક્ષ વાળ, કાળા-ધોળા વાળવાળી વધી ગયેલી દાઢી અને મોં પર એક કરુણ હાસ્ય. એને જોઇને પુંટુએ હાથ નમાવતાં જરા અચકાતાં પૂછયું : 'તમે કોણ?'

ને સંન્યાસીએ એક ઊંડો શ્વાસ મૂકી કહ્યું: 'હું તારો બાપ છું, બેટા!'

સાધુચરણ જ્યારે વૈરાગી બની ઘર છોડી ચાલ્યા ગયા ત્યારે પુંટુ માત્ર દોઢ જ વર્ષની હતી, પણ બા સાથેની વાતોમાં પિતાની બધી વાત એણે જાણી લીધી હતી. થોડી વાર સુધી આંખો ફાડીને સાધુચરણ તરફ જોઈ રહ્યા બાદ એ મોટેથી બૂમો પાડતી અંદર ગઈ : 'ઓ બા, ઓ બહેન, જો તો ખરી, કોણ આવ્યું?—બાપુ-બાપુ-બાપુ આવ્યા છે, બા!'

ને પળવારમાં તો ઘરમાં હોહા થઈ ગઈ. સૌદામિનીએ દોડીને બહાર આવી પતિને જોયા ને એને પગે બાઝી એ મોટેથી રડી પડી : 'ઓહો, આટલા દિવસો પછી યે તમે આવ્યા—'

સાધુચરણની આંખમાં પણ આંસુ છલકાયાં. એ બોલ્યા: 'હા, લક્ષ્મી! હું આવ્યો છું, ઊભી થા હવે.'

છતાં સૌદામિની પગ પકડીને બેહાંબેહાં જ બોલી : 'બોલો, હવે ચાલ્યા તો નહિ જાવ ને?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ના, હવે નહિ ચાલ્યો જાઉં. ઘર છોડીને ચાલ્યો ગયો એ મારી ભૂલ હતી, લક્ષ્મી! જે શોધવા ગયો હતો તે ન મળ્યું; હવે ઘેર જ રહીશ.'

અને જોતજોતાંમાં તો ગામ આખામાં સાધુચરણ પાછા આવ્યાની વાત પ્રસરી ગઈ. મોટેરાઓ સાધુચરણને આશીર્વાદ આપવા અને મળવા-હળવા આવવા લાગ્યા. હારૂ મુખુજ્જેએ આવીને કહ્યું: 'સાધુચરણ, તું પાછો આવ્યો એ ફક્ત તારી વહુ અને દીકરા-દીકરીનાં પુણ્યે. સંન્યાસી થવું શું રમત વાત છે બાપા! એમાં તો વડવાઓનાં પુણ્ય જોઇએ પુણ્ય. આ જોને, મને જ અડસઠ વર્ષ થયાં છતાં હજુ યે કુટુમ્બજાળમાં ફસાએલો છુંને! પ્રયત્ન કર્યે શું હું સંન્યાસી ન બની શકત? આ હજુ પેલે જ દિવસે જમીનદાર બાબુને કહ્યું હતું કે રાધા-ગોવિન્દના મંદિરનો પૂજારી બનાવી દો, ને જુઓ કુટુંબ છોડી શકું છું કે નહિ? ભલેને મારે ઘેર ત્રીજી વારની રહી! એમાં શો વાંધો છે? પણ જવા દે એ વાત. તું હવે પાછો ફર્યો છે તો ઘર-છોકરાંમાં જીવ પરોવીને રહેજે ને અમારી આંખો ઠારજે, ભાઈ.' એ વખતે હાજર રહેલા નાનામોટા સહુએ મુખુજ્જે મહાશયની આ સદિચ્છાને ટેકો આપ્યો હતો.

નિમાઇ ખેતરની ભાળ લેવા વહેલો—ખૂબ વહેલો ઘેરથી નીકળી ગયો હતો. ખેતરે પિતા પાછા ફર્યાની વાત સાંભળી તુરત એ ઘેર પાછો આવ્યો. જટાજૂટધારી પિતાને જોઈ પળવાર તો એ થંભી જ ગયો; પણ પછી સંકોચાતાંસંકોચાતાં એણે પિતાને પ્રણામ કર્યા ને સાધુચરણે એને છાતી સરસો ચાંપ્યો.

ત્યાર બાદ કેટલા યે દિવસ સુધી સાધુચરણને ઘેર જાણે ઉત્સવ ચાલતો રહ્યો. એના પાછા ફર્યાની વાત ચારે બાજુ ફેલાયા બાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજુબાજુનાં ગામડાંઓમાંથી ઓળખીતા ને અણઓળખીતા કેટલા યે એને જોવા-મળવા આવવા લાગ્યા. આ અગિયાર વર્ષોમાં એ ક્યાં-ક્યાં ફર્યા, શું શું જોયું ને કેમ પાછા ફર્યા વગેરે અનેક પ્રશ્નો એ લોકો કરતા અને સાધુચરણ એ સમય દરમિયાન પોતે ક્યાંક્યાં ફર્યા, સાધુ-યોગીઓની મુલાકાતો ને એની પાછળ કેવાંકેવાં રહસ્યો જોયાં વગેરે વાતો રસપૂર્વક કહેતા. બેઠકખાનું ખીચોખીચ ભરાઇ રહેતું ને લોકો યે એની વાત રસપૂર્વક સાંભળતા. એ સમયે રાતદિવસ વધારે ભાગનો સમય સાધુચરણ લોકોથી ઘેરાએલા જ રહી એમના સાધુ-જીવનની વાતો સંભળાવતા રહેતા અને ઘરમાં પણ સહુને આનંદનો પાર નહોતો. ગામની સ્ત્રીઓ ટોળાંબંધ આવતી. સૌદામિનીની આંખ-માં ક્યારેક આંસુ તો ક્યારેક હાસ્ય દેખાતાં. જપ-તપ પણ હવે તો લગભગ બંધ જ હતાં. પરણેલી દીકરી સાવિત્રી ખબર મળતાં જ બાપને મળવા આવી હતી ને બે નાની દીકરીઓ કાલી અને પુંટુ વારંવાર બહારના ઓરડામાં આવી બાપુને જોઈ જતી. ખાસ કરીને નાની પુંટુનાં આહ્લાદ અને ગર્વ સમાતાં નહોતાં. કારણ એણે જ સહુ પહેલાં પિતાને જોયા હતા.

અને એક કલ્પનાતીત ઉત્તેજના અને વિચિત્રતાના અનુભવમાં એક અઠવાડિયું—સાત દિવસ વીતી ગયાનું કોઇને ભાન પણ ન રહ્યું.

ત્યાર બાદ ધીરેધીરે જેમજેમ નવીનતા ઓસરવા લાગી તેમતેમ સ્વાભાવિક જીવન જીવવાનો પ્રયત્ન થયો. બહારનો ઓરડો સાધુચરણે પોતાના ઉપયોગ માટે રાખી લીધો હતો, પણ ઘરનાં સહુની સાથે એનાથી ગાઢતા સાધી ન શકાઇ. લાંબા સમય સુધી ઘર બહાર રખડતાં, પ્રવાસીની જેમ રહેતાં, એને જે ટેવ પડી ગઈ હતી તે એણે પોતા પૂરતી જ પરિમિત રાખી હતી. સંન્યાસીજીવન-માં બીજી કોઇ આધ્યાત્મિક ઉન્નતિ હોય કે ન હોય, પણ એક જાતની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાવલંબી વૃત્તિ—સાદાઇ ને વિલાસવિમુખતા તો જન્મે જ છે. ને સાધુ-ચરણમાં પણ એ આવી હતી. અને એથી એના પાછા ફરવાથી કુટુંબમાં એક જણ વધવા છતાં જવાબદારી કે અગવડ જરા યે વધી નહોતી.

ને આ રીતે કારતક આખો વીતી ગયો.

માગશરના શરૂઆતના દિવસો હતા. એક દિવસે સંધ્યા પછી તુળસી માટે દીવો પ્રગટાવી સૌદામિનીએ નાની દીકરીને કહ્યું: 'પુંડુ, બહાર જોઈ આવ તો, કોઇ બેઠું છે કે નહિ?'

પુંડુ એ વખતે બહારથી જ આવતી હતી. એણે જવાબ આપ્યો: 'ના, બા, કોઈ નથી. બાપુ એકલા જ બેઠા છે.'

ને સૌદામિની તુળસી-ક્યારે દીવો મૂકી, વહુને રાંધણિયાનું કામ-કાજ સોંપી ધીરેકથી બહાર નીકળી ગઇ. સાધુચરણ સાથે એકાંતમાં મળવાનું એને ભાગ્યે જ બની શકતું, કારણ સાંજને ટાણે ત્યાં એક-બે જણ તો બહારના આવ્યા જ હોય. આજે નિરાંત મળતાં સૌદામિની તુરત પતિના ઓરડામાં આવી. એરંડિયાનો દીવો ત્યાં બળતો હતો. એક જાડો ધાબળો વીંટી સાધુચરણ બેઠા હતા. સૌદામિનીને ઓર-ડામાં આવતી જોઇ જરા સરખા બેસતાં એ બોલ્યા: 'આવ લક્ષ્મી.'

સૌદામિની જાજમને છેડે બેસતાં બોલી: 'નીચે જીવે તમારી પાસે બે ઘડી બેસવાનું યે નથી થતું. હમણાં જાણે કો'ક આવી ઊભશે એમ જ લાગ્યા કરે છે.'

અન્યમનસ્ક ભાવે બહારની બાજુએ જોતાંજોતાં જ સાધુચરણ બોલ્યા: 'હવે તે કોણ આવતું'તું! હં, નિમાઇ સાંજે દેખાયો નહિ! ક્યાં ય બહાર જાય છે શું?'

'દિવસ આખાનો થાકયોપાકયો હોય એટલે સાંજ પછી મિત્રો સાથે વાર્તાલાપ કરવા જાય છે. પહેલાં તો આ ઓરડામાં જ...' બોલી સૌદામિની અટકી ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મેં આવીને એની જગ્યા ખૂંચવી લીધી ને?' સાધુચરણ સહેજ હસીને બોલ્યા.

સૌદામિની જીભ કચરતાં બોલી: 'એ શું બોલ્યા?' ને પછી ઝટપટ બોલી: 'કેમ, નિમાઈનું કંઇ કામ છે?'

'ના, ના, ખાસ કામ તો કાંઈ નથી; પણ મને એમ કે સાંજ-ના મારી પાસે આવીને બેસે, ને બે ઘડી ધરમની વાતો સાંભળે તો સારું, બીજું શું?'

પિતાની પાસે બેસીને પુત્ર ધર્મોપદેશ સાંભળે એથી વધુ આનંદ-ની વાત બીજી કઇ હોય? છતાં સૌદામિનીને હૈયે ફાળ પડી. જરા વાર ચૂપ રહી એ બોલી: 'એ તો હજુ છોકરું છે. આનન્દ, આહ્લાદ-ની એની ઉમર રહી. ને ધરમની વાતમાં એ સમજે પણ શું? એના કરતાં મને જ એક-બે ધરમની વાત સંભળાવો ને? ગામ-પરગામના અનેક માણસો તમને સાંભળી ગયા; નથી સાંભળી શકી એક હું જ.'

'સારું, બોલ, શું સાંભળવું છે?' સાધુચરણ પ્રસન્ન સૂરે બોલ્યા.

સૌદામિનીએ ખાસ કંઈ જ સાંભળ્યું નહોતું. એણે શરુથી બધી જ વાત સાંભળવા માગી. સાધુચરણે ધીરેધીરે કહેવું શરુ કર્યું. ઘર છોડ્યા પછી ક્યાંક્યાં ગયા, પહાડ, પર્વતો અને જંગલોમાં કેવા-કેવા મહાપુરુષોનાં દર્શન થયાં, ક્યારે કયા તીર્થે સ્નાન કર્યું વગેરે ઘણી યે વાતો કરી, અને ઉમર વધવાની સાથોસાથ કષ્ટસહનની શક્તિ કેમ કરીને ધીરેધીરે ઘટતી ગઇ એ પણ એણે છુપાવ્યું નહિ. એક વાર તબિયત બગડતાં એની કેવી ખરાબ સ્થિતિ થઇ હતી એનું વિગતવાર વર્ણન કરી આખરે એ બોલ્યા 'કે ત્યારે જ હું સમજી શક્યો, કે ઘર છોડીને ચાલી નીકળવામાં મેં ભૂલ કરી હતી. સદ્‌ગુરુનાં દર્શન તો ન થયાં, પણ એ ઉપરાંત જિંદગીના આખર સુધીના દિવસો પર્યંત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઇના યે ટેકા વિના જ્યાંત્યાં ફરતાં-ભટકતાં રહેવા જેવું વૈરાગ્યનું જોર પણ મારું રહ્યું નહોતું. એથી આખરે તમારા સહુની પાસે પાછો આવી ગયો, લક્ષ્મી! વિચાર કર્યો, જે કંઇ આરાધના-સાધના ઘેર બેઠાં થઈ શકશે એ જ કરીશ.'

'ભગવાનની દયા અપાર છે.' એક ઊંડો નિઃસાસો મૂકી સૌદામિની બોલી. થોડી વાર સુધી બેઉ મૂગાં રહ્યાં. એ પછી સૌદામિની ધીમેધીમે બોલવા લાગી: 'હું કહેતી હતી કે ભગવાનની દયાથી જ્યારે હવે ઘેર પાછા ફર્યા છો ત્યારે હવે આ કામળી લાકડી મૂકીને અગાઉની માફક...'

'ના, લક્ષ્મી! એ વાત જ ન કરતી. આટલા દિવસ પછી એક તો એ હું કરી જ નહિ શકું ને વળી હવે તો એ ટેવ જ જાણે છૂટી ગઈ છે.'ને પળવાર મૂગા રહી એ બોલ્યા: 'હું આ બહારના ઓરડામાં પડ્યો રહીશ ને બે વાર ખાઇશ. એથી વધુ હું સંસાર તરફ ન ખેંચાઉ તો બસ. માનજો કે તમારે આંગણે એક મહેમાન છે.' આટલું બોલી એ સહેજ હસ્યો.

પણ સૌદામિની ચૂપ ન રહી શકી. એ બોલી: 'આ તમે શું બોલો છો? તમે જ તો બધું છો. જો આગળની જેમ તમે બધી દેખરેખ રાખો તો છોકરાને કેટલી હિંમત રહે? ગમે તેમ તો ય એ બાળક જ ને?'

'ના, લક્ષ્મી! આ ઉમરે હવે એ બધું શકય નથી. ઘરવ્યવહારનાં કામ સંભાળવાં એ મારી શક્તિ બહારનું છે. મારું એ કામ નહિ. તું તો જાણે છે કે આ બાબતમાં હું પહેલેથી જ કેવો નક્કામો માણસ છું. એટલે મારા કરતાં નિમાઇ જે રીતે કામ કરે છે એ રીતે જ ચાલવા દે. જોઉં છું કે કામકાજમાં એનું ધ્યાન સારું છે.'

ને સંતોષનો એક શ્વાસ લઈ સૌદામિની બોલી: 'એ સાચું છે. આ છેલ્લાં કેટલાંક વરસથી બધું એ જ સંભાળે છે અને આ વરસોમાં જ...'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ જ વખતે બહાર કંઇ પગરવ જણાયો. સૌદામિનીએ જોયું તો હારાન દત્ત દેખાયો. હારાન તદ્દન નક્કામો માણસ હતો. બીજાને ડુલે જઇ અડ્ડો જમાવવો એ જ એનું કામ હતું. સૌદામિનીએ જરા કંટાળીને ઊઠતાં કહ્યું: 'વાળુ તૈયાર થઇ ગયું છે. પુંડુ સાથે કહેવડાવું છું. મોડું ન કરતા હોં!'

'સારું.'

'કોણ, હારાન? આવ ભાઇ, આવ.'

'આવ્યો ભાઇ, જમીનદારને ઘેર ગયો હતો ત્યાં સાંભળ્યું કે—'

ત્યાં તો સૌદામિની અંદર આવી.

૩

શનિવારે નિમાઇ શહેરમાં ગયો હતો. લગભગ એક વાગે પાછા ફરી નાહીધોઇને જમવા બેઠો ત્યારે સૌદામિનીએ એના તરફ જોઇને પુછ્યું: 'શું થયું છે બેટા?'

કોળિયો મોંમાં મૂકતાં નિમાઇએ જવાબ આપ્યો: 'કાલે એ લોકો કન્યા જોવા આવશે.'

'પણ છોકરો તને કેમ લાગ્યો? કાલી સાથે મેળ મળશે ને?' આતુરતાથી સૌદામિનીએ પૂછ્યું.

'જોડી સરસ લાગશે. છોકરો જરાક નબળો છે, પણ એનો કંઇ વાંધો નહિ.'

'ઉમર કેટલી છે?'

'હશે, ઓગણીસ-વીસ. હજુ હમણાં જ નોકરીએ ચડ્યો છે. પાકું નથી થયું, પણ થઇ જશે. એનો બનેવી ડેપ્યુટી પોસ્ટમાસ્તર છે ને એણે જ મહેનત કરીને ગોઠવી દીધો છે. સાંભળ્યું છે કે હવે તુરતમાં જ પાકું થઈ જશે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌદામિની રાજી થઇનેબોલી:'હં...પણ છોકરાના બાપ હયાત નથી?'

'ના, બાપ નથી; મા હયાત છે. બે મોટા ભાઈ છે ને કાપડની નાની એવી દુકાન ચલાવે છે. ત્રણ ભાઇ, સંયુક્ત કુટુંબ ને સ્થિતિ પણ સારી. આ છોકરો જ કુટુંબમાં ભણેલોગણેલો મૅટ્રિક થએલો છે.'

સૌદામિની સંતોષ પામી બોલી : 'બહુ સરસ થશે, એક દીકરી નોકરિયાતને ઘેર જાય તો એમાં શું ખોટું? શહેરમાં યે આપણું એક સગું થશેને? હા, પણ તને શું લાગે છે? પૈસા બહુ તો નહિ આપવા પડે ને?'

'હજુ તો લેવાદેવાની કંઇ વાત જ નથી થઇ; પણ એ તો જોયું જશે પછીથી.'

'હા, એ તો પછીની વાત છે. પહેલાં તો છોકરી જોઇને હા ભણે એટલે બસ. ને કાલીમાં ન ગમે એવું છે પણ શું?'

બીજી યે કેટલીક ઘર-વ્યવહારની વાતો થયા પછી જમીને ઊઠતી વખતે નિમાઇ બોલ્યો : 'મા, એક ખરાબ ખબર છે.'

શંકિત ચિત્તે સૌદામિની બોલી : 'શું ભાઇ?'

નિમાઈ ધીરેથી બોલ્યો : 'રાધાગોવિંદના મંદિર માટે જમીનદાર બાબુ એક સારા પૂજારીની શોધમાં છે. મારા બાપાની વાત મેં એમને કરેલી. એક રીતે નક્કી પણ થઇ ગયું હતું, પણ એક જણે વચ્ચે પાણો નાખ્યો.'

સૌદામિની કંઇ જ જાણતી નહોતી. નિમાઇએ વાત એટલી ઢાંકી હતી કે માને પણ એણે કાંઇ કહ્યું નહોતું; છતાં આંખના પલકારા માત્રમાં બધી વાત સમજી જઇ સૌદામિનીએ પૂછ્યું : 'ને પછી?'

'ને પછી શું? એ ફરી ગયો. એ પાણો કોણે નાખ્યો એ જાણે છે? પેલા ઈર્ષાળુ બુઢ્ઢા હારૂ મુખુજ્જેએ! એને પોતાને એ નોકરી જોઇતી હતી ને, એટલે.' આટલું બોલી નિમાઇએ ક્રોધથી મોં બગાડયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌદામિનીએ હોઠ ભીંસીને થોડી વાર માથું હલાવ્યું. ગામડા-ગામમાં કોણ કઇ જાતનું માણસ છે તે સહુ જાણતા હોય છે ને એકબીજાને કાકા, બાપા, મામા, મોટાભાઇ કહી માત્ર મોઢાની જ આત્મીયતામાં જીવન વિતાવી દે છે; અને એમાં પોતાનું કપટીપણું છુપાવતાં રજ માત્ર શરમાતા નથી. સૌદામિનીએ પૂછ્યું : 'શું કહ્યું છે એ મુખુજ્જે કાકાએ?'

'એ સાંભળીને શું કરવું છે? એ કુટિલ બુઢ્ઢો રાજી થવાને બદલે જૂઠાણું ફેલાવે છે.' આસન પરથી ઊઠતાં નિમાઇ બોલ્યો.

'છતાં શું કહ્યું છે એણે, એ તો કહે?

'સાંભળવું છે? એ કહેતો હતો કે મારા બાપુ ગંજેડી છે; ગાંજો પીએ છે.'

સૌદામિની ઊઠીને ઊભી થઇ ગઇ અને તીણા સાદે બોલી : 'શું કહે છે?'

'કહેતો હતો કે રોજ રાત્રે બાપા હારાન સાથે બેસીને ગાંજો પીએ છે. બીજું યે કોણ જાણે કેટલું બોલ્યો હશે. આટલો બધો જુઠ્ઠો હશે આ બુઢ્ઢો—'

અને લાલચોળ બનેલ મોંએ સૌદામિની બોલી : 'કેવી નાને મોઢે મોટી વાત? મુખુજ્જે કાકો છાતીએ હાથ મૂકીને બોલે તો ખરો! એના દીકરાની દીકરીને એનો વર કેમ તેડતો નથી એ કોણ નથી જાણતું?'...આટલું બોલી છોકરા પાસે આવી એ ક્રોધપૂર્વક ધીમેધીમે મુખુજ્જેની પૌત્રીના જીવનની ગુપ્ત વાતોનું વર્ણન કરવા લાગી. નિમાઇએ એંઠા હાથે જ ઊભા રહી આ પરમરસિક વાત સાંભળી ને પછી એ બોલ્યો : 'હં! એ બુઢ્ઢાને હું નહિ છોડું, મા! પણ હમણાં ગરબડ કરવામાં ફાયદો નથી. કાલીનાં લગ્ન નિર્વિઘ્ને પતી જવા દો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તું ચિન્તા ન કરીશ, મા! કોઈ નહિ ને કોઇ દિવસે એ બુઢ્ઢો મારા લાગમાં આવશે જ, ને ત્યારે—'બોલી નિમાઇ ઓશરીમાં મોં ધોવા ગયો. બાપને ગાંજાખોર કહેવાથી એને જે ગુસ્સો થયો હતો એમાં આવી સારી નોકરી ગુમાવી દેવાનું બનતાં બળતામાં ઘી હોમાયું હતું.

બીજે દિવસે બપોરે શહેરમાંથી કાલીને જોવા લોકો આવ્યા. મુરતિયો અને એના બે મિત્રો આવ્યા હતા. કન્યા દેખાડવામાં આવી. કાલી છોકરી સારી હતી. ઉમર પંદર વર્ષ, કાઠું મજબૂત. છોકરી જોઈ મુરતિયાએ એના મિત્રોના કાનમાં કંઈ કહ્યું ને મિત્રોએ હસતાંહસતાં જણાવ્યું: 'કન્યા સારી છે, અમને ગમી છે.—'

આ વખતે સાધુચરણ ત્યાં હાજર હતા. મુરતિયાને સારી પેઠે જોયા બાદ ત્રણચાર પ્રશ્નો એમણે પૂછ્યા ને મુરતિયાએ મિત્રો તરફ જરાક સ્મિત કરીને જવાબો આપ્યા. આ સાધુ એ જ એનો ભાવી સસરો છે એમ કોઇ જાણતું નહોતું.

ચા-પાણી પૂરાં થયા પછી મુરતિયા અને એના મિત્રોએ ફરીથી કન્યા તેમને પસંદ પડી છે, તેઓ સંતોષ પામ્યા છે એમ જણાવ્યું ને એ લોકો ગયા. ઘરમાં સહુનાં મોં પર સંતોષ હતો. સૌદામિનીએ પણ એક બાજુ ઊભા રહીને મુરતિયાને જોયો હતો ને એને યે એ ગમ્યો હતો. છોકરો જરાક નબળો કહેવાય, પણ ચપળ ખૂબ. શહેરનો છોકરો ખરો ને? વાતચીતમાં તેજસ્વી લાગતો હતો.

સાંજટાણે સાધુચરણે નિમાઇને પોતાના ઓરડામાં બોલાવ્યો. થોડી વાર સુધી બંને વચ્ચે વાતો થઇ ને પછી નિમાઇએ ક્ષુબ્ધ ચહેરે ઘરમાં જઈ સૌદામિનીને કહ્યું: 'મા, મારા બાપુને એ છોકરો નથી ગમતો; સંબંધ જોડવાની ના પાડે છે.'

એ વેળા સૌદામિની શાક સમારતી હતી. આ વાત સાંભળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે પડતું મૂકી એ નિમાઈ પાસે આવી ઉભી ને બોલી: 'શું થયું? શા માટે ના પાડે છે?'

'છોકરાની આંખ જરાક ત્રાંસી છે ને, તેથી!'

'શું આંખ ત્રાંસી છે? મેં તો એવું કાંઇ જોયું નહિ.'

'આંખમાં જરાક ફેર હશે, પણ એથી કંઈ એ ત્રાંસી ન કહેવાય. અને જો એવી ખામીઓ જોવા જઈએ તો ગામ આખું ખોડખાંપણવાળું દેખાશે. એવો તે દેવ-પુત્ર ક્યાંથી મળવાનો હતો!' આટલું બોલી હતાશ થઇ હાથ કપાળે દઇ એ ચાલ્યો ગયો.

સાધુચરણ પાછા ફર્યા પછી જે વસ્તુ ધીમેધીમે આ કુટુમ્બમાં અંદર ને અંદર પોષાઇ રહી હતી, એ બુદ્ધિમાન સૌદામિનીએ આટલા દિવસ પરાણેપરાણે આંખથી અળગી રાખી હતી. જે માણસના ચાલ્યા જતાં એક દિવસ આ કુટુંબ ભાંગી પડયું હતું તેના પાછા ફરતાં એક નવી જ સમસ્યા ઊભી થશે એમ કોઇએ નહોતું માન્યું. પણ જ્યારે ધીમેધીમે કરીને એ જ દેખાતું થયું ત્યારથી સૌદામિની મનમાં ને મનમાં શંકિત રહેવા લાગી. આજે એના એકસુરીલા સંસારને છિન્નભિન્ન થતો જોઇ એનાથી સ્થિર ન રહેવાયું. હાથ ઘોઈ એ પતિના ઓરડા તરફ ગઇ.

ઓરડામાં પ્રવેશી એણે શાન્ત સ્વરે પૂછયું: 'કેમ, છોકરો પસંદ ન પડયો?'

સાધુચરણ ધાબળા પર અર્ધસૂતા બેઠા હતા. ધીરેધીરે ઊઠીને સરખા બેસતાં એ બોલ્યા: 'તને કેમ લાગ્યો?'

સૌદામિની પોતાનો મત પ્રગટ કરવા નહોતી આવી. અધીર બની એણે પૂછયું: 'મને કેમ લાગ્યો, પસંદ પડયો કે ન પડયો, એ શું કામનું? હું તો બાઇ માણસ, પણ તમને કેમ ન ગમ્યો?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'બીજું તો કંઇ નહિ, પણ એની આંખ જરાક ત્રાંસી છે.' જરા મૂગા રહી સાધુચરણે જવાબ આપ્યો.

'હું શું જાણું, બાપુ! મેં તો કંઇ જ જોયું નથી; પણ કદાચ જરાક એવું હોય તો યે એમાં શો વાંધો છે? બીજી બધી રીતે તો સારો છે ને?' સૌદામિની બોલી.

'કાલીને અણગમતું નથી ને?' સાધુચરણે પૂછ્યું.

'એ વળી શું? કાલી કુળવાનની કન્યા છે. જે વર આપણે ગોતી દઈશું, એને પરણીને એ સંસાર માંડશે. ને ન ગમે એવું છે પણ શું આમાં? સારું ઘર છે, ભણેલ-ગણેલ વર છે. આંખ જરા જેટલી ત્રાંસી હોય એમાં શું? બાડો-બોબડો કે લૂલો-લંગડો તો નથી ને?

જરાક હસીને સાધુચરણ બોલ્યાઃ 'લૂલો-લંગડો કે હાથ-ભાંગલો હોય તો તો સારો, લક્ષ્મી! પણ આ મુરતિયાના હાથમાં દીકરીને મૂકતાં મારું મન માનતું નથી.'

'શા માટે?' સૌદામિનીના અવાજમાં એક અનિચ્છનીય તીખાશ આવી ગઇ.

સાધુચરણ થોડી વાર સુધી મૂગા રહ્યા. એ જાણે પોતાના વાંધાને વાણી આપવાનો પ્રયત્ન કરતા હતા. આખરે એ બોલ્યાઃ 'યોગ-સાધનાની વાતો તો તને નહિ સમજાવી શકું, પણ જે છોકરાની આંખ જ ત્રાંસી હોય, જેની દૃષ્ટિ ભ્રૂમધ્યે સ્થિર કરવાનો કોઇ ઉપાય જ ન હોય એને તો ભગવાને જ દંડ્યો જાણવો. એ માણસ કોઇ કાળે યે ધર્મ-કર્મ નહિ કરી શકે!'

સૌદામિની સ્તબ્ધ બની થોડી વાર જોઇ જ રહી. સાધુચરણના બોલવાનો અર્થ એ નહોતી કળી શકી એમ નહોતું, પણ ઓચિન્તો એને એક વિભ્રમ થયો. એને ઘડીભર એમ જ લાગ્યું કે એનો આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પતિ એનાથી સાવ અપરિચિત છે. મનની પણ ઓળખાણ એની સાથે ક્યાં ય થઈ હોય એમ એને ન લાગ્યું. અરે, એક દિવસ આ માણસ સાથે જ અતૂટ દામ્પત્ય-બંધનમાં બંધાઈ એણે જીવન ગાળેલું, એ પણ એને અસંભવિત લાગ્યું. અને એ વિભ્રમમાં જ અજાણપણે એનો એક હાથ માથા પર સાળુના છેડાને સ્પર્શ્યો.

'ધર્મના અધિકારથી જેને જાણ્યે કે અજાણ્યે પણ ખુદ ભગવાને જ વંચિત રાખ્યો છે એ મહા અનાચારી છે. જાણી જોઇને એવા માણસને જમાઈ કેમ કરાય? સમજી ને?' સાધુચરણ બોલ્યા.

પણ સૌદામિની કંઇ ન સમજી, સમજવાનો–દેખાવનો પ્રયત્ન પણ એણે ન કર્યો. તીણા દૃષ્ટિબાણે પતિને વીંધતાં એ બોલી: 'ના, નથી સમજી. હું તો રહી એક નાદાન સ્ત્રી; પણ ત્રાંસી આંખવાળો અનાચારી જ હોય એવું તો બાપજન્મારે યે નથી સાંભળ્યું. ત્યારે પછી એ ઠેકાણે દીકરી નથી દેવી ને? આવો મુરતિયો હાથમાંથી ચાલ્યો જશે!'

'બીજો શો ઉપાય?' સાધુચરણ બોલ્યા.

સૌદામિની પાછી ફરતાં દરવાજા પાસે જતાંજતાં બોલી: 'સારું, જેમ ઠીક લાગે તેમ કરો. સાવિત્રીના લગ્ન ટાણે તો આવું કંઇ જ ઊભું નહોતું થયું.'

સૌદામિનીએ ઉંબરો વટાવ્યો કે તુરત સાધુચરણે એને સાદ દીધો. સૌદામિની મોં ફેરવીને બોલી: 'શું કહેવું છે બોલો! હજુ મારે ઘણાં કામ બાકી છે.'

સાધુચરણ જરા ખિન્ન થઈ બોલ્યા: 'હું તો ભાઈ સંન્યાસી માણસ રહ્યો. દુનિયાદારીની વાત બહુ જાણું નહિ. મનમાં જેમ લાગ્યું એમ કહ્યું. તમને જો લાગતું હોય કે ત્યાં દીકરી દેવામાં સારું છે તો એમ કરો. આ બધી વાતોમાં તું અને નિમાઇ મારા કરતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધુ જાણો. તમારા કામમાં હું આડે આવવા નથી માગતો...' આટલું બોલી આંખો વીંચી એણે ધાબળા પર લંબાવ્યું.

સૌદામિની થોડી વાર ઊભી રહી ને પછી ઉદાસ ભાવે બોલી : 'પણ એમ તે કેમ થાય? ગમે તેમ તો ય તમે ઘર-કુટુમ્બના મોટા છો. તમારો હુકમ માનીને જ ચાલવું જોઇએને?' આટલું બોલી અસંતોષપૂર્ણ ગંભીર મોંએ એ ચાલી ગઇ.

૪

કેટલાક દિવસ વીતી ગયા. કાલીના વેવિશાળની વાતો ઉપર હમણાં તત્કાળ પૂરતો પડદો પડી ગયો હતો; છતાં બીજા નાનામોટા બનાવો દ્વારા કુટુમ્બમાં અસંતોષ અને મન-દુઃખ વધતાં જતાં હતાં. અને પરિણામે સાધુચરણની સાર-સંભાળમાં પણ થોડીઘણી ખામી આવવા લાગી.

ઘરમાં એક માત્ર પુંડુ જ પિતા પ્રત્યેનો પોતાનો પ્રેમ એવો ને એવો રાખી શકી હતી. એ બિચારું બાળક દુન્યવી સારાસારના જ્ઞાનથી અજાણ્યુ હોવાને અંગે જ નિરપેક્ષ રહી શક્યું હતું.

લગભગ અગિયાર વાગે પુંડુ બહારના ઓરડામાંથી અંદર આવી બોલી : 'બા, બાપુએ નાહી લીધું છે, ભાણું કાઢો!' ને એ રસોડાની ઓશરીમાં આસન પાથરવા લાગી.

ત્યાં સૌદામિની બોલી : 'આસન ઉપાડી લે પુંડુ, હજુ જમવાનું નથી થયું, વાર છે.'

'હજુ વાર છે?' પુંડુ મોં આગળ લાવીને બોલી : 'વાહ રે? બાપુ નાહી કરીને બેઠા રહેશે ને! તમને કચારનું યે નહોતું કહ્યું?'

સૌદામિની તાડકીને બોલી : 'બસ, જે કહું છું એ કર, સમજી ને? જા બરણીમાંથી બે પતાસાં ને એક પ્યાલો પાણીનો હમણાં દઇ આવ; જમવાનું થતાં વાર લાગશે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુંટુ ચિડાઇને બોલી : 'વાર શું કામ લાગશે! બાપાને માટે જરાક વહેલી રસોઇ ન થઇ શકે?'

'પુંટી!'

'સમજી, સમજી, ભાઇને ખેતરેથી આવતાં મોડું થાય છે એટલે જ રસોઇ મોડી થાય છે. જાણે ભાઈ જ બધું ને બાપા કંઈ જ નહિ.' ને એની ક્રોધે ભરાએલી આંખો આંસુએ છલકાઇ ગઈ.

અને વાત પણ સાચી હતી. કાપણીનો વખત હતો એટલે નિમાઇને પાછા ફરતાં રોજ મોડું થતું, ને થાકયાપાકયા આવીને એને ટાઢી રસોઇ ન ખાવી પડે એ વિચારે સૌદામિની રસોઈ મોડેથી શરુ કરાવતી. પુંટુના આવા સાચા જવાબે એ સળગી ઊઠી. પણ એ કંઇ કહે એ પહેલાં જ પુંટુ ગુસ્સામાં પગ પછાડતી ચાલી ગઈ અને સૌદામિની ગંભીર ચહેરે રસોડામાં ગઇ.

આ પછી થોડી જ વારે બહારથી કંઇક હો–હાનો ને રડવાનો અવાજ સંભળાયો. ને ઘરનાં સહુએ બહાર જઇને જોયું તો વિધુ હાજરા સાધુચરણના પગ પકડીને ડૂસકાં ભરતોભરતો રોતો હતો, અને સાથે બૂમ પાડીપાડીને જે બોલતો હતો, તેનો એક શબ્દ પણ ન સમજાતાં સાધુચરણ પગ છોડાવાની આશા મૂકી દઇને નિરુપાય થઈ નીચે બેઠા હતા. ઘરનો જૂનો નોકર ગણેશ સાધુચરણને મુશ્કેલીમાં જાણી દોડાદોડ ત્યાં આવ્યો, ને વિધુને દૂર કરી લઇ જતાં બોલ્યો : 'રડે છે શા માટે? વિધુ! જે કહેવું હોય તે સ્પષ્ટ રીતે માલિક બાબુને કહે.'

છતાં વિધુએ રડવાનું બંધ ન કર્યું. એની કાળી-ધોળી-ખીચડી દાઢીમાં થઇને વહેતાં આંસુ નીચે પડતાં હતાં. હવે એ જરા સંભળાય તેવા સાદે બોલ્યો : 'ગરીબના મોંનો કોળિયો, બાપા! આ દોઢ વીઘાં ધરતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પર જ અમ ગરીબનો ગુજારો છે, એ તો અમારો વરસ આખાનો આધાર છે, માબાપ! તમે સાધુ-સંન્યાસી માણસ છો એટલે તમારી પાસે દોડયો આવ્યો છું. તમે નહિ બચાવો તો કોઈ નહિ બચાવી શકે!'

સાધુચરણ આફતમાં હોય તેમ ચારે બાજુ નજર ફેરવીને બોલ્યા: 'શું થયું છે? મને તો કંઇ જ સમજાતું નથી!'

ખૂબખૂબ મહેનત અને સવાલ-જવાબો પછી બધી યે વાત વિધુ પાસેથી જાણી શકાઈ. નિમાઇના ખેતરની બાજુમાં જ વિધુનું ખેતર છે અને હર વખતની જેમ આ વખતે પણ વિધુએ તે ખેડીને મોલ નિપજાવ્યો હતો; પણ કાપણી કરવા ગયો ત્યારે જ એને ખબર પડી કે નિમાઇ બાબુ એનો મોલ લણી રહ્યા છે. વિધુએ વિરોધ કરતાં નિમાઇ બાબુએ કહ્યું કે એ જમીન એમણે લિલામમાં વેચાતી લીધી છે. વિધુની જમીન કાનાઇ મંડલ પાસે ગીરવી હતી તે ખરું હતું; પણ એણે કયારે એની ઉપર દાવો માંડયો અને કયારે અદાલતના જપ્તી-હુકમના આધારે આ જમીન એણે પોતાની કરી લીધી, એની વિધુને જરા યે ખબર નહોતી. એણે તો નચિંત મને ખેતર ખેડી વાવેતર કર્યું હતું. પણ હવે જ ખબર પડી કે વાવેતર થતા પહેલાં બહુ અગાઉથી જ એ જમીન નિમાઇની થઇ ચૂકી હતી ને આજે મોલ તૈયાર થયો છે એ જોઇને એ લોકો બળજબરીથી તે લણી રહ્યા છે.

બધી યે વાત પૂરેપૂરી જાણ્યા બાદ સાધુચરણ સ્તબ્ધ બની ગયા. ગામડા-ગામમાં આવો બનાવ અસામાન્ય નથી હોતો ગરીબ અભણ ખેડુ પૈસાદારો પાસે ખેતર ગીરો મૂકી રૂપિયા કરજે લ્યે. એ પછી થોડાંક વરસો શાન્તિપૂર્વક વહ્યાં જાય. ને પછી સારો પાક થયો છે એ જોઇને એક દિવસ ઓચિન્તો અદાલતનો જપ્તી-હુકમ મેળવાય, અને એક દિવસ કોઇ એક જણ એના ખેતરનો માલિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બની બેસે. અને એ કંઇ જ ન જાણતો હોય. ને જ્યારે એ જાણે ત્યારે હાહાકાર કરવા સિવાય બીજો કોઇ ઉપાય જ ન હોય. ગામડાગામમાં આવું તો બન્યા જ કરે છે.

વિધુ ફરી વાર સાધુચરણના પગમાં આળોટીને બોલ્યો: 'મરી જઇશ, માલિક! બૈરાં છોકરાં ખાધાપીધા વિના મરી જશે. એ દોઢ વિઘો જ આધાર છે. બીજે ક્યાં ય એક તસુ જેટલી યે જગ્યા નથી. ગામ આખાને પૂછી જુઓ. તમે મારે બાપ તુલ્ય છો. નિમાઈ બાબુ તો મારા બાપાનો દીકરો! અમ ગરીબોને માથે પગ મૂકી મ ચગદશો બાપુ!'

એ જ વખતે નિમાઇ ખેતરેથી પાછો ફર્યો. બેઠકગૃહ તરફ જરા નજર નાંખી એ ઘરમાં જતો હતો ત્યાં સાધુચરણે એને બોલાવ્યો. નિમાઈ મોં કાળું કરી ત્યાં આવીને ઊભો રહ્યો.

'વિધુ કહે છે એ સાચું છે નિમાઇ? તેં એની જમીન લિલામમાં ખરીદી હતી?'

'હા'. નિમાઇએ ટૂંકે પતાવ્યું.

થોડી વાર મૌન રહી સાધુચરણે કહ્યું: 'આ વાત એને પ્રથમથી જ જણાવી દીધી હોત તો સારું થાત ને?'

'જેની જમીન ગીરો છે એ જ શું કામ એની સંભાળ નથી રાખતો? મેં કાંઇ છૂપી રીતે તો નથી ખરીદી ને? જાહેર લિલામમાં ખરીદી છે.'

અને સાધુચરણ વ્યથિત સ્વરે બોલ્યા: 'એ વાત બરોબર છે નિમાઈ, પણ જમીન જ્યારે તેં લઈ લીધી ત્યારે એને એ જણાવવું જરૂરી નહોતું? એ બિચારા ગરીબ માણસે ખર્ચ કરી, મહેનત કરીને મોલ ઉપજાવ્યો ને એ તું લણી લે.....'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને દબાએલા ક્રોધિત અવાજે નિમાઇ બોલી ઉઠ્યો : 'કોણે કહ્યું કે પાક-મોલ એણે ઉપજાવ્યો છે! લાવો તો ખરા એક સાક્ષી?' આટલું બોલી લાલચોળ આંખોએ એણે ચારે બાજુ નજર ફેરવી. સહુ યે જાણતા હતા કે મોલ કોણે ઉપજાવ્યો છે, છતાં નિમાઇની સામે મોઢેથી બોલવાની હિંમત કોઈ ન કરી શકયું.

હતાશ અવાજે સાધુચરણે કહ્યું : 'સાક્ષી-સાબિતી વિધુ લાવી શકે એમ નથી; પણ સાચેસાચ ખેતી તો એણે જ કરી છે. જો જમીન તારી હોય તો યે વિધુએ જ્યારે ખેતી કરી છે તો આખરે અર્ધો ભાગ તો એને મળવો જ.....'

'મારાથી એ નહિ બને. જમીન મારી છે, ખેતી પણ મેં જ કરી છે; વિધુની તાકાત હોય તો અદાલત દ્વારા મોલ વસૂલ કરી લે.' બોલી નિમાઇ વધુ વાતચીત માટે ન થોભતાં ક્રોધ-વિકૃત મોંએ ઉતાવળોઉતાવળો અંદરના ઘરમાં ચાલ્યો ગયો.

આગગાડીના એંજિનની જેમ ધીમેધીમે ગતિ વધારતાં આટલા દિવસે આ કુટુમ્બનું ઘટનાચક્ર એકાએક ઊંચા શ્વાસે ચાલવા લાગ્યું. જે દિવસે મધ્યાહ્ને ઉપરનો બનાવ બન્યો, એનો વળતો દિવસ ગુજરીનો દિવસ હતો. નોકર ગણેશ ઘરકામ પતાવી ગુજરીમાં જવા સૌદામિની પાસે આવીને ઊભો રહ્યો. ગુજરી ગામથી લગભગ ત્રણેક ગાઉ દૂર અઠવાડિયામાં એક વાર ભરાતી ને ઘરની જરૂરીઆતની ચીજ-વસ્તુ સહુ ત્યાંથી ખરીદી આવતા.

બજારમાંથી લાવવાની ચીજોની યાદી અને તે માટેના પૈસા આપી સૌદામિની જતી હતી ત્યાં ગણેશ જરા દબાએલા સાદે બોલ્યો : 'મા!'

'કેમ, શું છે?' બોલતી સૌદામિની તેના તરફ ફરી.

મુઝાતો મુઝાતો ગણેશ બોલ્યો : 'મા, બીજા ચાર આના વધુ જોઇએ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'બીજા ચાર આના? શા માટે?' સૌદામિનીએ આશ્ચર્યથી પૂછયું.

શરમથી માથું ઢાળી દેતાં ગણેશે ધીમે સાદે કહ્યું: 'મોટા બાબુએ ચાર આનાનો ગાંજો લાવવા કહ્યું છે.'

સૌદામિની જાણે પથ્થર બની ગઇ. થોડી વાર સુધી એ એમ ને એમ ઊભી રહી, ને પછી ભયપૂર્વક એક વાર ચારે તરફ નજર નાંખી, છેડેથી ચાર આના છોડીને તે ગણેશને આપતાં ઉતાવળે પગલે એ પોતાના ઓરડા તરફ ચાલી ગઇ. ગણેશના મોં તરફ એ આંખ ઊંચી ન કરી શકી. શરમ અને ધિક્કારથી એનું આખું યે અન્તર 'ઓહ! ઓહ!' કરી રહ્યું.

એ દિવસે એ પછી સૌદામિની ઘર બહાર ન નીકળી. શરીરે ઠીક નથી કહી ફક્ત ધાબળા ઉપર જ પડી રહી. આખો દિવસ એણે કશું ખાધું-પીધું નહિ. રાત્રે પણ પાણી સરખું યે ન લીધું. કાલી અને પુંટુ એની સાથે એક જ બિછાનામાં સૂતાં. એ સહુ સૂઈ ગયા પછી રાત્રે લગભગ અગિયાર વાગતાં એ બિછાનેથી ઊઠી ને નીરવ ડગલે બારણું ખોલી બહાર પતિના ઓરડામાં ગઇ.

સાધુચરણ ત્યારે ધાબળા ઉપર યોગાસન વાળીને બેઠા હતા. લાલચોળ આંખે એણે સૌદામિની તરફ જોયું.

બારણું બંધ કરી સૌદામિનીએ એક વાર ઓરડામાં ચારે બાજુ જોયું. ઓરડામાં કોઇ નહોતું. ને ત્યારે એણે બે વાર નિસાસો મૂકી દબાએલા તીણા સાદે કહ્યું: 'ત્યારે તો પેલો મુખુજ્જે કાકો ખોટું નહોતો બોલતો!'

સાધુચરણ ત્યારે ગાઢ નશામાં હતો. ગંભીર સાદે એણે પૂછયું: 'શું કહ્યું હતું મુખુજ્જે કાકાએ?'

'જે કહ્યું હતું તે સાચું છે. કહ્યું હતું કે તમે ગાંજો પીઓ છો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માથું ડોલાવતા ડોલાવતા સાધુચરણ બોલ્યા: 'હા, પીઉં છું; ગાંજો પીવાથી સાધનામાર્ગમાં સગવડ પડે છે.' કહી એ થોડુંક હસ્યો.

સૌદામિની સળગીને બોલી: 'ચૂલામાં જાય તમારો સાધનામાર્ગ! એ વાત મોંમાં લાવતાં શરમ નથી આવતી? અને જો સાધના જ કરવી હતી તો ઘેર શું કામ પાછા ફર્યા? અરે, મારો સોના જેવો સંસાર બે દિવસમાં જ તમે સળગાવી મૂક્યો!'

સાધુચરણ જરા ગરમ થઇને બોલ્યા: 'સળગાવી મૂક્યો? કઇ રીતે?'

'કઇ રીતે? હજુ યે તમે પૂછો છો કે કઈ રીતે? દીકરીનો આવો સારો સંબંધ તમે થવા ન દીધો. દીકરો મંદિરમાં નોકરી શોધી આવ્યો તો એ પણ તમારી ગાંજાની ટેવને અંગે ફોક થઈ અને હવે જમીન-ખેતરને અંગે પણ છોકરાની પાછળ પડ્યા છો. ક્યાંનો કોણ વિધુ હાજરા, જે એને માટે છોકરા સાથે બાઝવા બેઠા? હવે નોકર પાસે મંગાવીને જાહેર રીતે ગાંજો પીવો શરુ કરો છો! સળગી જવામાં હવે બાકી શું રહ્યું?'

સાધુચરણ એકાએક સપ્તમે પહોંચી ગયા. જોરથી ગાજીગાજીને એ બોલવા લાગ્યા: 'ખૂબખૂબ ગાંજો પીઉં છું, મારી મરજી છે ને પીઉં છું, આ કુટુમ્બ કોનું છે? આ જર-જમીન ને ઘર-મકાન છે કોનાં? મારું, મારું, મારું છે આ બધું. મને ફાવશે એમ કરીશ.'

સૌદામિનીની આંખોમાંથી અંગારા ઝરવા લાગ્યા. તીણા પણ ધીમા અવાજે એ બોલી: 'બહુ ગાજો મા, બધા યે ઊંઘે છે. જરજમીન ને ઘરમકાનના માલિક એક દિવસ તમે હતા, પણ હવે તમે નથી. જમીનદારોની ખાતાપત્રીમાં જોશો તો ખબર પડશે કે હવે નિમાઈ માલિક છે. આ ઘરનો કર્તા–હર્તા એ જ છે. ધમાલ કરવાનો તમને જરા યે હક્ક નથી, સમજ્યા ને?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને એકાએક કપાળમાં ઘણનો ઘા પડતો હોય તેમ સાધુ-ચરણ ભાનમાં આવી ગયો. સૌદામિનીનું આ સ્વરૂપ એણે અગાઉ કયારે ય નહોતું જોયું. એ એકીટશે એનાં તરફ જોઇ રહ્યો ને પછી મૂઢની જેમ બોલ્યો: 'મારો કંઇ જ હક્ક નથી?'

'ના, નથી. આ વાત બરાબર સમજી લેજો. તમારા આ બધા નખ્ખોદિયાવેડા આ ઘરમાં નહિ ચાલે. આ છેલ્લી વાત કહી જાઉં છું.' બોલી સૌદામિની એ ઓરડો છોડી ચાલી ગઈ.

ભળભાંખળું હજુ થતું હતું. કૂકડા-કાગડા હજુ જાગ્યા યે નહોતા, એ સમયે સૌદામિનીના ઓરડાના બારણા પર ધીમા ટકોરા પડયા. સૌદામિનીની આંખમાં ઊંઘ નહોતી. આંખો ફાડીને એ પડી હતી. ઊભા થઇ બારણું ખોલીને જોયું તો સાધુચરણ ઊભા હતા. એના શરીર પર એ આવ્યા હતા તે દિવસના જેવો જ એક ભગવો ઝભ્ભો, ખભે કામળી ને બગલમાં એક જૂની ઝોળી હતી.

સૌદામિનીને હાથના ઇશારા વતી જરા દૂર પોતાની પાસે બોલાવી મૃદુ સ્વરે એ બોલ્યા: 'લક્ષ્મી, હું જાઉં છું.'

સૌદામિનીનું ગળું જાણે કોઇએ દબાવ્યું હતું. રૂંધાતા શ્વાસે એણે પૂછયું: 'જાવ છો?'

'હા, લક્ષ્મી; સંસારમાં મન હવે નથી ચોંટતું.'

થોડી વાર નિસ્તબ્ધ રહી રૂંધાતા ગળે એ બોલી: 'મારા બોલવા પર ગુસ્સો કરીને ચાલ્યા જાવ છો ને?'

માથું હલાવી સાધુચરણ બોલ્યા: 'ના, એથી નહિ, પણ તારી વાત સાચી હતી. આ ઘર પર હવે મારો અધિકાર નથી.' ને જરા અટકીને એ બોલ્યા: 'પ્રથમ જે દિવસે ઘર છોડીને ચાલ્યો ગયો એ દિવસે મેં ભૂલ કરી હતી. ને ત્યાર પછી જ્યારે પાછો આવ્યો તે દિવસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ કરતાં યે મોટી ભૂલ કરી. ભૂલોની પરંપરામાં જ જિંદગી વીતી ગઇ. સાચો માર્ગ જાણી જ ન શક્યો;—વિધિના લેખ!'

સૌદામિની તરફથી જવાબ રૂપે કંઇ જ ન સંભળાયું. સાધુચરણ ત્યારે સહેજ હસવાનો પ્રયત્ન કરતાં બોલ્યાઃ 'તમારો એક ઘાબળો લીધો છે. માનું છું એથી તમને કંઇ અગવડ નહિ પડે. ઠીક ત્યારે જાઉં છું. લક્ષ્મી, વધુ મોડું નહિ કરું. અંધારું છે ત્યાં સુધીમાં જ ગામ છોડી જવા ઇચ્છું છું.'

અને આમ છતાં સાધુચરણે જરા મોડું કર્યું. સૌદામિની કંઇક આગ્રહ કરશે, એને જતો રોકશે એમ માનતો હતો. પણ આખરે એક ઊંચો ઊંડો શ્વાસ લઇ એ આશ્રયહીન–આત્મીયહીન પૃથ્વીના માર્ગે ચાલી નીકળ્યો. જતી વેળા ઉઘાડા બારણામાંથી ઊંઘતી પુંઠનું મોં એણે એકવાર સતૃષ્ણ આંખોએ જોઈ લીધું.

સૌદામિની કાષ્ટવત્ ઊભી જ રહી. એની આંખમાંથી નીરવ આંસુ વહેવા લાગ્યાં, છતાં જરા જેટલો યે વિરોધ દેખાડી એ પતિને રોકી ન શકી.

× × ×

સૂર્યનાં પ્રથમ કિરણો હજુ પ્રકાશતાં હતાં. સૂવાના ઓરડામાંથી બહાર આવી સૌદામિનીએ બેઠેલા સાદે, હમણાં જ ઊઠેલી વહુને કહ્યું: 'વહુ બેટા, તલાવડીમાં એક ડૂબકી મારી આવો ને ઝટપટ રસોઇ શરુ કરી દો. નિમાઇને આજે શહેરમાં જવું છે.' વહુની આંખોમાં પ્રશ્નદૃષ્ટિ જોઇ એ બોલીઃ 'કાલી માટે જે મુરતિયો જોયો હતો એની સાથે વાતચીત પાકી કરવી પડશે ને? પોષ મહિનો તો હવે આ આવ્યો!'

. . . . . .

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમરાંગણ	૩-૮-૦
[illegible]	૪-૮-૦
વેવિશાળ	૩-૮-૦
રા' ગંગાજળિયો	૩-૦-૦
બીડેલાં દ્વાર	૩-૦-૦
ગુજરાતનો જય (ખંડ ૧)	૩-૦-૦
,, ,, (ખંડ ૨)	૩-૮-૦
તુલસીક્યારો	૪-૦-૦
પ્રભુ પધાર્યાં	૨-૮-૦
કાળચક્ર (અધૂરી)	૨-૦-૦

વાર્તા

કુરબાનીની કથાઓ	૧-૦-૦
દરિયાપારના બહારવટિયા	૩-૦-૦
જેલ-ઑફિસની બારી	૨-૪-૦
પ્રતિમાઓ	૨-૮-૦
પલકારા	૩-૦-૦
મેઘાણીની નવલિકાઓ (ભાગ ૧)	૩-૦-૦
,, ,, (ભાગ ૨)	૩-૮-૦
માણસાઇના દીવા	૩-૦-૦
વિક્ષોપન	૩-૦-૦

ગીતો કાવ્યો

વેણીનાં ફૂલ	૧-૦-૦
કિલ્લોલ	૧-૦-૦
યુગવંદના	૩-૦-૦
એકતારો	૧-૮-૦
બાપુનાં પારણાં	૦-૧૨-૦
રવીન્દ્ર-વીણા	૨-૮-૦

લેખસંગ્રહ

વેરાનમાં	૨-૦-૦
પરિભ્રમણ (ભાગ ૧)	૩-૮-૦
,, (ભાગ ૨)	૩-૮-૦
,, (ભાગ ૩)	૩-૮-૦
સાંબેલાના સૂર	૨-૮-૦

પ્રાપ્તિસ્થાન

ભારતી સાહિત્ય સંઘ લિ.

ફરનાન્ડીઝ પૂલ-ગાંધીમાર્ગ-અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેક ભાષાઓમાં જેનો અનુવાદ થયો છે એવી પ્રખ્યાત નવલકથા

મન્વન્તર

લેખક

તારાશંકર બંદ્યોપાધ્યાય

અનુવાદક

રમણીક મેઘાણી

રાષ્ટ્રની વર્તમાન પરિસ્થિતિની પાશ્ચાદ્ભૂ ઉપર બંગાળના આ યુગના નૂતન આદર્શ અનુપ્રણીત યુવક-યુવતીઓનાં જીવન વિષે લખવાની લેખકની કલ્પના છે. એ કલ્પનાને આ પાનાંઓ ઉપર લેખકે સચોટ, મર્મગ્રાહી અને સમર્થ રીતે રજૂ કરી છે. આવી નવલકથા દસકા બે દસકામાં સહેજે ઘડાતી નથી. જીવનનું આવું દર્શન અંધારા આકાશમાં ચમકતા તારા જેવું છે.

એક સમર્થ વિષયને એક સમર્થ કલમે અહીં રજૂ કર્યો છે.

પાનાં ત્રણસો એંશી

કિંમત રૂપિયા સાડા ચાર — ટપાલખર્ચ આઠ આના

પ્રાપ્તિસ્થાન

એલ. કે. મેઘાણી · ૧૪ અમરતલ્લા સ્ટ્રીટ · કલકત્તા
ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ · અમદાવાદ અને મુંબાઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar